A HAPPY
NEW YEAR

THE

ZOROASTRIAN CALENDAR

FOR THE YEAR OF YEZDIJIRD 1285

12th September 1915 to 10th September 1916.



...ધમાં
...બાન
પ્રેસમાં...
...રો.

યઝદેજરદી
નાં
૧૨૪૦ થી
નીકળે છે.

ઝોરાસ્ટ્રીયન કેલેંડર

યાને

પારસી પંચાંગ.

યઝદેજરદી ૧૨૮૫ નાં વરસનું
તારીખ ૧૨ મી સપટેમ્બર ૧૯૧૫ થી તે
તારીખ ૧૦ મી સપટેમ્બર ૧૯૧૬ સુધીનું.

આવું રેહેજ્ય વરસપર વરસો સદા, ભલો તેજ જે કરે નેક કામો અદા.

કીંમત રૂ. ૧.

WILKINSON'S (SINCE 1829 ESTABLISHED)

ESSENCE OF FLUID EXTRACT OF RED JAMAICA

Pronounced by the Highest Medical Authorities the most

SARSAPARILLA

WONDERFUL PURIFIER OF THE HUMAN BLOOD.

THE BEST SECURITY FOR HEALTH.

લોહી અને રંગ સુધારનાર ઉત્તમ દવા.

વીલકીનસનનો રાતા જમેકા સારસાપેરીલાનો અરક.

[illegible] બનાવેલો સાઉ ફોવેલો.

[illegible] નગારો, નુકટ કલજું, કમશક્તી, શરીરનુ તવાઇ જવુ, ગુમડાં, થાક, નબલાઈ અને મંદ લાગણીઓ એ સરવેને દુર કરવા માટે સઉથી વધારે જાણીતો ઉપાય છે.

[illegible] મહાજમી અને નબલાઇ માટે સઉથી સરસ ઉપાય તરીકે દરરોજ જરા જરા સારસાપેરીલા લેવાથી કોઇબી માંદગીનું જોર આવતું અટકાવે છે એવી ખાતરી આપવામાં આવે છે

જ્યારેબી જરા નબલાઈ જેવું માલમ પડે કે વીલકીનશનનો સારસાપરેલા લેવો કે જે પીક-મી-અપ ના જેવા સ્વાદીસ્ટ છે.

જ્યારેબી ઓબાર, જુની તાવ અને મેલેરીયા ફીવરની અસર જણાય ત્યારે વીલકીનસનનો એરોમેતીક ટીંકચર ઓફ કવીનોડાઇન લીધાથી ઘણો ફાયદો થાય છે. વળી સાધારણ તાવ, રોજીઆ તાવ અથવા આંતરીઓ અને કોઇબી જાતની મેલેરીયા તાવની ઉપર કવીનાઇન કરતાં એ કવીનોડાઇન લીધાથી તેનો તરતજ અટકાવ અને ફાયદો કરે છે એમ પ્રખ્યાત ડાકટરોના અનુભવપરથી સાબેત થયલું છે.

જરૂરની વખતે કામમાં આવે માટે દરેક કુટુંબે પોતા પાસે એ દવા રાખવી જોઇએ.

તંદરોસ્તી સહેલાઇથી માલમ પડે છે તે સાફ મગજ, રોશન આંખો અને દરેક ચીજની સફાઇમાં સમાયલી છે જો લોહી સ્વચ્છ હોય છે તો દરદોનો અટકાવ થઇ શકે છે તથા તેઓનો ઉપાય થાય છે અશકત લીવર નાતવાની અને ચામડીનાં દરદોવાલા માણસોએ લોહીને સઉથી ચમતકારીક સ્વચ્છતા આપવાના કામમાં સઉથી ઉતમ તબીબોએ ભલામણ કીધેલો **વીલકીનસનનો સારસાપરેલા** વાપરવો.

☞ અગત્યનું.

"અમો એના વીશે જેટલું ઉચું મત આપે તેટલુ થોડું છે."—લેનસેટ.

"તમારા લાલ જમેકા સારસાપેરીલાની અમે ભલામણ કરીએ છે."—મેડીકલ રીવ્યું.

ચેતવણી—નુકસાન કરનારા, નજીવા નકલ કરેલા ખોટા સારસાપેરીલાથી સાવધ રહેજો.

વીલકીનસનનો સારસાપેરીલા ઘણીજ ખાતરીપુરવક રીતે બનાવવામાં આવે છે તે માટે સરવેથી સરસ સરટીફીકેટો મેલવી છે.

સઘલા દવા વેચનારા તથા જથાબંધ વેચનારાઓ પાસેથી નાની, મધયમ, ને મોટી સીસીઓમાં મલશે.

DHUNJEEBHOY COWASJEE OOMRIGAR & CO.

WINE & PROVISION MERCHANTS.

ધનજીભાઇ કાવસજી ઉમરીગરની કું૰

વાઇન અને પ્રોવીઝન મરચંટસ,

ના૰ ૧૦-૧૨-૧૪, અબદુલ રહેમાન સ્ટ્રીટ—ક્રાફર્ડ મારકીટની સાંમે.

અંગરેજી દારૂકામ છુટક તથા જથાબંધ તથા ખોરાકીકામ

કીફાયતથી વેચવામાં આવે છે.

સરવે ખાશોઆમને તથા બહારગામના તથા અતરેના વેપારીઓને નમનતાઇથી જાહેર કરવામાં આવે છે કે નીચે લખેલો માલ હમારે ત્યાંથી મંગાવીઆથી તાબરતોબ મલશે. દેશાવરવાલા સાહેબો રોકડા અવેજથી મંગાવશે તો કીફાયતથી મોકલી આપવામાં આવશે.

ઉપલે ઠેકાણે સરવે જાતનો ઉંચો દારૂકામ જેવો કે બ્રાંડી, જીન, ઓલતામ, વીશકી, જીનજર વાઇન, જમેકા રમ, પોરટ વાઇન, શેરી વાઇન, ચમપીન, લીકર હોક, કલારેત, મોજલ તથા **મીશીઅરસ કટલર પામર, ટરીચર તથા ગીલબીની કુંપનીનો** દરેક જાતનો દારૂ કીફાયત ભાવે આપવામાં આવશે અને લીપતન કંપનીના જામસબી મલશે.

વલી સ્પીરીટ ઓફ વાઇન રેકટીફાઇડ ૬૮) ડીગરી ઓવર પુરૂફનો તથા મેઠીલેટેડ સ્પીરીટ પણ મલશે.

સરવે ઉંચા મેકરની ખોરાકી તથા હેમ, બેકન, ચીઝ તથા પરફયુમરી, પેટંટ મેડીસીન વીગેરે તથા લીપટનની સરવે જાતની ચાહે, કારી કીફાયતથી મલશે.

થર્સટો!

તે શું? નહી સમજયાં?

એક મોહ સ્વાદીયું છે— મોહ સ્વાદીયું?

છાંટાપાણીનો ઝાડયો કાહાડનારા પેલા તેમ પર સવાલાઓબી પીવાને અચકાય નહી તેવું એક નમુનેદાર–સ્વાદીષ્ટ–તોફા ફલેવરવાલું ઉમદા પીણું છે.

જરા જોવો તો ખરા

મોહડાંપર મુકશો તો જાણે હોઠ ચુશયાજ કરે તેમ થશે.

જુવો—એકવાર અજમાવી જોવો.

બાટલી એકના પૈસા ચાર.

એકલા બનાવનાર—**ડયુક એંડ સન્સ.**

૧૪, હમમ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

લીલા મેવાથી ઝુમાઇ પડતાં ઝાડો.

ખુશબોદાર ફુલોથી લચી પડતાં દરખતો.

સોરાબજી ઇરાની ૩૦ વરસના અનુભવી ફ્લોરીસ્ટ

રાજા રજવાડા, અમીર ઉમરાવો તથા એકઝીબીશનોમાંથી સંખયાબંધ સરટીફીકેટો તથા
માનચાંદ પામેલા બાગબાન પાંચ વરસો સુધી નામદાર નીઝામના બગીચામાં
કામ કરવા પછી એકવાર ફરી પોતાનાં અસલ મેહેરબાન ધરાકો તથા
જાહેર પ્રજાની સેવામાં હાજર થાય છે.

ઈરાની બાગબાનની તારીફ લાયક હુનરમંદી માટે ફેબરવારી ૧૯૦૬ નાં પ્રદરશનમાં ચાર, તથા ૧૯૦૭ માં આઠ મોટાં ઇનામો મળયા છે અને તારીફ થઈ છે.

સુકાઇ ગયલા વેરાન, તથા તદન નવા બગીચાઓને તાઝોતર–લીલોતરીથી ભરપુર–અને ફુલ ફ્લોથી ખેંચાણકારક બનાવી આપવાનું માથે લઇએ છીએ.

કેટલાક મોટા હીંદી રાજવંશીઓનાં તથા સદ ગ્રહસ્થોનાં બગીચાઓ અમારી જાતી દેખરેખ હેઠલ તઈયાર થયા છે, જે માટેની ઉંચી સરટીફીકેટો મોજુદ છે. ફુલ ફળના ઝાડોને લગતી સમજન હમેશાં ખરેખરી ને સહેલાઇથી સમજ પડે તેમ જણાવામાં આવશે.

જાત જાતની આંબાની કલમો, મોશંબી, સંતરા, પપેનાસ, ચીકુ, લાચી, ગોલાબી ને સફેદ જાંબુર, સપરચંદ, નાસપતી, પીચ, શેતુંર મીથી, દાદમ, નારંગી, માલુંગા, ખાટા લીબું, આરંજ ને મીથી કમરખની કલમો, ગામથા, મલબારી ને શીંગાપુરી નાળીઅરી, (Lili put), સોપારી બદામ, દરાખ, અખરોડ, જાયફળ, હીંગ, તજ, લવગ, પેર, શીતાફળ ને રામ ને માયફળ, વગેરે સરવે જાતનાં ફળ, ઝાડો, રંગરંગના સ્ટેનડરડ ગોલાબો, મેગનોલીઆ, બન મોગરા, ગારડેનીઆ સાઓલી, ચંપેલી, જાઇજુઇ, ચાંપા ને સરવે જાતનાં ફુલ ઝાડો ને સરસ પામસ, ડરેશીનાં કરોટનસ, મેડેનહેર ફરનસ, એ વતરોગે બીજા તરેહવાર રોપાઓ ને વેલાઓ અતી કીફાયતે પુરા પાડીએ છીએ. બાહારગામના આરડરપર તરત ધીયાન આપવામાં આવશે ને ઝાડો V. P. થી મોકલવામાં આવશે.

તાજા ફુલના તુરા–હાર–બાસકીટ–બટનસ ફુલપાનનું દેકોરેશન વરદી પ્રમાણે મનપસંદ કારીગીરીથી અંગ્રેજી ધપપર બનાવી આપવામાં આવશે.


યુરોપીયનો સારૂં લગન વગેરે માટે શાવર વગેરે તુરાઓ ને બટનો અને મરણ સારૂં સુધ સફેદ રીથસ ને કરોસીસ પણ બનાવી આપીએ છીએ.

તમ અને કુંદામાંના ઝાડો લગન મેલાવડા વગેરે તાંકના સારૂ ભાડે આપવામાં આવશે.

કલેર રોડ ભાયખલાનાં બાગમાં હમેશાં મનપશંદ ફુલ ને ઝાડનાં કુંડાનો જથો રહે છે.

સોરાબજી અ૦ મે૦ ઇરાની—ફ્લોરીસ્ત

ઠે૦ કલેરરોડ, એડલફી ચેમબરસ,
કલેર રોડ, કોનવેંટ સ્કુલ પાસે, ભાએખલા,
મુંબઈ.



જ્વારા—હરી જેનો અર્થ
"બોખાર કાઢી નાખનાર" એવો છે.

તે દરેક જાતના તાવ ઉપર મુખ્ય કરીને સાદા, અથવા ચાલુ મેલેરીયસ (જંગલની તાવ) ચઢ ઉતરની અથવા આંતરેની ઉપર રામબાણ છે, જો કે તે કડવી છે, તોપણ સ્વાદમાં સરસ છે, અને સહેલાઇથી લેવાય છે અને બીજી બધી જાતની તાવો ઉપર લેવા માટે દરેક જાતના ઉપયોગી ગુણો ધરાવે છે, જ્યારે તાવ હોય છે ત્યારે પણ તે લેવાય છે, અને તે દવાથી બેહેરાપણું આવતું નથી અથવા બીજી કાંઇપણ રીતની નાપસંદ નીશાનીઓ થતી નથી, કે જે વારંવાર કવીનાઇનના ઉપયોગ પછી થાય છે.

સરવે દવા વેચનારા પાસેથી મલશે.

નાના રોઝ તરીકે **જ્વારા-હરી** એક ઉત્તમ ટોનીક છે, જ્યારે સાધારણ સરદી કાઢી નાખવામાં તે હરીફ વગરની દવા છે. મુંબઇવાલા સોલીસીટર **મી૦ શામરાવ પાંડુરંગ** લખે છે કે–છાસતીનાં મારા ગામોના મજુરોમાં તાવ ફાટી નીકળ્યાથી મેં **જ્વારા-હરી** વાપરતાં ટુંક વખતમાં મજુરો સારાં થયાં હતાં.

કીંમત રૂ ૦॥, ૧॥, ૨॥ અને ૧૧.

Omum-Carpoor TRADE MARK ઓમમ કારપુર.

કોલેરા, મરડો, પેટમાં થતી ચુંકો, આંકડી, બદહજમયત વગેરેનો

રામબાણ ઈલાજ છે.

માસીક માંદગીથી અને સુવાવડમાંથી ઉઠયા પછી હેરાનગતી ભોગવતી બાનુઓનાં દરદ માટે તે એક ખાસ ઉપાય છે.

કેડલોરની મયુનીસીપાલ કાઉનસીલના સરનસીન મી૦ શ્રીનીવાસ જણાવે છે કે;–કોલેરા શરૂ થતાંવાર જો **ઓમમ-કારપુર** લીધું હોય તો તે ઘણોજ ફાયદો કરે છે.

રેવરંડ ટી. એફ. નીકલસન તે વેસટરન મીશનરી સોસાયટીવાળો લખે છે કે-મારા, મનારગુડી ગામમાં અને બીજે આસપાસ કોલેરા ચાલતો હતો તે વેળા એક પોલીસ સીપાઇ અને બે માણસ ગભરાયલાં આવી લાગાં અને કોલેરાની દવા માંગી. મેં **ઓમમ-કારપુરની** એક બાટલી આપી. પંદર દીવસ રહી તેઓએ "પાછા ફરી મારો ઉપકાર માની જણાવયું કે એ દવાથી સાત બચ્યાં અને ત્રણ ઓરતોના જાન બચયા.

કીંમત રૂ. ૦॥, ૧, ૧॥, ૨॥ અને ૧૧.

સરવે દવા વેચનારને ત્યાંથી મળશે.

મુંબાઈ ઈલાકાના એકલા એજંટો—**કોશ્ટ મોદીની કું૦**, કોટ, **મુંબઇ,**

હેનરીઝ ગ્રેટ ઇંડયન રેમેડીઝ કં૦,

નં૦ ૨૭૮, સેકંડ બીચ લેન, મદ્રાસ.

કીમતી ઝવાહીરો.

"Gems of Religious, Moral and Divine Maxims"

ઉપલા નામનું એક નાનકડું અંગ્રેજી પુસ્તક હમો તરફથી બહાર પાડવામાં આવ્યું છે. તેમાં ધરમ નીતી અને ઈશવર સંબંધી વાંચવા, વીચારવા અને અંતકરણમાં ઠસાવવા લાયક ઘણાએક કીમતી "ઝવેરાત" ભેગાં કીધેલાં છે, અને તેમાં જુદા જુદા પરાચીન તેમજ અરવાચીન કાળના મહાન વીદવાનોના ઘણાજ ઉમદા કલામોનો સમાવેશ કરવામાં આવેલો છે. દરેક જવાન સ્ત્રી પુરૂસોને આ ઝવાહીરો ઘણા ઉપયોગી થઇ પડશે તેમાં શક નથી.

મુંબઇના જાણીતા નયુસપેપર રાસ્ત ગોફતારના તા૦ ૧૧મી એપરીલ ૧૯૧૫ ના અંકમાં આ ચોપડીના રીવયુ લેતાં જણાવયું છે કે આજના જડવાદી જમાનામાં જયારે ધરમની કદર ઓછી થઇ ગઈ છે, નીતીની કીમત આગળ જેવી અંકાતી નથી, તયારે આવા નાનકડા ગ્રંથની ઘણી જરૂર છે. આ નજીવી કીંમતની ચોપડી એક કીસમની બંદગીનીજ કેતાબ છે, કે જેમાના "ઝવાહીરો" એક નહીં પણ અનેક મહાન પેગમબરોજ નહીં પણ ફીલશુફો, દાનાઓ, અને ધરમગુરૂઓએ બનાવયા છે. આ ગોયા એક જુદીજ જાતની "વીવેક વાણી"નું પુસ્તક છે, કે જે ઇશ્વિર, ધરમ અને નીતી સંબંધી વીવેક શીખવે છે.

જામે જમશેદ, તા૦ ૧-૫-૧૫.—અંગરેજીમાં લખેલી ૬૦ પાનાની ઘણી નાણી કેતાબમાં જુદા જુદા સાધનો પરથી લીધેલા નીતીના, સચાઇના અને ધરમના સબકો અને ઉપદેશો સમાવવામાં આવ્યા છે. આ સબકો ઉધરતા જવાનોના હાથમાં મુકવાથી તેમની ઘણીક ઉદયત અને પાપી દેવો દુર થઈ શકે. વીગેરે.

હમારા આ પુસ્તકની રચના તથા ખુબી વીશે જે ઉમદા મત કેટલાક નામીચા ગ્રહસ્થો તથા બાનુ તરફથી હમોને મળયા છે તેમાંથી ફકત એક શુરતના માજી કલેકટર અને હાલના ઉતર વીભાગના કમીશનર Mr. Pratt ના ચોકસ બોલો આ ઠેકાણે ટાંકીશું તો બસ છે. તેઓ લખે છે કે:—

"Dear Sir: I have to thank you for your little collection of Gems which you were kind enough to send me. Some of them are indeed Pearls of Great Price and I congratulate you on your compilation. Yours &c.,"

આ કીમતી ઝવાહીરો (હમેશનો વફાદાર સાથી) આટલી બધી નજીવી કીમતે મળી શકે છે ત્યારે આ લઘુ ગ્રંથનો કીમતી લાભ લેવાને ચુકશો નહીં.

ચોપડીની કીંમત ફકત ૪ આના રાખવામાં આવી છે ટપાલ ખરચ જુદો અને તે નીચે જણાવેલા ઠેકાણેથી મળી શકશે.

Darab P. Kotwall.

Naupura, Surat.

દાદગર દાદારની મદદ.

જરથોસ્તી આલમને ખુશ ખબર.

એક ઉમદા કેતાબનો અમુલ્ય લાભ.

ફકત ફરવરદીન મહીનોને ફરવરદીન રોજ સુધી રૂ૭ કીંમત અને પોસટેજ રૂ૦ાા મળી એકંદર રૂ૭ાા નું જંગી દફતર તે ફકત રૂ૩ાા થી ઘેરબેઠાં પુગાડીશું. જરૂર મંગાવો ને વાંચો, વારંવાર આ તક હાથ આવશે નહી. જે જીવ છે, જેણે જીંદગી ધારણ કરી છે તેને કુદરતની હસતી અને આબાદીની બાબદોથી માહીતગાર થવું એ તેની મુખ્ય ફરજ છે. કુદરતની હસતી પીછાનવા વગરનું જીવતર નકામું સમજવું. તમો વાત કરો અને બીજો સાંભળે છે એમાં પણ કુદરતનો ભેદ છે. સબબ ફરતી હવા તે કારય બજાવે છે તમારા બોલેલા બોલનો અવાજ, તે વાત સાંભળનાર અને તમો એ બનેની વચે રહેલી હવામાં ભેળાય છે અને તે હવાનો પડઘો સામા સાંભળનારના કાને પડે છે, તેનાં ભેજાંને સંદેશો પુગે છે અને ત્યાંથી હઇયાંને સંદેશો મળે છે અને વીચાર શકતી તે પર અમલ થાય છે. એક લેહેજામાં ફરતી હવા આટલું કારય બજાવે છે. આ તમામ દુનીયાની ઉતપતીનું થવું હવાથી છે અને તેનો નીભાવ પણ તેમજ છે. આ એક સરવ ઉપયોગી બાબદ છે. કુલ જેહાંનની પેદાયશથી માહેતગાર થવું હોય તો આ પુસતક ખરીદો ને વાંચો. આ પુસતકનું નામ—

"અખંડ દુનીયાની ઉત્પતીનું વર્ણન."

નામ મુજબનુંજ લખાણ જોશો. પાક દાદગર દાદાર નીરંજન નીરાકાર જેનાથી તમામ જેહાંન હસતીમાં આવી છે અને દરેક આદમ છુટે હાથે તે પેદાયશનો ઉપયોગ કરે છે તયારે તેઓને કુદરતી રૂક્ષા થાય છે કે આ ઉતમ પેદાયશનો મહાન શરજનહાર કોઇ છે છે અને છેજ. તેને પહોંચવાનો ધરમી ઇનશાનો એતેકાદ રાખે છે. દીન દુશમનોને હાથ દીનની બરબાદી થવા પછી કોઇ પણ પુસતક એવું સીલ સીલાબંધ હાથ આવતું નથી કે જેથી એકજ પુસતક વાંચીને આ અખંડ પેદાયસના મહાન મુરંબીનાં-ભેદોથી માહીતગાર થવાનું મળે. પણ કુદરતની કરામત નેઆરી છે. તે જો ચાહે છે તો એક લેહેજામાં સઘળું ફરી જાય છે. આ પુસતક લખવા પહેલાં અનેક વીટંબણાંઓ અને થોકરો મળી છે તે પછીથીજ સંપુરણ માહીતી અને ખાત્રી મેળવી લખી છપાવી પ્રગટ કરયું છે. જે ખુલાસા આ પુસતકમાં વાંચશો તે સાથે—

"આસમાન, ધરતી, પાહાડ, પાણી, તારા, સેતારા, આફતાબ, માહતાબ, જાનવર, પશુ, પક્ષી, આદમ તથા તમામ ખજાનાંઓ, ધાતુઓ, બેહેસત, દોજખ, બંને મીનો (સપેનતમઇનયુસ અને અંગ્રમઇનયુસ) ની મતફેરી, અને તેથી આબાદીમાં આવતી ખલલ, અને ઇનશાનોને થતી નડતર વીગેરે તથા તેઓની

ઉતપતી વીગેરે ખુલ્લે ખુલ્લું લખાણુ છે" જે વાંચવાથી વાંચનાર કુદરતના ભેદોથી પાવરધાં બને છે અને આ આખર હુજારનાં તોફાની અમલમાં, કુદરતનાં ઉંડાણુમાં માહીતગાર થવાથી કરણીનાં કાયદામાં માહીતગાર થાય છે અને નેકી નીતીનો દરજ્જો સંપુરણ સચવાયાથી આ તેમજ આવતી જીંદગી સફળ થાય છે. ખરીદો વાંચો અને ખાત્રી કરો. ફકત એક કારડ લખી ઓરડર મોકલો વી. પી. થી રૂ૩ા થી ઘેરબેઠાં પુસતક મળશેજી. તુરત લખો વખત ખોહશો તો રહી જશો. રોયલ આઠ પેજી સાઈઝમાં ઉંચા ઇંગલીશ કાગળોપર સુંદર છપાઈ, અને ફુલ ગીલીટ પુઠાંમાં આ કેતાબ બંધાવી છે.

સરનામું—મીસીસ મેહેરબાઇ સોરાબજી એનજીનયર,
ખાનપુર રોડ, અમદાવાદ.


ચેતવણી—ઉપર મુજબ સરનામું બરોબર લખજો. નહી તો કાગળો ગેરવળે જવાનો સંભવ રહેશે ને વખતસર પુસતક નહી મળશે માટે ઉપર મુજબ ધ્યાન રાખી સરનામું ભરજો, તથા તમારૂં નામ સરનાંું બરોબર લખજોજી સરવને નેક દુવા આમીન. મીસીસ મે. સો. એ.

દાંતના ડાકટર

ડાકટર

પીરોજશાહ પાલનજી

ઠેકાણું—ધોબીતલાવ, નાં ૮૭.



દાંતનાં સરવે દરદ વતરોગે દાંતને લગતું સરવે કામ ખાતરી પુરવક કરી—આપવામાં આવે છે. નવા દાંત નવીજ કળા પ્રમાણે શોભતા તથા તેમાંથી વગર દરદે ચવાઈ શકાય એવા બને છે.

ભાવ કીફાયત.

SUNDER PANDURANG,

BOOKSELLER &c., KALKADEVI ROAD, BOMBAY.

☞ AGENT FOR THE SALE OF GOVERNMENT PUBLICATIONS

School and College Books of all sorts, Law, Medicine, Engineering, Technology, Science and Art, Novels and General Literature &c.

RATES EXCEEDINGLY CHEAP.

Orders promptly attended to. Subject Catalogues on application. New publications are received for Sale on Commission. Terms moderate.

Webster—New International Dictionary latest Edt. Cloth Rs. 30, Sheep Rs. 37/8; Half-Calf Rs. 3?/8; Half Morocco, or H Russian Rs. 43/4; Full Calf Rs. 45;—**In 2 Vols.** Cloth Rs. 32; Half-Calf Rs. 48/12; Half Morocco Rs. 52/8.

જાણો–પારસી બાનુઓ !

લગનસરા માટે નવી નવાઇઓની સાડીઓ.

આહમદ ઇ. ઇસાઅલી

એમપાયર બીલડીંગ કોટની ગંજાવર દુકાને આવી છે.

દરેક સાડીઓના ડીઝાઇન લેટેસ્ટ ફેશનના છે અને રંગો એવા તો સરસ ભપકા ભરેલા છે કે તમારી સેસ શોભી રહેશે. આજે જરૂર પધારવાની તસ્દી લેશોજી.

ઉંચાં કસબી ભરતકામ અને ફાંકડી ડીઝાઇનો માટે અમોને સોનાનો ચાંદ મળ્યો છે.

આદરણીની સાડી માટે ફર્સ્ટ કલાસ નમુનો તઇયાર છે.

National Bank of India, Ld.

નેશનલ બેંક ઓફ ઇંડીયા, લી.

વડી આફીસ: ૨૬, બીશપગેટ, લંડન ઇ. સી.

નામની થાપણ	... ...	પાઉંડ	૨૦,૦૦,૦૦૦
ભરાયલી થાપણ	... ...	,,	૧૦,૦૦,૦૦૦
રીઝરવ ફંડ	... .	,,	૧૧,૭૫,૦૦૦

શાખાઓ.

કલકતા.	દીલ્લી.	માંડલે.	મોમબાશા.
મુંબઈ.	કાનપોર.	કોલંબો.	નઇરોબી.
મધરાસ.	ટયુટીકોરીન.	કાંડી.	નાકુરૂ.
		નેવેરા ઇલીયા.	કીસુમુ.
કરાંચી.	કોચીન.	એડન, કેમ્પ.	જીનજા.
લાહોર.	ચીતાગોંગ.	એડન, સ્ટીમર પોઇંટ	કેમપાલા.
અમરીતસર.	રંગુન.	જનજીબાર.	એનટેબી.

ફીક્ષડ ડીપાઝીટસ—આ બેંક બાંધી મુદતની બાર માસની અથવા તેથી ઓછી મુદતની ડીપોઝીટસ લે છે. જેના વયાજના ભાવો અરજ કરવાથી જણાવવામાં આવશે.

ચાલુ ડીપાઝીટ ખાતાંઓ—આ બેંક સાથ ચાલુ ડીપાઝીટ (અનામત) ખાતાં પસંદ કરેલા ગ્રાહકોને માટે ઉઘાડવામાં આવે છે અને તેઓને રૂપીઆ ૧,૦૦૦ થી રૂપયા ૧,૦૦,૦૦૦ સુધીની રકમો ઉપર દરરોજની બાકી કહાડતા જઈ, દર વરસે દર સેંકડે બે ટકાનું વ્યાજ આપવામાં આવે છે; પણ ૭ માસનું વ્યાજ રૂ. ૫ થી વધુ નહી થાય તો વ્યાજ આપવામાં આવતું નથી.

હુંડીપત્રીનું કામ—યુરોપ, આફ્રીકા, હીંદુસ્તાન, ચીન અને આસ્ત્રેલીઆનાં મુખ્ય શેહેરો ઉપરની હુંડીઓ ખરીદવામાં અથવા તો ઉઘરાવી આપવામાં આવે છે.

બેંક પોતાની વડી ઓફીસ તથા શાખાઓપર અને યુરોપ, આફ્રીકા, અમેરીકા તથા આસ્ત્રેલીઆનાં મુખ્ય શેહેરો ઉપર પણ હુંડી આપે છે. તારમાંથી નાણું વાળે છે.

આ બેંક સરકારી લોન, શેરો વગેરે વેચવા તથા લેવાનું કામ કરી આપે છે, અને તે સલામત રાખવા માટે પણ લે છે અને જ્યારે પાકે ત્યારે તે ઉપરનું વયાજ ઉઘરાવી આપે છે.

લોનો તથા **કેશ ક્રેડીતસ** પસંદ કરેલી જામીનગીરીઓપર આપવામાં આવે છે.

રાલ્ફ કીડ,

પોસ્ટ બોક્ષ નંબર ૧૪૧. મેનેજર.

શ્રી સરકાર ગાયકવાડના આશ્રા હેઠળ સ્થપાયલી અને શ્રી મહારાજા સાહેબની મોટી મદદ ધરાવતી.

ધી બેંક ઓફ બરોડા લીમીટેડ.

(સને ૧૮૯૭ ના બરોડા કંપનીના એકટ ત્રીજા પ્રમાણે રજીસ્ટર થયલી.)

હેડ ઓફીસ—માંડવી પાસે, વડોદરા.

બ્રાંચીઝઃ—અમદાવાદ, નવસારી, મહેસાણા અને સુરત.

કુલ્લે થાપણ	રૂ. ૨૦,૦૦,૦૦૦
ભરાયલી થાપણ	રૂ. ૧૦,૦૦,૦૦૦
રીઝરવ ફંડ	રૂ. ૩,૭૫,૦૦૦

ડીરેકટરો.

(૧) ઓ૦ મી૦ લલ્લુભાઈ શામળદાસ, સી૦ આઈ૦ ઈ૦, ચેરમેન.

(૨) સર વીઠલદાસ દામોદર ઠાકરસી, નાઇટ.

(૩) રા૦ રા૦ ભાસ્કરરાવ વીઠલદાસ મહેતા, એડવોકેટ, હાઈ કોર્ટ, મુંબઇ.

(૪) રાજરતન શેઠ મગનભાઇ પી૦ હરીભકતી નગરશેઠ (વડોદરા).

(૫) મી૦ મગનલાલ હરગોવીંદદાસ કાંટાવાળા, વડોદરા મહારાજા મીલ્સના એજન્ટ.

(૬) શેઠ મણીલાલ રેવાદાસ (વડનગર).

(૭) ગુનાજીરાવ રાજબા નીંબાલકર, વડોદરા.

(૮) રાવજી રૂધનાથ શીરગાવકર, ખાનગી કારભારી, વડોદરા.

ચાલુ ડીપાઝીટ ખાતાંઓ.—રૂ. ૩૦૦ થી ૧૦૦૦૦૦) ની દરરોજની સીલક ઉપર દર વરસે દર સેંકડે બે ટકાનું વયાજ આપવામાં આવે છે અને તેથી વધુ રકમ ઉપર ખાસ જુદી ગોઠવણ કરવામાં આવશે. અરધાં વરસનું રૂપયા ત્રણથી ઓછું વયાજ થતું હશે તો તે આપવામાં આવશે નહીં.

બાંધી મુદતનાં ડીપાઝીટ ખાતાં.—બાર મહીનાની બાંધી મુદતનું વયાજ દર વરષે દર સેંકડે સાડાચાર ટકા આપવામાં આવે છે તેથી વધારે અને ઓછી મુદત અને રૂ. ૫૦૦૦) ઉપરાંતની ડીપાઝીટ માટેના ભાવ અરજ કરવાથી જણાવવામાં આવશે.

સેવીંગસ બેંક.—આ બેંકમાં સેવીંગસ બેંકનાં ખાતાં ઉઘાડવામાં આવે છે અને તે ઉપર દર વરસે દર સેંકડે પોણાચાર ટકા વયાજ આપવામાં આવે છે, એક વરસમાં રૂ. ૧૦૦૦) વયાજ સીવાય ને એકંદરે રૂ. ૫૦૦૦) સુધી દરેક ખાતાંમાં છેલ્લાજ વરસના વયાજ સીવાય રાખવામાં આવે છે. એક કરતાં વધારે નામો ઉપર ખાતાં ઉઘાડી શકાય છે; પરંતુ એક નામ ઉપર એકથી વધારે ખાતું ઉઘાડી શકાતું નથી.

લોનસ વીગેરે.—હુંડી અને એવાંજ બીજાં કીમતી કાગળયાં ઉપર, સધર જામીનગીરી ઉપર તથા વયાજબી રકમની મીલકત કબજામાં રાખી ખાસ ઠરાવેલા ભાવે તથા શરતે બેંક નાણાં ધીરે છે. ઘરાકોના સ્ટોકસ, શેરો, જામીનગીરીના કાગળયાં, ઘરેણાં, ઝવેરાત વીગેરે કીમતી તથા જોખમી ચીજો સહીસલામત રાખવાનું પ્રોમેસરી નોટો, ડીબેનચરસ, સ્ટોકસ, શેરો વીગેરે વયાજ આપતાં કાગળ ઉપરનું વયાજ ઉઘરાવી આપવાનું તથા ગવરનમેંટ પેપર અને બધી જાતના શેર, સ્ટોક ડીબેનચરસ ને તેવીજ જાતના કાગળયાં વેચી તેમજ ખરીદી આપવાનું કાંમ બેંક કરે છે.

સી૦ ઇ૦ રેનડલ, મેનેજર.

The Mercantile Bank of India Ld.

મરકનટાઈલ બેંક ઓફ ઇંડયા લીમીટેડ.

૨૨, એસપ્લેનેડ રોડ, મુંબઈ.

સતા આપેલી થાપણ.........................	પાઉંડ	૧,૫૦૦,૦૦૦
શેરો ભરાયલી થાપણ.........................	,,	૧,૧૨૫,૦૦૦
પુરી ભરાયલી થાપણ.........................	,,	૫૬૨,૫૦૦
રીઝર્વ ફંડ...	,,	૫૦૦,૦૦૦

વડી ઓફીસ—૧૫ ગ્રેસ ચર્ચ સ્ટ્રીટ, લંડન ઇ. સી.

શાખાઓ અને આડતો.

મુંબઇ.	કરાંચી.	સીંગાપોર.	બતેવીયા.
કલકતા.	રંગુન.	પીનાંગ.	હોંગકોંગ
હાઉરા.	કોલંબો.	કોટા બાહારૂ.	શેહેંગાહી.
દીહલી.	કાંડી.		
અમૃતસર.	ગોલ.	કવાલા લમપુર.	મોરીસ.

આ બેંક પોતાની શાખા તથા આડતો ઉપર હુંડી આપે છે, તથા હુંડીનાં નાણાં ઉઘરાવી આપે છે, અને મુસાફરો માટે લેટરસ ઓફ કરેડીટ આપે છે.

ચાલુ ડીપાઝીટો ઉપર સેંકડે બે ટકાનું વ્યાજ આપે છે.

બાંધી મુદતની બાર માસની અથવા તેથી ઓછી મુદતની ડીપાઝીટ માટેના વ્યાજના ભાવો અરજ કરવાથી નક્કી થઈ શકશે.

બેંક, હીંદુસ્તાનની અથવા બીજી સરકારોની લોનો ખરીદ કરી અથવા વેચી આપે છે. તેમજ પગાર, પેનસન, વેહેંચણી અને વ્યાજ વસુલ કરે છે અને જો વસુલ થયલી રકમ બેંકની મારફતે હુંડી લઇ મોકલવામાં આવે તો તે ઉપર કમીશન કશુ લેતી નથી.

વળી સરકારી લોનો તથા કંપનીઓના શેરો વગેરે સલામત રાખવા લે છે, અને તે ઉપરનુ વ્યાજ નીચલે ભાવે ઉઘરાવે છે:—


	કમીશન.
હીંદુસ્તાનમાં મળતું હોય તો દર સેંકડે	૦। ટકો
સલામતી માટે રાખેલી લોનો કે શેરો પાછા આપતી વેળા સેંકડે............	૦। ટકો
હીંદુસ્તાનમાં વેચેલા શેરો અથવા લોનોનું નાણું આપતી વેળા સેંકડે......	૦। ટકો

જે. બી. કાંઇટન.

મેનેજર.

નવી જાતની ઇલાસતીક.

Strong
All Elastic



મજબુત ચડી

Comfortable
Ventilating
Perfect Fit

"Mizpah" Jock Supporter No. 44

Never before imported into India. Few points of advantage in the "Mizpah" Jock Strap over all others, vz:— 1st The distinct pouch for the male organs; 2d The opening thru which to urinate; 3d The narrow understraps; 4th The small amount of material between the thighs; 5th The extra heavy webbing thruout; 6th The welt edges, making the webbing stronger, 7th Self-adjusting and perfect anatomical fit; 8th No buttons, buckles, hooks, snap fasteners or metal of any kind to corrode or hurt the flesh; 9th Can be boiled to cleanse without injury to the rubber; Very good for Cricketers, Swimmers, Riders as well as for ordinary wear.

Each garment packed in a neat box, and made in three sizes as follows:—

SMALL, to fit a person with a waist measure........	22 to 28 in.	Rs. 2 0 0
MEDIUM, to fit a person with a waist measure...	28 to 34 in.	Rs. 2 2 0
LARGE, to fit a person with a waist measure	34 to 40 in.	Rs. 2 4 0

Extra Large Size, Specially made to order out.

The Walter F. Ware Co., Mizpah Specialities. Philadelphia U. S. A.
Sole Agent—**B. P. MADON,** Health Culture Depot—Santa-Cruz.
BRANCH—297, Hornby Road, Fort, Opp: Whiteaway.

તમારા દરદને જડમુળથી સાજુ કરવા ઇચ્છતા હો તો મંગાવી વાંચો આ અમુલ્ય પુસ્તક. (દવા વગરનો ડાકટર—ભાગ ૨ જો)

અપવાસ (ઉપવાસ.)

અથવા મનુષ્યને થતાં દરદોનું જડમૂળ કાઢી શરીરને રોગરહિત અને પવિત્ર કરવાનો, એકલો ખરો કુદરતી ઇલાજ.

અપવાસની ઉત્પતી તથા ઇતિહાસ—તે કેમ, કયારે અને કેટલો કરવો તેની વિદ્યાનુસાર (સાયન્ટીફીક) સમજણ; અમેરીકા જેવા સઉથી આગળ વધેલા દેશમાં તેનો થયલો બહોળો પ્રસાર—અને સેંકડો માણસોના જાતી અનુભવો તથા જાણવાલાયક હેવાલો ૩૭૦ પેજી (૨૭ આર્ટ પેપર ચીત્રો સાથે) **કીંમત રૂપીયા બે.**

અમેરીકાના જગપ્રસીદ્ધ **બરનાર મેકફેડનની** નવી **"ફીઝીકલ્ટોપથી"** (નેચરોપથી) ના અભ્યાંસ તથા અંગત અનુભવથી "ક્રોનીક" દુઃખથી પીડાતાં મનુષ્યોના લાભ માટે લખનાર અને પ્રગટ કરનાર:—

બે. પી. માદન, હેલ્થ કલ્ચર ડીપો તથા નેચર કયોર સેનીતેરીયમ, સાંટાક્રુઝ

મુંબઈના જાણીતા બુકસેલરો **ત્રીપાઠી કું.** તથા **જાંહગીર બે. કરાણી એન્ડ સન્સને** ત્યાંથી પણ મળશે—બાહેરગામથી **સાંટાક્રુઝ** લખવું.

ઘણા દરદીઓને, હમારી દેખરેખ હેઠળ અપવાસ કરી સાજાં કરેલાં છે જેઓને તેમ કરવું હોય તો **સાંટાક્રુઝ** લખવું યા મળવું.

HEALTH FOOD.

તનદરોસ્ત ખોરાકો તથા પીણાઓ.

કુદરતી ઉપાયોથી તન્દરોસ્તી જાળવવા તથા દરદને દુર કરવા માંગતા હોય તેઓ માટે.

Postum **"પોસ્તમ"** ઘઉંમાંથી બનાવેલી કાફી-સાધારણ ચાહ-કાફીની ગરજ સારે છતાં તેમનાં જેવું નુકશાન ન કરે-એ જાતની પાકીંગમાં વેચાય છે: સેમપલ તીન એક આને મળે છે.

Stren-Thro **"સ્ત્રેનથ્રો"** વરસોના અનુભવ પછી મેકફેદન અનાજ-ફ્રુટ-અને મેવાની ભેળ કરી કાઢેલો ખોરાક, સાધારણ તનદરોસ્ત માણસો તેમજ નબળા દરદીઓ સરવે માટે એક સરખો ઉપયોગી નાતવાનો માટે માંસ વધારવા માટે ઉત્તમ ખોરાક-બે આનામાં **ત્રાયલ** પેકેત મળશે.

Colax and **Paralax** **"કોલેક્ષ અને પેરેલાક્ષ"** કબજીયાતને દુર કરવાની જાણીતી બેટલક્રીક સેનીતેરીયમનાં (ડા૦ કીલોગની) **દવાઇ-ખોરાક**-નવીન શોધ આંતરડાંને સાફ કરી કબજ્યાત દુર કરે છે. "કોલેક્ષ" ૧) રતલનો પેકેટ અને પેરેલાક્ષ ૧ રતલની બાટલી આવે છે દરેકનાં કી. ૩-૧૨-૦.

Pedometer **"પેદોમીતર"** ચાલનારા, દોડનારા, શોખીનો માટે દીવસમાં કેટલા માઈલ ચાલ્યા તે કહેનાર ઉપયોગી ઘડીયાલ કીમત ૧૦ માઈલનું પેદોમીતર રૂ. ૩-૧૪-૦. ૧૦૦ માઈલનું પેદોમીતરના રૂ. ૫-૪-૦. ઉચી કોલીતી **"જેમ"**-૧૦૦ માઈલનાં કીં. રૂ ૬-૧૨-૦.

"Mizpah" **"મીઝપા"** ચડી રબરની "ઇલાસ્ટીક" ઘણી ટકાઉ અને મજબુત ક્રીકેટરો, કસરતબાજો, તરનારા, દોડનારા તેમજ સાધારણ ચાલનારાં માટે પણ ઉપયોગી **પેહેરન** કીં. રૂ **૨**-૪-૦.

Nulife **"ન્યુલાઇફ"**-એક નવીન જાતનું સગવડ ભરેલું પેહેરણ-જેમની કમર વાંકી વળી જઈ છાતી અંદર બેસી જાય છે, દાખલા તરીકે, કલારકો અભ્યાસીઓ; સ્ત્રીઓ વગેરે તેબલ ઉપર બેશીને કામ કરનારા માટે ઘણુંજ ઉપયોગી; પેહરવાથી કમરને મજબુતી મળે છે અને છાતી બાહેર નીકળે છે—ખહીનાં દરદીઓ માટે અમુલ્ય. પંચગનીની ખહી-સેનીતેરીયમમાં દરદીઓ માટે વપડાય છે કીં. રૂ ૮-૮-૦.

Nulife Abdomen Belt—જાડા મરદો અથવા ઓરતો જેમનું પેટ મોટુ ગોળ થઈ પવન, વા, વગેરે ભરાય છે તેમનાં માટે પેટ-તથા કમર ઉપર બાંધવાનો પટો-એથી પેટ ઓસરે છે કમરને તાકાત મળે છે. કીંમત રૂ ૧૧-૦-૦.

Knickerbocker Spray (Bath) Brush ફકત નળનાં મોઢાં ઉપર લગાડી ઠંડા પાણીનો શોવર બાથ, ગમે તેમ દીલ ઉપર લેવાનું સાદુ પણ અમુલ્ય ઓજાર કીં. રૂ ૧૦-૮-૦.

J. B. L. Cascade-જે. બી. એલ. કાસકેડ, **કબજયાત**ને તુરત દુર કરવા તેમજ દરેક તીક્ષણ દરદવેળા "ઇનતરનલ બાથ" યાને આંતરડાને પાણીથી ધોઈ કાઢવાનું, સાદુ સરલ, અજાયબ જેવું ઓજાર, કોઠલી ઉપર બેસીનેજ પાણી અંદર લેવાય છે. કીં. રૂ ૩૮-૮-૦ એની વીગતની 'ચોપડી' મંગાવો.

એ શિવાય, છાતી અને ફેફસાને મજબુત કરવાને "દીપ બ્રીધીંગ"નાં ઓજારો, **સ્પાઇરોમેતર**, **એકસેલર** તથા "મસાજ" કરવાના "ડા૦ ફોરેસ્તના" મસાજ રોલરો, ચોખો વેજીતેબલ સાબુ ઉંચી કોલીતી, પીક ફરીનની આખા ઘઉંની (wholemeal) બીસકીટો તથા ડા૦ કીલોગની બેટલક્રીક સેનીટેરીયમનાં ફુદો, પ્યોર ઓલીવ ઓઈલ વગેરે મળે છે.

વધુ વીગત માટે દરેક ચીજના જુદા પ્રાઇસ લીસ્ટ મુફત મળશે અથવા તો ચીત્ર સાથેનું સંપુરણ કેટલોગ ૦)= મોકલી મંગાવી લેવું.

મુબઈની બ્રાંચ
૨૯૭ હોરનબી રોડ
કોટ, લેડલોની સામે.

બે. પી. માદન—હેલ્થ કલ્ચર ડીપો.

તથા નેચર કયોર સેનીટેરીયમ—સાંટાકુરૂઝ.

સ્ત્રીઓને શકતી આપનારી દવા.

એલટ્રીસ કોર્ડીયલ રીઓ.

આ દવા સ્ત્રીઓને લાગુ પડતાં સરવે દરદોને દફે કરવાની અદભુત શકતી ધરાવે છે. પેડું અને તેના તમામ અવયવો ઉપર તે લેવાથી પુશકલ શકતી આપે છે. તેથી સ્ત્રીઓને એ દવા સઘળા રોગો ઉપર પછી તે રોગ **ડીસમેનોરેયા, મેનરેયા, લુકોરીયા, અમેનોરીયા** કે પછી સ્ત્રીઓને લગતું કોઇબી દરદ હોય તે માટે ઘણીજ ઉપયોગી માલમ પડી છે.

જોબનનાં વેશમાં આવતી છોકરીઓ તેમજ ગરભવંતી સ્ત્રીઓને તેઓનું ગયેલું બળ અને કમી થતું તાકાતપણું આ દવા લેવાથી જલદીથી પાછું આવે છે.

એલટ્રીસ કોર્ડીયલ રીયો—તમામ મળમુત્રના બાંધાને મજબુત કરે છે તેથી ગરભ અધુરે જતો અટકે છે, જે સ્ત્રીઓ કમરના દુખાવાથી અથવા એવા બીજા દરદથી પીડાતી હોય અથવા સાંધાના સોજાની ફરીયાદ કરતી હોય તો તેઓને એ દવા જરૂર આપવી જોઇએ. આ દવા મુખ્ય કરી સ્ત્રીઓને લાગુ પડતાં દરદો સાજા કરવા માટે જાણીતી છે તેથી ઘણાખરા તબીબો તેની ભલામણ કરે છે.

જે કુવારીકાઓ ૧૧ વરસથી ૧૮ વરસની હોય કે જે વખતમાં તેઓ કુવારીકા અવસ્થા-માંથી સ્ત્રીની અવસ્થામાં જાય છે તેઓને **એલટ્રીસ કોર્ડીયલ રીયો** ખાસ ઉપયોગી છે. કારણકે એ વાપરવાથી સ્ત્રીને પુશકળ તાકાત તથા શકતી આપે છે.

દવા લેવાની રીત—ખોરાક ખાવાની અને બીછાને જવાના વખત વચ્ચે એક ચમચો દીવ-સમાં ત્રણ વખત લેવી.

નર્વ તોનીક.

નર્વસનેસ, ઉંઘ નહી આવતી હોય તો તે માટે, આંકણી, અને આળસાઇ તથા નબળાઈ માટે સીલેરીના જે શકતી આપનારી દવા છે તે ખાવા પછી અને સુવા જવા પહેલાં દીવસમાં ત્રણ વખત એક ચમચામાં લેવી તેમજ દારૂના બ્યશનમાં પડેલાઓને આરામ કરવા માટે આ દવા એક મજબુત ઉપાય છે.

નર્વસ સીસ્તમ માટે આ એક ઉત્તમ શકતી આપનારી દવા તરીકે સીલેરીના લગભગ ૪૦ વરસથી જાણીતી થયલી છે.

કેમીસ્ટો, ડ્રગીસ્ટો અને ઇંડીઆમાં દવા વેચનારાઓ
એલટ્રીસ કોર્ડીયલ રીયો અને સીલેરીના મોટા જથામાં રાખે છે

આ દવાઓ ઘણીજ ઉપયોગી માલમ પડવાથી તેની નકલો ઘણી થઈ છે અને આ કંપનીએજ બનાવેલી ખરી દવા છે એમ દવાની શીશી ઉપર **રીયો કેમીકલ કંપનીના** નામની લેબલ લગાડેલી છે તે જોઇ તેની પ્રથમ ખાત્રી કરી લેવી.

નમુનો અને એ સંબંધી જોઇતી વધુ વીગત માટે નીચે જણાવેલી કંપનીને લખો.

રીયો કેમીકલ કંપની,
૭૯, બેરો સ્ટ્રીટ, ન્યુ યોર્ક સીટી–યુ. એસ. એ.
Rio Chemical Co.,
79, Barrow St., New York City, U. S. A.

ઝરીના

હેર ઓઇલ જે વરસો થયાં લોક પસંદગી પામતાં રહયાં છે અને તેઓમાં કુદરતી પુશપોનો સુવાસ તેની અસલ ખાલેસીમાં એવો પ્રગટી રહેલો છે કે તે એકવાર વાપરતાંજ મોહી પડી જવાય છે. એ તેલોનાં આવાં ખેંચાણને લીધે તથા બાલ વધારવાના તથા તેને ચળકતા, સુંવાળા અને નરમ રાખવાના ખાસ ગુણોને લીધે શોખીન બાનુઓમાં એક જાતની મોહીની ઉતપન કરી છે અને એજ કારણુસર **ઝરીના હેર ઓઇલ** જગ જાહેરાત પામયાં છે. લોકમાં તેનો ખપ વધી ગયો છે તેથીજ કરીને પારકી મીરાસ પોતાની કરી કહેનારા **નકલીયાઓ** તુટાતુટ કરી રહયા છે. ઝરીના હેર ઓઇલની સ્તુતી પ્રજામાં જાણીતાં અને માનીતાં વરતમાન પતરોમાં વાંચવાથી તે ખરીદવા જતાં ભળતાંજ નકલી તેલો ખરીદી લોક નીરાશી પામતા હોય તેમાં નવાઇ નથી. એ તેલો એક કરતાં વધુ સુગંધનાં બનાવેલાં છે. જેમકે

ઝરીના રેડ રોઝ

ઓઇલ પ્રથમમાં જાહેરમાં લાવવાને **માદન સનસની કુંપની,** અસલ માદનના દવાખાના વાળાજ છે. એનો ખુશનુમા ગુલાબી દેખાવ જે આંખને મજાહ આપે છે તેમજ તેનો રાતા ગુલાબનો ખાલેસ સુગંધ એવો આબેહુબ છે કે આપણી દેશી અબળા અને પારસી બાનુઓમાં એજ વાપરવાનું ઘેલું લાગું છે!

ઝરીના વાહીટ રોઝ

હેર ઓઇલ ઉપલાં જેવુંજ શુગંધી અને ગુણવાળું છે. તે યુરોપીયન બાઇઓ હોંસથી વાપરે છે. વળી કેટલીક બાનુંઓને રંગદાર કોઇબી તેલ માટે અભાવ હોય છે પણ

ઝરીના જેસમીન

હેર ઓઇલે તો આપણી હીંદી અને મોહોમેદન બાનુઓમાં એવો ચાશટો લગાડયો છે કે બોલવાની વાત નહી. કારણકે એમાં બટ મોગરા અને ચંપેલીનો ખુશ સુવાસ એવો તો બેહેકી રહેલો છે કે બાનુઓ કુરબાન રહે એ કુદરતી છે.

ઝરીના વાહીટ વાયોલેટ

શોખીન ઇંગ્રેજ અને પારસી બાઇઓ જેઓ કુદરતી ફુલોનાં પુજારી છે તેઓ વાયોલેટની લપટવાળા ઉપલાં તેલનો ઘણીજ મજાહથી ઉપયોગ કરે છે. હવે બાલ વધારવાના ખાસ ગુણોવાળુ

ઝરીના કેનથરેડીન

હેર ટાનીક ઓઇલ તો દરેક ઠેકાણેથી અને સરવે જ્ઞાતની પતનીઓ તરફથી વાખવાખીના સરોદથી વધાવી લેવામાં આવયું છે કારણકે ટુંકા, આછા અને ટુમકા બાલ વધારવાને અધીરી પડેલી બાઇઓમાં એના પ્રતાપે ધીરજ આવી છે એ વાપરવા પછી તેઓનાં માથાં સુંદર રૂપાળાં, લાંબા અને પેચદાર બાલની લટોથી શોભા પામી રહયાં છે.

ફલોરલ હેર દુશ

ભુલશો ના. માથાં અને તાળવાંને ઠંડક વાળવા સાથ ઉપલાં તેલો ભેળવાં પડવાથી બાલ છુટા રહે છે અને તેના વધને પુશકલ ટેકો મળે છે. પણ એનો સુગંધ તો એવો છે કે આખો ઓરડો બાગે બેહેસત જેવો પમરી રહે છે એની તારીફ 'લાનસેંટ' જેવાં પતરે કીધી છે અને તે વાપરવાને, ભલામણ કરવા ચુકયું નથી.

ઉપલાં તેલો સરવે ઠેકાણે મળે છે.

નકલ નીકળી છે તેથી ઝરીના નામવાળુંજ લેજો.

માદન સનસની કુંપની

ફરાફડ મારકીટ આગળ—મુંબઈ.

માલની ઉત્તમ બનાવત માટે ઘણાંક ચાંદો અને સરટીફીકેટો મલી છે.

મુંબઈ કોટવાલા

અરદેશર રૂસ્તમજી કનફેકશનર

ને ત્યાં મેવા બદામથી ખીચો ખીચ ભરેલા નાતાલના
કેકો, પેશતરી પઇ, પુડીંગ, દરેક જાતની બીસકીટો
અને મીઠાઇઓ દરરોજ તાજી બનાવવામાં
આવે છે. ફકત એકજ વેલા જંગી
કારખાનું નજરે જોવાથી
ખાતરી થશે.

બાહારગામની વરદીપર ખાસ ધ્યાન આપી
સારી પેકીંગ કરવામાં આવે છે.

એક પોસ્ટ કારડ લખવે
બાહારગામનો માલ સુંદર પેકીંગથી મોકલવામાં આવશે.

વીકટોરીઆ બેકરી

પારસી બજાર, કોટ, **મુંબઈ.**

તેલીફોન નંબર ૨૭૫૦

તેલીગ્રાફીક એડરેસ "કનફેકશન"—મુંબઈ.

ઝોરાસ્ટ્રીયન કેલેન્ડરમાં આવેલી જુદી જુદી બાબદોનું સાંકલયું.

ગયા વરસનો ઈનતેખાબ,

યાને

યઝદેજરદી સને ૧૨૮૪ ના સાલમાં બનેલા જરથોસ્તીઓને લગતા જાણવાજોગ બનાવો.

સખાવત.

આ વરસે સામાન્ય સખાવતનો આંકડો લગભગ સતર લાખનો, ઉઠમણાની છપાયલી રકમ બે લાખ છવીસ હજારની, ધરમનાં મકાનોની કીંમત સુમારે ગણતાં લગભગ પોણાત્રણ લાખ રૂપીયા મલી આ વરસની કુલે સખાવત લગભગ બાવીસ લાખ રૂપીઆની થવા ગઈ છે.

એ ઉપર જણાવેલી રકમ આ વરસની છપાયલી સખાવતની છે પણ તેમાં એક સખાવત ચવામાંથી, તથા ઉઠમણામાં જણાવેલી રકમમાંથી—બીજા ફંડોમાં અપાયલી, ધરમનાં મકાનોવાલી રકમ જે આગલાં વરશોમાં સખાવતોમાં ગણાઈ ચુકેલી, વીગેરેની રકમ સુમારે ચાર લાખની બાદ થવા જેવી છે, તે બાદ કરીએ તો લગભગ રૂપીયા અઢાર લાખ જેટલો આંકડો આ વરસની સખાવતનો થવા જાય છે. આ વરસે મરહુમ શેઠ પીરોશાહ માણેકજી કાકાએ પોતાના વીલમાં ફરમાવ્યા મુજબની રૂપ્યા છ લાખની તેમજ મરહુમ એરવદ એદલજી બરજોરજી મુલ્લાંએબી પોતાના વીલમાં ફરમાવેલી રૂપ્યા સાઠ હજારની સખાવતબી આખા વરસની થયલી સખાવતમાં સમાઈ જાય છે.

મુંબઇના જાણીતા શેહેરી અને વેપારી શેઠ પીરોજશાહ માણેકજી કાકા ૭૭ વરસની વયે રોજ ૧૧મો માહા ૨જો ય. સને ૧૨૮૪ ને દીને મુંબઇમાં મરણ પામ્યા હતા. એવણે પોતાના વસીયતનામામાં રૂ૬૦૦૦૦૦, છ લાખ રૂપ્યાની બાદશાહી રકમ ત્રસ્ટ કરી પારસી કોમના લાભ માટે સખાવતમાં આપી ગયા છે. આ સખાવતના વહીવટ માટે મરહુમ શેઠ પીરોજશાહે નીચલા પાંચ ગ્રહસ્થોને એકઝીક્યુટરો તથા ત્રસ્ટીઓ તરીકે નેમી ગયા છેઃ—ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાન, શેઠ મેરવાનજી જાહાંગીરજી મેહેતા, શેઠ મેરવાનજી અરદેશર કાકા, શેઠ નશરવાનજી જમશેદજી કાકા અને શેઠ બેરામજી નવરોજી ગામડયા.

નવસારીના જાણીતા શેહેરી એરવદ એદલજી બરજોરજી મુલ્લાં રોજ ૧૯ મો માહા ૧ લો ય. સને ૧૨૮૪ને દીને નવસારી ખાતે મરણ પામ્યા હતા. મરહુમના થયલા ઉઠમણા વખતે જાહેર કરવામાં આવ્યું હતું કે એવણ પોતાના વીલમાં રૂ૬૦૦૦૦ની જાહેર રકમ ત્રસ્ટ કરી બ્યાજે વાપરવા સખાવતમાં આપી ગયા છે. આ સખાવતનો લાભ હમકોમના ગરીબ ગુરબાંઓને આપવા ફરમાવ્યું છે. મુખ્ય કરી મોબેદોને કેળવણી આપવી, જરથોસ્તીઓને વેપાર ઉદયોગમાં મદદ કરવી, તથા છોકરાંઓને સ્કુલ તથા કોલેજની ફી, ચોપડી વગેરે અપાવવી, ધરમને લગતાં પુસ્તકો ગરીબ જરથોસ્તીઓમાં મુફત વેંહચવા અને દુકાળ, આગ, રેલ વગેરે આફત વેળા સરવેને ઘટતી મદદ કરવી તેમજ દરેહમેહર, કુવા વગેરે ધરમના મકાનો બાંધવાના કામમાં મદદ કરવી વીગેરે જણાવવામાં આવ્યું છે.

અતરેના જાણીતા સખી શેઠયા અને મીલ માલેક સર શાપુરજી બરજોરજી ભરૂચાએ બ્રીટીશ શેહેનશાહતના દરયાપારના મુલકો માટે હવાઈ બારકસોનો જે કાફલો ઉભો કરવામાં આવનાર છે તે માટે મુંબઇ શહેર તરફથી સંપુરણ સામગ્રીવાળું એક લશકરી એરોપલેન ઉદાર રીતે પુરૂં પાડયું છે. વળી એવો શેઠે એક મોટર એમબયુલનસ નામદાર સરકારને ભેટ આપવાથી એ એમબયુલનસ મુંબઇમાં ગોદીમાંથી ઘણા જખમી થયલાઓને લેડી હારડીંગ વોર હોસપીટલમાં લાવ લઇજાવ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ બેઉ ચીજો સર શાપુરજીએ લગભગ રૂ૩૦૦૦૦ના ખરચે પુરા પાડયાં હતાં. વળી સર શાપુરજીએ સપટેમબર ૧૯૧૫માં પુણા ખાતે ડકન એજયુકેશન સોસાયટીની ફરગ્યુસન કોલેજની મુલાકાત લઇ કોલેજ તરફથી વીદયારથીઓના સાયનટીફીક અભયાસો માટે જે સગવડો કરી આપવામાં આવેલી છે તે તરફ પોતાની પસંદગી દેખાડી એવણે કોલેજને રૂ૧૦૦૦૦ની બક્ષેશ આપવાની ખાહેશ જાહેર કરી હતી. આ રકમ વીદયારથીઓના એક રીડીંગ રૂમના મકાન પાછળ ખરચવામાં આવશે અને બીલડીંગને સર સાપુરજીનું નામ આપવામાં આવશે.

અતરેના જાણીતા સખી શેઠયા શેઠ નવરોજી જાહાંગીરજી ગામડયાએ પોતાના મરહુમ ધણીયાણી બાઇ માણેકબાઇના પુણ માટે રૂ૫૦૦૦૦ ની નાદર રકમ જરથોસ્તી છોકરીઓની નીશાળ મંડલીને નવું મકાન બાંધવા માટે આપી છે. એ મંડળી હસતક ચાલતી ચંદનવાડી ખાતેની કનયાશાળાનું હાલનું ભાડેનું મકાન નાનું પડતું હોવાથી તેમજ તે વધુ સુખાકારી ભરીયા લતાપર લઇ જવાની જરૂર જણાયાથી એ મંડલીના ઓનરરી સેકરેટરી શેઠ રૂસતમ પી. મસાનીએ ઇમપરૂવમેંટ ત્રસટની પ્રીનસેસ સ્ત્રીટ એસટેટવાલી બીજા નંબરની યોજનાનો નંબર ૧૯ વાલો જમીનનો ટુકડો ત્રસટ પાસેથી પટે મેળવ્યો છે. એ પલોટ ઉપર ચાર મજલાનું એક મકાન બાંધવાનો ખરચ રૂ૬૫૦૦૦ જેટલો અડસટવામાં આવયો છે, જેમાં શેઠ નવરોજીએ રૂ૫૦૦૦૦ આપ્યા છે અને બાકીની રકમ સરકાર તરફથી મળતી ગ્રાનટમાંથી લેવામાં આવશે.

મુંબઇના જાણીતા વેપારી મરહુમ શેઠ શેહરીઆર અસપંડીઆર ઇરાની જેઓ માથેરાનમાં તા૦ ૧૫ મી મે ૧૯૧૪ ને રોજ ખોરદાદ માહા આદર સને ૧૨૮૩ યઝદેજરદીને દીને હક થયા તેઓ પોતાના વીલમાં રૂ૪૬૦૦૦ ની નાદર રકમ સારવજનીક ધરમખાતાંઓમાં આપવા ત્રસ્ટીઓને નીચે પ્રમાણે ફરમાવી ગયા છેઃ—ગરીબ ઇરાની જરથોસતીઓની હાલત સુધારનારી મંડળીને રૂ૧૫૦૦૦ આપયા કે એ મંડળીએ આ રકમ ઇરાનના જરથોસતી છોકરાઓને ઉદયોગ હુંનર શીખવવા સારૂં જે કુશળ તાલીમ પામેલા ઉસતાદો રોકવા પડે તેની પાછળ ખરચવી; જો એ મંડળી વારે કે ઉપલી ઇચ્છા બર નહી આવશે તો તેઓ તે રકમ ઇરાની જરથોસતી છોકરાઓને હીંદુસતાન મધે મુંબઇમાં વીકટોરીયા ટેકનીકલ ઇનસટીટયુટમાં અથવા ઇરાન મધે તેવીજ કોઇ જગયાએ ઉદયોગ હુંનરનું શીક્ષણ લેવામાં મદદ કરવા પાછળ એ રકમ ખરચવી; ધી જ. ન. પીટીટ ઓરફનેજને રૂ૧૦૦૦, જરથોસતી બીલ્ડીંગ સોસાયટીના ફંડમાં રૂ૧૫૦૦ અને એ સોસાયટીએ એનો લાભ ગરીબ ઇરાની જરથોસતીઓને પેહેલો આપવો, અલીગઢ કોલેજના ફંડમાં રૂ૨૦૦૦, બનારસ હીંદુ કોલેજના ફંડમાં રૂ૨૦૦૦, હનટો બ્રીટીશ ઇનસટીટયુટને રૂ૨૦૦૦, સાલવેશન આરમી ફંડમાં રૂ૧૫૦૦, ઇરાનમાંની કેરમાન ખાતેની એવણના ભાઇ શેઠ પોલાદ અસપંદીઆરે સથાપેલી સકુલમાં રૂ૫૦૦, સુરતની પારસી ઓરફનેજમાં રૂ૫૦૦, મુંબઇમાંની કોઇપણ હીંદુ ઓરફનેજને વીલનો વહીવટ કરનારાઓ પસંદ કરે તેને રૂ૫૦૦, કોઇપણ મોહમેદન ઓરફનેજને વહીવટ કરનારાઓ પસંદ કરે તેને રૂ૫૦૦, વીલનો વહીવટ કરનારાઓએ એવણના મરણ પછી પાંચ વરસની મુદતમાં ઇરાન મધેના યઝદ શહેરમાં ગરીબ ઇરાની જરથોસતી ખેતીવાડી કરનારાઓને ખેતીવાડીના બીઆં, માલ મસાલો અને તેને લગતાં ઓજારો પુરા પાડવા પાછળ રૂ૫૦૦૦ ખરચવા, વહીવટ કરનારાઓએ એવણના મરણ પછી પાંચ વરસની મુદતમાં ઇરાનના ગરીબ વીદયારથીઓને વાસને તેઓની નયાત જાતના ફરક વગર તેઓની કેળવણી પાછળ રૂ૫૦૦૦ ખરચવા, ગરીબ ઇરાની જરથોસતી છોકરાઓ

જેઓના માબાપ હોય કે નહી હોય તેઓને મુંબઇની પીટીટ ઓરફનેજમાં ફી આપીને આખો વખત રહેનારા વીદ્યારથીઓ તરીકે રાખવા અને તેઓનો ખરચ આપવા માટે રૂ૪૦૦૦, ઇરાનના ગરીબ ઇરાની જરથોસતીઓમાં રૂ૨૦૦૦ વેહેંચી આપવા અને ઇરાનમાંના મરહુમ શેઠ શેહેરીઆરના ગરીબ બેહદીઓને દરેકને રૂ૧૫૦ આપવા પણ રૂ૩૦૦૦ થી વધારે આ કામમાં ખરચવા નહી.

સખી વજુદ બાઈ હમાબાઈ ફરામજી પીટીટે આ વરસમાં કરેલી રૂ૩૨૪૧૦ની સખાવતની વીગતઃ—ગરીબ જરથોસ્તીઓનું પોષણ કરવા, સદરો પેહેરાવવા, મરણ ખરચ કરવા, વીમાના ફાળો ભરવા, દવાદારૂ કરવા સારૂ આપયા રૂ૧૮૫૫૨, ગ્રાંટરોડના દવાખાના માટે થએલા ખરચમાં રૂ૨૮૪૮, ઝોરાસ્ત્રીઅન એસોસીએશનને ગરીબ જરથોસ્તી છોકરાંઓને દરેક જાતનું શિક્ષણ આપવા સારૂ આપયા રૂ૨૪૦૦, તેહેરાનની સ્કુલના ફંડમાં રૂ૬૦૦, બોમ્બે નેટીવ ડીસપેનસરી તથા નશરવાનજી માણેકજી પીટીટ ખેતવાડી ડીસપેનસરી માટે થયલા ખરચના રૂ૩૦૦૦, મી૦ ગોખલે મેમોરીઅલ ફંડમાં રૂ૩૦૦૦, શોશીઅલ સરવીસ લીગને રૂ૧૦૦૦ અને સુરવન્ટસ ઓફ ઈંડીઆ સોસાયટીને રૂ૧૦૦૦.

સખી વજુદ બાઇ જરબાઇ નવરોજી વાહાડયાએ રૂ૩૦૦૦૦ની રકમ એવણના બેટા શેઠ રૂસતમજી ગંભીર બીમારીમાંથી સારા થયા તેની ખુશાલીમાં મુંબઇની પારસી પંચાયતને આપી છે કે હયુજ રોડ ઉપરની પંચાયતને લગતી જમીન ઉપર ગરીબ પારસીઓના વસવાટ માટે એક ચાલી બાંધવી.

અતરેના જાણીતા શેહેરી અને દારૂના મોટા કંત્રાકટર ખા૦ બા૦ હોરમજી માણેકજી ભીમરડીવાળાએ ઉરણ ખાતે વસતા લોકોને પીવાના પાણીનો પુરતો જથો મળે તે માટે ઉરણ ખાતે કરવામાં આવનારા પાણીના બાંધકામ સારૂ એક લાખ રૂપ્યાની નાદર રકમ ય. સને ૧૨૮૦ ના સાલમાં આપી હતી, પણ તે રકમ પુરતી નહી હોવાથી એવણ શેઠે બીજા વધુ રૂ૩૦૦૦૦ની રકમ હમણા આપી છે કે જેથી એ કામ જલદીથી પાર પડે. આ બાંધકામની શરૂઆત હવે જલદી કરવામાં આવશે એવો સંભવ છે.

અતરેના જાણીતા સખાવતી શેહેરી મરહુમ શેઠ બેરામજી નશરવાનજી સીરવાઇની યાદગારી જાલવી રાખવા એવણના પુણ માટે બાઇ સાહેબ ડોશીબાઇ આદરજી કોટવાલે રૂ૨૫૦૦૦ ની નાદર રકમ નવસારીની શેઠ ર. ફ. દાબુ પારસી જનરલ હાસપીટલને બરનું એક બીજું વધારાનું નવું મકાન બંધાવી આપવા માટે આપી છે. આ હાસપીટલ નવસારીના મરહુમ સખાવતી શેહેરી શેઠ રતનજી ફરામજી દાબુના સપુતોએ રૂપયા ચાલીશ હજારની સખાવતથી અને ડા૦ પાતરાવાલાની સરવે પ્રકારની મદદથી ચાલુ કરવામાં આવી હતી અને એરવદ બરજોરજી મુલ્લાએ પોતાના વપરાસ માટે રૂ૨૦૦૦૦ને ખરચે બંધાવેલી ધી બાઇ રતનબાઇ મુલ્લા બીલડીંગ એ હાસપીટલના વપરાસ માટે ભેટ આપી દીધી હતી. હાસપીટલ ચાલુ કરતા ૭ બીછાનાની સગવડ રાખી હતી પણ એનો લાભ મોટા પ્રમાણમાં લેવાથી અઢાર બીછાના સાથે ચાલુ કરવાથી એક મોટા કુસાદે મકાનની જરૂર જણાઈ હતી. બાઈ ડોસીબાઇ તરફથી બીજુ મકાન બંધાયાથી સરવે રીતની સગવડ થશે.

શેઠ નાનાભાઇ બરજોરજી ચોકસી ઝવેરી તરફથી નવસારીના આતશબેહેરામ સાહેબને લોકો તરફથી ચહડાવવામાં આવતી માચી સીવાયની જેબી ગેહે ફાજલ પડે તે ગેહમાં લાકડાંની કાઠી ચઢાવવાને બદલે સુખડની માચી આજ કેટલીક મુદત થઇ ચહડાવવામાં આવે છે. તે મોહબત હંમેશા ચાલુ રાખવા માટે શેઠ નાનાભાઇએ હાલ રૂ૨૫૦૦૦ જુદા કહાડી નવસારીના વડા દસ્તુરજી, વડા દેશાઇજી, શેઠ નાનાભાઇ પોતે, શેઠ મેરવાનજી દેશાઇ અને શેઠ રૂસતમજી એરચજી પાવરીને ત્રસટીઓ નેમયા છે. આ બાબેનું ત્રસટ કરવા માટેનો ખરડો હાલ તઇઆર થાય છે.

બાઇ જીવણબાઇ બમનજી શાપુરજી ચોઠયાએ વલસાડ ખાતેની બાઇ આવાંબાઇ હાઇ સ્કુલમાં શીખતા છોકરાઓનો વધારો થવાને લીધે સ્કુલનું હાલનું મકાન નાંઘલું પડયાથી એની પાસે લગભગ રૂ૨૦૦૦૦ને ખરચે એક મકાન તથા સાયનસ હોલ બંધાવી આપ્યા છે, તેમજ રૂ૪૦૦૦ને ખરચે સાયનસ માટે ઇકવીપમેન્ટ વગેરે સર સામન પણ મુકાવ્યો છે. બાઇ જીવણબાઇના મરહુમ ધણી શેઠ બમનજી શા. ચોઠયાએ પોતાની બેટી મરહુમ બાઇ આવાંબાઇના પુણ માટે ઉપલી હાઇ સ્કુલ ઈ. સને ૧૮૯૬ માં સ્થાપી એનું હાલનું મકાન ઈ. સને ૧૯૦૪ માં બંધાવી આપ્યું હતું અને એવણ મોટા ખરચે એનો નીભાવબી કરતા હતા. આ સ્કુલ સાથે શરૂઆતથી જોડાયલા શેઠ એદલજી નવરોજી મેહતાને સને ૧૯૧૩ થી એના હેડ માસ્તર નેમ્યા છે. એવણની બાહોશી તથા ચાલાકીથી એ સ્કુલમાં ઘણા સુધારા વધારા કરવામાં આવ્યા છે.

અતરેના જાણીતા સખી વજુદ શેઠયા શેઠ બમનજી દીનશાહ પીટીટે આ વરસમાં રૂ૧૬૩૬૭ ની કરેલી સખાવતની વીગત:—એવો શેઠના પોતાના શાતો પીટીટ બંગલામાં લાઇબરેરી હતી તેમાંની બધી ચોપડીઓ જેની કીંમત લગભગ રૂ૧૦૦૦૦ જેટલી થવા જાય છે તે અતરેની સેંત ઝેવીઅર કોલેજ લાઇબ્રેરીને એવી શરતે ભેટ આપી છે કે એ લાઇબરેરીને "શેઠ બમનજી દીનશા પીટીટ સેંત ઝેવીઅર લાઇબ્રેરી" એવું નામ આપવું, યુરોપ ખાતે હમણા લડાઇ ચાલે છે તે માટે ઉગાડેલાં ઈમ્પીરીઅલ રીલીફ ફંડની મુંબઈ ખાતેની સાખાના ફંડમાં રૂ૫૦૦૦, ગરીબી હાલતને લીધે જુદા જુદા ધણીઓને મદદ કીધી તેના રૂ૩૦૦, કેળવણી આપવાના કામમાં ગરીબોને મદદ કીધી તેના રૂ૬૧૨, નવજોત તથા લગન કરવા જુદા જુદા ધણીઓને આપીયા તેના રૂ૭૦, સોસાઈતી, હાસપીટાલ, ડીસપેનસરી વતરોગેના ફંડમાં રૂ૬૫, પરચુતન ધણીઓની યાદગારી રાખવાના ફંડમાં રૂ૧૫૦ અને પરચુતન ફંડોમાં રૂ૧૭૦. શેઠ બમનજીએ મુંબઇની પારસી પંચાયતના ત્રસટી તરીકે રાજીનામું આપવાથી તે દલગીરી સાથે બહાલ રાખતાં ત્રસટી સાહેબોએ તેવણની સેવાની પીછાનમાં નીચલો ઠરાવ પોતાને દફતરે નોંધયો હતો:—પારસી પંચાયતના ત્રસટીઓની આ સભા શેઠ બમનજી દીનશાહ પીટીટનું ત્રસટી તરીકેનું રાજીનામું ઘણી દલગીરી સાથ કબુલ રાખે છે, અને તેવણ સાહેબની આ ખાતાંના સંબંધની ૧૩ વરસની કીમતી સેવાની કદર પીછાણી તેની નોંધ લે છે. તા૦ ૧૫ મી જુન ૧૯૦૧ને દીને એવણ સાહેબની નેમણુક કરવામાં આવી હતી, તે દીનથી અતયાર સુધી એવણ આ ખાતાંના કામમાં ઉલટમંદ ભાગ લેતા આવયા છે. એવા ઉલટમંદ, ઉમંગી, અને કાળજીવાળા હમશરીક અને કોમનાં ખેરખાહની સેવા ખોહવા માટે ત્રસટીઓ દલગીર છે.

મુંબઇ તથા એડન ખાતેના જાણીતા વેપારીઓ અને સખી શેઠીયાઓ શેઠો કાવસજી દીનશાહ એડનવાળા અને બાઇઓ તરફથી રૉયલ એનજીનીયરસવાળા કરનલ સવેન અને મીસીસ સવેને ઘાયલ થયલા સીપાહોની સારવાર માટે ફરાનસના શેરબરગ ખાતે ઉગાડેલી હોસપીટલમાં ત્રણ બીછાનાં નીભાવવામાં આવે છે, અને તેને લગતો સરવે ખરચ એવો તરફથી આપવામાં આવે છે. વળી એવો સાહેબોએ અમરીતસરની આરામગાહ આગલ સર અવસરે વાપરવા મકાન બાંધવા રૂ૨૦૦૦, યંગ લેડીઝ સ્કુલ જુબીલી ફંડમાં રૂ૧૦૦૦, આપવા ઉપરાંત હમેશ મુજબ આ વરસે જુદા જુદા ફંડો, ધરમ ખાતાઓમાં નાણાની મદદો કીધી હતી.

મુંબઇ તેમજ એડન ખાતેના જાણીતા વેપારી અને શેઠીયા શેઠ હોરમસજી કાવસજી દીનશાહ એડનવાળા એમ. વી. ઓ. એ પોતાની હમેશની ઉદારતાથી રૂ૨૦૦૦ની વધુ મદદ ડા૦ ડાજી હસ્તકના પારસી એસોસીએશનને કરી છે. જેથી મંડળીનાં કામો આગળ વધારવાને ઘણી ઉપયોગી થઇ પડશે. આ સાથે સખી શેઠ હોરમસજીએ આ મંડળીને બધી મલીને રૂ૨૦૦૦૦ની મદદ કરી છે અને તેને માટે એસોસીએશન એ શેઠની ઘણી આભારી થઈ છે. આ મંડળીને આજ સુધીમાં જે જે મદદો મળી છે તેમાં સઉથી વધારે મદદ શેઠ હોરમસજીની છે. વળી શેઠ હોરમજીએ જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળી હસતક ગરીબ જરથોસ્તીઓને ધંધામાં મદદ કરવા દર વરસે રૂ૨૦૦૦ લેખે પાંચ વરસના સામતા રૂ૧૦૦૦૦ તેમજ બેરામજી જીજીભાઈ સ્કુલમાંબી રૂ૧૦૦૦ આપ્યા હતા.

અતરેના જાણીતા સખી શેહેરી શેઠ જહાંગીર બમનજી પીટીટે આ વરસમાં કરેલી રૂ૬૪૦૦ની સખાવતની વીગત:–ધી બોમબે પ્રેસીડનસી લેડીઝ વોર રીલીફ ફંડના "પારસી" વીભાગને ગરીબ પારસી બાઇઓને પઇસા આપી સીવડાવવા માટે રૂ૪૦૦, એલજીઅનોના દુ:ખ નીવારણ ફંડમાં રૂ૧૦૦, લડાઇથી જરથોસતીઓમાં વધી પહેલી બેકારી ટાલવાના ફંડમાં રૂ૧૦૦, ધી ફ્રેન્ચ વોર રીલીફ ફંડમાં રૂ૫૦, લડાઇના સંબંધમાં પારસી વોલનટીઅરો માટે મોટરો ભાડે રાખવાના ફંડમાં રૂ૫૦, ધી સેન્ટ જોનસ એમબ્યુલનસ વોર ફંડમાં રૂ૫૦ અને લડાઇનાં સંબંધનાં પરચુટન ફંડોમાં રૂ૨૫૦ મલી રૂ૧૦૦૦, ધી નવરોજી માણેકજી વાડીઆ નારગોલ પારસી સ્કુલ ફંડમાં રૂ૫૦૦, ધી સોસીઅલ સરવીસ લીગના ફંડમાં રૂ૨૦૦, ધી એમ. કે. ગાંધી એનટરટેનમેનટ ફંડમાં રૂ૧૦૦, ધી ડીપ્રેઝ કલાસીસ મીશન સોસાયટી ઓફ ઇનડીઆના ફંડમાં રૂ૧૦૦, ધી કીંગ જ્યોરજ ધી ફીફ્થ એન્ટી ટયુબરકયુલોસીસ લીગના ફંડમાં રૂ૧૦૦, પારસી લેખક મંડળના ફંડમાં રૂ૧૦૦, ધી યંગ લેડીઝ હાઈ સ્કુલ જુબીલી ફંડમાં રૂ૫૦, લેડી વીલીંગડનવાલા ડાઇઓના ફંડમાં રૂ૫૦, એલફીન્સટન કોલેજમાં મરહુમ મી૦ ગોખલેની સબી મુકવાના ફંડમાં રૂ૫૦, બીલીમોરાની જહાંગીર બમનજી પીટીટ નેટીવ જેનરલ લાઇબ્રેરી એન્ડ પબલીક હોલનાં ફંડમાં રૂ૫૦, ધી સર દી. એમ. પીટીટ કાંદાવાલા મોહલા લાઈબરેરીના બુક ફંડમાં રૂ૫૦, પરચુટન ફંડોમાં રૂ૨૫૦૦ અને કેળવણી, ગરીબાઇ, લગન, મરણ વગેરે માટે મદદ તરીકે આપેલા રૂ૧૫૫૦.

અમદાવાદના જાણીતા શેહેરી ખા૦ બા૦ નવરોજી પેસતનજી વકીલ સી. આઈ. ઈ. એ અમદાવાદની સીવીલ હાસપીટલમાં "નવરોજી મેટરનીટી હાસપીટલ એન્ડ જનરલ હાસપીટલ ફોર પારસીસ એન્ડ યુરોપીયન"છે એમાં મીડવીફરી માટે ઓનરેબલ સર જોન લુઇસ જેનકીનસ નરસીંગ સ્કોલરશીપ આપવા સારૂ રૂ૬૦૦૦ના સેનત્રલ પ્રોવીનસીઝ રેલ્વે કંપનીના શેરો આપયા છે અને અમદાવાદની નવરોજી ઓફથેલમીક હાસપીટલમાં લેડી વીલીંગડન સ્કોલરશીપ ફોર જનરલ નરશીંગ એ નામની એક સ્કોલરશીપ સ્થાપી છે તે માટે એવો શેઠ આશરે રૂ૫૦૦૦ની રકમ આપનાર છે.

મુંબઇના જાણીતા શેહેરી સર દોરાબ જમશેદજી તાતાએ પોતાની હમેશની ઉદારતા મુજબ કલકતા ખાતેની સ્કુલ ઓફ ટ્રોપીકલ મેડસીનના એનડાઉમેંટ ફંડમાં એક બીછાણું હમેશનું નીભાવવા માટે રૂ૫૦૦૦ની રકમ આપી હતી. વળી એવો સાહેબે પંચગણી ખાતેની ડા૦ રૂશતમજી બમનજી બીલીમોરીયા એમ. ડી. હસ્તક ચાલતી ખેલ–એર સેનીટેરીયમ માટે પોતાની માલેકીની ડાલકીથ નામની મીલકત તેમાના બે બંગલાઓ સહીત વગર ભાડે વાપરવા આપી છે. તેમજ લડાઈમાં વાપરવા માટે એક મોટર એમબ્યુલંસ ગાડી ભેટ આપી હતી.

મુંબઇના જાણીતા સખી શેઠયાઓ સર દોરાબજી જમશેદજી તાતા તથા શેઠ રતનજી જમશેદજી તાતાએ નવસારીની ધી દાદાભાઈ કાવસજી તાતા એ. વ. સ્કુલના ફંડમાં રૂ૧૦૦૦ આપ્યા હતા.

વલસાડના જાણીતા શેહેરી ખાન સાહેબ કાવશજી ધનજીભાઇ ધનભુરાએ સુરત જીલ્લાની માંડવી ગામની અંગ્રેજી હાઇ સ્કુલનું મકાન બાંધવાના ફંડમાં રૂ૨૦૦૦ અને એના નીભાવ ફંડમાં રૂ૧૦૦ તથા એજ સ્કુલમાં બાંકો વગેરે ફરનીચર મુકવા સારૂ રૂ૪૦૦, તેમજ ચીખલી ગામની એંગલો વરનાકયુલર સ્કુલનું મકાન બાંધવાના ફંડમાં રૂ૨૨૫૦ આપયા હતા. વલી એવણે દમણ તાબેના ઝરી ગામમાં કુવો તથા હવાડો બાંધવાના ફંડમાં રૂ૧૭૩, નવસારીના શેઠ મેહતાવાલા સુવાવડખાનાનાં ફંડમાં રૂ૨૦૦, વલસાડની શેઠ રૂશતમજી જમશેદજી જીજીભાઇવાળી સ્કુલના ગોલડન જુબીલી ફંડમાં રૂ૧૫૧, દેવલાલીની ડા૦ બાહાદુરજીવાલી સેનીટરીયમના ફંડમાં રૂ૫૦, સુરતના પારસી સુવાવડખાનાના ફંડમાં રૂ૫૦ અને સુરતની નાનપરાની શેઠ તમનાની ધરમશાળાના ફંડમાં રૂ૨૫ મલી રૂ૫૩૯૯ આપયા હતા. એ ઉપરાંત ખા૦ સા૦ કાવશજીએ વલસાડ ખાતેના સુવાવડખાનાને આગળ આપેલા રૂ૮૦૦૦ની મદદમાં બીજી વધારે રૂ૪૫૦૦ની રકમ હમણા આપી છે.

કલકતાના એક જાણીતા જરથોસ્તી ગ્રહસ્થે પોતાના બેહેસ્તનશીન મીત્રની ભલી યાદ જાગવી રાખવા, તેઓના પુનને માટે રૂ૫૧૦૧ ની ૪ ટકાના વીયાજની દીબેનચર લોનસ, કલકતાના મરહુમ શેઠ ધનજીભાઇ બેરામજી મેહતાના અંજુમનના આતશ આદરાનના ત્રસ્ટી સાહેબોને આપી છે, એવી

શરતે કે તેના બ્યાજમાંથી મરહુમ શેઠ બેરામજી મલબારીને નામની પલેત દરરોજ હમેશ સુધી આદરયાન સાહેબના મોબેદ સોડે ભણાવવી અને પંખા તથા બતીઓની મરામતનો તેમજ વીજળીક પ્રવાહના બીલોનો ખરચ તેમાંથી કરવો. વળી એજ સખી સોડે એ આદરાનમાં વીજળીક પંખા તેમજ બતીઓ અને તેને લગતું સઘળું ફીટીંગ પોતાને ખરચે મુકાવી આપયું છે, તે ઉપરાંત એવણુ પોતાની હયાતીવેર લાઇટ પંખાના બીલો, મરામત વગેરેનો જે કાંઇ ખરચ થાય તે આપવા, તથા પોતાની ત્રીજી પેહેડીવેરના એવણુના વારસો ઉપલો સઘળો ખરચ આપશે એવી ખાહેશ જણાવી છે. ઉપર જણાવેલી અનામત રકમ તેના બ્યાજ સાથે રૂ૧૦૦૦૦ સુધીની થાય ત્યાં સુધી વધવા દેવામાં આવશે અને તયાર પછી ઉપર જણાવેલી સરતોના ખરચ તરીકે તેનું બ્યાજ વાપરવામાં આવશે. ઓછામાં ઓછા રૂ૧૦૦૦૦ એ ખાતામાં એકઠા થયા બાદ જેબી વધુ રકમ થાય તેનું જુદું ખાતું 'કલકતાના એક જરથોસતી'ને નામનું ઉઘાડી, તેમાં જમા થયલા રૂપીઆની મુદલ રકમ અનામત રાખી તેનાં બ્યાજમાંથી, કોઈ ગરીબ જરથોસતી કલકતા ખાતે હક થાય તેની ચારદીવસની ક્રીયા કરવામાં વાપરવામાં આવશે. આ દરેહમેહેરના મકાનમાં સંગેમરમરપર કોતરેલી નીચલી તખતી મારેલીછે:—"All the Electric lights and fans in this "Daremeher," as well as the oil lamps in the Dome, have been placed in sacred Memory of the late Mr. Byramjee Merwanji Malabari at the sole expense of a Zoroastrian Friend of his in Calcutta, who has also made proper arrangements for their permanent up keep. Calcutta 11th July 1915." "આ એ દરેહમેહેરમાં સરવે વીજળીની રોશનીઓ તથા પંખાઓ તેમજ ગુમબજની કોપરેલની બતી મરહુમ માનવંત શેઠ બેહેરામજી મેરવાનજી મલબારીની ગંભીર યાદમાં તેવણુના કલકતાના એક જરથોસતી મીત્રે પોતાના ખરચે મુકાવી આપી છે તથા તેના જાવેદાનના નીભાવ ખરચ માટે એજ મીત્રે હંમેશ સુધીનો બંદોબસત કીધો છે. રોજ અરદીબેહેસત માહા બહમન ૧૨૮૪." આ દરેહમેહેરમાં મુકવામાં આવેલા વીજળીક પંખાઓ, તથા લાઇટ વગેરે માટે શેઠ ખરશેદજી પે. ચોકસીએ પોતાનો વખત રોકી કીંમતી સલાહ તથા મદદ આપી હતી, તે માટે એવોએ કાંઇબી લવાજમ લીધુ હતું નહી. એ ઉપરાંત વીજળીક લાઇટ તથા પંખાનાં ખાતાના ફંડમાં મરહુમ શેઠ મલબારીના મુંબઇના એક જરથોસ્તી મીત્રે રૂ૨૦૦૦ની સરકારી લોનો આપી છે અને એ ખાતું કોઇબી સખી વજુદો માટે તેમાં નાણું ભરવા ખુલ્લું રાખવામાં આવ્યું છે.

ભરૂચના રૂના વેપારી શેઠ રૂસતમજી હોરમસજી વખારીઆએ રૂ૬૦૦૦ ની રકમ ભરૂચની મયુનીસીપાલીટીને ભેટ આપવા કબુલ્યું છે. એ રૂ૬૦૦૦માંથી રૂ૫૦૦૦ ભરૂચના કતોપોરનાં કુવાથી નરમદા મીલ સુધીનો રસ્તો બાંધવા સારૂ તથા રૂ૧૦૦૦ લોગન સ્લોપની અધવચમા બુરજ ઉપર એક બગીચો બનાવવા માટે વાપરવામાં આવશે.

બીલીમોરાના જાણીતા શેહેરી શેઠ મનચેરજી શાપુરજી તાતાએ ચીખલી ગામની એંગલો વરનાકયુલર સ્કુલનું મકાન બાંધવાના ફંડમાં રૂ૨૨૫૦ આપયા હતા.

બીલીમોરાના જાણીતા શેહેરીઓ શેઠ મનચેરજી શાપુરજી ટાટા અને શેઠ રતનજી શાપુરજી ટાટાએ બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ત્રસ્ટીઓને મરહુમ શેઠ દારબજી રતનજી ટાટાના ધરમ ખાતામાં આગળ આપેલા રૂપયા પુરતા નહી હોવાથી આ વરસે એ ખાતામાં બીજા વધુ રૂ૨૦૦૦ના ચાર ટકાના પોરટ ત્રસ્ટ બાંડો આપયા કે એ રૂપીઆનાં અને આગલ આપેલા રૂપીઆનાં બ્યાજમાંથી બીલીમોરાની અંગ્રેજી સ્કુલનાં ગરીબ જરથોસ્તી વીદયારથીઓને સીખવાની ચોપડીઓ તથા દર માસની સ્કુલની ફી વીગેરે આપવી તેમજ સર જમશેદજી જીજીભાઈની ગુજરાતી નીશાળના છોકરાંઓને શીખવાની ચોપડીઓ અપાવવી.

કલકતાની જાણીતી પારસી પેઢી તરફથી "સ્કુલના એક સાચા સ્નેહી" ને નામે રૂ૫૧૫૧ની રકમ કલકતા એંગલો ગુજરાતી સ્કુલની બીલડીંગ ફંડમાં આપી હતી.

મરહુમ શેઠ સોરાબજી સાપુરજી ફરદુનજી પાજનીગરા ઉરફે સોલ સાપુરના મરહુમ દીકરી બાઇ ધનબાઇજીના દીકરાઓએ મરહુમ શેઠ સોરાબજીનું ભરૂચ મધે બહારકોટના પારસીવાડ મધેનું પીપલી ચોકમાં આવેલું મકાન ભરૂચની પારસી પંચાયતને ભેટ આપ્યું છે. મકાનની કીંમત આશરે રૂપ્યા ચારથી પાંચ હજારની અડસટવામાં આવે છે.

બાઇ સુનાબાઇ ધનજીભાઇ કાવસજી મુલ્લાં મુંબઇમાં રોજ ૭ મો માહા ૧૦ મો વ. સને ૧૨૮૪ને દીને મરણ પામ્યા હતા. એવણુના પુણ માટે એવણુના છોકરા શેઠ હોરમજીએ રૂ૩૫૦૦ વલસાડની જરથોસ્તી અંજુમનનાં ત્રસ્ટીઓને એવી સરતે આપયા કે એ રૂ૩૫૦૦નું જુદું ખાતું મરનારને નામનું પાડી તેના વ્યાજમાંથી મરનારને નામનો એક ઘંબાર દર વરસે કરવો.

નવસારીના જાણીતા શેહેરી અને કલકતાના વેપારી શેઠ મેરવાનજી નાનાભાઈ મેહતાએ નવસારીના દોખમાં આગળ રૂ૨૦૦૦ ને ખરચે એક ઓટલો બંધાવી આપવા જણાવયું છે કારણકે દોખમાં આગળ બહાર ગામોથી આવતાં રવાનોને મુકવાની તથા ગેહસારવાની કીયા કરવાની સગવડ નહી હોવાથી બહારથી આવતાં રવાનોને વરસાદમાં તેમજ તાપમાં બહાર ખુલ્લી જગયાએ મુકવા પડતા હોવાથી એ ઓટલો બંધાયાથી સારી સગવડ થશે. વળી એવો સાહેબે નવસારીના મલેસર આગળની શ્રી સયાજી વઇભવ લાઇબ્રેરીને ફરતો કમપાઉન્ડ બનાવી આપવા કબુલ્યું છે. એ કમપાઉન્ડ પાછલનો ખરચ રૂ૨૦૦૦ થવા જશે તેના ત્રીજા ભાગના રૂપયા એવણુ શેઠ આપશે અને બાકીની રકમ નામદાર ગાયકવાડ સરકાર તરફથી આપવામાં આવશે.

મરહુમ શેઠ બમનજી પાલનજી દાદાચાનજી તા૦ ૩૦ મી મે ૧૯૧૪ ને દીને બહેસ્તનશીન થયા તેમના વીલના એકઝીકયુટરો શેઠ રતનશાહ કેરસાસપજી દાદાચાનજી તથા બાઇ શીરીનબાઇ કાવસજી મીરઝાંએ નવસારીની મીનોચેહેર હોમજીની દરેમેહેરમાં રૂ૫૦૦ તથા તેના નીભાવ ફંડમાં રૂ૨૦૦૦ આપયા હતા.

મુંબઇના જાણીતા સખી શેઠયા શેઠ રૂસતમજી બેરામજી જીજીભાઇ પોતાના સાહેબજાદા શેઠ બેરામજી સાથે ગઇ નાતાલ ટાંકણે નવસારી ખાતે પધારયા હતા; તે દરમયાન તેઓ શેઠે ત્યાંના ખાતાઓની મુલાકાત લઈ નીચે પ્રમાણે રૂ૧૫૦૦ની રકમ સખાવતમાં આપી હતીઃ—શેઠ મેહેતાનાં સુવાવડખાનામાં રૂ૫૦૦, મલેસર ખાતે હાલ નવી ખોલેલી છોકરીઓની અંગ્રેજી શાળામાં ઇનામો આપવા રૂ૫૦૦ તથા ડાબુ પારસી જનરલ હાસપીટલમા રૂ૫૦૦. વળી એઓના વહુ બાઇ જરબાઇ બેરામજી રૂસતમજી જીજીભાઇ તરફથી પણું મજકુર હાસપીટલમાં વધુ રૂ૫૦૦ની રકમ આપવામાં આવી હતી. એ ઉપરાંત એકાદ બે અગત્યનાં ખાતાંને એઓ શેઠની પધરામણીથી ઘણો લાભ થયો હતો.

કલકતાના જાણીતા શેહેરી શેઠ પેસતનજી એદલજી ગજદરે પોતાની છોકરી બાઇ માણેકબાઈનાં છોકરા શેઠ કાવસજી રોજ ૧૩ મો માહા ૧ લો ય. સને ૧૨૮૪ ને દીને કલકતા ખાતે મરણ પામ્યા હતા, એવણુના પુણ સારૂ રૂ૨૦૦૦ની રકમ ગણદેવીની જરથોસતી અંજુમનના ત્રસટીઓને એવી સરતે આપી કે મરનારને નામનું જુદું ખાતું પાડી એ રૂ૨૦૦૦નું વ્યાજ ગણદેવીનાં નાચાર જરથોસતીઓને મરનારની દર વરસની બાજને દીને વેહેંચી આપવું. વળી મરહુમ શેઠ કાવસજીના ગણદેવીમાં થયલાં ઉઠમણામાં ભરાયલા રૂ૧૫૭ ગણદેવી ખાતેના ફંડામાં આપયા હતા.

લાહોરના જાણીતા શેહેરી શેઠ અરદેશર બેહેરામજી કુપરે રૂ૨૦૦૦ની રકમ લાહોર ખાતે સર અવસરે વાપરવા સારૂ એક હોલ સાથનું મકાન બાંધવા માટે લાહોરની જરથોસ્તી અંજુમનના ત્રસટીઓને બક્ષેશ આપી હતી. આ મકાન બાંધવા સારૂ લગભગ રૂ૧૦૦૦૦ની જરૂર છે.

બાઇ રતનબાઈ જમશેદજી ચીનાઇએ સીકનદરાબાદની માહબુબ કોલેજમાં પારસી વીદયારથીઓને જમવા માટે એક રૂમ રૂ૧૫૦૦ને ખરચે બંધાવી આપયો હતો.

સખી વજુદ બાઇ હીરાંબાઇ જમશેદજી પીટીટ તે મરહુમ સર દીનશાજી માણેકજી પીટીટ પેહેલા બેરોનેટના બેટીએ ચાલુ અશો ફરોહરના દીવસો ઉપર પોતાના વાહાલાં અશો રવાનોની યાદમાં રૂ૧૩૦૦ નીચલા ધરમ ખાતાઓમાં આપયા હતા:—સુરતની પારસી ઓરફનેજનાં ફંડમાં પોતાના મરહુમ માતાજી તથા પીતાજીની યાદમાં રૂ૫૦૦નું પોરટ ટરસ્ટ બોન્ડ અનામત રાખી તેનું વ્યાજ ચાલુ ખરચમાં વાપરવા, મુંબઈની ડા૦ પારખવાળી સુવાવડની હાસપીટલનાં ફંડમાં પોતાના મરહુમ માતાજી તથા પીતાજીની યાદમાં રૂ૫૦૦નું પોરટ ત્રસટ બોંડ અનામત રાખી તેનું બ્યાજ ગરીબ જરથોસતી ઓરતોની મુફત સારવાર કરવાના ખરચમાં વાપરવા, ઝોરાસ્ત્રીયન બીલડીંગ ફંડમાં રૂ૧૦૦, ડા૦ માસીના હાસપીટલ ફંડમાં રૂ૧૦૦ અને સર જમશેદજી જીજીભાઈ સકુલના ભોજન ફંડમાં પોતાના મરહુમ ભાઇ કાવસજીની બેટી વીરબાઇજીની મરહુમ દીકરી તેહેમીના નશરવાનજી મંચેરજી કામાની નઇયતે વયાજ વાપરવા રૂ૧૦૦. એ ઉપરાંત બાઈ હીરાબાઇએ આખા શાલમાં જુદા જુદા ફંડો તથા ધરમખાતાંઓમાં નાણાંની સારી મદદ હમેશ મુજબ કીધી હતી.

કોલંબોના જાણીતા શેહેરી શેઠ દાદાભાઇ નશરવાનજીએ પોતાના મરહુમ બેટા ડા૦ ધનજીશાહ જેવણુ રોજ ૧૧ મો માહા ૬ઠો ય. સને ૧૨૮૪ ને દીને હક થયા તેવણુની યાદગારી જાળવી રાખવા માટે મરહુમ ડા૦ ધનજીશાહની પુંજીમાંથી સીલોન મેડીકલ કાલેજને રૂ૧૨૨૫ આપ્યા કે એના બ્યાજમાંથી મેડીસીનમાં પહેલે નંબરે આવનારા વીદયારથીને દર વરસે ડા૦ ધનજીશાહ દાદાભાઇને નામનો સોનાનો ચાંદ આપવો. વળી મરહુમ ડા૦ ધનજીશાહના થયલા ઉઠમણા વખતે ભરાયલા રૂ૫૨૯ ધરમ ખાતે આપવામાં આવ્યા હતા.

કરાંચીનાં રહીશ શેઠ ધનજીશાહ જમશેદજી માસતરે પોતાના મરહુમ બાવા શેઠ જમશેદજી જેવણુ કરાંચીની પારસી વીરબાઇજી સ્કુલના માજી હેડ માસ્તર હતા, તેવણુની યાદમાં એ વીરબાઇજી સ્કુલના છોકરાઓના સાયનસ એપેરેટસ ખરીદવા માટે રૂ૩૦૦, છોકરીઓના સાયનસ એપેરેટસ ખરીદવા માટે રૂ૩૦૦, છોકરીઓના રાધનકલાના કલાસ માટે વાસણો ખરીદવા રૂ૨૫૦ અને હારમોનીયમ ખરીદવા માટે રૂ૧૫૦ મલી રૂ૧૦૦૦ની રકમ ભેટ કીધી હતી. વળી મરહુમ શેઠ જમશેદજીની સબી એ સ્કુલના હોલમાં ગયા એપ્રીલ માસમાં ખુલ્લી મુકવામાં આવી હતી.

શેઠ કાવસજી રૂ. વરીઆવાએબી મરહુમ શેઠ જમશેદજી ફરામજી માસતરની યાદમાં રૂ૫૦૧ કરાંચીની વીરબાઇજી સ્કુલના ફંડમાં ભેટ આપ્યા હતા.

રાજકોટની અંજુમનના માજી સરનશીન મરહુમ શેઠ કુંવરજી કોયાજીના કુટુંબ તરફથી મરહુમના પુણ્ય માટે રૂ૧૦૦૦ ની લોન રાજકોટની જરથોસતી અંજુમનને આપી હતી કે એનું બ્યાજ રાજકોટની દરેહમેહરના નીભાવ ફંડમાં વાપરવું.

અમદાવાદના જાંણીતા ઇજનેર શેઠ અરદેશર ડો. વાહાડયાએ લગભગ રૂ૧૦૦૦ને ખરચે અમદાવાદની દરેહમેહરમાં ૪૪ વીજળીક બતીઓ મુકાવી હતી.

વલસાડના જાણીતા શેહેરી શેઠ માણેકજી ધનજીભાઇ ધનજીશાએ વલસાડની જરથોસ્તી અનજુમનનાં ત્રસટીઓને પોતાને નામનો એક ધમબાર કરવા આગળ રૂ૩૫૦૦ આપયા હતા, પણ ખરચમાં એ રકમનું બ્યાજ પુરતું નહી પડવાથી આ વરસે બીજા વધુ રૂ૫૦૦ નો બોંડ ત્રસટીઓને આપયો કે રૂ૪૦૦૦ના વ્યાજમાંથી ધંબારનો ખરચ કરવો. વળી એવણે સુરત જીલ્લાની માંડવી ગામની અંગ્રેજી હાઇ સ્કુલમાં લગભગ રૂ૧૫૦ની કીંમતની ૨૫ ખુરશીઓ ભેટ આપી હતી.

ભરૂચના રહીશ ડા૦ ખરશેદજી ધનજીશાહએ પોતાના બેટા શેઠ સોરાબજીની શેહાદી તા૦ ૧૪મી મારચને દીને થઇ તેની ખુશાલીમાં રૂ૫૦૧ ની ૩ાા ટકાની સરકારી લોન ભરૂચની પારસી પંચાયતનાં ફંડમાં કોઇ પણ સારાં કામમાં વાપરવા સારૂ આપી હતી.

શેઠ જમશેદજી ખરશેદજી દુબારી મુંબઈની સોસીયલ સરવીસ લીગને રૂ૫૦૦ની રકમ બક્ષેશ તરીકે આપી હતી.

મરહુમ શેઠ બેરામજી માણેકજી વાડીઆના કુટુંબીઓનાં વારસોએ બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ત્રસટીઓને રૂ૫૦૦ની પ્રોમીશરી લોન ટકા સાડા ત્રણની આપી કે એનાં વ્યાજમાંથી દર વરસ બીલીમોરાના આદરીઆનમાં મરહુમ શેઠ બેરામજી માણેકજી વાડીઆને નામનું મુકતાદમાં બેડું એક માંડવું તેનાં ખરચનાં રૂ૧૦ જતે બાકીની રકમ યોજદાથરેગરીનાં કામમાં વાપરવી.

મુંબઇ તથા પુણાના જાણીતા વેપારી શેઠ દીનશાહ મેરવાન ઇરાનીએ મુંબઇમાં અથોરનાન ટોળાની બેહેતરી માટે સ્થાપવામાં આવેલા અથોરનાન મંડળને રૂ૨૦૦, જરથોસતી દીનની ખોલ કરનારી મંડળીના ફંડમાં રૂ૧૦૦ અને પુણાની યંગમેનસ ઝેરાસ્ત્રીયન એસોસીએશનના ફંડમાં રૂ૧૦૦ ભેટ આપ્યા હતા. એ ઉપરાંત એવણે મુકતાડ ટાંકણે રૂ૧૦૦ની કીમતની અવસ્તાની ચોપડીઓ ધરમના મકાનોમાં ભેટ આપી હતી.

શીયાલકોટની આરામઘાહની બાંધવામાં આવેલી દીવાલ તથા ઓરડાઓ–શીયાલકોટ ખાતેની જુની આરામઘાહ બીસમાર હાલતમાં આવવાથી નવેસરથી બાંધી તે ખુલ્લી મેલવાની કીયા રોજ ૧૯મો માહા ૬ ઠાને દીને કરવામાં આવી હતી. જશનની કીયા લાહોરવાળા દસ્તુરજી બરજોરજી ફરામજી આંટીયાએ કરવા પછી સેકરેટરી શેઠ દીનશાહ કાવસજી નેતરવાળાએ આરામઘાહના ફંડને લગતો રીપોરટ વાંચતા જણાવ્યું કે, આસરે ૫૦ વરસ ઉપર પંજાબના વેપારીઓ શેઠો જમશેદજી સન્સની પેહેડીએ આરામગાહની જગા ખરીદી સીયાલકોટની જરથોસતી અંજુમનને ભેટ આપી હતી. આરામગાહની જગા તથા દીવાલ બીસમાર હાલતમાં આવવાથી ઉભા કીધેલા ફંડમાં ભરાયલા રૂ૧૯૦૪–૯–૨માંથી સાત ફુટ ઉંચી દીવાલ બાંધી સર અવસરે વાપરવા એક ઓરડો તથા એબાદત કરવા માટે બીજો ઓરડો બાંધવામાં આવ્યો છે તેમજ ચોકીદાર રાખવામાં આવશે તે માટે એક ઓરડી બાંધી છે. આ બધા બાંધકામમાં વાપરેલું સરવે લાકડકામ શેઠ જમશેદજી બી. વાણીયા અને શેઠો સબાવાળા ભાઇઓ તરફથી ભેટ આપવામાં આવયું છે અને બાંધકામો પાછળ રૂ૧૫૯૯–૬–૬નો ખરચ થયો છે. કરાંચીવાળા શેઠ રતનજી જમશેદજી વાણીઆએ મરહુમ ધણીયાણી ફરેનીના પુણ માટે જરમન સીલવરના અફરગાન્યાનો સટ, શેઠો

જમશેદજી સન્સે ૫૦ અને શેઠો સખાવાળા ભાઈઓએ ૨૧ ઝાંડના કુડાં, શેઠો દીનશાહ કા. નેતરવાળા તથા ફીરોઝ ધ. કરાઈએ સેતરંજીનો એક જોટો તેમજ બીજી કેટલીક ચીજો ભેટ મલી છે. શેઠો દીનશાહ કા. નેતરવાળા તથા ફીરોઝ ધ. કરાઈએ રૂ૧૨૫ ખરચી પાણીનો નવો પાતાલ પંપ મુકાવાથી રાત દીવસ પાણી મલે છે. એ ફંડના સેકરેટરી શેઠ નેટરવાળાની બદલી રાવલપીંડી થવાથી શેઠો દીનશાહ બી. કરાણી અને જમશેદજી બી. વણીયાને ટરસ્ટી તરીકે નેમયા છે. એ પછી શેઠ જમશેદજી વાનીઆએ શેઠ દીનશાહ નેટરવાલાએ આરામગાહના ફંડ માટે આપેલી કીમતી મદદ માટે એવણનો ઉપકાર માની જણાવયું કે શેઠો નેતરવાલા તથા કરાઇએ આજના જશનનો ખરચ પોતાની ગીરોથી કીધો છે. શેઠ દીનશાહ કરાણીએ કેટલુંક વીવેચન કરી શેઠ નેતરવાલાએ સેકરેટરી તરીકે અંજુમનની બજાવેલી સેવાઓ માટે ઉપકાર માની તેની નોંધ અનજુમનના દફતરે લેવાનો ઠરાવ થયો હતો. શેઠ નેતરવાળાએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માની ફંડમાં નાણાની જરૂર જણાવવાથી તે વખતે રૂ૧૧૪ ભરાયા હતા. એ પછી મેલાવડો વીસરજન થયો હતો.

સુરતની શેઠ કુકાવાળી આરફનેજમાં બંધાયલી ડારમીટરી ખુલ્લી મેલવાની થએલી કીયા—સુરતની શેઠ કુકાવાળી પારસી ઓરફનેજના છોકરાઓ સારૂ બાંધવામાં આવેલી બે વધારાની "ડારમીટરી" તથા ડાઇનીંગ રૂમ ખુલ્લા મેલવાની કીયા એક મેલાવડા સનમુખ સુરતના કલેકટર મી૦ પ્રાટે જમશેદી નવરોઝને દીવસે યાને રોજ ૧૧ મો માહ ૭ મા ને દીને કરી હતી. શરૂઆતમાં આરફનેજની કમીટીના સરનશીન ખા૦ બા૦ બરજોરજી વકીલે આરફનેજને લગતો હેવાલ વાંચતા જણાવ્યું કે સુરતના સખી શેઠયા શેઠ રૂશતમજી મનચેરજી કુકાએ રૂ૨૦૦૦૦ માં મકાનો ખરીદી ઘટતો ફેરફાર કરાવી સુરતની પારસી પંચાયતને સોંપી તા૦ ૨૧મી મારચ ૧૯૧૨ ના રોજે આરફનેજ ખુલ્લું મુકવામાં આવ્યું હતું અને ૪૦ છોકરાઓને ફ્રી તથા ૨૦ છોકરાઓને દર રૂ૧૫ના માસીક લવાજમે રાખ્યા હતા. હાલમાં ૧૨૦ છોકરાઓ દાખલ કરવાનું ઠરાવ્યું છે, જેમાં ૬૫ આરફનોને ફ્રી, ૨૧ આરફનોને માસીક રૂ૧૫ની રકમ લઇને અને ૩૫ બોરડરો રાખવાની ગોઠવણ કીધી છે. મીસીસ અડવાની તરફથી ઉઘરાણું કરી આરફનેજની સ્થાપના વખતે ૫૦ છોકરાઓને દરેકને કોટ પાટલુન તથા બુટ વગેરે અપાવવામાં આવ્યા હતા તેમજ મી૦ અડવાણીએ પોતાના જરથોસ્તી દોસ્તો પાસે રૂ૧૨૦૦ના ખરચે ચોપડીઓ અપાવી છે જે માટે એઓનો ઉપકાર માનવામાં આવે છે. શેઠ રૂશતમજી કુકાએ મીલકત ખરીદવા તથા મરામત વગેરે માટે રૂ૪૮૩૮૫ તથા જનરલ અને બાજના ફંડમાં રૂ૫૩૨૮૮ (પોતાના ખેશીઓ પાસે ભરાવી આપયા તે સાથે) ની નાદર બક્ષેશ કરી છે. વળી આજના દીવસની ખુશાલીમાં શેઠ કુકાના ખેશી શેઠ બરજોરજી સોરાબજી ગોદરેજે અગાઉ આપેલા રૂ૩૦૦૦ ઉપરાંત રૂ૨૦૦૦ વધુ બાજના ફંડમાં અને શેઠ માણેકશાહ મોટાફરામનાએ રૂ૧૦૦૦ એજ ફંડમાં આપયા છે. શેઠ કુકાની આવી નાદર સખાવત માટે હું મારી તરફથી એવો શેઠની સબી મુકવાની પરવાનગી માગુ છું સીગનપોરના જાણીતા શેહેરી શેઠ એદલજી કુંવરજી પટેલે જનરલ ફંડમાં રૂ૧૦૦૦૦ અને ૬ છોકરા દાખલ કરાવી માસીક લવાજમના રૂ૮૭ તેમજ અનાજ તરકારી વગેરે ભેટ આપે છે. તેજ મુજબ શેઠ પાલનજી ધનજીભાઇ પટેલેબી ૩ છોકરાઓ દાખલ કરાવી તેના રૂ૪૪ માસીક લવાજમના આપે છે. આરફનેજનું ફંડ રૂ૧૬૧૧૩૭નું થયું છે અને તેની વારસીક આવક રૂ૫૬૪૮ તથા પંચાયત તરફના રૂ૪૦૦૦ મલી રૂ૯૬૪૮ની ઉપજ છે અને ૬૫ ફાઉનડેશનરોનો ખરચ રૂ૧૩૦૦૦નો થાય છે એટલે રૂ૩૩૦૦ની વારસીક ખોટ પુરવી જોઈએ. આજે ખુલ્લી મુકાનારી એક ડોરમીટરી જેમાં ૩૦ છોકરાઓ રહી શકશે તે માટે શેઠ કુકાએ રૂ૫૦૦૦ આપયા છે તથા બીજી ડારમીટરી તથા ખાવાની અને નાંહાવાની જગા માટેનો ખરચ પંચાયતે હાલ તરત ઉપાડી લીધો છે. તેમજ હવે પછી બીજી જગા બાંધવા માટે લગભગ રૂ૫૦૦૦૦નો ખરચ થવા જશે જે સખી જરથોસ્તીઓ આપશે એવી આશા છે. એ પછી કલેકટર મી૦ પ્રાટે મકાનો ખુલ્લા મેલાયલા જાહેર કરવા બાદ

પંચાયતના કંત્રાકટર શેઠ પેસતનજી બરજોરજી વાહાડયાને સોનાનું ઘડીયાલ અને છેડો તથા એવણના છોકરા શેઠ ફરામરોજ અને ભત્રીજા શેઠ સોરાબજીને તથા મીસતરીઓ વગેરે દરેકને એકેક શીયાલો આપી હતી. સેતટે કલેકટર મી૦ પ્રાટે ભાષણ કરતા જણાવ્યું કે હીંદુસ્તાનની સઘળી કોમોમાં એક કોમ તરીકે પારસીઓએ બહુ નામના મેલવી છે કારણ કે તેઓએ ધંધાદારી પુરૂષો તરીકે મોટી મોટી યોજના રચી તે ફતેહમંદીથી પાર પાડનારા યોજકો તરીકે પોતાની કાબેલીયત દરશાવી છે અને પોતે મેલવેલી દોલતનો કેવી રીતે ઉપયોગ કરવો તેની પણ લાયકાત ધરાવે છે. આ બક્ષેશ આપનાર શેઠ રૂસતમજી કુકાને આ ખાતું આભારી છે અને જે છોકરાઓ તાલીમ લઈ બહાર પડશે તે સરવે કોમને ઉપયોગી થઈ પડશે શેઠ કુકાના ખાસ લક્ષણો શરમાળપણું અને ગુપચુપ સેવા બજાવવાના છે અને એવણની સબી ખા૦ બા૦ બરજોરજી વકીલે મુકવા કહી છે તે વાજબી છે કે જેથી અત્રે શીખતા છોકરાઓ એમનો ચહેરો જોઈ તેમને પગલે ચાલે અને દાખલા રૂપ થઈ પડે એટલુંજ નહીં પણ કયા કયા પારસીઓએ કયા કયા સદગુણો ધરાવી આગળ વધયા છે તે એ છોકરાઓ જાણી શકે. ખા૦ બા૦ બરજોરજી અને પંચાયતના સભાસદોનો ઉપકાર માનું છું અને આ ખાતાની ફતેહ ઇચ્છું છું. એ પછી મેળાવડો વીસરજન થયો હતો.

સકર ખાતે બંધાયલું સર અવસરે વાપરવાનું મકાન ખુલ્લું મેલવાની થયલી ક્રીયા–સકર ખાતે આરામગાહની જગાપર રવાનની ગાડી રાખવા તથા રવાનને ભુમીદા કરી નાહવા વગેરે માટે બાંધવામાં આવેલું નવું મકાન ખુલ્લું મુકવાની ક્રીયા જમશેદી નવરોઝના દીવસે યાને રોજ ૧૧ મો માહા ૭મા ને દીને એક મેલાવડા સનમુખ કરવામાં આવી હતી. શરૂઆતમાં જશનની ક્રીયા કરવા બાદ આરામગાહ ફંડના સેકરેટરીઓ શેઠ માણેકજી ભરૂચા તથા હોરમજી ભરૂચાએ આ મકાન બધાતું હતું તે વખતે દેખરેખ રાખી લીધેલી તસ્દી માટે ઉપકાર માન્યો હતો. આ મકાન આરામગાહના ફંડમાંથી લગભગ રૂ૫૫૦ને ખરચે બાંધવામાં આવયું છે.

અહમદનગર ખાતે ખુલ્લો મુકાયલો જાહેર હોલ–અહમદનગર ખાતે ત્યાંની દરેહમેહરની બાજુમાં મુબઈવાલા બાઇ દીનબાઇ બમનજી ધનાપટેલે પોતાના મરહુમ ધણી શેઠ બહમનજી એરામજીના પુણ માટે એક હોલ જાહેરના વપડાસ માટે બંધાવી ત્યાંની અનજુમનને ભેટ આપયો છે, તે ખુલ્લો મેલવાની કીરીયા રોજ ૨૫ મો માહા ૭ મા ને દીને કરવામાં આવી હતી. એ હોલનું નામ "ધના પટેલ હોલ" રાખ્યું છે. સવારના બાઇ દીનબાઇએ ખેશીની બુચીની નવજોત કરવા પછી એવણે દરેહમેહરના પંથકી એરવદ ફરામજી બે. નવદરને અને અંજુમનના સેકરેટરી શેઠ બમનશાહ ધનજીશાહ નગરવાલાને અકેકી શીયાલ એનાયત કીધી હતી. નવજોતવાલી બુચીને અંજુમન તરફથી જામે જમશેદવાલી સીપની અવસ્તા ભેટ થઇ હતી. સાંજે અંજુમન તરફથી જશનની ક્રીયા કરવા બાદ બાઇ દીનબાઇએ કરેલી સખાવતના હેશાનમાં એક મેલાવડો અહમદનગરના વકીલ ખા૦ સા૦ એરામજી સોરાબજી કારડ માસતરના પ્રમુખપણા હેઠળ કરી ચાંદીના કાસકેટ સાથ એક માનપતર એવણને એનાયત કીધું હતું. તેમજ અંજુમને બાઇ દીનબાઇના ખેશી શેઠ રૂસતમજી સોરાબજી બતીવાલાને અને પંથકી એરવદ ફરામજીને અકેકી શીયાલ એનાયત કરી સેકરેટરી શેઠ બમનશાહને ચાંદીની એક તબકની ભેટ કીધી હતી. શેઠ બેજનજી એદલજી લાકડાંવાળાએ બબરચીખાનું બંધાવી આપવા માટે રૂ૨૦૦, સુરતના સીટી મેજીસ્ત્રેટ શેઠ અરદેશર ફરદુનજી દલાલે પોતાના મરહુમ ભાઇ બરજોરજીના પુણ માટે ફરનીચર મુકવા રૂ૩૧૫, પંથકી ફરામજી નવદરે કંપાઉંડને લોખંડની રેલીંગ કરવા રૂ૨૫૦ અને સેકરેટરી શેઠ બમનશાહે રૂ૨૫૦ની કીંમતની ટેબલો તથા ખુરશીઓ ભેટ આપી હતી. રાતે અંજુમને અને બપોરના બાઇ દીનબાઇએ ખાણું આપયું હતું.

કાનપોર ખાતે ખુલ્લો મુકાયલો મીસીસ નવાજબાઇ લાલા આઉટ-પેશંટ વોરડ–કાનપોરની પ્રીન્સ ઓફ વેલ્સ હોસપીટલને લગતો મીસીસ નવાજબાઈ જમશેદજી લાલા

આઉટ પેશંટ વોરડ ખુલ્લો મેલવાની ક્રીયા તા૦ ૧૪મી એપ્રીલે યાને રોજ ૫ મો માહ ૮ માને દીવસે અલાહબાદ વીભાગના કમીશનર ઓનરેબલ મી૦ એસ. સી. ફેરારડ, સી. આઈ. ઇ., આઇ. સી. એસ એ કરી હતી. આ વોરડ કાનપોરના વેપારી શેઠ જમશેદજી તરફથી પોતાના મોહર દારની યાદમાં બંધાવવામાં આવયો છે. એ વખતે મી૦ ફેરારડે આ બક્ષેશ કરનાર પારસી ગૃહસ્થનો આભાર માની જણાવ્યું કે એ વોરડથી એકસો આસામીઓને તેનો લાભ મળશે અને તેઓના સંકટોનું નીવારણ થઇ આશરો મળશે. એવણે એક ઉડના રોગોની હોસપીટલ અને એક સુવાવડને લગતા વોરડની હાજત માટે જણાવવાથી ૩૨૦૦૦૦ જેટલી રકમ માટે વચન મળયું હતું.

કરાંચી ખાતે ખુલ્લું મુકાયલું હોમ—મરહુમ બાઇ આવાંબાઇ બરજોરજી દુબાશ જેવણ શહેનશાહી રોજ દેપાદર માહા ફરવરદીન સને ૧૨૮૩ ને દીને ગુજરયાં હતા, તેવણના પુણ અરથે ઉઠમણામાં ભરવામાં આવેલી કુલ રકમ ૩૭૧૫૦માંથી કરાંચીની પારસી પંચાયતની વાડીમાં મરહુમના નામનું બાઈ આવાંબાઇ બરજોરજી કાવસજી દુબાશ હોમ બાંધવામાં આવયું છે અને તે જાહેર વપરાસ માટે ગયા જુન માસમાં કરાંચીની પંચાયતને હસ્તક આપવામાં આવયું છે.

હુબલી ખાતે સુવાવડ વારડનો નખાયલો પાયો—ધારવાડના આબકારી કંત્રાકટરો શેઠો બરજોરજી માણેકજી પટેલ, ભીખાજી બરજોરજી બારીઆ અને નશરવાનજી હોરમજી ભરૂચાએ હુબલી મ્યુનીસીપાલીટીને ત્યાંની સીવીલ હાસપીટલમાં સુવાવડનો એક વારડ બાંધવા સારૂ ૩૧૬૦૦૦ની બક્ષેશ બે વરસપર કીધી હતી. હુબલી ખાતે આ વરસે એ વારડ બાંધવાનું શરૂ કરવાથી એનો પાયો નાખવાની ક્રીયા તા૦ ૨૧મી જુને યાને રોજ ૧૩મો માહા ૧૦માને દીને ધારવાડના કલેકટરના ધણીયાણી મીસીસ એમેન્યુલના હાથે એક મોટા મેલાવડા સનમુખ કરવામાં આવી હતી. એ વોરડનું નામ ધી કીંગ એડવરડ ધી સેવનથ મેટરનીટી વારડ રાખયું છે.

અલાહીબાગનુ તથા તેમાની દરેહમેહરનું ખુલ્લું મુકાયલું મકાન—મુંબઇમાં બહારકોટ ખાતે નામદાર સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ સાહેબના અલાહીબાગમાં અને તેને લગતી દરેહમેહેરના પાક મકાનની મીલકત બીસમાર હાલતમાં આવવાથી તેને નવેસરથી બાંધી તેમાં વખતને અનુસરતા ઘટતા સુધારા વધારા નામદાર સર જમશેદજી જીજીભાઇના ચેરીટી ફંડના માનવંત ત્રસટી સાહેબો તરફથી કરી એ અલાહીબાગનો એક ઓટલો તથા દરેહમેહેરનું પવીત્ર મકાન તઇયાર કરવામાં આવયું છે. દરેહમેહેરનાં પાક મકાનમાં અસલની માફક ચાર હીંદોળા બનાવવામાં આવયા છે અને હીંદોળાવાલી જગયાને તમામ સંગેમરમરના પથર જડયા છે અને એની ઉપર એક માલ બાંધવામાં આવ્યો છે જેનો સરઅવસરે ઉપયોગ કરવામાં આવશે. આ દરેહમેહેર મીનોચેહેર હોમજી સાયના મોબેદોના વડપણ હેઠળ અસપંદાદ મહીનાના ફરવરદીન રોજથી ચાર દીવસ સુધી ઇજવાની ક્રીયા થઇ હતી, એ સરવે ક્રીયાકામ નામદાર સર જમશેદજી જીજીભાઇના પંથકી એરવદ જમશેદજી રૂસતમજી કરકરયાની દેખરેખથી કરવામાં આવી હતી. રોજ ૨૨ મો અને માહ ૧૨ માનો દીવસ નામદાર પહેલા સર જમશેદજી જીજીભાઈના માસીક રોજ હોવાથી તે દીને દરેહમેહેર ઇજવાની ક્રીયા પુરી થવા પછી ધરતી ક્રીયાઓ સાથે દાદાગાહના આતશને નવા મકાનમાં લાવવામાં આવયા હતા. તે બાદ જશનની ક્રીયા માલ ઉપર કરવામાં આવી હતી. જશન નાંડવાની ક્રીયા એરવદ જમશેદજી રૂસતમજી કરકરયાએ કીધી હતી. ક્રીયા પુરી થવા પછી મોબેદોમાં આશોદાદ વહેંચાયા પછી ચાશની કરી મેળાવડો વીસરજન થયો હતો.

ખેતાબો.

આપણી રાજ કરતી કોમના નવા વરસની ખુશાલીમાં અપાયલા ખેતાબોમાં નીચલા નવ પારસી ગૃહસ્થો ખેતાબો મેળવવા પામયા છે, જેઓમાં સાવંતવાડીના સીવીલ એશીસટંટ સરજ્યન ડા૦ શાપુરજી માણેકજી મહેતા, જામનગર સ્ટેટના દીવાન શેઠ મેહેરવાનજી પેસતનજી અને નાગપુરના ઓનરરી મેજીસ્ત્રેટ શેઠ બેરામજી પેસતનજી ઉપર ખાનબહાદુરના ખેતાબની નવાજેશ થઇ હતી, જ્યારે પુના મ્યુનીસીપાલીટીના વાઇસ પરેસીડંટ શેઠ પેસતનજી બમનજી મેસમેન, મુંબઇના એક-સાઇઝ ખાતાના ડેપયુટી ડીવીઝનલ ઇનિસપેકટર શેઠ કુવરજી દારાશાહ, મુંબઈના બરોડા રેલવે પોલીસના ઇનિસપેકટર શેઠ રતનજી રૂસતમજી મીરઝાં, ગ્રાંટરોડ રેલવેના સ્ટેશન માસતર શેઠ ફરા-મજી એદલજી અને કરાંચીના ઇંડો-યુરોપીયન ટેલીગ્રાફખાતાવાળા શેઠ કુંવરજી સોરાબજી ઉપર ખાન સાહેબના ખેતાબોની નવાજેશ થઈ હતી. એ ઉપરાંત મુંબઇની જીલ્લા પોલીસના ડેપયુટી સુપ્રીનટેનડનટ શેઠ હોટર રતનજી કોહાવાળા ઉપર નામદાર સરકાર તરફથી કીંગસ પોલીસ મેડ-લની નવાજેશ કરવામાં આની હતી.

નામદાર શેહેનશાહ પાંચમાં જ્યોરજની ૫૧મી સાલગ્રેહનો મુબારક દીવસ તા૦ ૩જી જુને પડવાથી તેની ખુશાલીમાં અપાયલા ખેતાબોમાં નીચલા પારસીઓનેબી મલ્યા હતાઃ—

કે. સી. આઈ. ઇ. યાને નાઇટ કમાનડર ઓફ ધી ઇન્ડયન એમપાયરનો નામીચો ખેતાબ દખણ હેદરાબાદના જાણીતા શેહેરી અને નામદાર નીઝામના રાજ્યના પોલીટીકલ મીનીસટર નવાબ ફરેદુન જંગ બહાદુરને એનાયત કરવામાં આવયો હતો જેથી એઓ સાહેબ નવાબ સર ફરેદુન તરીકે ઓળખાશે.

કયેશરે હીંદનો રૂપાનો ચાંદ મુંબઈના જાણીતા શહેરી બાઇ જાઇજી જહાંગીરજી બમનજી પીટીટને એનાયત થયો હતો.

ઇમપીરીયલ સરવીસ ઓરડરનો ખેતાબ પુના ડીવીઝનના સપલાઈ અને ત્રાનસપોરટના મદદનીસ ડીરેકટરની ઓફીસના હેડ કલારક શેઠ બમનજી નવરોજી ખંબાતાને એનાયત થયો હતો.

ખાન બહાદુરનો ખેતાબ મધ્ય પ્રાંતમાં આવેલા મુરવાડાવાળા શેઠ તેહમુરસ્પ કાવસજી બજાને અને મુંબઇની પોસ્ટ ઓફીસના સુપ્રીનટેનડંટ શેઠ દોરાબજી સોરાબજી કેપટનને જ્યારે ખાન સાહેબનો ખેતાબ મુંબઇ ઇલાકાની એકઝીકયુટીવ એનજીનીયર ઓફીસના હેડ કલારક શેઠ ડોસાભાઇ ફરામજી કાતરકને, જંગલ ખાતાના વધારાના મદદનીસ કનઝરવેટર શેઠ વનજીશાહ નશરવાનજી અવાસીયાને તેમજ મદરાસ અને સધરન મરાઠા રેલ્વેના મદદનીસ ઓડીટર શેઠ જમશેદજી એદલજી બાટલીવાળાને એનાયત કરવામાં આવ્યા હતા.

નવસારીના જાણીતા દાબુ ખાનદાનના સખી ગ્રહસ્થ અને વડોદરાની ધારા સભાના મેમબર શેઠ પેસતનજી રતનજી દાબુને વડોદરાના નામદાર માહારાજા સર શીયાજીરાવ ગાયકવાડે તા૦ ૭મી મારચે પડેલી પોતાની ૫૩માં વરશની સાલગ્રેહની ખુશાલીમાં ભરવામાં આવેલી દરબારમાં "દાતાર મંડળનો સુવરણનો સોનાનો ચાંદ" એનાયત કીધો હતો.

વડોદરાના નામદાર મહારાજા સર શીઆજીરાવ ગાયકવાડની દરબારના માનકરી શેઠ જમશે-દજી મેરવાનજી મોરીસને વડોદરાના સરદાર નેમયા હતા.

ઓધા—નેમણુંક—વગેરે.

પારસી કોમના માનવંત અકાબર ઓ૦ સર જમશેદજી જીજીભાઈ બારોનેટને મુંબઇના શેરીફના ઓધા ઉપર સને ૧૯૧૫ ના સાલ માટે નેમયા હતા.

નવાબ સર ફરેદુન જંગ બાહાદુરને નામદાર નીઝામે રાજદ્વારી ખાતામાં સદર–ઉલ–મહામ યાને પોલીટીકલ મીનીસટરના ઓધા ઉપર નેમ્યા હતા.

ઓનરેબલ સર ફીરોઝશાહ મેરવાનજી મેહેતા બેરીસ્ટર મુંબઇ યુનીવરસીટીના વાઇસ ચેનસેલર નેમાયા હતા.

શેઠ દોરાબજી નશરવાનજી બહાદુરજી બેરીસ્ટર મુંબઇના કામચલાઉ એડવોકેટ જનરલ નેમાયા હતા. આ ઓધા ઉપર એક દેશી ગ્રહસ્થ તરીકે શેઠ બાહાદુરજીની પહેલવહેલી નેમણુક થઈ હતી.

શેઠ આર. ડી. શેઠના હાઇ કોરટના ઓફીશીયલ રીસીવર નેમાયા હતા.

શેઠ એદલજી જાહાંગીર દાવર હાઇ કોરટના એફીડેવીટ લેનાર કમીશનર તથા સેસન્સ જડજના જડજીસ કલારક નેમાયા હતા.

શેઠ નશરવાનજી દીનશાહ ગરડા હાઈ કોરટના કામચલાઉ રેજીસ્ટાર અને રૂલ કમીટીના સેકરેટરી નેમાયા હતા.

શેઠ મેરવાનજી અરદેશર રાંદેલીઆ મદદનીશ રેજીસ્ટાર અને હાઇ કોરટ પ્રેસના સુપ્રીનટેનડન્ટ નેમાયા હતા.

શેઠ મનચેરશાહ કાવસજી ગજડર મુંબઇ સરકારના મેહેસુલ અને નાણા ખાતાનાં જુનીયર એસીસટંટ સેકરેટરી નેમાયા હતા.

ખા૦ બા૦ રૂશતમજી બમનશાહ વકીલ મુંબઇ સરકારના મેહેસુલી અને નાણા ખાતાંના અનદર સેકરેટરી નેમાયા હતા.

શેઠ એરચશાહ જાહાંગીરશાહ તાલયારખાનની ઉતર વીભાગના કમીશનરના નેટીવ એસીસટંટ તરીકે કામચલાઉ નેમણુક થઇ હતી.

શેઠ ખરશેદજી એદલજી કોટવાળ ઉતર વીભાગના જંગલ ખાતાના વધારાના એસીસટંટ કનઝરવેટર નેમાયા હતા.

ખંબાત સ્ટેટના દીવાન શેઠ કે. આર. બહમનજીને એ સ્ટેટના ગાદી વારેસ નવાબ સગીર હોવાથી નામદાર બ્રીટીશ સરકારે એડમીનીસ્ત્રેટર તરીકે નેમયા હતા.

શેઠ નશરવાનજી એજનજી દમરી મહીકાંઠા એજનસીમાં સાદરાના ડેપયુટી આસીસટંટ પોલીટીકલ એજન્ટ નેમાયા હતા.

કેપટન સોરાબ સી. ખરશેદજી રજપુટાનામાં આવેલા અલવાર રાજ્યના માહારાજાના આસીસટંટ મીલીટરી સેકરેટરી અને સીનીયર એ-ડી-કાંપ નેમાયા હતા. શેઠ સોરાબને કેપટનની પદવીનું તલવાર અને સ્ટાર સાથનું માન માહારાજાએ આપયું હતું.

શેઠ સોરાબ માણેકશાહ ભરૂચા થાણાના કલેકટર, શેઠ રૂસતમજી પેસતનજી જાહાંગીર સોલાપુર અને બીજાપુર જીલ્લાના એકસાઇઝના આસીસટંટ કલેકટર અને શેઠ ડોસાભાઇ રૂસતમજી મોબેદજી ધારવાડ જીલ્લામાં વધારાના ડીસ્ત્રીકટ ડેપયુટી કલેકટર નેમાયા હતા.

શેઠ જમશેદજી દોરાબજી ખંડાળાવાલા વડોદરાના ચીફ જડજ, શેઠ એન. જે. વાહાડયા બેરીસટર બેલગામના એસીસટંટ જડજ, શેઠ રતનજી ડોસાભાઇ માસતર અમરેલી પ્રાંતના કામચલાઉ જડજ, શેઠ કાવસજી ખરશેદજી સુનાવાળા ભુસાવલના સબ જડજ અને શેઠ બેરામ નવરોજી સંજાણા પનવેલના બીજા વરગના સબ જડજ નેમાયા હતા.

શેઠ હોરમઝદીઆર ફીરોઝ હોશંગ દસતુર બેરીસ્ટરની મુંબઇના ચોથા પ્રેસીડંસી મેજીસ્ટ્રેટ તરીકે કામચલાઉ નેમણુક થઇ હતી અને એવણે બજાવેલી સેવાની પીછાનમાં તા૦ ૩૦ મી જાનેવારીએ પોલીસ કોરટમાં ધારાશાસ્ત્રીઓએ એક મેલાવડો કરી માન આપ્યું હતું.

શેઠ જમશેદજી બેજનજી વાચ્છા પુણાના સીટી મેજીસ્ટ્રેટ નેમાયા હતા.

મુંબઈ શેહર અને ટાપુના ઓનરરી પ્રેસીડનસી મેજીસ્ટ્રેટો તરીકે નીચલા પારસી ગ્રહસ્થોને નેમવામાં આવ્યા હતાઃ-ઓ૦ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, ખા૦ બા૦ જમશેદજી રૂસતમજી દેશાઈ, ડા૦ અરદેશર દાદાભાઈ મોદી, ડા૦ હોરમજી લીમજીભાઈ બાટલીવાલા, ડા૦ નાદીરશાહ એચ. ઇ. સુખ્યા, ડા૦ નાનાભાઇ નવરોજી કાતરક, ડા૦ રૂશતમજી નાનાભાઈ રાણીના, ડા૦ સયાવક્ષ સોરાબજી બાટલીવાલા, શેઠો બેરામજી નવરોજી ગામડયા, બેરામજી રૂસતમજી બેરામજી જીજીભાઇ, ધનજીભાઇ બમનજી પીટીટ, ફરદુનજી જમશેદજી પારખ, ફરદુનજી મેરવાનજી બનાજી, ફરામજી દોરાબજી ફરામજી પાંડે, ફરામરોઝ રૂશતમજી જોશી, જાહાંગીર એદલજી દાવર, જાહાંગીરજી રતનજી દુબાશ, જમશેદજી માણેકજી ફરામજી પટેલ, નવરોજી સોરાબજી બંગાલી, ફીરોઝ ખરશેદજી શેઠ, ફીરોશાહ બી. આર. મોદી, રૂસતમજી પેસતનજી મસાની, રૂશતીમ સોરાબજી પાંડવાલા, શયાવક્ષ રતનજી બહમનજી અને સોરાબજી એદલજી વારડન.

અમદાવાદ જીલ્લાના સરદાર ખા૦ બા૦ રૂસતમજી જહાંગીરજી વકીલ, ખા૦ બા૦ સોરાબશાહ હોરમસજી અને શેઠ જમશેદજી રૂસતમજી વખારીયા, સુરત જીલ્લાના ખા૦ બા૦ બમનજી એદલજી મોદી, થ.ણા જીલ્લાના શેઠ બેહરામજી જહાંગીરજી તારાપોરવાળા, શોલાપુર જીલ્લાના શેઠ એરચશાહ ફરામજી શેઠના, બેલગામ જીલ્લાના શેઠ સી. એચ. ડરાઇવર, ભરૂચના શેઠો જહાંગીર દીનશાહ દલાલ અને શોરાબજી ફરામજી કાપડયા, ખેડા જીલ્લાના શેઠ કુંવરજી દારાશા દલાલ, પંચમહાલ જીલ્લાના શેઠ મેરવાનજી હીરજીભાઇ કોઠાવાલા, થાણાના શેઠો બાપુજી કાવસજી દીવેચા, મેરવાનજી નવરોજી આંટયા અને કાવસજી નાનાભાઈ, અહમદનગરના શેઠ દારાબશાહ એદલજી નગરવાળા, પુનાના મેજર ખા૦ બા૦ દીનશાહ ડોસાભાઇ ખંબાતા અને શેઠ દીનશાહ ડોસાભાઈ સાંગા, સતારાના શેઠો ધનજીશાહ બમનજી કુપર અને જમશેદજી ફરામજી ખરાસ, બેલગામના ખાન સાહેબ અરદેશર નવરોજી અને શેઠ જહાંગીરજી નવરોજી આંટીયા, કોલાબાના ખા૦ બા૦ હોરમસજી માણેકજી બીવંડીવાળા અને કનારા જીલ્લાના ખાન સાહેબ દાદાભાઇ રતનજી બલસારવાળા, કરાંચીના શેઠ જેમી નશરવાનજી મહેતા અને મઉના શેઠ બેરામશાહ આર. ભાયાને ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે નેમવામાં આવયા હતા.

શેઠ કેખશરૂ રતનજી પે. ગ્રીન રાજકોટના ફોજદાર નેમાયા હતા.

શેઠ પેશુતનજી રતનશાહ પે. દમરી વઢવાણના ફોજદાર નેમાયા હતા.

શેઠ ડોશાભાઇ માણેકજી કોઠાવાળા ગોધરાના મામલતદાર નેમાયા હતા.

શેઠ જમશેદજી બેજનજી કોટવાલ બસરા શેહેરમાં સ્થાપવામાં આવેલી નવી કાયદાની કોરટમાં નાઝર નેમાયા હતા.

જે. પી. યાને નવા સુલેહના અમલદારો તરીકે નીચલા પારસીઓને નેમવામાં આવયા હતાઃ- ડા૦ અરદેશર કાવસજી ટરનર, ખા૦ બા૦ ગુસતાદજી ધનજીભાઇ કાપડીયા, ડા૦ નશરવાનજી ફકીરજી સરવેયર, શેઠ પાલનજી નવરોજી દાવર અને શેઠ શાપુરજી બહમનજી બીલીમોરીયા.

મુંબઇની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે શેઠ દોરાબજી હોરમજી એશબરનર, સુરતની મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે ખા૦ બા૦ દાદાભાઇ નશરવાનજી નાણાવટી અને તેહમુરસપ કાવસજી મોદીને નેમવામાં આવયા હતા.

લાહોરની પારસી મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટો તરીકે નામદાર લેફટનંટ ગવરનરે નીચલા ગ્રહસ્થોની નેમણુક કરી હતીઃ-લાહોરમાં લોવર મોલ ખાતેના મેશરસ જમશેદજી એંડ સન્સવાળા

શેઠ કેખશરૂ સોરાબજી ઘોંડી, લોરેનસ રોડ ઉપરના મેશરસ જે. રૂસતમજીની કંપનીવાળા શેઠ જેહાંગીર રૂસતમજી દાજી, અપર મોલ ખાતેના મેસરસ જે. મોરટનની કંપનીવાળા શેઠ નવરોજી બી. શેઠના, લાહોર સીટીના સદયદ મીઠા બજારવાળા ડા૦ એદલજી પેસતનજી ભરૂચા, લાહોર કેંપમાં ઘરની માલેકી ધરાવતા શેઠ જમશેદજી ખરશેદજી કોલાહ, એટકીનસ ચીફ કોલેજવાળા શેઠ બી. સી. માછીવાળા, ફીરોજપુર રેડવાળા બારીસટર શેઠ કેખશરૂ જેહાંગીર રૂસતમજી દાજી, રાવલપીંડી ખાતેના મેસરસ જાગીરજી એન્ડ સન્સવાલા ખા૦ બા૦ નશરવાનજી જેહાંગીર જામાસજી, રાવલપીંડીવાળા શેઠ સોરાબજી ધનજીભાઇ કોમોડોર, જલંદર કેનટોનમેંટના મેસરસ સી. ખરશેદજીની કંપનીવાળા ખાનસાહેબ કુંવરજી ખરશેદજી મહેતા, અમરીતસરના મેશરસ એ અરદેશરની કંપની, એનજીનીયરો અને કોનતરેકટરોવાળા શેઠ અરદેશર એદલજી બોગા, મુલતાનવાળા શેઠ ફરામરોઝ મંનચેરજી માણેકજી અને અમરીતસરવાળા શેઠ કે. રૂસતમજી.

મુંબઇ યુનીવરસીટીના ફેલોઝ તરીકે શેઠ જાલભાઇ ડી. ભરડા અને શેઠ માણેકજી શેરીયારજી ભરૂચાને નેમવામાં આવયા હતા.

મુંબઇ યુનીવરસીટીના વાઇસ ચાનસેલર તરીકે ઓ. સર ફીરોઝશાહ મે. મેહેતાને, મેડસીનની ફેકલટીમાં ડા૦ સોરાબ કે. નરીમાનને, એનજીનીયરીંગની ફેકલટીમાં, ડા૦ એચ. એ. એફ. મુસ અને એમ. એમ. ભરૂચાને, આરટસની ફેકલતીમાં સમસુલ ઓલમાં એરચદ ડા૦ જીવણજી જમશેદજી મોદી, શેઠ એચ. જે. ભાભા અને શેઠ જે. ડી. ભરડાને નેમયા હતા; જયારે ડીન તરીકે મેડસીનમાં ડા૦ એન. એફ. સરવેઅરની નેમણુક થઇ હતી.

શેઠ કેખશરૂ એદલજી બાલા અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ત્રેનીંગ કોલેજના પ્રીનસીપલ, પ્રોફેસર દીનશાહ દોરાબજી કાપડયા પુણાની દખણ કોલેજના મેથેમેટીકસના પ્રોફેસર, શેઠ બમનજી જમશેદજી વાહાડયા બેરીસટર મુંબઇની ગવરમેંટ લો સ્કુલનાં લોના પ્રોફેસર અને દાવર કોલેજ ઓફ કોમરસના પ્રીનસીપલ શેઠ એસ. આર. દાવર, મુંબઇની વેપારી કોલેજમાં કમરશયલ પ્રેકટીસ ધી મેથડસ એંડ મશીનરી ઓફ બીઝનેસવાલી બાબદના લેકચરર નેમાયા હતા.

પુણાના વેપારી શેઠ બેરામ દીનશાહ મેરવાન ફ્રીની ઈંગલંડની ઇનસ્ટીટયુટ ઓફ કોમરસના વેપારીઓના સેકશનના સભાસદ નેમાયા હતા.

એલફીનસટન કોલેજના કેમીસ્ત્રીના પ્રોફેસર દારાબ ડી. કાંગાને બેંગલોરની ઇંડીયન ઇનસ્ટીટયુટ ઓફ સાયનસની કાઉનસીલે એ ઇનસટીટયુટની એસોસીએટશીપ એનાયત કીધી હતી.

શેઠ જાહાંગીરજી બમનજી પીટીટને મુંબઇના મીલ ઓનરસ એસોસીએશનના પ્રમુખ અને શેઠ નવરોજી બાપુજી સકલાતવાળાને ઉપ-પ્રમુખ નેમયા હતા.

ખા૦ બા૦ આદરજી મનચેરજી દલાલને ભરૂચના સર શાપુરજી બરજોરજી ભરૂચા હોલના ત્રસ્ટી નેમયા હતા.

શેઠ હોરમજી કાવશજી દીનશાહ એમ. વી. ઓ. એડનના પોરટ ત્રસટી નેમાયા હતા.

શેઠ કેકોબાદ કાવસજી દીનશાહ એડનના પોરટ ત્રસ્ટી નેમાયા હતા.

કેફી પીણા સામેની લડત આખી દુન્યામાં ચલાવવા માટે ઉભા થયલાં ઇનડીપેનડંટ ઓરડર ઓફ ગુડ ટેંપલરસવાળા મંડળના દેશપરદેશો માટેના વડા ટેંપલર સકોટલંડવાળા મી૦ એડવરડ વેવરીંસકીએ ઈંડીયન ટેમપરંસ એસોસીએશન અને બોંબે ટેમપરંસ કાઉનસીલના જોડયા સેકરેટરી શેઠ ધનજીભાઇ દોરાબજી ગીલડરની હીંદમાંના પોતાના ખાસ ડેપ્યુટી તરીકે નેમણુક કીધી છે, જેથી આ ઓરડર હીંદના રહીશોને પણ હવે આપી શકાશે. જે બાનુઓ અને ગ્રહસથો આ ઓરડરમાં જોડાવાની ખાહેશ રાખતા હોય અથવા તો આઈ. ઓ. જી. ટી. લોજો ખોલવા ઇચ્છતાં હોય તેઓએ શેઠ ગીલડર સાથ પત્ર વહેવાર ચલાવવો.

મુંબઇમાં ભરાયલા પ્રોફેસર ગેડસના ટાઉન પલાનીંગ એકઝીબીશન માટે ગોઠવણો કરવા નેમાયલી કમીટીમાં પ્રમુખ તરીકે ઓ૦ સર ફીરોઝશાહ મેરવાનજી મેહેતાને અને મેમબરો તરીકે

શેઠ કાવસજી જહાંગીર રેડીમની, શેઠ દીનશાહ એદલજી વાછા અને ડા૦ કાવસજી એદલજી દાદાચાનજીને નેમવામાં આવ્યા હતા.

મુંબઈમાં દીસેમબર ૧૯૧૫માં ભરાનારી ત્રીશમી નેશનલ કાનગરેસની રીસેપશન કમીટીના પ્રમુખ તરીકે ઓનરેબલ સર ફીરોઝશાહ એમ. મહેતાને અને વાઇસ પ્રેસીડંટો તરીકે સર દીનશાહ મા. પીટીટ બેરોનેટ, શેઠ દીનશાહ એદલજી વાછા અને શેઠ હોરમસજી એ. વાડયાને તથા સેક્રેટરી તરીકે શેઠ દીનશાહ એ. વાછાને નેમયા હતા. જ્યારે કાનગરેસના સેક્રેટરીઓ તરીકે શેઠો જહાંગીર બી. પીટીટ અને એસ. આર. બમનજીની નેમણુક કરવામાં આવી હતી.

શેઠ હોરમસજી અરદેશર વાહાડયા બેરીસટર મુંબઇ ઇલાકાની પંદરમી પ્રાંતીક કાનફરનસના પ્રમુખ નેમાયા હતા.

ડા૦ એન. એફ. સરવેયરને સર જમશેદજી હાસપીટલના કનસલટીંગ ફીઝીશીયન અને ગોકળદાસ તેજપાળ હાસપીટલના બેકટીરીયોલોજીસટ તરીકે નેમયા હતા.

ડા૦ સર ટેમુલજી ભીખાજી નરીમાનને કામા અને આલબલેસ હાસપીટલના ઓબસ્ટેટ્રીક ફીઝીશયન અને ડા૦ હોરમજી માણેકજી માસીનાને કામા અને આલબલેસ હાસપીટલના કનસલટીંગ ફીઝીશીયન નેમયા હતા.

લેફટનંટ કરનલ મેરવાનજી પેસતનજી ખરેઘાત ગયા દીસેમબર માસમાં માથેરાનના કામચલાઉ સુપ્રીનટેનડનટ અને કોલાબા જીલ્લાના પેહલા વરગના મેજીસ્ટ્રેટ અને તે પછી ગયા જુનમાં મુંબઇની કામન જેલોના પ્રેસીડનસી સરજયન નેમાયા હતા.

લેફટનંટ કરનલ માણેકજી એદલજી રીપોરટર મદરાસ ઈલાકાના અનંતપુર શેહેરના સીવીલ સરજયન અને સેનીટરી કમીશનર નેમાયા હતા.

ડા૦ કેખશરૂ અરદેશર ગાંધી મુંબઇ ઈલાકાના સેનીટરી કમીશનરના પરસનલ એસીસટંટ નેમાયા હતા.

ડા૦ નશરવાનજી ફરામજી માસતર સીમલાના રેસીડંટ મેડીકલ ઓફીસર નેમાયા હતા.

ડા૦ મનચેરશાહ ધનજીભાઇ ગીલડર એમ. ડી. પારસી ફીવર હાસપીટલના ઓનરરી વડ તબીબ નેમાયા હતા.

ડા૦ શાપુરજી માણેકજી મહેતા કારવારના સીવીલ સરજયન નેમાયા હતા.

બાઇ પીરોજા બેરામજી મે. મલબારી જેવણ ઈંગલંડમાંજ તબીબી ધંધો ચલાવતા હતા તેવણને રોયલ લંડન ઓફથેલમીક હોસપીટલના ડેપયુટી બેકટીરીઓલોજીસ્ટ તરીકે નેમ્યા હતા.

ડા૦ પોરોચીસ પીરોશાહ દલાલ પોરબંદર સ્ટેટના લેડી ડાકટર નેમાયા હતા.

ડા૦ એફ. ડી. બાના ગ્રાંટ મેડીકલ કોલેજના કાન નાક તથા ગળાના દરદોના લેકચરર અને સર જે. જે. હાસપીટલના એ દરદોના સરજયન અને ડા૦ જમશેદજી જે. મોદી ગ્રાંટ મેડીકલ કોલેજના ડેનટીસટના લેકચરર અને સર જે. જે. હોસપીટલના એક્ષ ઓફીશીયો ડેનટલ સરજયન નેમાયા હતા.

ડા૦ કેખશરૂ એસ. ધાસવાલા ગ્રાંટ મેડીકલ કોલેજના ઓફથેલમોલોજી (આંખના દરદો ના તયુટર નેમાયા હતા.

ડા૦ ફીરોઝ કુવરજી ભરૂચાને સર જે. જે. હાસપીટલના ઓનરરી ફીઝીશીયન, ડા૦ નવરોજજી અરદેશર કુપર એમ. ડી. ને સર જે. જે. હાસપીટલના ઓનરરી એસીસટંટ ફીઝીશીયન અને ડા૦ દીનશાહ ડી. એચ. બારીયાને સર જે. જે. હાસપીટલના ઓનરરી સરજયન નેમયા હતા.

કરાંચીવાલા લેફ્ટનંટ જહાંગીર હોરમસજી કોઠારીએ સીંધ વોલંટીયર રાઈફલસમાં પોતાના ઓધાનું રાજીનામું આપયું હતું અને તેઓને રીટાયર થતી વેળાએ કેપટનની ઓનરરી પદવીએ ચઢાવવામાં આવયા હતા.

લેફ્ટનંટો જામાસજી ખરશેદજી ભરૂચા અને હીરાજી જહાંગીર માણેકજી ખરશેદ એમ. બી. ને કેપટનની પદવી આપવામાં આવી હતી.

સર દીનશાહ ધનજીભાઈ દાવર જડજ મુંબઇની પારસી પંચાયતના ત્રસટી નેમાયા હતા.

શેઠ ફરામજી જમશેદજી બીલીઆ મુંબઇની પારસી પંચાયતના ત્રસટીઓની ચુંટણી કરનારી અંજુમન કમીટીના ૧૦૦ના મંડળમાં "ડી" રેજીસ્ટરના સભાસદ ચુંટી કઢાયા હતા.

શેઠ ફરદુનજી માણેકજી પાવરી મુંબઇની પારસી પંચાયતના ધરમખાતના કામ ચલાઉ સેક-રેટરી નેમાયા હતા.

ખા૦ બા૦ બેજનજી મેરવાનજી દમરી રાજકોટની જરથોસ્તી અંજુમનના સરનશીન અને શેઠ કેખશરૂ રતનશાહ દમરી સેકરેટરી નેમાયા હતા.

સુરતના સીટી મેજીસ્ત્રેટ શેઠ અરદેશર દલાલ સુરતના પારસી ધરમાદા ફંડોની બોરડના મેમબર નેમાયા હતા.

શેઠ ડોસાભાઈ પાલનજી સકકરના આતશ દાદાગાહ ફંડના પ્રેસીડંટ નેમાયા હતા.

શેઠ એદલજી પેસતનજી ગજદર કલકતાની જરથોસ્તી અંજુમનના ત્રસટી નેમાયા હતા.

હાંગકાંગના ધરમ ફંડના પ્રેસીડંટ તરીકે શેઠ નવરોજી હોરમજી મોદી બેરીસ્ટર, ઓનરરી સેકરેટરી તથા ત્રસ્ટી તરીકે શેઠ હોરમજી કે. ઇરાની અને ત્રસ્ટીઓ તરીકે શેઠો ફ. પે. શરાફ, પી. જે. વાસનીયા અને ડી. કે. શેઠનાને ચુંટી કાઢવામાં આવયા હતા.

એરવદ મીનોચહેર કાવસજી એદલજી કોટવાલને મુંબઈની બહારકોટની મરહુમ શેઠ મનચે-રજી શેઠની દરેહમેહરના પંથકી તરીકે એવણના મરહુમ બાવા કાવસજીના ઉઠમણાને દીવસે નેમી એ દરેહમેહેરના ટરસ્ટીઓએ એક શીયાલ એરવદ મીનોચેહરને ઓઢાડી હતી.

શેઠ બેરામજી એદલજી વાચ્છા અહમદનગરના પોસ્ટલ સુપ્રીનટેનડનટ અને શેઠ જાહાંગીર એદલજી રીપોરટર સુરતના ડીસ્ત્રીકટ પોસ્ટલ સુપ્રીનટેનડનટ નેમાયા હતા.

શેઠ બોરશેદચેહેર તેહમુરસ્પ અંકલેસરીયા યરોડા (પુના) ના સરકારી છાપખાનાના સુપ્રીન-ટેનડનટ નેમાયા હતા.

શેઠ જે. એન. મેહતાને સ્ટેટ રેલવેના સ્ટોરસ ખાતાના સુપરવાઈઝર નેમી ઇસ્ટરન બંગાળ રેલવેમાં એવણની નેમણુક કરી હતી.

ખાન સાહેબ રતનજી રૂશતમજી મીરઝાં થાણાના ડેપયુટી પોલીસ સુપ્રીનટેનડનટ અને શેઠ હેકટર આર. કોઠાવાળા બેલગામના ડેપયુટી પોલીસ સુપ્રીનટેનડનટ નેમાયા હતા.

ખા૦ સા૦ કેખશરૂ મનચેરજી કલબવાળા હેદરાબાદ સેંત્રલ પ્રીઝનના સુપ્રીનટેનડનટ અને ખા૦ સા૦ નશરવાનજી રૂસતમજી વાછા અમદાવાદના સેંટરલ પ્રીઝનના સુપ્રીનટેનડનટ નેમાયા હતા.

શેઠ ફીરોઝ સી. શેઠના મુંબઇની કોરપોરેશનના પ્રમુખ, સરદાર પદમજી નવરોજી પુણા સીટી મ્યુનીસીપાલીટીના પ્રમુખ, ખા૦ બા૦ પેસતનજી બમનજી પુણાની સુબરબન મ્યુનીસીપાલીટીના પ્રમુખ, ડા૦ બરજોરજી સોરાબશાહ મુનસીફ ભરૂચ મ્યુનીસીપાલીટીના પ્રમુખ, પરોફેસર અરદેસર સોરાબજી પોસ્ટવાલા દમણ મ્યુનીસીપલ કોરપોરેશનના પ્રમુખ અને શેઠ દીનશાહ રતનજી દાબુ નવસારીના મ્યુનીસીપાલીટીના ચેરમેન નેમાયા હતા.

ડા૦ કેખશરૂ સોરાબજી શેઠના દોહલીના હેલ્થ હાફીસર, ડા૦ કેકોબાદ બમનજી દસ્તુર ભરૂચ મ્યુનીસીપાલીટીના હેલ્થ હાફીસર, ડા૦ અરદેશર બી. પેસતનજી આઇમરા પુણા શહેરના હેલ્થ હાફીસર, ડા૦ માણેક રતનજી દલાલ ગયા મે મહીનામાં ભરૂચ મ્યુનીસીપાલીટીના હેલ્થ હાફીસર અને જુલાઇમાં બરમાહના બશીન શેહેરની મ્યુનીસીપાલીટીના હેલ્થ હાફીસર નેમાયા હતા.

શેઠ નવરોજી દીનશાહ દસતુર ભરૂચ મ્યુનીસીપાલીટીના સ્ટીપનડરી ઓડીટર નેમાયા હતા.

શેઠ રતન ધનજીભાઇ રતનાગર મધ્ય પ્રાંતમાં જાહેર બાંધકામ ખાતાના મદદનીશ એનજીનીયર નેમાયા હતા.

શેઠ એદલજી રતનજી આગા પાલીતાણા સ્ટેટના ચીફ એનજીનીયર નેમાયા હતા.

શેઠ એચ. નવરોજી મદરાસની સરકારના સેનીટરી એનજીનીયર નેમાયા હતા.

શેઠ ડી. ડી. દારૂવાલા મુંબઈ મ્યુનીસીપાલીટીના ગટર ખાતાના એનજીનીયર નેમાયા હતા.

શેઠ એમ. જે. એમ. ખરશેદજી મુંબઇ ઇલાકામાં પ્રોવીનશીયલ એનજીનીયર સરવીસમાં મદદનીશ એનજીનીયર નેમાયા હતા.

શેઠ નશરવાનજી પાલનજી ર. પટેલ એડનના સરકારી કનડેનસીંગ એનજીનીયર નેમાયા હતા.

શેઠ માણેકજી કાવસજી પટેલ મુંબઇની એલફીનસટન હાઇ સ્કુલના ઇંગ્રેજી સાહીત્ય અને તવારીખના શીક્ષક, શેઠ બરજોરજી માણેકજી સુતરીયા અમદાવાદની રણછોડલાલ છોટાલાલ હાઈ સ્કુલના હેડ માસ્તર, શેઠ એમ. સી. કાયાજી ગણદેવી હાઇ સ્કુલના હેડ માસતર અને શેઠ પીરોશાહ એદલજી ચીચગર નવસારીની શેઠ તાતાવાળી હુન્નરશાળાના વડા શીક્ષક નેમાયા હતા.

નીચલા પારસી ગ્રહસ્થોને ૧૯૧૩ના હીંદી કંપનીઓના કાયદા મુજબ મુંબઇની સરકાર તરફથી "અનરીસ્ત્રીકટેડ" સરટીફીકેટો આપી હતી:-શેઠો શાપુરજી બમનજી બીલીમોરીઆ અને બાપુજી પેસતનજી વાડયા; નીચલા ગ્રહસ્થોને "રીસ્ત્રીકટેડ" સરટીફીકેટો આપી હતી:-ખા૦ બા૦ જમશેદજી અરદેશર દલાલ, શેઠો નશરવાનજી બાપુજી તચકરા, દોરાબજી હોરમસજી એશબરનર, રૂસતમજી કેરશાસ્પજી મોદી, રતનજી રૂસતમજી મહેતા, ફરદુનજી એ. ખરશેદજી ફરદુનજી, રૂસતમજી એદલજી મીસ્ત્રી, બમનજી એદલજી પુનેગર, નશરવાનજી ખરશેદજી ચીનાઇ, મહેરવાનજી હોરમસજી નીકલસન, ખરશેદજી કુંવરજી મોદી, જહાંગીર ધનજીભાઇ હોરમસજી વાડીઆ, નસરવાનજી સોરાબજી જમશેદજી, રૂસતમજી નસરવાનજી મહેતા, સોરાબજી ખરશેદજી વાડીઆ, હોરમસજી નસરવાનજી ધીસતા, હોરમસજી દીનશાહ જસુભાઇ, કેખશરૂ નશરવાનજી ચાંદાભાઇ, માણેકજી હોરમસજી દાવર, નવરોજી ફકીરજી દમણીયા, સોરાબજી ફરામજી ટીટી, સોરાબજી જમશેદજી પટેલ, કેખશરો દીનશાહ શેઠના, જમશેદજી શાપુરજી કુપર, બહમનજી બરજોરજી માસતર (કરાંચી) અને ફીરોઝ બાપુજી દારૂવાળા (મદરાસ).

કેળવણી—પરીક્ષા—સ્કોલરશીપો—વીગેરે.

શેઠ દાદાભાઈ નવરોજીને એવણના ઉંચા દરજ્જા તથા ગુણોને લીધે મુંબઇની યુનીવરસીટી તરફથી એલ. એલ. ડી. યાને ડોકટર ઓફ લોઝની ઓનરરી ડીગરી એનાયત કરવામાં આવી હતી.

યુનીવરસીટીના વાઇસ ચેનસેલર ઓનરેબલ સર ફીરોઝશાહ મેરવાનજી મેહતા બેરીસટર, કે. સી. આઇ. ઇ. ને એવણની વીદવતા અને સ્થાનીક સવરાજ, સુખશાંતી તથા કેળવણીને લગતી બાબદોના સબધમાં એવણે બજાવેલી પચાસ વરસ સુધીની નામાકીત જાહેર સેવાઓની પીછાનમાં મુંબઇની યુનીવરસીટી તરફથી એલ. એલ. ડી. યાને ડોકટર ઓફ લોઝની ઓનરરી ડીગરી એનાયત કરવામાં આવી હતી.

મી૦ શીયાવક્ષ હીરજીભાઇ પેસતનજી વાહાડયાએ લંડનની કોલોનીયલ સીવીલ સરવીસની પરીક્ષા પસાર કીધી હતી. એવણની નેમણુક કોલંબો ખાતે થઈ હતી.

ડા૦ હોમી આર. દસતુરે આંખનાં દરદો માટે લંડનની રોયલ ઓફ્થાલમીક હાસપીટલનો ડીપલોમાં મેળવ્યો હતો.

ડા૦ જાહાંગીરજી માણેકજી તલાતીએ ઓક્ષફરડની આંખને લગતા દરદો માટે ઓફ્થાલમોલોજીનો ડીપલોમાં મેલવ્યો હતો.

મી૦ જાલ પેસતનજી પાદશાહને વેલાતની યુનીવરસીટી કોલેજ હાસપીટલની બકનીલ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી.

ડા૦ દાદાભાઇ ખરશેદજી તલાટીએ ગયા ડીસેમબર માસમાં લીવરપુલ યુનીવરસીટીની હાઇજીનને લગતી ડી. ટી. એમ. (ડીપલોમાં ઓફ તરોપીકલ મેડસીન)ની અને એપ્રીલમાં કેમબ્રીડજ યુનીવરસીટીની ડી. પી. એચ. નો ડીપલોમાં મેળવ્યો હતો.

મી૦ બમનજી એન. સંજાણા ગલાસગો યુનીવરસીટીની એનજીનીયરીંગની પરીક્ષામાં બેચેલર ઓફ સાયનસમાં પસાર થયા હતા.

મી૦ પીરોજશા ફરદુનજી બલસારાએ લંડનની આરકીટેકટની પરીક્ષા પસાર કરી હતી અને એવણને રોયલ ઇનસ્ટીટયુટ ઓફ બ્રીટીશ આરકીટેકટના એક એસોસીએટ નેમવામાં આવયા હતા.

મેસરસ સોરાબ નશરવાનજી પંથકી અને જહાંગીર જીવાજી વકીલે વેલાતની કેમબ્રીજની સીનીયર લોકલ પરીક્ષા પસાર કીધી હતી.

મુંબઇ ઇલાકાની એકાઉનટંટ જનરલની ઓફીસવાળા મી૦ શાપુરજી ખરશેદજી મહેતા બી. એ. એ હીંદી સરકારના હીસાબી ખાતાંમાં સુપરીનટેન્ડન્ટના ઓધાઓ માટેની પરીક્ષા પસાર કીધી હતી.

બેલગામના એસીસટંટ જડજ શેઠ નવરોજી જાહાંગીર વાહાડયાએ ચહડતા ધોરણને લગતી કેનેરીસ ભાશાની પરીક્ષા પસાર કીધી હતી.

ડા૦ ફરામરોજ નવરોજી કાપડીયાએ મુંબઇ યુનીવરસીટીની એમ. ડી. ની પરીક્ષા ગયા મારચમાં અને મી૦ નવરોજી અરદેશર કુપરે એમ. ડી.ની પરીક્ષા (મીડવીફરીમાં) ગયા ડીસેમબરમાં પસાર કીધી હતી.

એમ. બી. બી. એસ. ની ડીગ્રી માટેની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૫૯ ઉમેદવારોમાંથી ગયા ડીસેમબરમાં ૪૩ પસાર થયા હતા, તેમા નીચલા પારસીઓ હતાઃ–મેસરસ એદલજી હોરમજી કેયાજી, કાવશ હોમી એનજીનીયર, કેખશરૂ અરદેશર ગાંધી, જેહાંગીર અરદેશર અંકલેસરીઆ, ભીમજીભાઇ દાદાભાઈ મીસ્ત્રી, જેહાંગીર કે. મુલ્લાંપીરોઝ, કેખશરૂ સોરાબજી માસતર, પીરોજશાહ મેરવાનજી આંટીઆ, સોરાબ નશરવાનજી ફોરબસ અને જમશેદ જેહાંગીર નાયગામવાળા.

એમ. બી. બી. એસ. ની ડીગરી માટેની પરીક્ષામાં હાજર થયલા ૫૮ ઉમેદવારોમાંથી ગયા જુલાઇમાં ૩૬ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ–મેસરસ અરદેશર જહાગીરશાહ કોહીયાર, માણેકજી નસરવાનજી દુબાશ, રૂસતમ એદલજી દાદાચાનજી, જાંગીર મંચેરજી વાઘચીપીવાળા, પેસતનજી રૂસતમજી વકીલ અને રતનશા નરીમાન કાપડીઆ.

એલ. એમ. એંડ એસ. ની ડીગરી માટેની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૪૫ ઉમેદવારોમાંથી ગયા દીસેમબરમાં ૩૩ પસાર થયા હતા, તેમાં પારસીઓમાં મી૦ જાલ ફરામરોઝ પંથકી પસાર થયા હતા.

એલ. એમ. એંડ એસ. ની ડીગરી માટેની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૩૯ ઉમેદવારોમાંથી ગયા જુલાઇમાં ૨૪ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ–બાઇઓ ધનબાઇ નાનાભાઈ મોદી અને જરબાઇ પેસતનજી ખંબાતા તથા મેસરસ દાદીશેઠ હોરમજશા કોમીસરીયટ, નવરોજી અરદેશર ગાંધી, ફરામરોજ એરચશાહ, ફરામરોજ ધનજીશાહ ડાકટર અને જમશેદજી સોરાબજી કાંગા.

મુંબઇની કોલેજ ઓફ ફીઝીશીઅનસ અને સરજનસ તરફથી લેવાયલી જુદી જુદી પરીક્ષાઓમાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ–એલ. સી. પી. એંડ એસ. માં મી૦ કુંવરજી રૂસતમજી

અવારી અને સબ એસીસટંટ સરજન દાદાભાઇ બેહરામજી કાપડયા; પહેલી એલ સી પી. એંડ એસ. માં મેસરસ કાવસજી ફીરોઝશાહ હાંડીવાળા અને રૂસતમજી જમશેદજી વકીલ; એમ. સી. પી. એંડ એસ. માં મી૦ હોમી ફરામરોઝ પાવરી અને પેહલી એમ. સી. પી. એંડ એસ. માં સબ એસીસટંટ સરજન બમનજી પેસતનજી દારૂવાળા.

મુંબઇ મ્યુનીસીપાલીટીના તંદરોસતી ખાતાના વડાની દેખરેખ હેઠળ ચલાવવામાં આવતા સેનીટરી સરવેઅરોને લગતી પરીક્ષામાં પારસીઓમાં મી૦ ખરશેદજી એદલજી સુન્તી પસાર થયા હતા.

બેરીસટરની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા:—મેસરસ ફરેદુનજી દાદાભાઇ મુલ્લા, રૂસતમ પેસતનજી થાનેવાલા, શીયાવક્ષ કેખશરૂ એનજીનીયર અને કેખશરો ફરામજી પટેલ.

સોલીસીટરની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા:—મેસરસ બરજોર એનમશાહ આઇબારા, માણેક નશરવાનજી દસતુર, દોરાબ નશરવાનજી ફારબસ અને દોરાબ પેસતનજી શેઠના.

એલ. એલ. બી. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૨૦૭ ઉમેદવારોમાંથી ગયા દીસેમબરમાં ૮૨ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—મેસરસ હોરમસજી પેસતનજી ચાંદુવાલા, સોરાબ નવરોજી દસતુર, બરજોર શાપુરજી સંજાના અને નસરવાનજી નવરોજી દુંબાશ.

. એલ. એલ. બી. ની પરીક્ષામા બધા મલી હાજર થયલા ૧૭૩ ઉમેદવારોમાંથી ગયા જુનાઇમાં ૬૧ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—મેસરસ ફીરોઝ નવરોજી ગાંધી, ફરામરોઝ નવરોજી કલ્યાણીવાળા, જેહાંગીર મેહેરવાનજી ખબાતા, મનચેરશાહ બેરામજી સંજાણા, ધનજીશાહ દીનશાહ શરાફ અને જમશેદજી કાવશાહ તારાપોર. આ પરીક્ષામાં ગયે વરસે પસાર થયલા મી૦ પેસોતન સોરાબશાહ ડાકટરને શેઠ મનચેરજી નવરોજી બનાજી સ્કોલરશીપ મલી હતી.

એમ. એ. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૨૦ ઉમેદવારોમાંથી ગયા ડીસેમબરમાં ૬૨ ફતેહમંદ નીવડયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—મેસરસ બેરામજી ધનજીભાઇ ઇછાપોરીઆ, નરીમાન આદરજી મસાની, જમશેદ કાવશાહ તારાપોર, હીરાજી હોરમસજી ભરૂચા, રૂસતમ ફીરોઝશાહ દમરી, માણેકજી અરદેશર દાવર, ફીરોઝ નવરોજજી ગાંધી, કેખશરૂ આદરજી પંથકી, પેસતનજી ધનજીશાહ મારફર અને ફરેદુન અરદેશર દોટીવાળા. ઉપલી પરીક્ષામાં પસાર થયલા મી૦ જમશેદજી કાવશાહ તારાપોરવાળાને શેઠ જમશેદજી નશરવાનજી પીટીટ સ્કોલરશીપ મળી હતી.

એમ એ. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૧૦ ઉમેદવારોમાંથી ગયા એપ્રીલમાં ૪૭ જણાઓ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—બાઇ શીરીનબાઇ ધનજીશાહ દાલાસ અને મેસરસ બેહરામ એદલજી દાદાચાનજી, નશરવાનજી કાવસજી દારૂવાળા, [illegible] એદલજી ગોળવાળા, દોરાબ નસરવાનજી આદરીયાનવાળા, ફીરોઝ એદલજી કુમાના, કેખશરૂ મહીઆર કુતાર, સોરાબ આદરજી મારસલ, મીનોચેહેર હોરમસજી દસતુર અને જહાંગીર જમાસપજી આસાના.

બી. એસ. સી. યાને બેચેલર ઓફ સાયનસની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૩૪ ઉમેદવારોમાંથી ગયા દીસેમબરમાં ૨૫ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—બાઇ માણેકબાઇ મેરવાનજી મેહેતા અને મેસરસ રૂસતમજી ર. વખારીઆ અને મીનોચેહેર હોરમસજી દસ્તુર.

ઇનટરમીડીયટ સાયનસની (નવા કાનુનો મુજબની) પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૯૩ ઉમેદવારોમાંથી ગયા નવેમબરમાં ૪૭ પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતા:—મેસરસ દીનશાહ બરજોરજી ડોકટર, હોમી દીનશાહ પસતાકીયા, માણેક પાલનજી ભીલાડવાળા, દારાબશાહ રતનજી એંટી, પેસતનજી માણેકજી ખોદાયજી, શેરીયાર બરજોરજી મોદી, નશરવાન હોરમસજી પુનેગર, ફીરોઝ ગુસ્તાદજી દલાલ, ફીરોઝશા બેરામજી ફટાકીયા અને બમનજી નવરોજી વકીલ. ઇનટરમીડીયટ સાયનસની (જુના કાનુન મુજબની) પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૨૭ ઉમેદવારોમાંથી ૧૭ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—મેસરસ જાલ દીનશાહ એદલબેહરામ અને કેખશરૂ પેસતનજી શરાફ.

કલકતા યુનીવરસીટીની સાયનસની ઈનટરમીડયત પરીક્ષામાં મેસરસ રૂસતમજી જમશેદજી ગઝદર અને બહેરામ કેખુશરો વાડીયા પહેલા વીભાગમાં પસાર થયા હતા.

બી. એ. ની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૫૦૫ ઉમેદવારોમાંથી ગયા દીસેમબરમાં ૩૧૩ પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતાઃ—બાઈઓ શીરીનબાઇ પીરોજશાહ જીજીભાઈ, ખોરશેદ રૂશતમજી ખંબાતા અને મેહરા રતનજી સીગારા, અને મેસરસ કેખશરૂ પેસતનજી સરકારી, જમશેદ સોરાબશાહ લામ, અરદેશર મેહરજીભાઈ કુકા, પીરોજશાહ દાજીભાઇ માવલવાળા, પેસી નાનાભાઇ મુસ, મીનોચેહેર દોરાબજી લાલકાકા, ફરામરોજ સોરાબજી માસતર, જહાંગીર જમશેદજી નગરવાળા, કુંવરજી રૂસતમજી જસાવાલા, ફરદુનજી માણેકજી તલાવીઆ, બેરામ હોરમસજી બોટવાળા, મનચેરશાહ જહાંગીરજી બીલીમોરીઆ, મેહરજી ધનજીશાહ દાજી, નોશીરવાન એદલજી સહીયાર, જહાંગીર સોરાબજી હવાલદાર, જહાંગીર સોરાબજી બાપાસોલા, સોરાબજી જમશેદજી બીલીમોરીઆ, નવરોજી અરદેસર દાવર, ફરદુનજી રતનજી જીનવાળા, હોરમસજી માણેકજી મોદી, જાલેજર પેસતનજી પંથકી, નોશીરવાન દાદાભાઇ તાતા, નવરોજી દોરાબજી વાચ્છા, રૂસતમજી ખરશેદજી વકીલ, દારાબ માણેકજી અરજાની, ખરશેદ જહાંગીર લીલાંઉવાળા, બેરામજી શાપુરજી માદન, મીનોચેહેર રૂસતમજી મુલ્લાં, એરચ અરદેશર નાદરશા, સોરાબ પેસતનજી પાટક, ખરશેદજી મનચેરશાહ શેઠના, મનચેરજી એન. બનાજી, મનચેરશાહ રૂસતમજી બીલીમોરીઆ, સોરાબ ગુસતાદજી કાપડયા, તેહમુરસ્પ ટેમુલજી કોઠાવાલા, દીનશાહ પીરોજશાહ મુલ્લાં અને એદલજી ભીખાજી ઘાસવાલા. આ પરીક્ષામાં પસાર થયલા મી• જહાંગીર સોરાબજી હવાલદારને શેઠ પીરોજશાહ મેરવાનજી જીજીભાઇ સ્કોલરશીપ મળી હતી.

બી. એ. ની પરીક્ષામાં જુના ધોરણ મુજબ લેવાયલી પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૪૮ ઉમેદવારોમાંથી ગયા મે મહીનામા ૪૪ ફતેહમંદ નીવડયા હતા તેમાં નીચલા પારસીઓ હતાઃ—મેસરસ ગુસ્તાસ્પ બચાજી કોટવાલ અને નોશીરવાન હોરમજી વાંકલવાલા. જયારે નવા ધોરણની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૨૩૨ માંથી ૯૩ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ—મેસરસ જાલેજર કાવસજી મુલ્લાં, ફરામરોજ મેરવાનજી પાવરી, શાવક પાલનજી ઘીવાળા, કેખસરૂ હોરમજી બીલપોડીવાળા, રયાવક્ષ ખરશેદજી પારડીવાળા, પીરોશા ખરશેદજી નગરવાળા, બેહરામ હોરમસજી સંતોક, પીરોજશાહ હીરજીભાઇ વકીલ, ફરામ દીનશાહ બરડી, બરજોર જમશેદજી ડોકટર, નાદીરશાહ ભીખાજી કાટપીટીઆ, રૂસતમજી જમશેદ પોલીશવાળા અને જમશેદ એરચજી માદન.

ઇનટરમીડીયેટ આરટસની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૨૧૦ ઉમેદવારોમાંથી ગયા દીસેમબરમાં ૮૦૨ જણાઓ પસાર થયા હતા, તેમાં ૬૭ પારસીઓ પસાર થયા હતા, જેમાં નીચલી પારસી બાનુઓ હતીઃ—બાઇઓ બચુબાઇ પીરોશાહ કામા, આઇમાય બેરામજી રૂશતમજી, રોદાબે ખરશેદજી દેશાઇ, ભીખાઈજી નાનાભાઈ કાતરક, પરીન આદરજી મસાની, ધનબાઇ નશરવાનજી વકીલ અને બાનુબાઇ જમશેદજી કાંગા. ઉપલી પરીક્ષામાં પસાર થયલા મી૦ ટેમુરસ્પ નવરોજી દસ્તુરને શેઠ ફરામજી શોરાબજી ભાવનગરી સ્કોલરશીપ મલી હતી. આ પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૪૯૨ ઉમેદવારોમાંથી ગયા એપ્રીલમાં ૧૯૨ જણાઓ પસાર થયા હતા, તેમાં ૧૦ પારસીઓ હતા.

મેત્રીકયુલેશનની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૫૩૦૩ ઉમેદવારોમાંથી ગયા દીસેમબરમાં ૧૩૨૯ પસાર થયા હતા, તેમાં ૧૮૩ પારસીઓ હતા. બધી મલી હાજર થયલી ૧૬૫ બાનુઓમાંથી ૪૯ બાનુઓ પસાર થઇ હતી તેમાં નીચલી ૧૫ પારસી બાનુઓ હતીઃ—બાઇઓ જર માણેકશા કુપર, ગુલેસ્તાન જમશેદજી બાહાદુરજી, ખોરશેદ નશરવાનજી કુપર, બાનુબાઈ જમશેદજી દસ્તુર, પોરૂચેસ્તી જમશેદજી નાદરશા, આરમઇતી ખુરશેદજી સરવેયર, બાનુ કાવસજી સુતરયા, જાઇજી

હોરમસજી ઉદવાડયા, ગુલબાઇ નશરવાનજી વકીલ, મેહેરબાઈ વાડયા, મેહરાં નવરોજી પટેલ, જર-બાનુ ધનજીશા અંકલેસરયા, એમી લવજી વાડયા, મીઠાં અરદેશર તાતા, અને રોશન પીરોજશા શેઠના. આ પરીક્ષામાં પસાર થયલા મી૦ એદલજી મેરવાનજી બીલીમોરયાને બાઇ માણેકબાઇ બેરામજી જીજીભાઈ પ્રાઈઝ, મી૦ એદલજી ફ્રામજી માદનને સર દીનશાહ પીટીટ સ્કોલરશીપ અને બાઇ ગુલેસ્તાન જમશેદજી બહાદુરજીને ચેટરીન પ્રાઈઝ મલ્યું હતું

મેત્રીકયુલેશનની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૪૨૪૭ ઉમેદવારોમાંથી ગયા જુનમાં ૧૦૦૯ પસાર થયા હતા, આ પસાર થયલા ઉમેદવારોમાં ૩૭ બાનુઓ પસાર થઇ હતી, તેમાં નીચલી પારસી બાનુઓ હતી:–બાઈઓ ખોરશેદ પેસ્તનજી ભરૂચા, તેહમીના મનચેરજી ભરૂચા, બાનુબાઈ દીનશા બીલીમોરીઆ, પીરોજા અરદેસર દલાલ, બપઇ ફ્રામજી દસ્તુર, પીરોજા અરદેશર દાવર, ધનબાઇ ખરસેદજી ગઝદર, મેહરાં મેહતા, ખોરસેદ રૂસ્તમજી પાલખીવાળા, દીનબાઇ જમશેદજી પટેલ, રતનબાઇ કાવસજી શેઠના, નરગીશ પીરોજશા સોલન, શેરાં પીરોજશાહ સોલન, પુતલીબાઇ શાપુરજી સ્પેનસર, ખોરશેદ પીરોશા અંકલેસરીઆ, માણેક પીરોશા બીલીમોરીઆ અને કુંવર જેહાંગીર ડુંગાજી.

અલાહબાદ યુનીવરસીટીની મેત્રીકની પરીક્ષામાં પસાર થયલા મી૦ મીનોચેહર ફ્રામજી મનચેરજી શુનાવાળાને સેનત્રલ પ્રોવીનસીસ ગવરનમેંટ તરફથી સ્કોલરશીપ બે વરસની મુદતને માટે આપવામાં આવી છે.

સ્કુલ ફાઇનલની પરીક્ષામાં દીસેમબરમાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ–મેસરસ તેમુલજી રૂસ્તમજી ગઝદર, હોરમસજી લીમજી સોપારીવાળા, બેહેરામ રૂસતમજી અસ્લુ, તેહેમુરશ પેસતનજી બરદી, રૂસ્તમજી રતનજી દારૂવાળા, રતનશા નશરવાનજી હીલુવાળા, બમનશાહ જમશેદજી શેઠના, મનચેરશા બેજનજી વખારીયા, બમનશાહ જમશેદજી વકીલ, રતનજી રૂસ્તમજી બીલીયા, ફ્રામરોઝ શાપુરજી કેપટન, જમશેદ ફ્રામરોઝ લીમકી અને ખરશેદજી પીરોજશા ડેંગરા. આ પરીક્ષામાં ગયા મે માસમાં મેસરસ કેખશરૂ ભીખાજી ખરાસ અને આદરજી જમશેદજી શાહાના પસાર થયા હતા.

બી. ઈ. સીવીલ યાને બેચેલર ઓફ સીવીલ એનજીનીયરીંગની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૬૨ ઉમેદવારોમાંથી ૪૦ પસાર થયા હતા. તેમાં નીચલા પારસીઓ હતાઃ–મેસરસ શાપુરજી નશરવાનજી બુચીઆ, સોરાબ કાવસજી ગોઇપોરીઆ, અરદેશર સોરાબજી કાંગા, પેસતનજી ફીરોઝશાહ કાપડયા, એરચશાહ જહાંગીરજી કાટપીટીઆ, હોરમસજી નવરોજજી કાત્રક, મંચેરજી નાનાભાઇ કાત્રક, લવજી ફ્રામરોજ શરાફ અને દારાં ફ્રામજી વખારીઆ.

એસ. ઈ. યાને એનજીનીયરીંગની બીજી પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૬૯ ઉમેદવારોમાંથી ગયા નવેમબરમાં ૫૪ પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતાઃ–મેસરસ મરઝબાન કાવસજી માસતર, નરીમાન રતનજી ગ્રીન, બેરામશા ફીરોઝશા કાપડયા, ફ્રામરોઝ દાદાભાઈ મીસ્ત્રી, હોમી મીનોચેર રાવ, શાવક પેસ્તનજી સીનોર, સોરાબ જેસંગજી તારાપોરવાળા, એરચ અરદેશર તારાપોર-વાળા, અને પેસતનજી અરદેશર ઉનવાલા. આ પરીક્ષામાં પસાર થયલા મી૦ મરઝબાન કાવસજી માસ્તરને શેઠ નસરવાનજી જહાંગીરજી વાડયા સ્કોલરશીપ મળી છે. આ પરીક્ષામાં ગયા મારચમાં મેસરસ મેરવાનજી શાપુરજી આંટીઆ, કેરશાસ્પ હોરમસજી દસ્તુર અને બેરામશાહ જમશેદજી પટેલ પસાર થયા હતા.

મીકેનીકલ ઇજનેરની ફરસ્ટ કલાસની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ–મેસરસ મનચેરશાહ નવરોજી મલુ, માણેકશાહ અરદેશર બક્ષી, નાદીરશાહ રૂશતમજી વજીફદાર, નરીમાન રૂસ્તમજી પીઠાવાળા, હોરમજી ફરદુનજી બામજી અને નવરોજી દીનશાહ મામલતદાર.

મીકેનીકલ ઇજનેરની સેકન કલાસની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ–મેસરસ બરજોરજી બમનજી ગીમી, દીનશાહ મેરવાનજી પટેલ અને એરચશાહ કેખશરૂ દસ્તુર.

મીકેનીકલ ઇજનેરની થરડ કલાસની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ-મેસરસ રૂશતમજી દોરાબજી દારૂવાળા, શાપુરજી કાવશજી પટેલ, કુવરજી માણેકજી જસાવાળા, રૂશતમજી ફરામજી ભાડેના, ધનજીશાહ હોરમજી પટેલ, શાવકશાહ હોરમજી એનજીનીયર, નાદરશાહ એદલજી એલાવ્યા, મેરવાનજી શાપુરજી એલાવયા, જમશેદજી ફકીરજી પક્કા અને અરદેશર જમશેદજી તંબોલી.

વીકટોરીયા જુબીલી ટેકનીકલ ઇનસ્ટીટયુટ તરફથી લેવામાં આવેલી જુદી જુદી પરીક્ષાઓમાં ૫૪ પારસી ઉમેદવારો પસાર થયા હતા

ખેતીવાડીની બીજી પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતાઃ-મેસરસ કેખશરૂ પેસ્તનજી ચીનાઇ, કાવસજી કુવરજી કંત્રાકટર, પીરોઝ જેહાંગીરજી ધનભુરા, અને ફરામરોઝ જેહાંગીરજી મીઠુજી તથા ખેતીવાડીની પેહેલી પરીક્ષામાં જાલ દીનશાહ એદલબેહરામ, બરજોર બેહરામજી જામાસ્પજીના અને રૂસતમજી મેહરવાનજી માસતર પસાર થયા હતા.

મુંબઇની યુનીવરસીટી તરફથી લેવાયલી ઇનટરમીડીએટ વેપારી પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૮૭ ઉમેદવારોમાંથી ૫૩ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ-મેસરસ એરચ જમશેદજી દસ્તુર, મીનોચેર શાપુરજી જોશી, હોશંગ નવરોજી મેહતા, પીરોશાહ માણેકજી મોદી, નરીમાન આર. પેમાસ્તર, અને દારાબશાહ ડોશાભાઇ ઉમરીગર.

સેકંદરી ટીચરસ ટ્રેનીંગ કોલેજ ડીપલોમાં નીચલા બાનુઓએ મેલવ્યો હતોઃ-બાઇઓ ગુલબાઇ જમશેદજી બહાદુરજી બી. એ., હોમાય સોરાબજી કેપટન બી. એ. અને રતનબાઇ રતનજી કોલાહ.

સેકનદરી ટીચરસની સરટીફીકેટની પરીક્ષામાં મી० ફરામરોજ મેરવાનજી દલાલ પસાર થયા હતા.

ગયે વરસે બનેલા પરચુટણ જાણવાજોગ બનાવો.

શેહેનશાહી જરથોસ્તીઓના નવા વરસને દીવસે હમેશ મુજબ મુંબઇ તથા જુદા જુદા દેશાવરો ખાતે જાહેર રમતગમતના મેલાવડાઓ કરી એ દીવસ હશીખુશીમાં પસાર કરવામાં આવ્યો હતો. કલકતા ખાતે પારસી એમેચ્યુઅરસ બીરાદરો તરફથી મેલાવડા સનમુખ એક ખેલ કરવામાં આવ્યો હતો

ખોરદાદસાલને દીવસે પારસી વેજીટેરીયન અને ટેમપરનસ સોસાયટી તરફથી એ દીવસની ખુશાલીમાં જશન તથા હમ બંદગી વગેરે કરવામાં આવ્યું હતું. તારદેવ ખાતેની ગાયન ઉત્તેજક મંડળીએ શેઠ હોરમજી મનચેરજી કામાના પ્રમુખપણા હેઠળ ખાણાનો તથા ગાયનનો મેલાવડો કરી ગાયનના જલસામાં ભાગ લેનારાઓને વીંટીઓ વગેરે ભેટ આપી હતી.

કલકતાની એલફીનસટન બાયોસકોપના માલેક શેઠ જે. એફ. માદનને કલકતા ખાતે ભરાયલા ફેનસી ફેરમાં સરસ બાયોસકોપ બતાવવા માટે સોનાનો ચાંદ મલ્યો હતો.

પારસી નાટક મંડળીએ વીકટોરીયા થીએટરમાં તા० ૨૮ મી જાનેવારીએ ફાંકડો ફીતુરીનો ખેલ ભજી બતાવી તેની આવક વોર ફંડમાં આપવાથી એ નાટક મંડળીના માલેક શેઠ ફરામજી અપુને એક ચાંદ એનાયત કીધો હતો.

ઇંગલંડની નેરથ બ્રીટીશ એકેડમી ઓફ આરટસ, તથા લંડનની ઇનકોરપોરેટેડ સોસાઇટી ઓફ સાયનસના મુંબઇ ઇલાકાના સેક્રેટરી શેઠ શાવકશાહ હોરમસજી કોનત્રાકટર F. N. B. A, F. S. Sc ને અમેરીકામાં ભરાયલા આલાબામાં ઇનટરનેશનલ એકસપોઝીશનમાંથી આઠ ડીનો ડીપલોમા તથા પેહેલા ઇનામ તરીકે બલુ રીબન ઓઇલપેનટીંગ તથા ગ્લાસ ડેકોરેશન માટે; વેસટ વરજીનીઆ ઇનટરનેશનલ એકઝીબીશનમાંથી ગોલ્ડ મેડલ તથા ફરસટ કલાસ ડીપલોમા ફોટોગ્રાફીનાં કામ માટે; માનતાના એકસપોઝીશનમાંથી ડીપલોમાં ઓફ આનર તથા ગોલ્ડ મેડલ,

લેનસકેપ પેનટીંગ તથા ફીગર પેનટીંગ માટે; ઓરેગોન સટેટ **એક્ષપોઝીશનમાંથી** પેહલા ઇનામ તરીકે બ્લુ રીબન, સીલવર મેડલ તથા ડીપલોમા ગલાસ એનગરેવીંગ તથા ગલાસ પેનટીંગ માટે; ઇલીનોઇસ સ્ટેટના એકઝીબીશનમાંથી પેહેલા ઇનામ તરીકે બલુ રીબન, સીલવર મેડલ તથા ડીપલોમાં, વોટર કલર તથા પેસટલ ક્રીઓનના કામ માટે; ઓકલેહામાં ઇનટરનેશનલ એક્ષપોઝીશનમાંથી ગોલ્ડ મેડલ, બલુ રીબન તથા ડીપલોમાં, ફોટોગ્રાફીમાં ફીગર સબજેકટ તથા લેનસકેપ માટે અને વાળા વાળા વોશીંગટનના એકઝીબીશનમાંથી પહેલા ઇનામ તરીકે બલુ રીબન, સીલવર મેડલ તથા ડીપલોમાં ઓફ ઓનર, ઓઈલપેનટીંગ તથા ગોલ્ડ લુકીંગ ગલાસ કે જે એવણની શોધ છે તેમાં આપવામાં આવયો છે. શેઠ કોનત્રાકટરને લંડનની ઇનકોરપોરેટેડ સાયનસ સોસાયટીની કાઉનસીલે એજ સોસાયટીની વરસો તલક સેકરેટરી તરીકે બજાવેલી સેવાની પીછાણમાં, સોસાયટીનો સીલવર ડેકોરેશન ઉંચા અભીપ્રાય સાથે આપયો છે. એવણે કેમીકલ સાયનસના અભયાસને લીધે બે ત્રણ કીમતી શોધ પણ કરી છે. એજ આરટીસ્ટ આગળબી લીવરપુલ તથા પલીમાઉઠનાં ઇનટરનેશનલ પ્રદરશનમાંથી ચેમપીઅનશીપ ડીપલોમાઓ તથા મેડલસ લઇ ગયા છે તથા જે ડીપલોમાઓ એવણ ધરાવે છે તેની ઉપર નામદાર શહેનશાહ જયોરજ તથા રશીઆના ઝાર તથા અમેરીકન પ્રેસીડંટની સહી કીધેલી છે.

શેઠ એ. ડી. તવરીયા આરટીસટને પુણાના મેન્યુઅલ આરટ એકઝીબીશનમાંથી લેંડસ કેપના પીકચરો માટે રૂપાનો ચાંદ મલ્યો હતો.

મધરાસ ખાતે ફેબરવારીમાં ભરાયલા આરટ એકઝીબીશનમાં શેઠ પેસતનજી બમનજી આરટીસટને ઓઇલ પેંટીંગ માટે એક ચાંદ, એવણના બેટા શેઠ એરચશાહને ચીતરો માટે બે રૂપાના ચાંદો અને બીજા બેટા શેઠ અરદેશરને એક ચાંદ મલ્યો હતો; જયારે મીસ હીલ્લાં રૂશતમજી માસતરને ફ્લાવર પેંટીંગમાં સરટીફીકેટ ઓફ મેરીત મલી હતી

પુનાની વોલંટીયર રાઇફલસવાળા પ્રખ્યાત નીશાનબાજ કલર સારજંટ રતનશાહ હોરમસજી નીમચવાળા બીઝલેની નીશાનબાજીની હરીફાઇમાં ભાગ લેવા સને ૧૯૧૪ માં ઇંગલંડ ગયા હતા, અને ત્યાં એવણે કરેલા સુંદર દેખાવ માટે દુનીયાના ચુનંદા નીશાનબાજોએ તેવણના ભારે વખાણ કરયા હતા. એવણે સરવીસ રાઇફલ એસોસીએશન કપ ઇંડીયન એમપાયર માટે જીતી લાવવાનું માન મેળવયું છે અને બરૂકલેન્ડ કપ માટે ૧૦૫ પોઇંટોમાંથી ૧૦૫ પોઇંટો કરી હતી, જે એક રેકરડ સમાન છે. સટુઅરટ કપમાં એવણે પોસીબલ સકોર કરવાથી લંડનવાળા મી૦ ડબલ્યુ. એ. વીલસને રૂ૨૫૦ની કીમતનું એક બાઇનોકયુલર ભેટ આપયું હતું. એવણને નીચલા ઇનામો મલ્યા હતાઃ–રૂ૯૦૦ના રોકડ રકમના ઈનામો, રૂ૧૫૦૦ના કપ, રૂ૨૫૦નું બાઇનોકયુલર અને રૂ૩૦૦ની બે બંદુકો. આમાની એક મેસરસ ડબલ્યુ. જે. જેફરીસ એંડ કુંપનીએ તથા બીજી સરકારી બંદુક પુરી પાડનારા કંત્રાકટરોએ એવણના આખી દુનયાના રેકરડ માટે ભેટ આપી હતી. એવણે બીઝલેમાં ૨૫નો પોસીબલ સકોર કરયો હતો, એવો સકોર કોઇબી નીશાનબાજે કરયો નથી. કીંગસ રેજીમેંટવાળા કેપટન બેટન અને કરનલ મેથયુઝે કલર–સારજંટ નીમચવાળાને જુનીયર મીલીટરી અને નેવલ કલબમાં ઇનત્રોડયુસ કીધા હતા અને કરનલ મેથયુઝ ત્રણ વખત એરોપલેનમાં એવણને બેસાડી બરૂકલેનડસથી એલડરશોટ ખાતે લઇ ગયા હતા. લોરડ ચેલમસફોર્ડ અને બીજા અમલદારોએ એવણને ડીનરની ઉપર આમત્રંણ કરયું હતું અને વોલનટીયરોને આપેલા ખાણા વેળાએ ઓલ ઇંડયા ટીમના કમાનડર મેજર ડોનાલ્ડ સ્મીથે એવણને ટેબલની ઉપર હેડ ચેરનું માન આપયું હતું. તેવણે ખાણા ઉપર કલર–સારજંટ નીમચવાલાની સલામતી લેવાડતાં આ પહેલા પારસી ચેમપીયન નીશાનબાજની ભારે વખાણ કરી હતી; લંડનની મીડલસેક્ષ કાઉનટી રાઇફલ એસોસીએશન જેના ડયુક ઓફ બેડફરડ પ્રેસીડંટ છે અને જેવણ મીડલસેક્ષના લોરડ લેફટનંટ છે, તેવણે કલર–સારજંટ નીમચવાલાને એસોસીએશનમાં ઈનટરોડયુસ કરાવીને તેના ઓનરરી લાઇફ મેમબર તરીકે દાખલ કરાવી તેનો બેડજ એનાયત કરયો હતો અને એવણને એસોસીએશનના ડીનરની ઉપર પણ નોતરયા હતા.

બરોડા રેલ્વે વોલનટીયરના મઉના કારપોરલ શાપુરજી આર. પારખને ખાસ સેવા માટે વીસ વરસને બદલે સોળમે વરસે લોંગ સરવીસ મેડલ એનાયત કીધો હતો.

ઈંડીઅન મીડલેનડ રેલ્વેના ભોપાળના ડીસ્ટ્રીકટ એસીસ્ટંટ સરજ્યન ડા૦ અરદેશર દોરાબજીને લોંગ સરવીસ મેડલ, વોલનટીયરોના ઇનસ્પેકટર જેનરલે તા૦ ૨૦ મી ફેબરવારીએ ભોપાલ ખાતે આપ્યો હતો.

પુણા વોલનટીયર કોરના નીચલા પારસી વોલનટીઅરોને હીંદુસ્તાનના વોલનટીઅરોના ઇનસ-પેકટર જેનરલે લોંગ સરવીસ મેડલ તા૦ ૧૪મી નવેમબરે આપ્યો હતો:-કલર સારજંટ રૂસતમ ડી. નરીમાન, સરજન-કેપટન બમનજી ડી. ખંબાતા અને સારજંટ એચ. એન. મરચંટ.

શેઠ હોમી જે. વજીફદારે મધરાસ ખાતે રમાયલી ક્રીકેટ મેચમાં સારી બેટીંગ કરવાથી મધ-રાસ યુનાઇટેડ ક્રીકેટ કલબ તરફથી એવણને રૂપાનો ચાંદ એનાયત કીધો હતો.

જાણીતા ક્રીકેટર શેઠ જે. એસ. વોરડનને બેટીંગ તથા બોલીંગમાં પેહલી પદવી લાવવા માટે બેરોનેટ ક્રીકેટ કલબના ઉપ-પ્રમુખ શેઠ કયખુશરો બી. લીંબુવાળાએ બે સોનાના ચાંદો તા૦ ૨૧ મી મારચે ભેટ આપ્યા હતા.

શેઠ જાહાંગીર એસ. વોરડનને ૧૯૧૪ ની રેપ્રીઝેનટેટીવ મેચમાં બેટીંગમાં અને શેઠ બેરામ એચ. મીરઝાંને બોલીંગમાં સારો દેખાવ કરવાથી ડા૦ પાવરી ક્રીકેટ જુબીલીવાળા સોનાના ચાંદો એનાયત કરવામાં આવ્યા હતા.

શેહેનગાહીની પારસી ક્રીકેટ કલબના મેમબર શેઠ રતનશાહ રાગીએ ક્રીકેટમાં સારો દેખાવ કરવાથી કલબના મેમબરોએ એક ચાંદીનું કપ અને સોનાના બટનની ભેટ કીધી હતી.

શેહેનગાહીની પારસી કલબના મેમબર શેઠ એરચ દમરીએ ત્યાં રમાયલા ટુરનામેંટમાં સારો દેખાવ કરવાથી કલબના મેમબરોએ સુનાની પીન ભેટ આપી હતી.

અતરેના જાણીતા વકતા શેઠ જાહાંગીર જમશેદજી વીમાદલાલ સોલીસીટર ગયા દીસેમબર માસમાં અમદાવાદ ખાતે ભાષણો આપવા ગયા હતા, જ્યાં તા૦ ૩૦મીએ દરેહમેહરમાં એક મેલા-વડો કરી ડાકટર મીસ મોતીબાઇ કાપડયાના હાથે શેઠ જાહાંગીરને ચાંદીનો એક "ટી-સેટ" એવણના વખાણનારાઓ તથા મીત્રો તરફથી એનાયત કરવામાં આવ્યો હતો.

હાંગકાંગના જાણીતા શેહેરી શેઠ ખરશેદજી ધ. મીસતરી શેહેંગાહી ખાતે જવાથી અને એવણે ત્યાના ધરમ ફંડ માટે આપેલી મદદ માટે એવણનાં માનમાં એક ખાણાનો મેલાવડો ત્યાંની પંચાય-તના બંગલામાં તા૦ ૨૬ મી દીસેમબરે શેઠ નવરોજી મોદીના પ્રમુખપણા હેઠળ કરી ચાંદીનું કપ એનાયત કીધું હતું જ્યારે એવણના ધણીયાણીને એક સોનાની સાંકળી ભેટ આપી હતી.

મોમબાસાની હાઇ કોરટના કેસીયર અને એકાઉનટંટ શેઠ એદલજી હોરમસજી સોપારીવાળા ફેબરવારી માસમાં રીટાયરડ થવાથી, તેઓને તયાંની હાઈ કોરટના ચીફ જસટીસ આર. ડબલ્યુ. હેમી-લટને પોતાના ગોઠીયા જજો અને બીજા અમલદારોની સામેલગીરી સાથે એક એડરેસ આપયું હતું, જેમાં શેઠ સોપારીવાળાની લગભગ ૧૯ વરસની લાંબી નોકરીની જુદા જુદા વીભાગમાં જે જે કીમતી સેવાઓ બજાવી હતી, અને જે જોખમદાર ઓધો ભોગવ્યો હતો, તે માટે વખાણ અને પીછાણ કરી હતી અને એવણને એક સોનાનું ઘડીયાળ ઘટતા લેખ સાથે ભેટ કીધું હતું. તે બાદ કલેરીકલ સટાફ તરફથી શેઠ જમશેદજી ન. પટેલે ઘટતા શબ્દોમાં વીવેચન કરી કલેરીકલ સટાફ તરફથી હાથી-દાંતનો એક દાબડો એડરેસ સાથે ભેટ કીધો હતો. સેવટે શેઠ સોપારીવાળાએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માનયો હતો.

મુંબઇના કદમી અંજુમનના વડા દસ્તુરજી દીનશાહ જીવણજી ગરડાજી પુણા ખાતે દસ્તુરજી ખુરશેદજી ડોશાભાઈ ભપુના બેટા જાહાંગીરજીની શેહાડીની ક્રીયામાં ભાગ લેવા ગયા હતા, તે તકનો લાભ લઇ તા૦ ૮ મી ફેબરવારીએ એવણના માનમાં અંજુમનની દરેહમેહરમાં સરદાર

નવરોજી પદમજીના પ્રમુખપણા હેઠળ એક મેલાવડો કરી પુણાની કદમી અંજુમન તરફથી એક માનપત્ર, શીયાલ તથા પરસ ભેટ આપવામાં આવી હતી.

શેઠ રતનશાહ બેરામજી ભોટ હુબલીથી મધરાસ ખાતે ચઢતા ઓધા પર જવાથી તેમને વીદાયગીરીનું માન આપવા તા૦ ૨૯ મી અકટોબરે એવણના મીત્રો તથા વખાણનારાઓ તરફથી હુબલી ખાતે શેઠ ફકીરજી નવરોજી કાકાના બંગલામાં એક ખાણાનો મેલાવડો કરી એવણને માનપત્ર, સોનાનું ઘડીયાળ અને છેડો એનાયત કીધા હતા.

લાનોલીના જાણીતા રહીશ ખાન સાહેબ પેસતનજી દોરાબજી આદરાનવાળા તથા એનજીન ડરાઇવરના માનમાં ખાણાનો મેલાવડો તા૦ ૨જી જાનેવારીએ એવણના દોસતો તથા વખાણનારાઓએ કરી સોનાનું ઘડીયાલ તથા છેડો એવણને એનાયત કીધા હતા.

ગોંડલ સ્ટેટના પોલીસ સુપ્રીનટેનડંટ શેઠ ફીરોઝશાહ માણેકજી ડમરીએ કાઠયાવાડમાં લાંબી મુદતથી ત્રાસ વરતાવી રહેલા બારવટીઆઓને પકડી શીક્ષા કરાવવાથી અને એવણની બાહોશીથી ખુશ થઇ નામદાર ઠાકોર સાહેબે એવણને રૂ. ૨૦૦૦ નું ઇનામ આપ્યું હતું.

ગણદેવીના ફોજદાર શેઠ ફરામજી બી. મુલ્લાંએ બીલીમોરા ખાતે એક પારસીને કેદ પકડી મુંબઇના પોલીસને સવાધીન કરવા બતાવેલી ચાલાકી માટે મુંબઇના પોલીસ કમીશનરે રૂ. ૩૫ ઇનામ તરીકે આપવા વડોદરાના પોલીસ કમીશનર ઉપર મોકલાવ્યા હતા.

શેઠ આમુઝંદા શીરમરદ ઇરાનીએ ફીરદોસી તુસીનાં શાહનામાના ચાર વોલ્યુમ એકજ પુસ્તકમાં રચવા માટે નામદાર નીઝામે પુસ્તકના ખરચમાં મદદ તરીકે રૂ. ૫૦૦ એવણને આપયા હતા. વળી નામદાર મુંબઈ સરકારે પણ એ પુસ્તકના ઓગણત્રીસ સટ લીધા હતા.

જરથોસતી નીશાળ મંડળી હસતકની ચંદનવાડી ખાતે ની છોકરીઓની નીસાળનાં વડાં શીક્ષક બાઇ ગુલબાઇ દાદાભાઇ રાણીના ૪૩ વરસની શીક્ષક તરીકેની સેવા બજાવી નીશાળ સાથનો સંબંધ ગયા વરસથી છોડી જવાથી એવણના મદદનીશ શીક્ષકો તથા એવણના હાથ તળે કેળવણી લઇ ચુકેલાં અને હાલમાં લેતાં છોકરાંઓએ એવણને માનપત્ર એનાયત કરવાનો મેળાવડો તા૦ ૩૦ મા મારચે સકુલના મકાનમાં શેઠ મેરવાનજી મનચેરજી કામાના પ્રમુખપણા હેઠળ કીધો હતો. એ નીશાળ મંડલીના સેક્રેટરી શેઠ રૂસતમજી પી. મસાનીએ કેટલુંક વીવેચન કરી બાઇ ગુલબાઇએ પોતાને સોપવામાં આવેલું કામ ઘણી કાળજી તથા ફતેહમંદીથી બજાવ્યું તે માટે આ મંડળી તરફથી ઉપકાર માન્યો હતો. એ પછી એવણને માનપત્ર એક દાબરા સાથે પ્રમુખે એનાયત કરી પ્રસંગને અનુંસરતું વીવેચન કરયું હતું.

મઉના વડા દસ્તુરજી નોશીરવાન કૈકોબાદની શેયાદી પુણાવાલા દસ્તુરજી ખા૦ બા૦ મેહર હોશંગના બેટી બાઈ નાજામાય સાથ થઇ હતી. એ પછી એવણ મઉ ખાતે પાછા પધારયા ત્યારે એ જોડાના માનમાં એક મેલાવડો ગયા એપ્રીલ માસમા શેઠ જમસેદજી હોરમજી ભરૂચાના પ્રમુખપણા હેઠળ કરી રૂપાના દાબરા સાથે માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

મુંબઇવાળા શેઠ નોશેરવાનજી પેશોતનજી અવાસયા ભરૂચની બઝમે જશને રૂઝે બેહરામના આમંત્રણને માન આપી ભરૂચ ખાતે ગયા મારચ તથા એપ્રીલમાં ભાષણો આપવા ગયા હતા. તા૦ ૧૧મી એપ્રીલે એવણે ભાષણ આપ્યા પછી એક માનપત્ર રૂપાના દાબરા સાથ પ્રમુખ ડા૦ સોરાબજી ફરામજી કાપડયાએ શેઠ નોશેરવાનને અરપણ કીધું હતું.

મુંબઈ મ્યુનીસીપાલીટીના એકઝીકયુટીવ એનજીનીયર ખાતાનાં ચીફ કલારક અને એકાઉન્ટન્ટ શેઠ ફરામજી રતનજી ૪૫ વરસ સુધી મ્યુનીસીપાલીટીની વફાદારીથી નોકરી બજાવી રીટાયરડ થવાથી એવણના માનમાં તા૦ ૧૩ મી એપ્રીલે એનજીનીયરીંગ ખાતાંના આફીસરો અને કામદારોએ એક મેલાવડો મ્યુનીસીપાલ હાલીશમાં એકઝીકયુટીવ એનજીનીયર મી૦ જે. ડબલ્યુ. મેકીસનના પ્રમુખપણા હેઠળ કરી ચાંદીનાં કાસકેટ સાથ માનપત્ર એનાયત કીધું હતું.

મધરાસ અને સાઉથ મરાઠા રેલવેના એસીસટન્ટ એડીટર શેઠ જમશેદજી એદલજી બાટલી-વાળાને ખાન સાહેબનો ખેતાબ મલ્યો, તેની ખુશાલીમાં તા૦ ૬ ઠી આગસ્ટે એવણના માનમાં એક મેલાવડો કરી મધરાસ અને સાઉથ મરાઠા રેલવે ઇનસટીટયુટ તરફથી એક માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

એલેકઝાનડરા સોઈંગ સકુલ ફોર ડરેસ મેકીંગ એંડ ફેનસી વરક નામની એક નવી સ્કુલ બાઇ આવાંબાઇ એમ. મેહેતાએ તા૦ ૨૫ મી જુલાઇએ ચાલુ કરી ખુલ્લી મુકી, એ દીવસે બાઈ આવાંબાઈને તેમના બાનુ શીશયો તરફથી એક માનપત્ર આપવામાં આવ્યું હતું.

ઇરાની જરથોશતી બાળકોને કેળવણી આપવા આવેલા ઉસતાદ કયુમરસ વફાદાર પચીસ વરસ થયાં ઈરાન દેશમાં કેળવણી પાછળ જે મહેનત કરે છે તે માટે તા૦ ૨૦ મી સપટેમબરે એવણને પુણાના ઈરાનીઓએ એક માનપત્ર આપ્યું હતું.

અજમેરની ગવરમેંટ કોલેજના અંગ્રેજી ભાષા અને તવારીખના પ્રો૦ નાદરશાહ શાપુરજી કોયાજી મઉ કેનટોનમેંટના સપલાઇ અને ત્રાનસપોરટ રીઝરવ ઓફીસર નેમાયાથી મઉથી તેમની વીદાયગીરી વખતે એવણના માનમાં ગારડન પારટીનો મેલાવડો કરવામાં આવ્યો હતો.

નવસારીના જાણીતા શેહેરી અને મોટા વેપારી શેઠ પેસુતનજી રતનજી દાબુને એવણની ઓહોલી સખાવતો તથા આપેલી કીમતી મદદો માટે વડોદરાના નામદાર ગાયકવાડ માહારાજાએ તા૦ ૧૧ મી મારચે પડેલી પોતાની શાલગ્રહને દીવસે "દાતાર મંડળનો સુવરણનો" સોનાનો ચાંદ એનાયત કીધો હતો. એવણને મળેલા આ માન માટે તા૦ ૧૭ મી મારચે નવસારીના ગાયકવાડી વકીલ શેઠ રૂઘનાથરાવ બાલાજીએ પોતાના રહેવાના મકાનમાં એક મેલાવડો કરી શેઠ પેસુતનજીની યોગ્ય સ્તુતી કરી મુબારકબાદી આપી હતી. એ મુજબ તા૦ ૨૩મી મારચે નવસારીના વડા દસ્તુરજી કેકોબાદજીએ પણ પોતાના મકાનમાં મેલાવડો કરી એવણને ફુલ પાન આપ્યું હતું. વળી શેઠ પેસુતનજીના માનમાં નવસારીની સર કાવસજી જેહાંગીર હાઈસ્કુલના શીક્ષકો તથા છોકરાઓએ તા૦ ૨૧ મી એપ્રીલે સુબા સાહેબના પ્રમુખપણા હેઠળ માનપત્ર આપવાનો મેલાવડો કીધો હતો. શ આતમાં હેડ માસતર શેઠ ધનજીશાહ પટેલે જણાવ્યું કે મરહુમ શેઠ રતનજી દાબુએ આ સ્કુલને ઘણી વખત મદદો કરી છે અને સ્કુલને લગતું દાબુ બોરડીંગ તેઓની યાદગીરી જાળવી રાખશે. તેઓને પગલે તેઓના સપુત શેઠ પેશુતનજી પણ ચાલે છે. એ પછી સુબા સાહેબે કાસકેટ સાથ માનપત્ર શેઠ પેશુતનજીને એનાયત કરી આ મોટું માન રાજ્ય તરફથી એવણને મલ્યું અને શેઠો દાબુ ભાઇઓએ સખાવતમાં મોટી રકમો કાઢી આપી છે તે માટે શાબાસી આપી હતી શેઠ પેશોતનજીએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માનયો હતો. એજ દીને સવારના નવસારીની મેહરજીરાણા લાયબ્રેરીનો લાભ લેનારા તથા બીજા ગ્રહસ્થોએ શેઠ પેસુતનજીના માનમાં એક મેલાવડો કીધો હતો. તેમજ સાંજે સોનાને કળસવાળા મીર પીયારે સાહેબ હાસમશાહેબી મેલાવડો કરી શેઠ પેસુતનજીને સારૂ આદરમાન આપ્યું હતું વળી નવસારીની પ્રાંત પંચાયતની તા૦ ૨ જી જુલાઇએ મળેલી સભામાં શેઠ પેસોતનજી ઉપર મુબારકબાદીનો પત્ર મોકલવાનો ઠરાવ થયે હતો.

મુંબઈ તેમજ એડન શેહેરનાં શાહ સોદાગર શેઠો કાવસજી દીનશાજી તથા ભાઇઓની પુરાણી પેહેડીનાં આગેવાન શેઠયા શેઠ હોરમસજી કાવસજી દીનશાહ પોતાનાં બંને ફરજંદો શેઠો ફરામરોજ તથા દીનશાહની સાદી રામશનીનાં કામો આરંભવા માટે તા૦ ૭ મી મારચે એડનથી મેલ સ્ટીમરમાં મુંબઈ સીધારયા તેથી તે પ્રસંગે એ શેઠને મુબારકબાદી ચાહવા અને સફલ સફર ઇછવા માટે એડનની જરથોસતી અંજુમને તા૦ ૬ ઠી મારચે શેઠ હોરમજીના તથા એમનાં માનવંત કુટુંબીઓના માનમાં એક મેલાવડો ત્યાંના મેરવાન બાગમાં કરી ખાણું આપયું હતું. આ મેલાવડામાં એડનના જાણીતા શેહેરીઓ, વાણીયા, ખોજા, યાહુદી તેમજ આરબ વેપારીઓની સારી સંખ્યા હાજર થઇ હતી. શેઠ હોરમજી સાજે આવી પુગતા આખી મીજલસે ઉતસાહ સહીત સારો

આવકાર આપ્યા બાદ ગુજરાતી સ્કુલના બાળકોએ આવકાર આપનારૂ ગીત ગાઈ સંભળાવ્યું હતું. એ પછી મ્યુનીસીપાલીટીના એકઝીકયુટીવ હાકીશર શેઠ બમનજી સોરાબજીએ શેઠ હોરમઝજીની તારીફમાં આભારકારક શબ્દોમાં લંબાણથી વીવેચન કરી એવણ શેઠને સફળ સફર ઈચ્છી એવણનું ધારેલું નેક કામ પાર પાડી એડન પાછા ફરે એવી દુવા ચાહી હતી. તેમજ વાણીયા, ખોજા, આરબ કોમ તરફથી આ શુભ પ્રસંગ માટે શેઠ હોરમજીને મુબારકબાદી ઈચ્છી હતી. શેઠ હોરમસજીએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યા બાદ હાજર રહેલા બીજી કોમના ગ્રહસ્થોએ રીફ્રેશમેન્ટ લેવા બાદ વીદાય થયા હતા. એજ મકાનમાં રાતે એડનની જરથોસ્તી અંજુમને શેઠ હોરમઝજીને ખાણું આપ્યું હતું. જયાં રાજવંશી સલામતી લેવાયા પછી શેઠ હોરમજી તથા એવણના કુટુંબની સલામતી લઈ એવણના ધારેલા કામમાં ફતેહ ઇચ્છી હતી, જે માટે શેઠ હોરમજીએ ઘટતા શબ્દોમાં ઉપકાર માન્યા બાદ ગાયન વગેરેની મોજ ચાખી મેલાવડો મોડી રાતે ખતમ થયો હતો.

પારસી કોમના માનવંત વડા અકાબર ઓનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટને મુબઈના શેરીફ નેમી માન આપવામાં આવ્યું તે માટે એવણને મુબારકબાદી આપવા સારૂ ખાણાનો મેલાવડો તા૦ ૧૭ મી મારચની રાતે ગોવાલ્યા તલાવ આગળ આવેલી પુરાણી એલફીનસટન કલબે પોતાના કુશાદે મકાનમાં કલબના સરનશીન શેઠ મેરવાનજી મનચેરજી કામાના પ્રમુખપણા હેઠળ કીધો હતો. ખાણા ઉપર શેઠ કામાએ પાદશાહી કુટુંબની સલામતી લેવાડયા બાદ નામદાર સર જમશેદજીની સલામતી લેવાડતા લંબાણથી ભાષણ કરી સર જમશેદજીની કાબેલીયત તથા ભલા ગુણોની સ્તુતી કરી હતી. નામદાર સર જમશેદજીએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માનીયા બાદ બીજા ગ્રહસ્થોએ પ્રસંગને અનુસરતા વીવેચનો કરવા પછી મેલાવડો વીસરજન થયો હતો.

શેઠ દોરાબજી નશરવાનજી બહાદુરજી બેરીસતરની મુંબઇના કામચલાઉ એડવોકેટ જનરલ તરીકે નામદાર સરકારે નેમણુક કરવાથી એવણને મુબારકબાદી ઈચ્છા એવણના માનમાં એક ખાણાનો મેલાવડો તાજ માહાલ હોટલમાં તા૦ ૩જી જુલાઇએ રાતે શેઠ ફરદુનજી એસ. તાલ્યારખાન બેરીસટરના પ્રમુખપણા હેઠળ કરવામાં આવ્યો હતો, જે વખતે પ્રસંગને અનુસરતા ભાષાણો થયા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

હીંદના મહાન બુઝોરગ નર શેઠ દાદાભાઇ નવરોજીની ૯૧ મી સાલગ્રેહ તા૦ ૪થી સપટેમબરે પડવાથી એ દીવસ મુંબઇ તેમજ દેશાવરો ખાતે ધામધુમથી પાલી લાંબી જીંદગી ઈચ્છવામાં આવી હતી. મુંબઇમાં ગુજરાતી હીંદુ સ્ત્રી મંડળ તરફથી એક ડેપ્યુટેશને વેસાવા ખાતેના શેઠ દાદાભાઇના બંગલે સવારના જઇ એવણને મુબારકબાદી આપી હતી. વળી મુંબઇની ડીસ્ત્રીકટ પ્રોવીનશીયલ કમીટી તરફથી સાલગ્રેહ ઉજવવા માટે મુંબઈના શેહેરીઓની એક જાહેર સભા સાંજે કોટમાં એમપાયર થીએતરમાં શેઠ દીનશાહ એદલજી વાચ્છાના પ્રમુખપણા હેઠળ મલી હતી તેમજ માધવ બાગમાં સાંજે ગુજરાતી સ્ત્રી મંડળ તરફથી દરેક વરગના બાનુઓની એક જાહેર સભા મીસીસ સરોજીની નાયડુના પ્રમુખપણા હેઠળ મલી હતી. આ સભાઓમાં ઘણાક જણાઓએ પ્રસંગને અનુસરતા ભાષણો કરી શેઠ દાદાભાઇએ બજાવેલી સેવાઓની સ્તુતી કરી હતી. વળી બનારસ, પુણા, કલકતા, મદરાસ વગેરે દેશાવરો ખાતેબી સભાઓ ભરી શેઠ દાદાભાઈની સાલગ્રેહનો દીવસ ઉજવવામાં આવ્યો હતો. નામદાર વાઇસરાય લોરડ હારડીંગે સીમલાથી અને નામદાર ગવરનર લોરડ વીલીંગડન તથા એવણના મોહરદારે ગણેશ ખીંડથી શેઠ દાદાભાઇ ઉપર મુબારકબાદીના સંદેશાઓ મોકલાવ્યા હતા, જેના જવાબો એવણે વાળ્યા હતા. વળી નામદાર વાઇસરોય લોરડ હારડીંગે તા૦ ૨૪ મી જાનેવારીએ મુંબઇ ખાતેની પોતાની મોલાકાત વેળા મુંબઇના ગવરનર નામદાર લોરડ વીલીંગડન સાથે શેઠ દાદાભાઇના વેસાવા ખાતેનાં મકાનમાં ખાસ પધારી એવણને પોતાની મોલાકાતનું માન આપ્યું હતું. શેઠ દાદાભાઇ આગળ વડોદરાના દીવાન હતા અને એ

રાજની મોટી સેવા બજાવી હતી તેની તેમજ હીંદની સેવાની પીછાનમાં વડોદરાના નામદાર ગાયકવાડે તેમને રૂપ્યા ત્રણસોની માસીક પેનશન આપવાનો ઠરાવ કરયો છે.

મુંબઇનાં જાણીતા ન્યુસપેપરો જામે જમશેદ અને સાંજ વરતમાન પત્રોએ જુદદીન સવાલના બાબદમાં પારસી કોમની બજાવેલી સેવાની પીછાન કરવા સારૂ તા૦ ૫ મી અકટોબરે શમશુલ એોલમાં દસ્તુરજી દારાબજી પેસુતન સંજાણાના પ્રમુખપણા હેઠળ આલબલેસ બાગમાં પારસી કોમની એક સભા મલી હતી. સભામાં ઘણાક બાનુંઓબી હાજર થયા હતા. શરૂઆતમાં શેઠ જાહાંગીરજી જમશેદજી વીમાદલાલે રંગુન, કલકતા, સુરત, નવસારી વગેરે જુદા જુદા દેશાવરો ખાતેથી એ કામ તરફ દીલસોજી દેખાડનારા આવેલા સંદેશાએ વાચી સંભલાવ્યા હતા. એ પછી પ્રમુખ દસ્તુરજી દારાબજીએ લંબાનથી વીવેચન કરતાં જણાવ્યું કે જે સદગુણની પીછાણ કરવાને ભેગા મલ્યા છીએ કે જે સદગુણ દરેક જરથોસ્તીએ ધરાવવો જોઇએ. તે સદગુણ વફાદારીનો છે અને તે જામે જમશેદ તથા સાંજ વરતમાન તરફથી આપણી કોમ માટે દેખાડવામાં આવ્યો છે. વળી આપણા માનવંત અકાબર સાહેબોએબી સારી મદદ આપી છે અને તેમાં ખાસ કરીને નામદાર સર જમશેદજી જીજીભાઇની અને માનવંત જડજ ઓ૦ સર દીનશાહ ધ. દાવરની મદદ આપણને કીમતી થઈ પડી છે. એ પછી જામે જમશેદ તથા સાંજ વરતમાને બજાવેલી સેવાની પીછાન કરવા તથા એક ફંડ ભેગુ કરવા અને એ સભામાં પસાર કરેલા ઠરાવોની નકલો જામે જમશેદ તથા સાંજ વરતમાન પત્રોના માલેકો તથા અધીપતીઓ ઉપર મોકલાવી આપવા વગેરેના ઠરાવો પસાર કરવા બાદ સભા વીસરજન થઈ હતી. વળી રંગુન ખાતે તા૦ ૧૩મી સપટેમબર ૧૯૧૪ને દીવસે ત્યાંની અંજુમનના હોલમાં ઓનરેબલ શેઠ મેરવાનજી કાવશજીના પ્રમુખપણા હેઠળ મલેલી જાહેર સભામાં થયલા ઠરાવો મુજબ જામે જમશેદ તથા સાંજ વરતમાનના માલેકો તથા અધીપતીઓને આપવાના માનપત્રો, ચાંદીના કાસકેટો તેમજ ચાંદીના શીલડો સાથે મુંબઈમાં ઘટતે ઠેકાણે મોકલાવ્યા છે. એ ભેટો હવે પછી ઘટતે વખતે એ સાહેબોને મુંબઇમાં જાહેરમાં આપવામાં આવશે.

રંગુનના જાણીતા શેહરી શેઠ ગુસ્તાસ્પ કે. નરીમાને રંગુનવાળી જુદદીનની બાબદમાં આગેવાન ભાગ લેવાથી તા૦ ૧૬ મી નવેમબરે ત્યાંના અંજુમન હોલમાં ઓનરેબલ શેઠ મેરવાનજી કાવશજીના પ્રમુખપણા હેઠળ ખાણાનો એક મેલાવડો કરી ઘટતા લેખ સાથનું એક ચાંદીનું શીલડ ભેટ આપ્યુ હતું. શેઠ ગુસ્તાસ્પે પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માનીયો હતો.

અતરેના જાણીતા તબીબ ડા૦ એન. એફ. સરવેયરે સર જે. જે. હોસ્પીટલના ઓનરરી ફીઝીશન તથા ગ્રાંટ મેડીકલ કોલેજના એકટીરીઓલોજીના પ્રોફેસરના ઓધાનું રાજીનામું આપ્યું હતું અને એવણે ૧૯ વરસ સુધી બજાવેલી તારીફલાયક સેવા માટે નામદાર સરકારે એક ઠરાવ બાહેર પાડી તેમની સેવાની કદરસનાશી કીધી હતી.

ડા૦ સોરાબ નરીમાને પારસી ફીવર હાસ્પીટલના વડા તબીબ તરીકેના આપેલા રાજીનામા વીષે મુંબઇની પારસી પંચાયતના ત્રસ્ટી સાહેબોએ પસાર કરેલો ઠરાવ નીચે મુજબ છે:—"પારસી ફીવર હાસ્પીટલના ઓનરરી વડા તબીબ ડા૦ સોરાબ ખરશેદજી નરીમાન, એમ. ડી. નું રાજીનામું ત્રસ્ટીઓ દલગીરી સાથે કબુલ રાખે છે. એવણ સાહેબે સને ૧૯૦૦ થી ૧૯૧૪ સુધી ૧૫ વરસ દરમ્યાન પારસી ફીવર હોસ્પીટલના ઓનરરી વડા તબીબ તરીકે તેનો કારોબાર જે સારી રીતે અને કસરથી ચલાવ્યો છે તે માટે ત્રસ્ટીઓ એવણનો મોટો ઉપકાર માને છે અને એવણની કીંમતી સેવાઓની પોતાને દફતરે નોંધ લે છે."

હીંદના જાણીતા સહાસીક નર મરહુમ શેઠ જમશેદજી નશરવાનજી તાતાએ પોતાની હઈાતી દરમ્યાન "તાતા હાઇદરોલીક ઇલેકટરીક વરકસ" ની યોજના રચી હતી જે સેનોલી તરફ ઘાટ વચેની નીચાન જગામાં વરસાદનું પાણી ભેગુ કરી તેમાંથી વીજળીક બળ ઉતપન કરી મુંબઈની

બીલાને પુરૂ પાડવાની હતી. આ વીજળીક બળ મુંબઈમાં લાવવામાં આવ્યું છે અને તા૦ ૮ મી ફેબરવારીએ નામદાર ગવરનર લોરડ વીલીંગડને એક મેલાવડા સનમુખ મુંબઈમાં આ વીજળીક બળની સવીચ ખુલ્લી મેલવાની કીયા કરી હતી. એ વખતે સર દોરાબજી જમશેદજી તાતાએ તથા નામદાર ગવરનરે પ્રસંગને અનુસરતા ભાષણો કીધા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

મુંબઇમાં અથોરનાન ટોલાની બેહતરી માટે એક નવાં "અથોરનાન મંડળ" ની સ્થાપના તા૦ ૯ મી મેને દીવશે શેઠ દાદીશેઠના આતશબેહરામમાં સમસુલ ઓલમાં દસ્તુરજી દારાબજી પેશોતનજી સંજાણાના પ્રમુખપણા હેઠળ અથોરનાન ટોળાની મલેલી સભામાં કરવામા આવી હતી. એ મંડલમાં મુંબઈના તેમજ દેશાવરો ખાતેના દસ્તુર સાહેબો તેમજ અથોરનાનોએ પોતાની સામેલગીરી આપી છે. દસ્તુરજી દારાબજીએ તેમજ કેટલાક સાહેબોએ લંબાનથી વીવેચનો કરયાં હતાં.

અંદેરી, મલાડ, કાંડીવલી, વીરલા પારલા, અને સાંટાકરૂઝ માટે એક દોખમુ બાંધવાની ગોઠવણ કરવા અને બીજાં કામો બજાવવા માટે અંદેરી ખાતે "અંદેરી જરથોશતી અંજુમન" નામનું એક મંડળ આ વરસે સ્થાપવામાં આવયું હતું.

મુંબઇમાં ગુડ લાઇફ લીગ યાને ભલી જીંદગી મંડળની સ્થાપના તા૦ ૧૭ મી એપ્રીલે કરી એ દીવસે કોટમાં કામાના મોહલામાં એ મંડલના હોલમાં એક મેલાવડો કીધો હતો. શરૂઆતમાં બાનુઓએ ભકતીરૂપી ગાયનો ગાયાં બાદ પ્રમુખ ડા૦ જાહાંગીર ખરશેદજી દાજી, શેઠ જાહાંગીર જમશેદજી વીમાદલાલે તથા બીજા ગ્રહસ્થોએ પસંગને અનુસરતા ભાષણો કરી મંડલીની નેમ વીષે વીવેચનો કીધાં હતાં. ગુડ લાઇફ લીગની મદેહનજરમાં જણાવ્યું છે કે અરસપરસના વીચારો આપ લે કરવા માટેની સભાઓ, ભેગો અભ્યાસ, રેસાલાઓ ચોપડીઓ વગેરેની મારફતે, તેમજ માણુસ જાતની નઇતીક, આતમીક અને ધાર્મીક ઉનંતી કરવા સારૂ સરવે હીલચાલો થતી હોય તેમને લીગની બનતી મદદ કરવી. આ લીગમાં દરેક ધરમવાળાં સદગ્રહસ્થો અને બાનુઓ દાખલ થઈ શકશે.

પાંચમી જરથોસ્તી કોનફરન્સની બેઠકો તા૦ ૨૫ મી, તા૦ ૨૭મી તથા તા૦ ૨૮મી મારચના દીવસોએ કોટમાં એકસેલસીઅર ઠીએટરમાં મળી હતી. સ્વાગત કમીટીના પ્રમુખ શેઠ કેકોબાદ કાવસજી દીનશાહ એડનવાળાએ કોનફરનસની નેમ તથા હેતુ સમજાવનારૂં તેમજ કોનફરનસના પ્રમુખ અને સીંધ તથા બલુચીસ્તાનના વડા દસતુર ડા૦ માણેકજી નસરવાનજી ધાલા એમ. એ., પી. એચ. ડી. એ કોનફરનસની ઉતપતી, જરથોશતી સાહીત્યની ખીળવણી, વગેરે વીષયો ઉપર ભાષણ આપ્યું હતું. પારસીઓના વારસા હીસ્સા તથા લગન તલાકના કાયદામાં સુધારો કરવા, ગરીબ છોકરાઓ માટે ઉદયોગ ગ્રહ સ્થાપવા, વગેરે બાબતના ઠરાવો કરવામાં આવ્યા હતા અને કેટલાક નીબંધો વંચાયા હતા.

મરહુમ શેઠ બમનજી પાલનજી દાદાચાનજીની સબી નવસારીના મીનોચેહર હોમજીવાળી દરેહમેહરની ૧૭ માં વરસની સાલગરેહને દીવસે યાને તા૦ ૩૧ મી અકટોબરે એ દરેહમેહરના મકાનમાં એક મેલાવડા સનમુખ ખા૦ બા૦ ડાકટર પાલનજી હોરમજી દાદાચાનજીએ ખુલ્લી મુકી હતી.

મરહુમ શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઈની સબી જે એવણના દીકરીના દીકરા શેઠ રૂશતમજી નાનાભાઇ બેરામજી જીજીભાઇએ ભરૂચની સોરાબજી જમશેદજી જીજીભાઇ સરકારી હાઇ સ્કુલને ભેટ આપી હતી, તે ગયા નવેમબર માસમાં એ સ્કુલમાં ખુલ્લી મુકવામાં આવી હતી.

મરહુમ શેઠ બેરામજી નસરવાનજી સીરવાઇએ કરેલી સખાવતનો મોટો ભાગ નવસારી કસ્બાને આપયો હતો તેમની યાદગારી જાળવવા માટે નવસારીના આતશબહેરામમાં તા૦ ૧૬ મી નવેમબરે મરહુમની એક સબી વડા દસ્તુરજી કેકોબાદે ખુલ્લી મેલી હતી.

કલકત્તાના જાણીતા શેહરી શેઠ આર. ડી. મેહતા સી. આઇ. ઇ. ની એક લાઈફ સાઈઝ ઓઈલપેંટ તસવીર તા૦ ૭ મી ડીસેમ્બરે બંગાલની સરકારના વડા સેક્રેટરીએ અલીપુર ખાતેની ચોવીસ પરગણાની ડીસ્ટ્રીકટ બોરડની ઓફીસમાં મેલાવડા સનમુખ ખુલ્લી મુકી હતી.

મરહુમ શેઠ હોરમઝદ અસપંદીયાર ઇરાનીની સબી એવણની વરસીને દીને યાને રોજ ૨૭મો માહા ૬ ઠાને દીને પુણાની જરથોસ્તી અંજુમનની દરેહમેહરમાં એક મેલાવડા સનમુખ સરદાર [illegible]જીએ મરહુમની તારીફમાં ટુંક વીવેચન કરી ખુલ્લી મુકી હતી. મરહુમની યાદ જાળવી રાખવા ઉભા કીધેલાં ફંડમાંથી સબીનો ખરચ બાદ જતા એ દીને ગામનું જમણબી કરવામાં આવ્યું હતું.

રાજકોટની અંજુમનના સરનશીન મરહુમ શેઠ કુંવરજી કોયાજીનો એક એનલારજડ ફોટો જમશેદી નવરોઝને દીવસે યાને રોજ ૧૧ મો માહા ૭ માને દીને ત્યાંની દરેહમેહરમાં અંજુમનના સરનશીન ખા૦ બા૦ બેજનજી મેરવાનજી દમરીએ એક મેલાવડા સનમુખ ખુલ્લો મુકયો હતો.

અતરેના જાણીતા મુંબઇ સમાચાર ન્યુસ પેપરના માલેક મરહુમ શેઠ માણેકજી બરજોરજી મીનોચેહેરહોમજી જેઓ મીનોચેહેરહોમજીના ટોળાના મુખી હતા અને જેઓએ એ ટોળો તેમજ તેની સાથના મળતયા ટોળાઓની બેહતરી માટે બજાવેલી કીંમતી સેવાની પીછાનમાં મરહુમની તા૦ ૨૬ મી મારચે પડેલી સતરમી બાજને દીને નવસારી ખાતે મીનોચેહેરહોમજીની દરેમહેરમાં મરહુમની અરધાં કદની એક સબી નવસારીના વડા દસ્તુરજી કેકોબાદે ખુલ્લી મુકી હતી.

અતરેના જાણીતા શેહેરી લેડી ધનબાઇ કાવશજી જાહાંગીરની ઓઇલ પેનટીંગ તસ્વીર તા૦ ૫મી એપ્રીલે પ્રીનસેસ મેરી લેડીઝ જીમખાનામાં ઓનરેબલ સર ફીરોઝશાહ મેરવાનજી મેહતા બેરીસ્ટરે ખુલ્લી મુકી હતી. લેડી ધનબાઇએ એ જીમખાના માટે આપેલી કીમતી સેવાની તારીફમાં કેટલુંક વીવેચન કીધું હતું.

કરાંચીની પારસી વીરબાઇજી સ્કુલના માજી હેડ માસ્તર મરહુમ શેઠ જમશેદજી ફરામજી માસ્તરની સબી એ સ્કુલના હોલમાં તા૦ ૧૫ મી એપ્રીલે ખુલ્લી મુકવામાં આવી હતી.

મરહુમ ડા૦ ખરશેદજી નવરોજી સહીંયારની ઓઇલ પેનટીંગ સબી શેઠ દાદીશેઠના કદમી આતશબેહરામમાં રોજ ૨૨ મો માહા ૧૨ માને દીને યાને એ આતશબેહરામની સાલગ્રેહને દીવસે ખુલ્લી મુકવામાં આવી હતી. જે વખતે ડા૦ દીનશાહ બમનજી માસતરે ડા૦ સહીંયારે એ આતશ-બેહરામના સંબંધમાં આપેલી કીમતી મદદ માટે કેટલુંક વીવેચન કીધું હતું.

મરહુમ ખા૦ સા૦ દોરાબજી દાદાભાઈ બુટીની યાદગારીમાં ઉભો કરેલો ફુવારો પુણા ખાતે તા૦ ૨૩ મી સપટેમબરે આ૦ સર રીચરડ લેંબે એક મેલાવડા સનમુખ ખુલ્લો મેલવાની કીયા કરી હતી. શરૂઆતમાં દો. દા. બુટી મેમોરીયલ ફંડના ઓનરરી સેકરેટરી ખા૦ બા૦ એસ. સી. દાવરે મરહુમની જીંદગીને લગતું કેટલુંક વીવેચન કરવા પછી સર રીચરડ લેંબે પ્રસંગને અનુસરતું વીવેચન કરી ફુવારો ખુલ્લો મેલ્યો હતો.

શેઠ એસ. એમ. રતનાગરે બારણા, બારી વગેરેમાં સુધારો કરનાર પેટંટ મેલવ્યું હતું.

પુસ્તકોની પહોંચ.

શાહનામુ ભાગ ૪ થો—તરજુમો કરનાર નાયબ દસ્તુરજી મીનોચેહર જામાસ્પજી જામાસ્પઆશાના. ગયેજ સાલ એ નાયબ દસ્તુરજીના શાહનામાના ત્રીજા ભાગની તપાસ લેતા થોડીજ મુદતમાં એવણના આ ચોઠો ભાગ બાહાર પડવાની વકી જણાવી હતી તે મુજબ એ ભણેલા દસ્તુરજાદાએ આ છેલ્લો ભાગ પણ બાહાર પાડી શાહનામાનો તમામ તરજુમો જાહેર આલમ સનમુખ રજુ કરવા માટે તારીફ લાયક ઉતસાહ અને ઉલટ બતાવી છે. નામાંકીટ ફીરદોસી તુસીના અસલ ફારસી શાહનામાનો ચાલુ સરળ ગુજરાતી તરજુમો કરવાનું જે ભારે જેહમત અને

[illegible]નું કામ હતું તે આ દસ્તુરજાદાએ સરેસતાની ખંતથી હાલ તમામ કીધું છે. દસ્તુરજી મીનો-ચેહરજીએ આજ ચાર વરસ ઉપર એ અગતયનું કામ માથે ઉઠાવયું હતું અને એવણુ એ બીકટ ગ્રંથનો તરજુમો સંપુરણ કરવાનું માન જરથોસ્તીઓ વચે પેહેલવેહેલું ખાતી ગયા છે. કેટલાક ગ્રંથકર્તાએ શાહનામાંનો ગુજરાતીમાં સીલસીલાબંધ તરજુમો બહાર પાડવાનું બીડું ઝડપયું હતું પણ કોઇએ તે સરંજામ ઉતારયું ન હતું. ફીરદોસીનાં શાહનામાનો સંપુરણ ગુજરાતી તરજુમો ચાર દડદાર વોલ્યુમના આકારમાં એવણે બહાર પાડયો છે. શાહેર ફીરદોશીએ આપણા મહાન પુરાતન નયાગાનોની ઇરાન સરજમીન ઉપરની જગ આશકારા શાહનશાતો વેળાના મહાન પ્રતાપીત કામોની યાદ આપી છે જે આ ગ્રંથમાં હમેશ માટે જલવાઇ રહેશે. નાયબ દસ્તુર મીનોચેહેરે પોતાની અનેક બીજી રોકાણો તથા એ કામની મુશકેલી છતાં તેને ચીવટપણે ચાલુ રાખી પાર તે પાર પાડયું છે તે માટે એમને મુબારકબાદી ઘટે છે અને ઉમેદ રાખીએ છીએ કે બવીશમાં એક દસ્તુરને સોભા આપે એવી રીતે એવા બીજા અનેક ગ્રંથો બાહાર પાડતા રહેશે.

Gems of Religious, Moral & Divine Maxims—આ નામની અંગ્રેજીમાં લખેલી ૯૦ પાતાની નાની કેતાબમાં ઘણી મેહનતે જુદા જુદા ગ્રંથકારોના ગ્રંથોપરથી લીધેલા નીતિના, સચાઇના અને ધરમના સબકો અને ઉપદેશો સમાવવામાં આવ્યા છે. આ સબકો ઉધરતા જવાનોના હાથમાં મુકવાથી ફાયદો થશે. નીતિના આ દ્રશટાંતો ઇંગ્રેજી અક્ષરોને ક્રમવાર ગોઠવ્યા છે અને તેમની સંખ્યા ૧૦૧ ની છે. દરેક સબક બબે ચાર લીટીનો છે, પણ તેમાં સમાયલો ખજાનો હજારો શબદોની બરાબરનો ગણી શકાય. આ ચોપડીની કીંમત આના ચાર છે અને એના કરતા શેઠ દોરાબ પાલનજી કોટવાલ પાશેથી સુરત ખાતેથી મલી શકશે.

બીલીમોરાની જરથોસ્તી અંજુમને ઉભાં કીધેલાં ફંડનો સંવત ૧૯૬૯ ના વરસનો હીસાબ એ ખાતાંના ત્રસ્ટીઓ તરફથી બાહેર પાડવામાં આવ્યો છે. હીસાબ ઉપરથી જણાય છે કે બીલીમોરાની જરથોસ્તી અંજુમનનાં ઓચરીઆ (લોન નોટ તથા બોનડ) રૂ૨૨૫૫૦૦ નાં મુંબઈ બેંકમાં મુકવામાં આવયાં છે. એ ઉપરાંત બાઇ શીરીનબાઇ કામા હસ્તકના કોનવેલેસંટ હોમના, સુરત પારસી ઓરફનેજના, હાંગકાંગ, કનતાન અને મકાઉનાં જરથોસ્તી અંજુમનનાં ધરમના ફંડના અને કલકતાની જરથોસ્તી અંજુમનના ધરમ ફંડોના હીસાબના ચોપાન્યા વગેરે મલ્યા છે જેની પહોંચ ઉપકાર સહીત સ્વીકારીએ છીએ.

જાણીતા જરથોસ્તીઓના મરણો.

શેઠ દીનસાહ ખરશેદજી મુખયા ૬૨ વરસની વયે રોજ ૧૨ મો માહા ૧ લા નેદીને મરણ પામયા હતા. મરહુમનો જનમ તા૦ ૨૫ મી મારચ ૧૮૫૨ ને દીને સુરતમાં થયો હતો. મરહુમે પોસ્ટ ખાતામાં જોડાઈ લગભગ આખા ઈલાકાના પોસ્ટલ વીભાગના સુપરીનટેનડનટ વગેરે નોકરી બજાવી હતી. એવણુના ઓહોલા અનુભવ અને બાહોશીને લીધે પોસ્ટ માસતર જનરલે પોતાના વડા પરસનલ એસીસટંટ નેમ્યા હતા જે ઓધો દસ વરસ સુધી ભોગવી રીટાયરડ થયા હતા. એવણે પોતાની બાહોશીથી પોસ્ટ માસતર જનરલો તથા ડીરેકટર જનરલનો ચાહ જીતી લઈ વખાણ મેલવ્યા હતા. મરહુમે ૩૨ વરસ સુધી વફાદારીથી નોકરી બજાવી ૧૯૦૭ ની તા૦ ૧૮મી ફેબરવારીએ રીટાયરડ થયા હતા.

શેઠ અરદેશર મેરવાનજી ગાંધી ૫૪ વરસની વયે રોજ ૧૮ મો માહા ૧ લાને દીને સુરત ખાતે મરણ પામ્યા હતા. એવણ ૧૮૮૧ માં ગુજરાત રેજીસ્ત્રેશન ડીસ્ત્રીકટના સેનેટરી કમીશનરની હારીશમાં રહયા હતા અને તે પછી સુરત જીલ્લાના સેનીટેશન તથા વેકશીનેશન ઇનસપેકટર નેમાયા હતા. ૧૮૯૮ માં સુરતના સેનેટરી સુપ્રીનટેનડંટ, ૧૯૦૦ માં મયુનીસીપાલ સેક્રેટરી અને ૧૯૦૯ માં એજ મયુનીસીપાલીતીના ચીફ હારીશરનો ઓઢો એવણને મલયો હતો. એવણ સુરતના જાહેર કામકાજોમાં તેમજ પારસીઓને લગતા સવાલોમાંથી સારો ભાગ લેતા હતા.

એરવદ એદલજી બરજોરજી મુલ્લા ૮૦ વરસની વયે રોજ ૧૯ મો માહા ૧ લાને દીને નવસારી ખાતે મરણ પામયા હતા. મરહુમનો જનમ રોજ ૨૭ મો માહા ૮ મો ય. સને ૧૨૭૫ ને દીને થયો હતો. ચઉદ વરસની ઉમરે નાવર મરાતબ થઇ એવણ નવસારીથી મુંબઇ આવી મોબેદીનો ધંધો કરવા લાગા હતા અને તે પછી મુંબઇમાં કેટલોક વખત સુધી સાબુ બનાવવાનું કારખાનું ચલાવી રેલવેના કંટરાકટો લેવા માડયાં હતાં. બરોડા રેલવેના નાલા સોપારાની કવોરીની બાલાસટનું કંટરાકટ ૩૫ વરસ સુધી એવણે ચલાવ્યું હતું અને લાઇનો નાખવાના, પુલો તથા સ્ટેશનો બાંધવાનાબી કંટરાકટો લેતા હતા. એવણને બરોડા રેલવે કંપની તરફથી મુશાફરી કરવા માટે સેકન કલાસની પાસ ફ્રી મલી હતી. મરહુમે પોતાની હયાતીમાં ઘણી સારી સખાવતો કરી હતી. એવણે નવસારીની શેઠ દાબુ જનરલ હાસપીટાલ માટે રૂપીયા વીસ હજારને ખરચે નવો બંધાવેલો બંગલો ભેટ આપી બીજા રૂ૧૫૦૦ તેમજ મરહુમ શેઠ બેરામજી ન. સીરવાઇની યાદમાં નવસારીના પેહલા દસ્તુર મેહરજી રાણા લાયબરેરીને રૂ૧૫૫૦ આપીયા હતા. શેઠ દાબુવાળી હાસપીટલની મુલાકાત નામદાર ગાયકવાડે લીધી હતી તે વખતે મરહુમ ઉપર પોતા તરફથી મુબારકબાદી કહેવડાવી હતી. મરહુમના નવસારીમાં થયલા ઉઠમણા વખતે મરહુમનું નામ ભણતર ક્રીયામાં લેવાનું ઠરાવ્યું હતું તેમજ મરહુમ પોતાના વીલમાં રૂપીયા સાઠ હજાર જરથોસ્તીઓની બેહેતરીના કામ માટે આપી ગયા છે એમ જાહેર કરવામાં આવ્યું હતું.

શેઠ પાલનજી નશરવાનજી ફ્રેંચમેન ૮૭ વરસની વયે રોજ ૨૫ મો માહા ૧ લાને દીને પુણા ખાતે મરણ પામયા હતા. મરહુમ પુણાની વેસટરન ઇંડીયા ટરફ કલબના ૩૦ વરસ સુધી સેકરેટરી હતા. એવણ ૧૮૯૧ થી પુણાની મેટરીમોનયલ કોરટના ડેલીગેટ હતા. ૧૮૯૬ માં ફાટી નીકલેલી મરીકી વેળાએ હાસપીટલ તથા સેગ્રીગેશન કેંપ ઉભી કરવા ઉઘાડેલા ફંડનો વહીવટ ચલાવવા એક સેકરેટરી તરીકે મરહુમે મદદ આપી હતી. મરહુમ એક ફ્રીમેશન હતા અને પુણાની સેંટ એંડ્રુસ લોજના ખજાનચી હતા. એવણની સેવાઓની પીછાનમાં તા૦ ૧૫મી આગસ્ટ ૧૯૦૬ ને દીને પુણાના ફ્રીમેશન હોલમાં મરહુમની તસવીર ખુલ્લી મુકાઇ હતી.

ડા૦ બેજનજી દાદાભાઈ કાપડયા ૬૪ વરસની વયે રોજ ૨૮ મો માહા ૧ લા ને દીને મરણ પામયા હતા. મરહુમે ૧૮૬૮ માં મેટરીકયુલેશનમાં પસાર થઇ મેડીકલ કોલેજમાં જોડાઇ ૧૮૭૬ માં એલ. એમ. ની ડાકટરની પરીક્ષા પસાર કરી બહારકોટના લતામાં ડાકટરનો ધંધો ચલાવવા માંડયો હતો અને પોતાની સાલેસાઇથી સારી ઘરાકી મેલવી હતી. ૧૮૮૫ માં એવણ ફ્રીમેશન થયા હતા અને ૧૮૯૯ માં એવણને સુલેહના અમલદાર નેમયા હતા. એવણ બાહારકોટની જ. ન. પીટીટ ધમપરવમેંટ લાયબરેરીના પ્રમુખ તથા બહારકોટના બચાવ ફંડના એક કારોબારી હતા. એવણ બહારકોટને લગતા જરથોસ્તીઓના અગતના કામોમાં આગેવાનીભરીયો ભાગ લઇ સારી મદદ આપતા હતા.

દસ્તુર આદરજી માણેકજી મેહરજીરાણા રોજ ૧ લો માહા ૨ જાને દીને રાજકોટ ખાતે મરણ પામયા હતા. મરહુમ છેલ્લા વીસ વરસ થયા રાજકોટની દરેહમેહેરના પંથકી નેમાયા હતા. બહારગામથી કોઇબી જરથોસ્તી ત્યાંની ધરમશાળામાં ઉતરતાં તો તેઓને દરેક રીતની સગવડ કરી આપી આગતાસવાગતા કરતા હતા અને ગરીબો તરફ પોતાનો સખી દસત લંબાવતા હતા. મરહુમની પરોપકારી વરતી અને અશોઇથી ત્યાના જરથોસ્તીઓ ઉપર સારી અસર કરી હતી. મરહુમના ઉઠમણાની ક્રીયા વખતે એવણનું નામ ક્રીયાકામોમાં લેવાનો ઠરાવ થયો હતો.

શેઠ મેહરવાનજી પેસતનજી ચીચગર ૭૮ વરસની વયે રોજ ૫ મો માહા ૨ જાને દીને મરણ પામયા હતા. મરહુમ શેઠ મેરવાનજી પોતાના બાવા સાથ શીપીંગ એજન્ટનું તેમજ વાહાણોને ખારવાઓ વગેરે પુરા પાડવાનું કામ કરતા હતા. શીપીગ એજંટોનું કામ કરવા માટે મરહુમની પેઢી ઘણી પુરાની તથા જાણીતી છે. મરહુમે ૬૨ વરસ થયા શીપીંગ બરોકર તરીકે લાઇસનસ ઘરાવ્યું

હતું અને પોતાનું કામ ઘણી બાહોશીથી કરતા હતા. મરહુમે પોતાની પેહેડીમાં બીજાઓ જોડે પોતાના એક પુરા બેટા શેઠ પીરોશાહનેબી સાથે જોડયા છે.

શેઠ પીરોશાહ માણેકજી કાકા ૭૭ વરસની વયે રોજ ૧૧ મે માહા ૨ જાને દીને મરણ પામયા હતા. એવણ પોતાના વસીયતનામામાં પારસી કોમના લાભ માટે રૂપીયા ૭ લાખની બાદશાહી રકમ સખાવતમાં આપી ગયા છે. એવણ પોતાના સસરા શેઠ સોરાબજી ફ. પટેલ જેવણ મેશરસ ફરામજી સનસ એંડ કંપનીને નામે વેપાર કરતા હતા ત્યાં વડા કારભારી તરીકે હતા. એવણ પોતાની હયાતીમાંબી ઘણી સારી સખાવતો કરી ગયા છે. મરહુમના ધણીઆણી બાઈ ડોશીબાઇ રોજ ૨૨ મો માહ ૩ જો ૧૨૭૦ ને દીને હક થયાં તેમના ઉઠમણામાં મરહુમ શેઠ પીરોજશાહે ૩૩૦૦૦ મુંબઇની પારસી પંચાયત હસતકની શેઠ પારખવાળી ધરમશાળાના ફંડમાં આપયા હતા અને બીજા વધુ રૂ ૩૦૦૦૦ પારસી પંચાયતને સવાધીન કીધા હતા કે એવણની કજા થાય તયારે એવણના મરણના દર વારસીક દીવસે એ ધરમશાળાના કદીમ મોબેદો પાસે ક્રીયા કરાવી ખાણ આપવું. એજ વરસમાં ખંડાળાના શેઠ જાંગીરજી મરઝબાન હસતકના કોનવેલેસનટ હોમમાં શેઠ પીરોશાહે એવણના ધણીયાણી બાઇ ડોસીબાઇને નામે ૩૨૫૦૦ ખરચીને એક બલોક અને દેવલાલી મધે ડા૦ બહાદુરજીવાળાં સેનેટેરીયમમાં ૩૫૦૦૦ ખરચી એક બલોક બંધાવયો હતો. વળી એવણે ૧૯૦૩ ના ફેબરવારીમાં પોતાના ધણીયાણીના નામથી ૩૧૨૦૦૦ ના ખરચે ગરીબ જરથોસ્તીઓના રહેઠાણ ફંડ હસતક એક મકાન બંધાવી ખુલ્લું મુકયું હતું. મરહુમ પોતાના વેપારી ધંધામાંથી કેટલાક વરસ થયા રીટાયરડ થઈ એકાંત જીંદગી ગુજારતા હતા.

શેઠ બરજોરજી સોરાબજી એશબરનર થાણા ખાતે રોજ ૧૮ મો માસ ૨ જાને દીને મરણ પામયા હતા. એવણ મુલ્લા ફીરોઝ કેતાબખાનાના એક કારોબારી હતા. મરહુમે વાંદરાના દવાખાનાના ફંડમાં તેમજ કદમીઓના વડા દસ્તુરજીઓને પગાર આપવાના ફંડમાં સારી રકમ ભરી હતી. એવણ ફારસી ભાષા સરસ રીતે જાણતાં હતા. ૧૮૬૨ માં ખોદાઈ જ્ઞાનને લગતી "ગુલજારે હાલ" અને ૧૮૬૫ માં મોહીને મારેફત નામની ચોપડી ફારસી જબાનમાં છપાવી પ્રગટ કીધી હતી. એવણ યંગ લેડીઝ સ્કુલમાં ફારસી ભાષા મુફત શીખવતા હતા અને તેના ઇનામના થયલા મેલાવડા વખતે એવણને એક માનપત્ર એનાયત કરયું હતું. મરહુમે ૧૮૬૪ માં પોતા પાસેનો જંદ, પેહલવી અને ફારસી પુસતકોનો સંગ્રહ લંડની રોયલ સોસાયટીના પુસ્તકખાનામાં ભેટ આપ્યો હતો.

લાહોરની ચીફ કોરટમાં બારીસટર તરીકે ધંધો ચલાવતા ખા૦ સા૦ પેસતનજી દાદાભાઈ ગયા નવેમબર માસમાં મરણ પામયા હતા. લાહોરની ચીફ કોરટમાં ચીફ જજ ઓ૦ સર આલફરેડ કેનસીંગટન તથા ઓ૦ મી૦ જસટીસ રેટીગન સનમુખ સરકારી એડવોકેટ સી૦ પેટમેને મરહુમના મરણ માટે દલગીરી જાહેર કરી જણાવયું કે ખા૦ સા૦ પેસતનજીના મરણથી ધારા મંડલને મોટી ખોટ ગઈ છે. મરહુમે રાવલપીંડીમાં પલીડર તરીકે ધંધો શરૂ કરી મોટી ધરાકી મેળવી હતી. તે પછી તેવણ બારીસટર થઇ આવ્યા અને લાહોરમાં ધંધો ચલાવતા હતા અને થોડા વખતમાં ધારા મંડળમાં સારો દરજજો મેળલયો હતો. મરનાર પ્રમાણીક અને માયાળુ ખવાસના હતા. એ પછી આ૦ ચીફ જસટીસે જણાવયું કે ખા૦ સા૦ પેસતનજીના મરણની ખબર સાંભળીને સઘળા જડજો દલગીર થયા હતા. એવણને અમો ઘણા વરસ થયાં પીછાણતા હતા અને ઉચી પ્રમાણીક કેરકટરના આસામી તરીકે તેવણને માન આપતા હતા. મરનાર પોતાની પ્રમાણીક મહેનતથીજ વધયા હતા.

શેઠ મનચેરશાહ ફરામજી ઉનવાળા રોજ ૨ જો માહા ૩ જા ને દીને કલકતા મધે મરણ પામયા હતા. એવણે ૧૮૬૯માં મુંબઇની મેત્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી એક જરનાલીસ્ટ તરીકે કેટલોક વખત સુધી કામ કીધું હતું. એ પછી સરકારી નોકરીમાં જોડાઇ ૧૯૦૨માં એવણને બંગાલ

સેક્રેટરીએટમાં ફીનેનશીયલ અને એકાઉનટસ ખાતાઓના કામચલાઉ રેજીસ્ટ્રાર અને ૧૯૦૮ માં એવણુને રેજીસ્ટ્રારના ઓધા ઉપર જાથુકના નેમયા હતા અને આ ઓધા ઉપરથી માનપાન સાથે રીટાયર થયા હતા. મરહુમને નામદાર સરકાર તરફથી સને ૧૯૧૩ માં ઇમપરીયલ સરવીસ ઓરડરનો ખેતાબ મલયો હતો. કલકતાના જરથોસ્તી અંજુમનના ફંડમાં સારી રકમ એવણે ભરી હતી.

શેઠ નવરોજી પેસતનજી કામા બેરીસતર ૬૨ વરસની વયે ૩ જો માહા ૩ જાને દીને મરણ પામયા હતા. મરહુમે ૧૮૭૧ માં મેતરીકયુલેશનની પરીક્ષા પસાર કરી ઈંગલાંડ જઇ ૧૮૭૬ માં બેરીસતર થઇ આવયા હતા અને મુંબઈમાં બેરીસતરનો ધંધો ચલાવતા હતા. મરહુમે ૧૮૭૯ માં વીજળીનો તાર એ બાબદ ઉપર અતરેની ગ્નાન પ્રસારક મંડળી તરફથી એક ભાષણ આપયું હતું, તા૦ ૩૦મી જુલાઇ ૧૮૮૬ ને દીને શેઠ પે. હો. કામાએ મુંબઇમાં ઓરતો અને બાળકોને સારૂ મોટે ખરચે બંધાવેલી હાસપીટલ ખોલ્લી મેલવાની કીરીયા નામદાંર ગવરનર લોરડ રેએ કરી હતી. તે પ્રસંગે શેઠ નવરોજીએ પોતાના પીતા તરફથી એક પત્ર વાંચી નામદાર ગવરનરને હાસપીટલ ખુલ્લી મુકવાની અરજ કરી હતી. ૧૮૮૭ મા મરહુમને સુલેહના અમલદાર નેમયા હતા.

શેઠ હોરમજી જાહાંગીરજી તાલ્યારખાન ૭૬ વરસની વયે રોજ ૧૦ મો માહા ૩ જા ને દીને મરણ પામયા હતા. મરહુમે ૧૮૬૧ માં મેટીકયુલેશનની પરીક્ષા પસાર કરી ૧૮૬૬ માં પ્રોપ્રાયટરી સ્કુલ પોતાને હીસાબે ચલાવવા લીધી હતી. એ આગમચ એ સ્કુલના મરહુમ એક મદદનીશ શીક્ષક હતા. મરહુમે પોતે સ્કુલ લીધી તે વખતે ૬૦ વીદયારથીઓ હતા, અને રફતે રફતે એ સ્કુલે સારૂ નામ કાઢયું હતું. એવણે લગભગ ત્રણ દાહેકા સુધી સ્કુલ ફતેહમંદીથી ચલાવયા બાદ ૧૮૯૫ માં વડા દીકરા શેઠ મનચેરશાહને તથા બીજા બે ગ્રહસ્થોને સવાધીન કીધી હતી. મરહુમને અંગરેજી ભાષા ઉપર ઘણો સરસ કાબુ હોવાથી પોતાના ચેલાઓને સારૂ ગ્નાન આપતા હતા. ગરીબ જરથોસ્તીઓના રહેઠાણોના ફંડ હસતક તારદેવ ખાતે એવણે પોતાના માતાજી બાઇ જરબાઈને નામે રૂ૫૧૦૦ને ખરચે બંધાવેલું મકાન ૧૯૦૬ ની તા૦ ૨૪મી મારચે ખુલ્લું મુકાયું હતું.

ખાન સાહેબ બરજોરજી માણેકજી પટેલ ૬૨ વરસની વયે રોજ ૧૭ મો માહ ૩ જા ને દીને મરણ પામયા હતા. એવણ ધારવાડ તથા બેલગામ ખાતે શેઠો ભીખાજી બ. બારયા, સોરાબજી ભરૂચા અને ભાઇઓ, અને દોરાબજી મા. પનવેલીવાલા સાથે આબકારી કંટરાકટો લેતા હતા. ૧૯૦૩ માં નામદાર શહેનશાહ એડવરડની કોરોનેશનની દીહલી ખાતે ભરાયલી દરબારમાં સરટીફીકેટ ઓફ મેરીટ એવણુને આપી હતી. હુબલી ખાતે ય. સને ૧૨૭૭ માં મરહુમે પોતાના ભાગયાઓ સાથે મલી રૂ૮૦૦૦ની કીમંતનો બંગલો અને તેને લગતી જમીન તથા ફરનીચર સાથે ધરમશાળા તરીકે વાપરવા ત્યાંની અંજુમનને ભેટ આપયો હતો. એનું નામ "હોરમઝ બાગ" રાખી રોજ ૬ ઠો માહા ૨ જો સને ૧૨૭૮ ને દીને ખુલ્લો મુકયો હતો. એ પ્રસંગે શેઠ બરજોરજીને માનપત્ર એનાયત કરવા એકઠી થયલી રકમમાંથી બાકી વધેલા રૂ૧૪૦ પોતા સારૂ શીયાલ વગેરે માટે ખરચવા ન દેતા એવણે રૂ૩૬૦ ઉમેરી રૂ૫૦૦ દેહ મહીનાના ગહમબારનું જમન કરવા આપયા હતા. મજકુર પ્રસંગે શેઠ બરજોરજીને ચાંદીના દાબરામાં માનપત્ર તથા શીયાલ તેમજ એવણુના ભાગયાઓને શીયાલો એનાયત કરવામાં આવી હતી. નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાંની ૪૯મી સાલગ્રેહ હીંદુસ્તાનમાં ૧૯૧૪ ની તા૦ ૨૨ મી જુને ઉજવવામાં આવી તેની ખુશાલીમાં મરહુમને ખાન સાહેબનો ખેતાબ એનાયત થયો હતો. એમણે હુબલીમાં મેટરનીતી હાસપીટલ સ્થાપવામાં આગેવાની લીધી હતી. એવણુ હુબલીની જરથોસ્તી અંજુમનનાં ધરમના ફંડના કારોબારી હતા અને ધારવાડની જરથોસતી અંજુમન એવણે સ્થાપી હતી. મરકીના હીગામપર એવણે ભાષણો કીધા હતા, તેની પીછાનમાં નામદાર ગવરનર લોરડ નોરથકોટે સરટીફીકેટ ઓફ મેરીટ એનાયત કીધી હતી.

શેઠ પેસતનજી એદલજી ગઝદર ૭૯ વરસની વયે રોજ ૨૯મો માહા ૩ જા ને દીને કલકતા ખાતે મરણ પામયા હતા. મરહુમનો જનમ રોજ ૨૪ મો માહા ૬ ઠો ય. સને ૧૨૦૪ ને દીને થયા

દેવી ખાતે થયો હતો. મરહુમ નાધલી વયે મુંબઇ આવી શેઠ ન. હો. મહેતાને ત્યાં ચાકરીએ રહયા હતા અને તે પછી કલકતા ખાતે જઈ એજ શેઠની પેહેડીનો આઠ વરસ સુધી વહીવટ ચલાવ્યા બાદ એવણે ચોખા, કરીઆણા વગેરેનો વેપાર કરવા માંડયો હતો. કલકતા મધેના ગુસરીમાં સને ૧૮૮૮ માં પોતાની ગીરેથી વીકટોરીયા કોટન મીલ બંધાવી હતી, અને થોડા વખત પછી જુટનો વેપારંભી કરવા માંડી તેની ગાંસડીઓ બાંધવાના બે પરેસો હાઉરા અને ગુસરીમાં પોતાની માલેકીના ઉઘાડીયા હતા. કલકતાથી ૨૧ માઇલ દુર રાણીગંજ ખાતે મરહુમની માલેકીની આશરે અરધા માઇલ જેટલી લાંબી કોલસાની ખાણ છે અને તેમાંથી લગભગ ૯૦૦ ફીટ ઉંડાણ જમીન ખોદી કોલસો કાઢવામાં આવે છે. કલકતાની અંજુમના ફંડોની સ્થાપનાથીજ મરહુમ તેના ટરસ્ટી હતા અને એ ફંડોમાં નાણાની સારી મદદ કરતા હતા. એવણે કલકતાના નવા દોખમાના ફંડમાં રૂ૧૧૦૦૦ અને ગણદેવી જરથોસતી અંજુમનના ધરમ ખાતામાં રૂ૧૦૦૦ તેમજ કલકતાની શેઠ માણેકજી બનાજીની યાદમાં બંધાયલી ધરમશાળાના ફંડમાં શેઠ પેસતનજીએ એવણના ભાઇ શેઠ કુંવરજી સાથે બીજા વધુ રૂ૫૪૫૧ આગળ ભરેલા રૂપયા ઉપરાંત આપયા હતા. મરહુમે પોતાના સખી દીલ ગુરદા મુજબ કલકતાના ધરમખાતાંઓમાં નાણાની સારી મદદ કરવા ઉપરાંત મુંબઈ, નવસારી ગણદેવી વગેરે દેશાવરો ખાતેના ફંડોમાં સારી જેવી રકમો ભરતા હતા. મરહુમના દીકરા શેઠ એદલજીબી પોતાના પીતા સાથેજ ધંધો ચલાવતા હતા જેવણ હાલમાં સઘળો વહીવટ કરે છે. કલકતાની શેઠ ધનજીભાઇ મેહતાની અંજુમનની દરેહમેહરના મરહુમ એક તરસ્ટી હતા, તેથી એવણની જગાએ એવણના દીકરા શેઠ એદલજીને નેમયા છે. મરહુમે બજાવેલી સેવાઓની પીછાન કરવા તા૦ ૧૨મી દીસેમબરે જુદી જુદી કોમના ગ્રહસ્થોની એક સભા મલી હતી જયાં મરહુમના કુટુંબ ઉપર દીલાસા પત્ર મોકલવાનો તથા મરહુમની યાદગીરી રાખવા ફંડ ઉઘાડવાનો ઠરાવ થયો હતો. મરહુમે ૧૮૯૨ થી મરણ સુધી કલકતાની અંજુમનના ધરમ ખાતાના એક તરસ્ટી તરીકે બજાવેલી કીમતી સેવાઓ માટે શેઠ બનાજીની દરેહમેહેરમાં અંજુમનના તરસ્ટી શેઠ નવરોજી જામાસપજી અરજાનીના પ્રમુખપણા હેઠળ જરથોસતી અંજુમનની તા૦ ૨૦મી દીસેમબરે મલેલી સભામાં અંજુમનના દફતરોમાં નોંધ લેવા અને મરહુમના કુટુંબ ઉપર દીલાસાપત્ર મોકલાવા તથા મરહુમની યાદગારી રાખવા વગેરેના ઠરાવો થયા હતા.

શેઠ લીમજીભાઇ દીનશાહજી પાંડે ૭૨ વરસની વયે રોજ ૨૯મો માહ ૩જાને દીને મરણ પામ્યા હતા. મરહુમે મેસરસ રીચી સ્ટુઅરટની પેહેડી જે પાછલથી મેસરસ ફોરબસ ફોરબસ કેમપબેલની પેહેડી સાથ જોડાઈ હતી, તેમાં ૩૭ વરસ સુધી નોકરી બજાવી સેલસમેન તરીકે વીખયાતી મેળવી હતી. એવણને પીસ ગુડસનો ઘણો સારો અનુભવ હોવાથી એવંણની મુંબઈની પેહેડીએ મરહુમને ૧૮૭૫ માં મેનચેસતર ખાતે મોકલાવયા હતા. એવણ ૧૮૬૭ માં એક ફરીમેશન તરીકે જોડાયા હતા.

શેઠ હોરમસજી મેરવાનજી ખેરગામવાલા ૮૪ વરસની વયે રોજ ૨૩ મો માહા ૪ઠા ને દીને મરણ પામયા હતા. એવણ પોતાના ખાનદાનથી ઉતરતી આવેલી જાગીરી ગામ બહેજ અને ખેરગામની બહોલી ખેતીવાડીનો વહીવટ કરવામાં પોતાના મરહુમ ભાઇઓ સાથે આગેવાન ભાગ બજાવતા હતા. મરહુમ ખેરગામની પારસી પંચાયતના પ્રમુખ હતા, તેમજ ખેરગામની દરેક કોમમાં આગેવાની ભોગવતા હતા.

શેઠ માણેકજી નશરવાનજી નાણાવતી ૬૬ વરસની વયે રોજ ૨૯ મો માહા ૪ થાને દીને મરણ પામ્યા હતા. એવણે ૧૮૬૪ માં મેત્રીકની, ૧૮૬૮ માં બી. એ. ની અને ૧૮૭૧માં એલ. એલ. બી. ની પરીક્ષાઓ પસાર કીધી હતી. એવણે સરસ નીબંધ લખવા માટે ૧૮૭૨ માં ગોલડ મેડલ મેલવયો હતો. મરહુમે શીરપુર, થાણા, પુણા વગેરે શેહેરોમાં સબ જડજ તરીકે નોકરી કરી હતી અને ૧૮૯૫ માં પુણાની સમોલ કોઝ કોરટના જડજ નેમાયા હતા. એ ઓહદા ઉપર એવણ લાંબો વખત વેર રહી આઠેક વરસ ઉપર રીટાયરડ થયા હતા. મરહુમે એક સુધા અને સવતંત્ર જડજ તરીકે નામ કાઢયું હતું. એવણ ૧૮૯૪ માં યુનીવરસીટીના ફેલો નેમાયા હતા.

શેઠ જમશેદજી કાવશજી એંટી ૮૧ વરસની વયે રોજ ૯ મો માહા ૫ માને દીવસે સુરત ખાતે મરણ પામ્યા હતા. મરનાર ઘણાં વરસો સુધી સુરતની પારસી પંચાયતની બોરડના મેમબર અને ડીસ્ત્રીકટ મેતરીમોનીયલ કોરટના ડેલીગેટ હતા અને નાદુરસ્ત તબીયતને લીધે થોડાજ વખત થયા એ ઓઢાઓ છોડી દીધા હતા. મરનારનું હીસાબી ગ્નાન પાકટ અને દુનીયાદારીનો અનુભવ સારી રીતે જાણીતું હતું. આગલા વખતમા સુરતની જાફરઅલી મીલમાં તેઓ એક ડીરેક્ટર હતા.

શેઠ અરદેશર બરજોરજી માસતર ૬૬ વરસની વયે રોજ ૧૨ મો માહા ૫ માને દીને મરણ પામ્યા હતા. શરૂઆતમાં પોસ્ટ ખાતામાં જોડાયા પછી વેલાત જઇ વીજળીનો અભયાસ કરી મુંબઇમાં વીજળીક કંપનીમાં ઇજનેર તરીકે રહયા હતા. તા૦ ૨૫ મી આગસ્ટ ૧૮૯૧ ને દીને ટેકનીકલ એડયુકેશન વીષે પુનાની કોનફરંસમાં નીબંધ વાંચ્યો હતો અને બીજી બાબદો ઉપર બી ભાષણો કીધા હતા. બીજી વાર ઇંગલાંડ જઈ ત્રણ વરસ સુધી ત્યાં રહી સાબુ, મીનબતી વગેરે બનાવવાનો હુનર શીખી આવ્યા હતા અને ૧૮૮૫ માં હીંદુસ્તાન માટે હુનરની કેળવણી વીષે લંડનમાં ચોપાન્યું છપાવી પ્રગટ કીધું હતું. ૧૮૮૬ માં લંડન ઇનસ્ટીટયુટ તરફથી મરહુમને ઇલેક-ટરીકલ એનજીનીયરીંગમાં ટેકનોલોજીકલ સરટીફીકેટ મલી હતી તથા એવણે થરમોઇલેકટરીકલ બેટરીમાં સુધારા માટે પેટંટ મેલવ્યું હતું.

શેઠ ફરામજી દાદાભાઇ માસ્તર ૪૩ વરસની વયે રોજ ૧૩ મો માહા ૫ માને દીને મરણ પામયા હતા. મરહુમે ૧૮૮૭ માં મેટરીકની અને ૧૮૯૦ માં બી. એ. ની પરીક્ષાઓ પસાર કીધી હતી. શરૂઆતમાં ન્યુ હાઇ સ્કુલના એક મદદનીશ શીક્ષક તરીકે જોડાઇ આજથી દોઢ દાહેકા ઉપર સ્કુલ તથા કોલેજના વીદયારથીઓ માટે શીક્ષણ આપવા ખાનગી કલાસો ચલાવતા હતા. આ કલાસો જાહેરમાં જાણીતા થતા મરહુમે એક દાહેકા ઉપર તેમાં વધારો કરી "ટયુટોરીઅલ હાઈ સ્કુલ" તરીકે એક સ્કુલ સ્થાપી તેમાં પેહલેથી તે મેટરીક સુધી કેળવણી આપવામાં આવતી હતી અને તેની સાથે અંગ્રેજી શરૂકરનારાઓ માટે એક પ્રીપેરેટરી વરગ ઉઘાડયો હતો. મરહુમે વીદયારથીઓના ઉપયોગ માટે ઘણી કેતાબો છપાવી પ્રગટ કીધી હતી.

શેઠ જાહાંગીર હોરમજી ઇરાની ૪૩ વરસની વયે રોજ ૧૮ મો માહા ૫ માંને દીવસે પુણા ખાતે મરણ પામયા હતા. મરહુમે પુણાની હાઇ સ્કુલમાં કેળવણી લઇને એનજીનીયરીંગ કોલેજના ફોરેસટ કલાસમાં જોડાઇ ત્યાથી પસાર થવા પછી સરકારી નોકરીમાં જોડાયા હતા. એવણે જાતી ચંચળાઇથી આપબલે વધી ચીફ ફોરેસટ હાફીસરની જગા મેલવી હતી. અઢાર વરસ બ્રીટીશ સરકારની નોકરી બજાવવા પછી બે વરસ થયાં જુનાગઢ સ્ટેટના ચીફ ફોરેસ્ટ આફીસર તરીકે એવણની નેમણુક થઇ હતી. મરહુમ ૧૯૦૧ માં ઘાસ કાપવાનાં મશીનની શોધ માટે પેટંટ મેળવયું હતું. મરનાર અથંગ શેકારી હતા અને જુનાગઢના જંગલમાં બે વરસ દરમયાન બીજા શીકારો ઉપરાંત ૧૧ વાઘનો શીકાર કીધો હતો. મરનારે સકકરની ફ્રીમેસન લાડજમાં ગ્રાંડ માસતરની પદવી મેળવી હતી.

શેઠ આદરજી જીવણજી ડેપ્યુટી ૮૪ વરસની વયે રોજ ૩૦ મો માહા ૫ માને દીને સુરત ખાતે મરણ પામયા હતા. ૧૮૫૦ માં અમદાવાદમાં કલેકટરની હાફીસમાં નોકરીએ રહયા હતા અને પોતાની અકલ હુશીયારીથી આગળ વધી દેપ્યુટી કલેકટરની પદવી સુધી ચઢી ભરૂચ, સુરત, અમદાવાદ વગેરે જીલ્લાઓમાં વફાદારીથી લાંબી નોકરી બજાવી પંચમહાલ જીલ્લામાંથી ૧૮૮૪ માં રીટાયરડ થયા હતા અને તે પછી સુરત ખાતે જઇ વસ્યા હતા. એવણે પોતાની નોકરી દરમ્યાન ૧૮૬૯ માં અમદાવાદના ઇનકમટેકક્ષ કલેકટર તથા સુરતની જેલના અને ભરૂચની પોલીસના સુપ્રીન-ટેનડંટ તરીકે ઓઢાઓ ભોગવ્યા હતા. તેમજ ૧૮૭૩ માં ભરૂચની રાયચંદ દીપચંદ લાયબરેરીના અને ૧૮૬૮ માં અમદાવાદમાં રેલ આવવાથી તેના સંકટ નીવારણ માટે નેમાયલી કમીતીના સેક્રેટરી

બી હતા. ૧૮૮૯ માં એવણુ છોટા ઉદેપુરના સેટલમેંટ ઓફીસર બી નેમાયા હતા. ૧૮૯૧ માં સુરતના ઓનરરી મેજીસ્ટ્રેટ અને ૧૮૯૯ માં સુરત મેટરીમોનયલ કોરટના ડેલીગેટ તરીકે એવણુની નેમણુક થઈ હતી.

શેઠ કાવશજી ખરશેદજી કંટરાકટર ૬૫ વરસની વયે રોજ ૧૪ મો માહ ૬ ઠા ને દીને મરણ પામર્યા હતા. એવણુનો જનમ અડાજણુ ગામમાં સને ૧૮૫૦ માં થયો હતો. મરહુમ ૧૫ વરસની નાધલી ઉમરે મુંબઇના વીક્ટોરીયા ગારડનમાં બાધવામાં આવેલા આલબરટ મયુઝમના સરકારી મીસતરી તરીકે નોકરીએ રહયા હતા અને ઘણીક સરકારી ઇમારતો બાંધવાના લાકડ કામો પુરા પાડતા હતા. એ બાદ મરહુમ મેસરસ વોલકરટ બ્રધરસની હારીસ સાથ જોડાયા હતા જે સંબંધ એવણે મરણ સુધી ચાલુ રાખ્યો હતો. એ હારીશ તરફથી મરહુમે ૪૨ વરસ ઉપર ભાવનગરમાં રૂની ગાંસડી દાબવાનો પ્રેસ ઊભો કીધો હતો અને તે પછી લગભગ ૧૬ જીન તથા પ્રેસોના કારખાના બાંધ્યા હતા. વળી એજ હારીસના રંગુન, મોલમીન તથા જાવાના સાગવાની લાકડાના ગેરંટી બરોકર હતા.

શેઠ અરદેશર એદલજી ઘડીઆલી ૬૧ વરસની વયે રોજ ૧૫ મો માહા ૬ ઠાને દીને મરણ પામ્યા હતા. મરહુમે સરની સ્કુલમાં કેળવણી લઈ જી. આઈ. પી. રેલવેમાં એક કલારક તરીકે શરૂઆતમાં જોડાયા હતા અને પોતાની જાતી બાહોશીથી રફતે રફતે આગળ વધી એવણે ચીફ કલારકનો ઓધો મેલવ્યો હતો અને છેલાં અઢી વરસ થયાં એ કંપનીનાં આફીસરોની રેંકમાં મરહુમને મુકી એવણુને આસીસટંટ ઓડીટર તરીકે નેમવામાં આવ્યા હતા. મરહુમે પોતાની લાયકીથી પોતાના ઉપરી અમલદારોનો તેમજ પોતાના હાથ હેઠલના માણસોનો સારો ચાહ જીતી લીધો હતો. ૧૯૧૨ માં સીમલામાં રેલવે કોનફરંસ ભરવામાં આવી હતી એ વખતે કલીયરીંગ હાઉસની સ્થાપનાને લગતો સવાલ હાથ ધરવામાં આવ્યો હતો જે માટે મરહુમે લંબાન વીગતોથી બતાવી આપ્યું હતું કે એમ બનવું મુશકેલ છે. એવણુ લાંબો વખત સુધી અત્રેની ન્યુ આલફ્રેડ થીએત્રીકલ કંપનીમાં ભાગયા હતા. એવણે રેલવે ઝોરાસ્ત્રીયન ડેઠ બેનીફીટ ફંડના ત્રીસ વરસ સુધી સેક્રેટરી તરીકે ઘણી બાહોશીથી કામ બજાવ્યું હતું.

કોલંબોના જાણીતા તબીબ ડાકટર ધનજીશાહ દાદાભાઈ નશરવાનજી ૩૪ વરસની જવાન વયે રોજ ૧૧મો માહા ૬ઠાને દીને કોલંબો ખાતે મરણ પામ્યા હતા. આ લોકપ્રીય જવાન તબીબના કવખતના મરણથી સીલોન મધેના તેવણુના હમજાતીઓએ એક ઘણોજ બીનસવારથી અને માયાળુ નર ગુમાવયો છે. મરનાર કોલંબોના બુઝરગ શહેરી શેઠ દાદાભાઈ નશરવાનજીના બીજા બેટા થતા હતા. મરહુમે કોલેજની ઝળકતી કારકીર્દી પછી જુદી જુદી હોસ્પીટલોમાં ઓધા ભોગવીને યુરોપ્યન પલાંટરોના તથા બીજાઓના વખાણ મેળવયાં હતાં. તે પછી તેવણ જનરલ હોસ્પીટલમાં હાઉસ સરજયન તરીકે નેમાયા હતા. આ સરકારી તબીબી નોકરી છોડી દઈને ડા૦ બ્રીટો બાબાપુલ સાથે મરનાર જોડાયા હતા અને મરણ સુધી ખાનગી તબીબ તરીકે ધંધો ચલાવયો હતો. મરહુમ દયાલુ દીલના હતા અને ગરીબોને મુફત દવા તેમજ પૈસાનીબી મદદ કરતા હતા. મરહુમ સીલોનની ઘણી કલબો તથા જાહેર મંડળી સાથ સંબંધ ધરાવતા હતા, તેમાં પ્રીમયર કોલંબો કોલટશ ક્રીકેટ કલબના ઓનરરી સેકરેટરી, પારસી સ્પોરટશ કલબના કેપતન, અને ગ્રેનડપાસ લીટરએરી સોસાયટીના પ્રમુખ હતા અને એના કામોમાં આગેવાન ભાગ લેતા હતા. વળી એવણુ બોએશ બ્રીગેડના સારજંટ મેજર હતા અને એવણે બજાવેલી સેવાઓ માટે તે વખતના કમાનડર ઇન ચીફે એવણુની સ્તુતી કરી સાબાસી આપી હતી. લડાઇ ફંડના લાભ માટે એક ખેલ કરાવવાની ગોઠવણ કરવા સારૂ મરહુમે ઘણો આગેવાની ભરયો ભાગ લીધો હતો તેથી એવણુના મરણ પછી એ ખેલ કરવામાં આવ્યો હતો. ત્યારે એ એ ખેલની આખેરીએ સીલોનના ગવરનરના પ્રતીનીધી તરીકે કોલંબોના મેયરે લાગણી ભરયા શબ્દોમાં વીવેચન કરીને ડા૦ ધનજીશાહના મરણ માટે ખેદ જાહેર કરયો હતો અને સેવટે

સઘળા તમાશગીરોને ઉભા થવાની એલતેમાસ કરીને ડા૦ ધનજીશાહ તરફના માનની ઇધાની તરીકે હાજર રહેલાં બેંડ પાસે ડેડ મારચનો સરોદ વગડાવ્યો હતો. મરહુમની પાયદસ્તની ક્રીયા વખતે યુરોપ્યન તથા સીલોનની સઘળી કોમના લોકોની મોટી મીજલસ ભેગી મલી હતી.

શેઠ જીજીભાઇ નશરવાનજી આપઅખતીઆર ૪૭ વરસની વયે રોજ ૨૨ મો માહા ૬ ઠાને દીને મરણ પામ્યા હતા. મરહુમ એક અચ્છા શોરટ હેન્ડ રીપોરટર હતા અને અંગ્રેજી ભાષા ઉપર સારો કાબુ ધરાવતા હતા અને રશીલા તથા ઝમકદાર રીપોરટો લખતા હતા. એવણે કેટલોક વખત સુધી અખબારે સોદાગરના મદદનીશ અધીપતી તરીકેબી કામ કીધું હતું. મરહુમે ભીમસેન નામનું ચીત્રો સાથનું સાંજનું ગુજરાતી પત્ર થોડુક સુધી અતરે પ્રગટ કીધુ હતું. મરહુમે એક જરનાલીસ્ત તરીકેની પોતાની કારકીરદીનો મોટો ભાગ બોમ્બે ગેઝેટ પત્રની હાશીશમાં રીપોરટર તરીકે વરસો સુધી ગાળયો હતો.

શેઠ જાહાંબક્ષ રતનજી વાચ્છા ૪૦ વરસની વયે નવસારી ખાતે રોજ ૩૦મો માહા ૬ઠાને દીને મરણ પામ્યા હતા. મરહુમના ભાઈ શેઠ વાચ્છાજી બચ્ચાં વગર મરણ પામવાથી તેવણને મરહુમ શેઠ જાહાંબક્ષને પાલક કરી આપવાથી મરહુમે પોતાનું નામ જહાંબક્ષ વાચ્છાજી સીબી કરીને રાખ્યું હતું. મરહુમે ફરસટ કલાસ મીકેનીકલ ઈજનેરની પરીક્ષા પાસ કરી દેશાવરો ખાતે જુદા જુદા ધણીઓના પ્રેસો ઉભા કરી પોતાના શેઠોની શાબાસી મેળવી હતી. કેટલાક વરસો સુધી મરહુમ વડોદરાના કલા ભવનમાં શીક્ષક તરીકે રહયા હતા અને છેલા આઠ વરસ થયા નવસારીના શેઠ તાતા હુનરશાળાના હેડ માસતર તરીકે નેમાયા હતા. ત્રણ વરસ ઉપર નવસારી એકઝીબીશનમાં સાંચા તથા માલ બનાવી મુકયા હતા, તે માટે સોના તથા રૂપાના ચાંદો મલ્યા હતા. વળી મહારાજાએબી એ હુનરશાળાની મુલાકાત લઈ મરહુમના કામ માટે પોતાનો સંતોષ જાહેર કીધો હતો.

શેઠ માણેકશાહ કેખશરૂ નાદરશાહ ૩૬ વરસની વયે રોજ ૧૪ મો માહા ૭માને દીને મરણ પામ્યા હતા. એવણે ૧૮૯૮ માં બી. એ. ની અને ૧૯૦૦ માં એલ. એલ. બી. ની પરીક્ષાઓ પસાર કરી ૧૯૦૩ માં સરકારી નોકરીમાં જોડાઇ મુંબઇની હાઈ કોરટમાં ન્યાય ખાતામાં રહયા હતા. એવણે બીજાપુર તથા ધારવાડ જીલ્લાઓમાં સબ જડજના ઓધાઓ ભોગવી ૧૯૧૦ માં અહમદનગરનાં સબ જડજ નેમાયા હતા. એવણે મરાઠી તથા કેનેરીસ ભાશાઓની પરીક્ષાઓ આપી હતી. એવણુની બાહોશીને લીધે ઇનસપેકટીંગ જડજ તરીકે નેમણુક થઇ હતી.

શેઠ સોરાબજી ઉકરજી ઉમરીગર ૪૯ વરસની વયે રોજ ૧૫ મો માહા ૭ માને દીને મરણ પામ્યા હતા. મરહુમે ભાગમાં એપોલો સ્ટ્રીટમાં આવેલી મા૦ જેમ્સ પીયરસે કાઢેલી બે કનફેકશનરીની દુકાનો લીધી હતી. એ પછી મજકુર ભાગયાથી છુટા પડી મરહુમે એ બેઉ દુકાનો ચલાવી હતી અને પાછલથી પીયરસ કંપનીજવાલી દુકાન મરણ સુધી ચાલુ રાખી હતી. એવણની કંપનીની કારી જે પીયરસની કારી તરીકે જાણીતી છે તે માટે ભરૂચ, જલગામ અને નાગપોર ખાતે ભરાયેલા પ્રદરશનોમાંથી સોનાનાં ચાંદો મલ્યા હતા.

શેઠ દીનશાહજી જીવાજી જસુભાઈ ૭૦ વરસની વયે રોજ ૧૯ મો માહ ૭ મા ને દીને મરણ પામયા હતા. એવણે પોતાના પીનાના હાથ તલે વેપારની તાલીમ લીધી હતી અને શેઠો મેરવાનજી ફ. પાંડે તથા રૂ. ધ. કેપટનની પેહડીઓમાં ઘણા વરસો સુધી સારો ભાગ લીધો હતો અને સેવટનાં કેટલાક વરસો એકાંત જીંદગીમાં ગુજારયા હતા. મરહુમે લગભગ રૂપયા પચીસ હજાર સખાવતમાં આપયા હતા.

મરહુમ બાઇ સાહેબ હીરાંબાઇ તે મુંબઇના જાણીતા સખી શેઠયા મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહાડયા સી. આઇ. ઈ. ના ધણીઆણી ૭૫ વરસની વયે તા૦ ૫મી એપ્રીલે યાને પારસી રોજ ૨૬મો માહા ૭મો યઝદેજરદી ૧૨૮૪ને દીને મરણ પામયા હતા. એવણનો જનમ મુંબઇમાં ઈ. સને ૧૮૪૦ માં થયો હતો. મરહુમ બાઇ હીરાંબાઇ મુંબઇના નામાકીત વાહાડયા ખાનદાનના

સ્થાપક મરહુમ શેઠ લવજી નશરવાનજી વાહાડયાના બીજા બેટા શેઠ બમનજીના ચોહા બેટા શેઠ હોરમસજીના બીજા બેટા શેઠ રૂસતમજી હોરમજી વાહાડયાના બેટી થતા હતા. જેવણે પોતાના ભાઇઓ શેઠો બમનજી તથા અરદેશર હોરમસજી વાડીયાજીની સાથે મલી મરહુમ શેઠ હોરમસજી બમનજી વાડીયાના નામનું એક પાક આતશબહેરામ બાંધી મુબઇની જરથોસતી અનજુમનને અરપન કીધું હતું. મરહુમની શેહાદી સાત વરસની બાળ વયે મરહુમ શેઠ નવરોજી સાથે થઇ હતી. અસલ એવો રેવાજ હતો કે કુટુંબના વડા જેમ કરે તેમજ થવું જોઇએ તેથી મરહુમ બાઇના કાકા બેહેસતનશીન શેઠ બમનજી હોરમજી વાહાડયાએ આ લગન ગોઠવી આપયા હતા. વળી શેઠ નવરોજીના નાધલા ભાઇ શેઠ નશરવાનજી જેવણ પોતાના મમાવા શેઠ જાહાંગીર નશરવાનજી વાહાડયાના પાલક થયા હતા, એવણુનાબી લગન એકજ દીવસે તે વખતના પંચાયતના અકાબર શેઠ નવરોજી વાહાડયાજીનાં બેતી બાઇ પીરોજબાઇ સાથે થયા હતા. એ લગનોની ધામધુમ પંદર દીવસ વેર બાઈ હીરાબાઇના સસરા શેઠ માણેકજી નવરોજી વાહાડયા તથા સાસુ બાઈ મોતલીબાઈ જાહાંગીરજી વાહાડયાને ઘરે ચાલુ રહી હતી. લગનને દીવસે રૂપાના સાજે સાથનો વરઘોડો પરધા નીકલયો હતો અને સર ચારલસ ફારબસ તથા બીજા મોટા અમલદારોબી હાજર થયા હતા. તેમજ આખી અંજુમનનું ખાણુબી કરવામાં આવયું હતું. આ લગનો પાછળ લગભગ લાખ રૂપયાનો ખરચ થયો હતો. બાઇ મોતલાબાઇએ તરકીના સુલતાનનો વેચાયલો બે કીમતી હીરાજડીત હાર પોતાની બેઉ વહુઓને પેહરાવયો હતો. મરહુમના મમાવા સસરા શેઠ જાહાંગીરજી વાહાડયા ફરાનસની સરકાર સાથે બોહોલો વેપાર ચલાવતા હતા, તેથી બેઉ પરણતા જોડા માટે ફરાનસના રાજકરતાએ ઘણી કીમતી ભેટો મોકલાવી હતી તેમજ એ રાજના મુંબઇના પ્રતીનીધીએબી હાજરી આપી હતી. મરહુમ શેઠ નવરોજીના બપાઇ બાઈ વીરબાઇજીએ પોતાના દીકરા માણેકજી માટે તેર વરસ સુધી ઘણોજ શોક પાલયો હતો તેવણેબી આ લગનમાં ભાગ લીધો હતો. બાઇ હીરાબાઇએ બે દીકરાઓનો જનમ આપયો પણ એ બેઉ બાળકો એક કલાકમાં મરણ પામયા હતા. એ બાલકો જીવ્યા હતે તો બાઇ મોતલાબાઇ એક મોતી રકમ સખાવતમાં આપનાર હતા. મરહુમ શેઠ નવરોજી તથા એવણના ભાઇ નશરવાનજી બીન વારસ ગુજરી જવાથી એ કુટુંબની દોલત સખાવતમાં ગઈ છે. મરહુમ શેઠ નવરોજી ૬ વરસપર હક થયા હતા ત્યારે એવણ પોતાની કરોડ રૂપયાની દોલત કાંઇબી નાતજાતના તફાવત વગર ફકત વ્યાજ વાપરવા સારૂ ત્રસટ કરી પાંચ ત્રસ્ટીઓ નેમી ધરમ ખાતે આપી ગયા છે જેનું દર વરસે બ્યાજ લગભગ સાડા ત્રણ લાખ રૂપયા ઉપજે છે. મરહુમ બાઈ મોતલાબાઇ પોતાના વહુ હીરાબાઇ ઉપર ઘણું હેત રાખતા હતા અને ૧૮૯૭ માં ત્રસટ કરી એક લાખ રૂપયો બાઇ હીરાબાઇને આપી ગયા હતા કે બાઇ હીરાબાઇ પોતાની હઇયાતી બાદ તેનો ગમે તે ઉપયોગ કરે. વળી બાઈ હીરાબાઇને એવણના ધણી મરહુમ શેઠ નવરોજી રૂ૪૦૦૦૦ તથા દર માસે રૂ૫૦૦નો પગાર મલે એમ વીલમાં ફરમાવી ગયા હતા. બાઈ મોતલાબાઇ અઢી લાખ રૂપયા ત્રસ્ટ કરી ધરમાદા આપી ગયા છે, તેનાં વ્યાજમાંથી મુંબઇ તથા દેશાવરોની મલી ચાર દરેહમેહેરનો તેમજ ચાલુ બાજ રોજગાર વગેરેનો ખરચ કરવામાં આવે છે. એ ટ્રસ્ટ ફંડનો વહીવટ બાઇ હીરાબાઇએ મરણ સુધી ઘણીજ ચાલાકી અને કારસાજીથી ચલાવ્યો હતો. મરહુમ બાઈ હીરાબાઇને ધરમ ઉપર ઘણું એકીન હતું અને પાંચે ગેહમાં બંદગી કરતા હતા તેમજ એવણ ઘણા દુલ્લા જીવના હતા અને ગુપચુપ ગરીબ ગુરબાઓને સારી મદદ કરતા હતા. મરહુમ સ્વભાવે રાંક, સાલેસ, ભોલા, સંતોશી તથા મોટા દીલના બાનું હતા. મરહુમના મરણથી પારસી કોમે એક સખી બાનુ ખોહયાં છે. મરહુમનું મરણ મીઠી પીસાબના દરદથી નીપજયું જે ત્રણ વરસ થયા લાગુ પડયું હતું. મુંબઈમાં મરહુમની પાયદસ્ત કીરીયા વખતે તેમજ ઉઠમણા વખતે એક મોટી મીજલસ ભેગી મલી હતી. વળી મરહુમના ઉઠમણાની કીરીયા સુરત ખાતે શેહેનશાહી આતશબેહરામમાં સરદાર દાવર કેખશરૂ એદલજી મોદીની આગેવાની હેઠળ થઇ હતી, તેમજ

નારગોલ ખાતે શેઠ નવરોજી વાહાડયાવાલી સ્કુલના મકાનમાં ઉઠમણાની ક્રીયા કરવામાં આવી હતી તથા મરહુમના માનમાં શેઠ નવરોજી વાહાડયા હાઇ સ્કુલ અને તાતા હાઈ સ્કુલ બંધ રાખવામાં આવી હતી. મુંબઇમાં મરહુમના ઉઠમણાની ક્રીયા વખતે મરહુમના પુણ્ માટે ૨૨૨૭૬૬ ધરમ ખાતે આપયા હતા.

ખા૦ બા૦ બમનજી એદલજી મોદી ૭૦ વરસની વયે રોજ ૧૦ મો માહા ૮ માને દીને મુંબઈમાં મરણ પામયા હતા. મરહુમે ૧૮૬૮ માં બી. એ. અને ૧૮૬૯ માં એમ. એ. ની પરીક્ષાઓ પસાર કીધી હતી. ૧૮૭૦માં એવણ ઉતર વીભાગના એસીસટંટ સેટલમેંટ ઓફીસર અને ૧૮૭૧માં ખેડાના ડેપયુટી કલેકટર અને ૧૮૭૩માં ત્યાંના મેજીસટરેટ નેમાયા હતા. તેમજ પંચમહાલ, ભરૂચ આનંદ, બોરસદ વગેરે ઠેકાણેથી એવણની નેમણુકો કરવામાં આવી હતી. ૧૯૦૧ માં એવણે નેહર કમીશનમાં જુબાની આપી હતી અને મરકીની શરૂઆતમાં આનંદમાં નાખેલા કવોરનટાઈન વખતે સારી મદદ આપી હતી. મરહુમને ૧૯૦૩ માં નામદાર શેહેનશાહ એડવરડની તાજપોષીની દીહલી ખાતે ભરાયલી દરબારમાં "સરટીફીકેટ ઓફ મેરીટ" બક્ષવામાં આવી હતી. રીટાયરડ થયા પછી મરહુમે છેલ્લા ૧૩ વરસ થયા સુરતમાં વસવાટ કરી કુટુંબી તેમજ બીજા જરથોસતીઓની જાગીરનો વહીવટ કીધો હતો અને સુરતના ઘણા ફંડોમાં પોતાથી બનતી મદદ આપી હતી. વળી મરહુમને સુરતના ઓનરરી મેજીસટરેટ અને મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ નેમયા હતા અને ૧૯૦૮ માં ખાન બહાદુરનો ખેતાબ એનાયત કીધો હતો. મરહુમના માનમાં સુરતની કોરટ તથા મ્યુનીસીપાલ હાફીશ અને મ્યુનીસીપલ શાળાઓ બંધ રાખી હતી. તા૦ ૮મી મે ને દીને સુરત મ્યુનીસીપાલીટીની મળેલી સભામાં દલગીરી દેખાડનારો ઠરાવ પસાર કરી મરહુમના કુટુંબ ઉપર મોકલાવયો હતો. તેમજ તા૦ ૧૦મી જુલાઇએ રા૦ બા૦ નગીનચંદ ઇનિસટીટયુટના હોલમાં રેવરંડ ડાકટર સ્કોટના પ્રમુખપણા હેઠળ સુરત શેહેરની સમસ્ત પ્રજાની મલેલી જાહેર સભામાં મરહુમના કુટુંબ ઉપર દીલાસાપત્ર મોકલવાનો ઠરાવ થયો હતો.

શેઠ રતનજી કાવશજી ફોટોગ્રાફર ૭૦ વરસની વયે રોજ ૧૧ મો માહા ૮ માને દીને મરણ પામયા હતા. મરનાર ઘણા ખંતીલા અને સાહસિક હોવાથી નાની વયથી પોરટુગીઝ હીંદનાં સંસ્થાનો અને પુરવ આફ્રીકાના મથકોએ વેપાર અરથે ગયા હતા. વસાણાનો અરક કાઢી સરસ કીસમની તેની બનાવટ માટે પોરટુગીઝ હુનર ઉધ્યોગના પ્રદરશનોમાં તેની તારીફ થઈ હતી તેમજ ફોટોગ્રાફીને લગતા હુનર તરફ મરનારે ધ્યાન આપી સારી નામના મેળવી હતી. જેથી પોરટુગલના માજી મરહુમ રાજા ડાન લુઇઝ પહેલાએ પોતાના "રોયલ હાઉસ"ના ખાસ ફોટોગ્રાફરનું મરનારને માન આપયું હતું.

મરહુમ શેઠ જાહાંગીરજી નશરવાનજી મોદી ૭૨ વરસની વયે રોજ ૨૫ મો માહા ૮ માને દીને મરણ પામ્યા હતા. મરહુમ પોતાના પીતા શેઠ નશરવાનજીની પેહેડીમાં ભાગયા તરીકે જોડાઈ ચીન સાથ સુતર અને અફીણનો વેપાર ચલાવતા હતા. મરહુમના બાવાએ ૧૮૬૩ માં પોતાના ત્રણ દીકરાઓ સાથે રાસમાં લંડન તેમજ હાંગકાંગ અને મુંબઇમાં પેહેડીઓ ખોલી હતી, જેના ૧૮૮૯ સુધી મરહુમ શેઠ જાહાંગીરજી રાસમાં ભાગયા તરીકે હતા. એ પછી એવણે ૧૮૯૦ માં કોલસાની આયાત વેલાતથી કરવા માંડી હતી પણ ચાર વરસ પછી એ વેપાર બંધ કીધો હતો. મરહુમે પોતાના માતપીતાના પુણ્ માટે અંજુમનના આતશબેહરામમાં દરશનના બે થાભલાઓ ભેટ આપ્યા હતાઅને બીજા ધરમખાતામાંબી સારી મદદ કીધી હતી. રીપન મયુઝીક કલબના જીંદગી સુધીના સભાસદ હતા અને એના સભાસદોએ એવણની સબી તેના હોલમાં મુકી છે.

મરહુમ શેઠ કામાજી બેહરામજી નવરોજી કામા હોસંગાબાદ ખાતે ૩૭ વરસની જવાન વયે રોજ ૧૩ મો માહા ૯ માને દીને મરણ પામ્યા હતા. એવણ કામા હોસપીટલવાળા મરહુમ શેઠ પેસતનજીના બેટા નવરોજીના બેટા થતા હતા. પણ એવણ પોતાના ભાઇ બેહેરામજીના પાલક

થવાથી મરહુમ કામાજી બેહેરામજી કામા તરીકે ઓળખાતા હતા અને એવણના ભાઇ બેરામજી જોડયા જનમેલા ભાઈ થતા હતા. આ બંધે જોડયા ભાઇઓએ સાથે સાથેજ કોલેજમાં તેમજ વેલાત જઇને પરીક્ષાઓ આપી હતી. ૧૮૯૮ માં એમ. એ. ની પરીક્ષા પસાર કરી મેથેમેટીક્સમાં ચેનસેલરવાલો સોનાનો ચાંદ શેઠ કામાજીએ મેલવ્યો હતો. એવણ ગણીતનું તથા ખગોળ વીદયાનું ઘણું ઉચું જ્ઞાન ધરાવતા હતા અને આ વીષય ઉપર ઘણા વીદવતા ભરેલા રેસાલાઓ લખ્યા હતા. ૧૮૯૮ માં ઇંગ્લંડ મધે અભીયાસ વધારવા જવાની ૨૦૦ પાઉંડની ગવરમેન્ટ ઓલ ઇંડયા સ્કોલરશીપ માટે શેઠ કામાજીને ચુંટી કાઢયા હતા. ૧૯૦૧ માં શેઠો કામાજી તથા બેરામજીએ કેમબ્રીજ યુનીવરસીટીની ગણીત શાસ્ત્રની પરીક્ષામાં ૬ ઠા અને ૭ માં રેંગલરની માન ભરી પદવી મેલવી પસાર થયા હતા અને એજ સાલમાં આ બેઉ જોડયા ભાઇઓએ લંડનની સીવીલ સરવીસની પરીક્ષા પસાર કીધી હતી. ૧૯૦૨ ની તા૦ ૧૦ મી જાનેવારીએ શેઠ બેરામજીને ઘોડેસવારીનો અકસમાત થવાથી કેમબ્રીજ ખાતે મરણ પામ્યા હતા. શેઠ કામાજીને ૧૯૦૩ માં કેમબ્રીજ યુનીવરસીટીની સર આઇઝેક ન્યુટનવાળી સ્કોલરશીપ ત્રણ વરસ માટે મલી હતી. હીંદુસ્તાનમાં આવ્યા પછી મધ્ય પ્રાંતમાં જુદે જુદે ઠેકાણે સીવીલીયન તરીકે ઓધાઓ ભોગવ્યા હતા. છેલ્લા એવણ હોશંગાબાદમાં મદદનીશ કમીશનર અને સેશનસ જડજ તરીકે નેમાયા હતા જ્યાં તાવ આવવાથી એવણનું અકાલ મરણ નીપજયું હતું. સીવીલયનો જે વીભાગમાં નોકરી બજાવતા હોય ત્યાંની એક બે દેશી ભાષામાં પરીક્ષા આપવી જોઇએ. મરહુમે તો આ બાબદમાં પોતાની અદભુત શકતી બતાવી આખા હીંદુસ્તાનમાં એક રેકરડ કરી જેબ અને નામના મેલવી છે. એવણે ફારસીની ચાર, અરેબીકની બે, ઉરદુની બે, તેમજ સંસકૃત, હીંદુસ્તાની, હીંદી, મરાઠી, બંગાલી અને ઉરીયાની દરેકની એકેક મલી ૧૯૦૬થી ૧૯૧૪ સુધીમાં નવ ભાષાઓની ચઉદ ચઢતી પરીક્ષાઓ માન સાથે આપી હજારો રૂપ્યાના ઇનામો જીતી ગયા હતા. મરહુમે આ ભાષાનો અભ્યાસ એક જડજ તરીકેના બીકટ અને જંજાલીયત ભરેલા કામની સાથે કરયો હતો જે એવણના માટે ઘણુંજ માન ભરયું છે.

,, ફ્રરદુનજી નશરવાનજી મનજગામવાલાની યાદગારી માટે મદરાસની અનજુમને સર અવસરે વાપરવા બંધાવલું મકાન	...		...
,, જાલ ફીરોઝ મેમોરીયલ બીલડીંગ–ફીરોઝ મનચેરજી કલબવાલાએ પોતાના દીકરાના પુણ માટે	૨૯	૫	૧૨૭૭
મોરા ગામમાં–દાદાભાઈ તથા કાવશજી પાલનજી ચઉનાનું મકાન... ...	...		૧૨૫૬
રાવલપીંડી–નવાબ ધનજીભાઇ ફ્રકીરજી કામાડોર સી. આઇ. ઇ. ની યાદમાં એવણના ધણીયાણી બેગમ આવાંબાઇ તથા બેટા સોરાબજીએ સર અવસરે વાપરવા બંધાવેલું મકાન	૧૦	૮	૧૨૮૧
લેનોલી–ભીખાઈજી જાહાંગીર હોરમજી મોદીનું શેનેટરીઅમ	૧૪	૮	૧૨૬૬
,, ડાઇનીંગ હોલ–કાવશજી દીનશાહ એદનવાલાના સાહેબજાદાઓ ...	૨૨	૯	૧૨૭૧
લંડન–ઈંગલંડના ઇમપીરીયલ ઇનસટીટયુટમાં બંધાવેલો 'ઈંડિયન કોનફ્રરંસ હોલ'–સર જહાંગીર કાવસજી જહાંગીર રેડીમની બારોનેટ... ...	૧૯	૯	૧૨[illegible]
લંડનના વોકીંગ ખાતે–વાહાડયા મોઝોલીયમ–નવરોજી નશરવાનજી વાહાડયાના વારસો	૧૫	૧૦	૧૨૭૦
વલસાડ–સુનાબાઇ જાહાંગીર ફ્રરામજી ભમગરાએ પોતાના બેટા કેખશરૂના પુણ માટે ક્રીયા કામ કરવા બંધાવેલું મકાન...	૧૫	૧	૧૨૮૧
શાંતાકરૂઝ–બાઇ ધનબાઇ બેરામજી મે. મલબારીએ બંધાવેલા હવા ખાવાના મકાનો	...		૧૨૮૦
સક્કર–અરામગાહની જગામાં સર અવસરે વાપરવા માટે એબાદતગાહનું મકાન	૧૧	૭	૧૨૮૨
હજીરા–જીલ્લા સુરત–સેનેટરીયમ–પાલનજી શેરીયારજી માદનના છોકરાઓ રૂશતમજી, ડોશાભાઇ અને માણેકજીએ બંધાવેલું...	૧	૭	૧૨૮૦
હુબલી–હોરમજબાગ–બરજોરજી માણેકજી પટેલ, ભીખાજી બર. બારીયા, સો. હો. ભરૂચા અને બીસદરો, તથા દોરાબજી માણેકજી પનવેલીવાલા મલી...	૬	૨	૧૨૭૮

જરથોસ્તીઓએ સ્થાપેલાં પુસ્તકખાંના.

મુંબઈ મધેના પુસ્તકખાંના.

કોટમાં–સર દીનશાહ પીટીટ મેડીકલ યુનીયન લાઇબરેરી—૧૮૮૩.
,, સર દીનશાહ પીટીટ ફ્રેંચ કલબનું પુસ્તકખાનું—૧૮૮૭.
,, જમશેદજી નશરવાનજી પીટીટ (ફોરટ રીડીંગ રૂમ એંડ લાઇબરેરીવાલું) ઇનસ્ટીટયુટ.
,, મા. ખ. મેમોરીયલ લાઇબરેરી–એલેકઝાંનદ્રા નેટીવ ગરલ્સ ઈંગલીશ ઈનસ્ટીટયુશનમાં.
કોલાબા–જમશેદજી નશરવાનજી પીટીટ રીડીંગ રૂમ એંડ લાઇબરેરી—૧૮૮૬.
ખેતવાડી–ધનજીભાઈ ફ્રામજી રીડીંગ રૂમ એંડ લાઇબરેરી—૧૮૬૦.
ગીરગામ–જમશેદજી નશરવાનજી પીટીટ લાઇબરેરી—૧૮૬૩.
,, રતનજી જમશેદજી તાતાવાલો સ્ટુડંટસ બ્રધરહુડનો રીડીંગ રૂમ અને લાઇબરેરી—૧૯૧૧.
ધોબીતલાવ–માણેકજી લીમજીભાઇ હાતરીઆનું પુસ્તકખાનું—અનજુમનનાં આતશબેહરામમાં.
,, જમશેદજી નશરવાનજી પીટીટ બાહારકોટ ઇમપરૂવમેંટ લાઇબરેરી—૧૮૬૯. (આ લાઇબરેરી જુલાઈ ૧૯૧૩ માં જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડલી હસ્તક સોપવામાં આવી છે.)
બાહારકોટ–સર દીનશાહ પીટીટ કાંદાં મોહલા તથા ભરૂચા મોહલા લાઇબરેરી—૧૮૭૦.
,, મુલ્લાંફીરોજ કેતાબખાનું–દાદીશેઠના આતસબેહેરામમાં—૧૮૫૩.

દેશાવરો ખાતેના પુસ્તકખાંના.

અંકલેશ્વર–જમશેદજી નશરવાનજી પીટીટ અંકલેશ્વર લાઇબરેરી—૧૮૮૬.
અમદાવાંદ–નશરવાનજી માણેકજી પીટીટ ગુજરાત કોલેજ લાઇબરેરી—૧૮૯૦.
એડને–એડન પારસી લાઇબરેરી—૧૮૭૦.
કલકતા–ધી ઓનરેબલ સર દીનશાજી મા. પીટીટ નાઇટ ઝોરાસ્ટ્રીઅન લાઇબરેરી—૧૮૮૯.
કાનાનોર–હીરજીભાઇ મનચેરજી માલેગામવાલાને નામનું લાઇબરેરીનું મકાન—૧૮૯૫.
કોતાહી–કોલંબો નજદીક–મનચેરજી ફ્રામજી ખાનનું લાઇબરેરીનું મકાન—૧૯૦૭.
નવસારી–પેહલા દસ્તુર મેહરજીરાણા કેતાબખાનું–૧૮૭૨.
,, એનું મકાન–માણેકબાઈ માણેકજી દસ્તુર બીલડીંગ—૧૯૦૬.
પુણા–કાવશજી દીનશાહ લાઇબરેરી—પુણાની આલબરત એડવરડ ઇનસ્ટીટયુટ સાથ સને ૧૯૦૧ માં જોડી નાંખવામાં આવી છે.
,, છુપલી લાઇબરેરી માટે કાવશજી દીનશાહ હોલ—૧૯૦૬.
બીલીમોરા–જાંગીર બમનજી પીટીટ નેટીવ જનરલ લાઇબરેરી—૧૮૮૨.
મહાબલેશ્વર–ઓનરેબલ બમનજી પીટીટ નેટીવ જનરલ લાઇબરેરી—૧૯૦૨
રાયપુર–બેરામજી પેશતનજી કંત્રાકટરવાલું બેરામજી આનંદ સમાજ લાઇબરેરીનું મકાન—૧૯૦૯
વડોદરા–નશરવાનજી માણેકજી પીટીટ વડોદરા કેંપ રીડીંગ રૂમ એંડ લાઇબરેરી—૧૮૯૦.
સુરત–રૂસતમપરા રીડીંગ રૂમ અને દસતુર ખોરશેદ લાઇબરેરી—૧૮૬૮.
,, નાનપુરા નેટીવ રીડીંગ રૂમ—૧૮૬૮.
,, ગોપીપુરા–દીનશાહ દોરાબજી મીસતરી લાઇબરેરી અને રીડીંગ રૂમ—૧૯૦૭

જરથોસ્તીઓએ સ્થાપેલાં ધરમનાં દવાખાના.

મુંબઈ મધેનાં ધરમનાં દવાખાનાં.

કોટમાં–કોટનું ધરમનું લોકોના ઉધરાટનું દવાખાનું—કાવસજી ધ. પાંઉવાલાનું.
„ દીનબાઈ પેસતનજી શાપુરજી ગઝદરનું અરધ ધરમનું દવાખાનું—૧૯૦૭.
„ પારસી સુવાવડખાનું—અનજુમનને ખરચે—૧૮૯૫.
કોટ, મેદાનમાં–પેસતનજી હો. કામાવાલી, ઓરત અને બચાંઓ માટેની "કામા હાસપીટાલ"૧૮૮૬
ખેતવાડી–નશરવાનજી માણેકજી પીટીટનું ધરમનું દવાખાનું—૧૮૬૫.
„ ડા૦ ફ્રામરોજ રતનશાહ પારખવાળી સ્ત્રીઓની હાસપીટાલ અને સુવાવડખાનું—૧૯૦૯.
ગીરગામ–ડા૦ માણેક પી. કેરાંવાલાવાલી સ્ત્રીઓની હાસપીટાલ અને સુવાવડખાનું—૧૯૧૦.
ગ્રાંટરોડ–સર દીનશાજી તથા નશરવાનજી માણેકજી પીટીટવાલું દવાખાનું. (અગાઉ માંડવી ચકલા સ્ટ્રીટમાં હતું.)
ચોપાટી–જરબાઈ નવરોજી નશરવાનજી વાહડયાનું પ્લેગ હાસપીટાલનું મકાન—૧૯૦૬.
તારદેવ–ગરીબ જરથોસ્તીઓનાં રેહેઠાણવાલી જગોપરનું ધનજીભાઈ એદલજી આલબલેશને નામનું ધરમનું દવાખાનું—૧૮૯૯.
„ હીરાંબાઇ બેરામજી જીજીભાઇનું ધરમનું દવાખાનું—૧૮૯૧.
„ એડમસ વાઇલી હાસપીટાલમાં ખઇના દરદીઓ માટેનો "નશરવાનજી મા. પીટીટ વાર્ડ"–૧૯૦૮.
„ ઉપલી એડમસ વાઇલી હાસપીટાલમાં "મોટલાબાઈ વાહાડયા ડીસપેનસરી"—૧૯૧૦.
તુરંબે–એદલજી ફ્રામજી આલબલેશ "લેપરસ હોમ"—રગતપીત હાસ્પીટાલ.
ધોબીતલાવ–ડા૦ ખરશેદજી નશરવાનજી કરંજીઆવાળી આંખની હાસપીટાલ—૧૯૧૨ (એની અગાઉ અ. હો. વાહાડયાવાલી આંખની હાસપીટાલ હતી જે બ. દી. પીટીટ પારસી જનરલ હાસપીટાલ સાથ જોડાઈ ગઇ છે.)
પરેલ–સાકરબાઈ દીનશાહજી માણેકજી પીટીટવાળી જાનવરોની હાસપીટાલ—૧૮૮૪.
„ સર દીનશાહ માણેકજી પીટીટ પેથોએકટ્રીઓલોજીકલ લેબોરેટરી.
„ લવજી વાહડયા ડીસપેનસરી—૧૮૬૫.
ભાયખલા–ડા૦ હોરમજી માણેકજી માસીનાની હાસપીટાલ—૧૯૦૨.
„ ડા૦ જે. એન. બહાદુરજીવાલી પુવર મેન્સ આઇ કલીનીક યાને આંખની હાસ્પીટાલ–૧૯૦૮.
ભીંડીબજાર–જમશેદજી જીજીભાઇ હાસપીટાલ સને ૧૮૪૫ માં સ્થાપેલી.
એજ ઠેકાણે–સર કાવસજી જાહાંગીરવાલી આંખની હાસપીટાલ—૧૮૬૬.
„ ઉપલી આંખની હાસપીટાલ સર કાવશજી જાહાંગીરજી બારોનેટે ફરીથી બંધાવી–૧૯૧૦.
„ રૂશતમજી જમશેદજી જીજીભાઇવાલી કફોડાં દરદની હાસપીટાલ.
„ શુવાવડની મોટલાંબાઇ હાસપીટાલ—૧૮૯૨.
„ સર દી. મા. પીટીટની બચાંઓ અને ઓરતો માટેની હાસપીટાલ—૧૮૯૨.
„ ફ્રામજી દીનશાહ પીટીટ લેબોરેટરી—૧૮૯૧.
„ આવાંબાઇ ભાવનગરી નરસીસ હોમ—૧૮૯૧.
મટુંગા–રગતપીતીઆઓ માટે જમશેદજી નશરવાનજી પીટીટ હાસપીટલ વારડ—૧૮૯૪.
માંડવી–બમનજી આલબ્લેશ ઓબસતેત્રીક હાસપીટાલ—સુવાવડખાનું—૧૮૯૦.
મેહેમ–મોટલાંબાઇ જાહાંગીરજી વાહડીઆનું દવાખાનું.

વાલકેશ્વર–બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટાલ—૧૯૧૨.

એજ ઠેકાણે–ફરામજી હોરમસજી વારડનવાલો ઓપરેશન બ્લોક—૧૯૧૨.

" મોટલાંબાઇ જેહાંગીર વાહાડયાવાળો સ્ત્રીઓ માટેનો મુખ્ય બ્લોક—૧૯૧૨.

" પીરોજબાઇ નશરવાનજી જે. વાહાડયાવાલો સ્ત્રીઓના દરદો માટેનો બલોક—૧૯૧૨.

" આવાંબાઈ ફરામજી દીનશાહ પીટીટવાળું સુવાવડખાનું—૧૯૧૨.

" અરદેશર હોરમારજી વહાડયાવાલી આંખની હાસપીટાલ—૧૯૧૨.

" નવાજબાઇ પીરોજશાહ મેરવાનજી જીજીભાઇની યાદમાં બાંધેલો બાહેરના દરદીઓ માટેનો બલોક—૧૯૧૨.

વેસાવા ખાતે–કોનવેલેસંટ હોમ તરીકે–ઉપલી હાસપીટલ માટે કાવશજી સોરાબજી બાટલીવાલાએ ભેટ આપેલા બે બંગલાઓ.

વાંદરાં–ખરશેદજી બેરામજી ભાભા હાસપીટલ—બાઇજી ખ. ભાભાએ પોતાના ધણીના પુણ માટે બંધાવેલી—૧૯૧૪.

" એજ ઠેકાણે–સર કાવશજી જાહાંગીરજી રેડીમની નાઇટ, સી.એસ.આઇ.નું દવાખાનું—૧૮૭૬. (આ દવાખાનું વાંદરામાં બીજે ઠેકાણે હતું તે ૧૯૧૪ માં હાસપીટલ બંધાયા પછી ત્યાં લઇ જવામાં આવ્યું છે.)

" શીરીનબાઈ મનચેરજી કામાવાલું પારસી કોનવેલેસંટ હોમ.

દેશાવરે ખાતેનાં ધરમનાં દવાખાનાં.

અમદાવાદ–નવરોજી પેસતનજી વકીલવાલી "આંખની હાસપીટાલ"—૧૯૦૧.

અંદેરી–નશરવાનજી જાહાંગીરજી વહાડયાવાલું ધરમનું દવાખાનું—૧૮૯૯.

આકોલા–"ખા૦ સા૦ દાદાભાઇ રતનજી બલસારા ડીસપેનસરી"—દાદાભાઇ રતનજી બલસારાએ બંધાવેલી—૧૯૧૪.

ઉડવાડા–જરથોસ્તીઓના ઉધરાતથી ચાલતું દવાખાનું.

ઉમરગામ–નારગોલ–સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટનું ધરમનું દવાખાનું.

એડન–કાવશજી દીનશાહજીની "જરબાઇ ચેરીટેબલ ડીસપેનસરી"—૧૮૯૫.

એરાવ–અરદેશર હોરમજી વાહડીઆજીનું દવાખાનું.

કરંજ–મોટલાંબાઇ જાહાંગીર વહાડયાવાલું ધરમનું દવાખાનું—૧૯૦૦.

કરાંચી–ડફરીન હાસપીટાલ–એદલજી દીનશાહે બંધાવેલી—૧૮૯૮.

" કાંપ–એદલજી દીનશાહ શરાફવાલી "એદલજી દી. ચેરીટેબલ ડીસપેનસરી"—૧૮૮૨.

" કેમારી–"બચુબાઇ એદલજી દીનશાહ હાસપીટાલ."—૧૮૮૭.

" ડા૦ કેખશરૂ ડી. કંટરાકટરવાળું પારસી મેટરનીટી હોમ–સુવાડખાનું—૧૯૧૦.

કવેટા–બરજોરજી દોરાબજી પટેલની, ઓરતો માટેની હાસપીટાલ—૧૮૮૮.

કુડયાણા–મનચેરજી જમશેદજી પટેલવાળી "કુડયાણા ચેરીટેબલ ડીસપેનસરી"—૧૯૧૪.

કાનપોર–જમશેદજી લાલાએ પોતાના ધણીયાણીની યાદમાં પ્રીનસ ઓફ વેલસ હાસપીટાલમાં બંધાવેલો "મીસીસ નવાજબાઇ જમશેદજી લાલા આઉટ પેશંટ વેરડ"—૧૯૧૫.

કુરલા–બમનજી હોરમજી વાહડીઆએ ય. સ. ૧૨૨૫ માં સ્થાપેલું દવાખાનું.

કોલંબો–જમશેદજી રૂસતમજી બીલીમોરીયાના ધણીઆણીએ લેડી રીજવે મેમોરીયલ હાસપીટાલમાં બંધાવેલો "મીસીસ રૂસતમજી વેરડ"—૧૯૦૯.

ખંદાલા–નવરોજી નશરવાનજી વાહડીઆ, સી. આઇ. ઇ. નું ધરમનું દવાખાનું—૧૮૯૬.

ખેરગામ–નશરવાનજી માણેકજી પીટીટનું દવાખાનું.

ગનદેવી–સર કાવશજી જાહાંગીર નાઇટ, સી. એસ. આઇ. વાલું દવાખાનું.

ચીખલી-સર દીનશાજી માણેકજી પીટીટનું દવાખાનું.
તવડી-ન. મા. વાહાડયાની ઇસ્ટેટના ટ્રસ્ટીઓએ સ્થાપેલું ધરમનું દવાખાનું—૧૯૧૧.
તારાપોર-સર દીનશાહજી માણેકજી પીટીટની "સાકરબાઇ ડીસપેનસરી."
થાણા-ખરશેદજી રૂસતમજી વાહાડયાને નામનું દવાખાનું—૧૮૬૫.
દેવલાલી-જરબાઇ નવરોજી નશરવાનજી વાહાડયાવાલી ડા૦ બહાદુરજી સેનેટરીયમને લગતી ચેરીટેબલ ડીસપેનસરી—૧૯૧૦.
નવસારી-સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટની "વીકટોરયા ડીસપેનસરી." [૧૯૧૨.
,, મેરવાનજી નાનાભાઈ મેહતાવાળું "દોરાબજી નાનાભાઈ મેહતા પારસી સુવાવડખાનું"—
,, એનું મકાન-મેરવાનજી નાનાભાઇ મેહતાએ બાંધેલું—૧૯૧૫.
,, રતનજી ફરામજી દાબુ નવસારી પારસી જનરલ હાસપીટાલ—૧૯૧૩.
,, એનું મકાન-રતનબાઇ બરજોરજી પાલનજી મુલ્લાં બીલડીંગ—૧૯૧૩.
,, બમનજી અસપંડયારજી દસ્તુરની કુંપનીએ મરકીના દરદીઓને માટે સ્થાપેલું ધરમનું દવાખાનું—૧૯૦૦.
નાગપોર-સર બેજનજી દાદાભાઇ મેહતાએ ધણીઆણી પીરોજબાઇની યાદમાં મ્યુર મેમોરીયલ હાસપીટાલમાં બંધાવેલો મેટરનીટી-(સુવાવડખાનું)—૧૯૧૨.
નારગોલ-નશરવાનજી જમશેદજી તાતા હાસપીટાલ અને ડીસપેનસરી-રતનજી જમશેદજી તાતાએ બપાવાની યાદમાં બંધાવેલી—૧૯૧૩.
નાશક-સર દીનશાહ માણેકજી પીટીટ જાનવરોની હાસપીટાલ—૧૮૯૫.
નીમચ-કાવશજી જીવણજી કંત્રાકટરનું દવાખાનું—૧૮૮૮.
પુણા-મેહેરબાઈ સોરાબજી પદમજીવાલો પુણાની સાસુન હાસપીટાલમાં સુવાવડનો વારડ—૧૯૦૨.
,, સ્કોટલેંડ મીશનના યુનાઇટેડ ફ્રી ચરચ હસ્તકની એન. એમ. વાહાડયા હાસપીટલ—૧૯૧૨.
,, સર દીનશાહ માણેકજી પીટીટ પુણા કેનટોનમેંટ ચેરીટેબલ ડીસપેનસરીનું મકાન—૧૮૯૪.
,, રગતપીટયાઓના આશ્રમ-સ્થાનમાં અરદેશર હોરમારજી વાહાડયા લેપર એસાયલમનો [વારડ—૧૯૦૯.
,, શુકરવાર પેંટમાં-પેસતનજી સોરાબજીનું દવાખાનું.
બદનેરા-જાહાંગીર હોરમજી મોદીનું દવાખાનું—૧૮૯૬.
બેંગલોર-લેડી કરઝન આસપીટલને લગતું મુંબઇવાળા ડા૦ બેહેરામજી નવરોજજી દારાબશેઠના ધણીઆણી આવાંબાઇના નામનું ઓરતો અને બાળકો માટેનું દવાખાનું—૧૯૦૫.
ભરૂચ-સોરાબજી જમશેદજી જીજીભાઇવાલી મોટી સીવીલ હાસપીટાલ—૧૮૭૨.
,, મનચેરશાહ સોરાબજી વખારીયાએ બાવા સોરાબજીની નૈયતે પારસીઓ માટે બંધાવેલો વારડ—૧૯૧૩.
બીમરડી-ગુલબાઇ દીનશાજી માણેકજી પીટીટ ડીસપેનસરી.
માથેરાન-બેરામજી જીજીભાઇ હાસપીટાલ—૧૯૦૨.
મુરબાદ-જીલ્લા થાણા-સર દીનશાજી માણેકજી પીટીટ બેરોનેટનું ધરમનું દવાખાનું.
મઉ-દોરાબજી પેસતનજી પુણેવાલાનું દવાખાનું—૧૮૭૦.
મેહમદાબાદ-બેરામજી જીજીભાઇવાલી "માણેકબાઈ ડીસપેનસરી."
યરોડા-દીવાનશાળામાં-દીનબાઈ નશરવાનજી પીટીટવાલો પારસી દીવાનાઓ માટેનો વારડ—૧૯૧૩.
રતનાગીરી-સર દીનશાજી માણેકજી પીટીટવાલી રગતપીતની હાસપીટાલ—૧૮૭૫.
રૂસ્તમપુરા-પંચમહાલ જીલ્લા-અરદેશર રૂશતમજી દલાલ ધરમાદા દવાખાનું—સરદાર બમનજી અરદેશર દલાલે પોતાના પીતાના પુણ્ય માટે—૧૯૧૨.

વડોદરા-ડાકટર રૂસતમજી નાણાવટી ડીસપેનસરી—૧૮૮૫.
વલસાડ-સર દીનશાજી માણેકજી પીટીટનું દવાખાનું—૧૮૭૨.
વસાઈ-સર દીનશાજી માણેકજી પીટીટનું દવાખાનું—૧૮૮૬.
વાડા-જીલ્લા થાણા-જમશેદજી નશરવાનજી પીટીટનું ધરમનું દવાખાનું.
સાદરા-જમશેદજી નશરવાનજી પીટીટવાલો સાદરા હાસપીટાલનો ઓરતો માટેનો વારૂડ.
સાનટાકરૂજ-આવાંબાઈ નાનાભાઈ જમુજીનું ડીસપેનસરીનું મકાન—૧૯૦૬.
સીકંદરાબાદ-પીરોજબાઈ ચેરીટેબલ ડીસપેનસરી—૧૮૯૨.
„ મીઠીબાઈ શાપુરજી ચીનાઈ ચેરીટેબલ ડીસપેનસરી.
„ દશતુર એદલજી બમનજી ડેપ્યુટી કલેકટરની યાદગારીમાં શીવીલ હાસપીટાલમાં બાંધેલાં બે વારડો—૧૯૦૪.
સુરત-વાંકી બોરડી-ડાકટર બેહેરામજી પેસતનજી ચેરીટેબલ ડીસપેનસરી—૧૯૦૮.
„ ખરશેદજી ફરદુનજી પારખ વાળી "પારખ ચેરીટેબલ ડીસપેનસરી"—૧૮૬૫.
„ સર કાવસજી જહાંગીર નાઇટ, સી. એસ. આઇ. વાલી મોટી હાસપીટાલ—૧૮૬૪.
„ એજ ઠેકાણે-આલીબાઈ જાહાંગીર પટેલવાલી "પટેલ ઓપરેશન થીએટર"—૧૯૦૮.
„ ડાૅ કેખશરૂ કુવરજી બાલીવાળાની આંખની ખાનગી હાસપીટાલ—૧૯૧૪.
શેહેંગાહી-શાનતુંગ રોડની ચીનાઓની હાસપીટાલમાં ડાૅ કાવસ લાલકાકાની યાદગારી માટે ઉઘાડેલા ફંડમાંથી બંધાયલા વારડો—૧૯૧૧.
હેદરાબાદ-સીંધ-સર કાવસજી જાહાંગીર લુનાટીકસ એસાયલમ—૧૮૭૧.

જરથોસ્તીઓએ સ્થાપેલાં ધરમનાં કેલવણીખાતાં.

મુંબઈ મધેનાં ધરમનાં કેલવણીખાતાં.

કાંદાવાળા મોહલ્લો-મેરવાનજી માણેકજી શેઠનાની જરથોસ્તી છોકરીઓની નીશાળ—૧૮૭૧.
કોટમાં-એલેકઝાંનદ્રા નેટીવ ગરલસ ઈંગલીશ ઇનસ્ટીટયુશન—૧૮૬૩.
„ સર કાવશજી જાહાંગીર એલ્ફીનસટન કોલેજ બીલડીંગ—૧૮૭૯.
„ સર કાવશજી જાહાંગીર "બોંબે યુનીવરસીટી હોલ."
„ સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવોલંટ ઇનસ્ટીટયુશન—૧૮૪૯.
„ જરથોસ્તી છોકરીઓની નીશાળ-(બીખાઇજી શેરાબજી બંગાલીવાલી બીલડીંગમાં)-એજ મંડલીની ચંદનવાડી ખાતે બીજી નીશાળ છે.—૧૮૮૫.
„ નશરવાનજી મનચેરજી કામાજીવાલી સ્કુલ—૧૮૫૦.
„ જીજીભાઇ દાદાભાઇવાલી જંદ અવસ્તા મદરેસા
„ મુલ્લાંફીરોજ મદરેસા-દાદીશેઠના આતસ આદરાંનમાં—૧૮૫૪.
કોલાબા-દાદી અને ફરામરોજ ગોલવાલા તરફથી બાંધવામાં આવેલું સ્વીમીંગ બાથનું મકાન.
ખેતવાડી-સર કાવશજી જાહાંગીરની છોકરીઓની નીશાળ.
„ જમશેદજી નશરવાનજી પીટીટ કસરતશાળા—૧૮૭૪.
„ જીજીભાઈ દાદાભાઈવાલી અંગરેજી તથા ગુજરાતી જંદ શાળાઓ.
„ ફરામજી નશરવાનજીવાલી અંગરેજી તથા ગુજરાતી સ્કુલ—૧૮૫૯.

ચંદનવાડી–સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટની યાદગારીને સારુ ઉભી થયલી જંદ પેહેલવી મદરેસા—૧૮૬૩.
ચરનીરોડના સ્ટેશન સામે–બેરામજી જીજીભાઈ ચેરીટેબલ ઇનસ્ટીટયુશન—૧૮૫૧.
તારદેવ–રતનબાઈ ફરામજી પાંડેવાલી ગરીબ જરથોસ્તીઓના રેહેઠાણો તરફની સ્કુલ.
પરેલ–જમશેદજી નશરવાનજી પીટીટ પારસી ઓરફનેજ—૧૮૮૮.
મેદાન–સર જમશેદજી જીજીભાઇ સ્કુલ ઓફ આર્ટસ એંડ ઇનડસટ્રી—૧૮૫૭.
,, સર દીનશાહ માણેકજી પીટીટનું ધાતુ કામને લગતી કેલવણી આપવાનું ખાતું.
,, સર દીનશાહ માણેકજી પીટીટ જીમનેસટીક ઇનસ્ટીટયુશન (કશરતશાલા)—૧૮૯૧.
વાંદરા–આવાંબાઇ ફરાંમજી પીટીટ પારસી ગરલસ ઓરફનેજ—૧૯૧૩.

દેશાવરો ખાતેનાં ધરમનાં કેળવણીખાતાં.

અંદેરી–અંદેરીની નીશાળનું મકાન–દોરાબજી હોશંગજી અને તેમના ચીરંજીવી.
અમદાવાદ–પારસી જીમખાનાનું મકાન—૧૯૦૬.
,, બેરામજી જીજીભાઈ અમદાવાદ મેડીકલ સ્કુલ.
ઇગતપુર–માણેકબાઇ ડોશાભાઇ ઉમરીગર સ્કુલ–ડોશાભાઇ રૂસતમજી ઉમરીગરે પોતાના ધણીયાણી માણેકબાઇના પુણ માટે બંધાવેલું સ્કુલનું મકાન—૧૯૧૦.
ઈંદોર–જમશેદજી નશરવાનજી પીટીટ ઝોરાસ્ત્રીયન એલીમેનટરી સ્કુલ—૧૮૯૪.
ઉડવાડા–જીજીભાઈ દાદાભાઇના ધરમખાતામાંથી સ્થાપેલી એંગલો વરનાકયુલર સ્કુલ—૧૯૦૬.
ઉમરા–જીલ્લા સુરત–ધનજીશાહ રૂસતમજી ઉમરીગરે પોતાના પીતા રૂશતમજીના નામથી ગુજરાતી નીશાળ માટે બંધાવેલું મકાન—૧૯૧૨.
એડીનબરો–શાપુરજી બરજોરજી ભરૂચાએ પારસી યુનીયન માટે બંધાવેલું ભરૂચા હાઉસ—૧૯૦૯.
કચ્છ–ભુજ–પેશતનજી સોરાબજી ભુજવાલાએ બંધાવેલું કોરોનેશન સ્કુલનું મકાન—૧૯૦૩.
કરાંચી–કાવશજી હોરમજી કાતરક સ્વીમીંગ બાથ—૧૯૦૫.
,, વીરબાઇજી એંગલો વરનાકયુલર સ્કુલ.
,, મ્યુનીસીપાલીટીની સ્કુલની બજાવેલી સેવાની યાદમાં તેનું નામ "પેસતનજી બેરામજી કોટવાલ સ્કુલ" રાખ્યું—૧૯૦૮.
કવેતા–બરજોરજી દોરાબજી પટેલવાળી શાનડીમેન ગરલસ સ્કુલ.
,, અરદેસર ડોશાભાઈ મારકર પારસી સ્કુલ—૧૯૦૪.
,, બરજોરજી દોરાબજી પટેલે યંગમેનસ ઝોરાસ્ત્રીયન એસોસીએશનને લગતી બંધાવેલી "ટેનીસ કોરટ"—૧૯૧૩.
કારવાર–કુવરબાઈ દાદાભાઇ વલસાડવાલા કન્યાશાળા–દાદાભાઇ રતનજી વલસાડાએ પોતાના ધણીયાણીના નામથી બંધાવેલું મ્યુનીસીપાલીટીની શાળાનું મકાન—૧૯૧૧.
કોલંબો–મનચેરજી ફરામજી ખાને કોલંબો કોલટસ ક્રીકેટ કલબ માટે બંધાવેલો "ફરામજી બીખાજી ખાન પેવીલીયન"—૧૯૦૮.
,, મનચેરજી ફરામજી ખાને જાનવરો માટે બંધાવેલું "ફરામજી બીખાજી ખાન આશ્રમ સ્થાન"—૧૯૦૯.
ગોરગામ–રતનબાઈ કન્યાશાળા–જાહાંગીર શાપુરજી ગઝદરે પોતાના માતાજીના નામથી બંધાવેલું સરકારી શાળાનું મકાન—૧૯૧૦.

ગણુદેવી-સર કાવશજી જહાંગીરજી રેડીમની ગણુદેવી હાઈ સ્કુલ—૧૮૬૪.

,, સર જમશેદજી જીજીભાઈ પારસી છોકરા છોકરીઓની ગુજરાતી નીશાળો માટેનું ભીખાઈજી કાવશજી છાપખાનાવાળાનું મકાન—૧૯૧૨.

તેહરાન-(ઇરાનમાં)-કન્યાશાળાનું મકાન-જરબાઈ સોરાબજી ખંબાતા અને સુનાબાઇ જાહાંગીર કટેલીએ પોતાના ભાઈ એરચશાહ રતનજી દુબાશના પુણ્ય માટે બંધાવેલું—૧૯૧૪.

થાણા-બેરામજી જીજીભાઇ થાના હાઇ સ્કુલ—૧૮૮૦

દેવલાલી-એદલજી દોરાબજી તલાટીવાલી દેવલાલી જરથોસ્તી બોરડીંગ સ્કુલ—૧૯૦૭.

નવસારી-સર કાવશજી જહાંગીર નવસારી જરથોસ્તી મદરેસા—૧૮૫૬.

,, એનું મકાન-બેરામજી નશરવાનજી સીરવઇ બીલ્ડીંગ—૧૮૯૭.

,, ઉપલી મદરેસાને લગતું રતનજી ફરામજી દાબુ સ્ટુડંટસ કવાટરસ—રતનજી ફ. દાબુના સાહેબજાદાઓએ બંધાવેલું—૧૯૧૧.

,, જમશેદજી નશરવાનજી તાતા ઇંડસ્ત્રીયલ સ્કુલ. (હુનરશાળા)—૧૯૦૮.

,, એનું મકાન-કેખશરૂ એદલજી બામજી ખુશરૂ બીલ્ડીંગ—૧૯૦૮. [તાતા—૧૯૧૦.

,, એજ ઠેકાણે-એનજીનીયરીંગ વરક શોપ—સર દોરાબજી અને રતનજી જમશેદજી

,, ,, બોરમસતા હોરમજી સીરવઇ કેબીનેટ કલાસ—હોરમજી શાપુરજી સીરવાઇએ પોતાના બેટા બોરમસ્તાની યાદમાં બંધાવેલો—૧૯૧૦.

,, દાદાભાઇ કાવશજી તાતા એંગલો વરનાકયુલર સ્કુલ.

,, નવાજબાઈ તાતાવાલી જરથોસ્તી છોકરીઓની નીશાળ—૧૮૮૩.

,, નશરવાનજી રતનજી તાતાની જંદ પેહેલવી અને ફારસી મદરેસા.

,, રૂસતમજી જમશેદજી જીજીભાઈ એંગ્લો વરનાકયુલર સ્કુલ.

,, એનું મકાન-મેરવાનજી નાનાભાઈ મેહેતા બીલડીંગ—૧૯૦૯.

નાદોદ-ધનજીશાહ એદલજી એંગલો વરનાકયુલર સ્કુલ—રાજપીપલા સ્ટેટના દીવાન ધનજીશાહ એદલજીની યાદમાં સ્થાપેલી—૧૯૧૪.

નારગોલ-નારગોલ પારસી સ્કુલ—૧૯૦૮ (પાછળથી નવરોજી માણેકજી વાહડયા નારગોલ પારસી સ્કુલ—૧૯૧૨.)

,, હીરાંબાઇ જમશેદજી તાતા નારગોલ ઇંગલીશ ગલેશ સ્કુલ—રતનજી જમશેદજી તાતાએ માતાજીની યાદમાં—૧૯૧૩.

નીમચ-કુવરજી કાવશજી કેનટોનમેન્ટ સ્કુલ—૧૯૦૮.

પારડી-કન્યાશાળાનું મકાન-રૂશતમજી સોરાબજી પંચરાઇવાળા—૧૯૧૩.

પુણા-સર દીનશાહ માણેકજી પીટીટ બેરોનેટનું પારસી જીમખાનાનું મકાન—૧૮૯૪.

,, સર કાવશજી જાહાંગીરવાલી પુણા સીવીલ એનજીનીઅરીંગ કોલેજ બીલડીંગ (જે હવડાં કોલેજ ઓફ સાયન્સને નામે ઓળખાય છે.)

,, સર જમશેદજી જીજીભાઇ પુણા કોલેજ બીલડીંગ.

,, સરદાર દસ્તુર નોશરવાનની યાદગારીવાલી જરથોસ્તી છોકરીઓની નીશાળ—૧૮૯૩.

,, એનું મકાન-બહમનબાઇ બીલડીંગ—સરદાર દસ્તુર નોશીરવાનના બહેન બહમનબાઇની યાદગારી માટે બાંધેલું—૧૯૧૧.

,, બેરામજી જીજીભાઇ મેડીકલ સ્કુલ—૧૮૭૮.

,, ફરગયુસન કોલેજને લગતું એન. એમ. વાહાડયા એમ્ફી થીએટર—૧૯૧૨.

બાલાગાટ-(નાગપોર નજદીક)-ડીવોર સ્કુલનું મકાન-નાગપોરવાલા બેરામજી પેશતનજી કંટરા કટર—૧૯૧૩.

બેંગલોર-જમશેદજી નશરવાનજી તાતાવાલું ઈંડીઅન ઇનશટીટયુટ ઓફ સાએનસ-(તાતા રીચર્સ ઇનસટીટયુટ)—૧૯૦૫.

ભરૂચ-જરથોસ્તી છોકરીઓની નીશાળ-૧૮૬૩ (પાછલથી જમશેદજી નશરવાનજી પીટીટ જરથોસ્તી કન્યાશાળા—૧૮૮૫).

,, એ સ્કુલનાં નીચલા ધોરણો માટેનું મકાન-રતનબાઈ ધનજીશાહ ડાકટરે બાંધેલું—૧૮૮૫.

,, એ સ્કુલના ઉપલા ધોરણો માટેનું મકાન-દીનબાઇ નસરવાનજી પીટીટ અને દીકરી આવાંબાઈ ફ. પીટીટે બાંધેલું—૧૯૦૩.

,, ઉપલી કન્યાશાળાને લગતી-પારસી એંગલો વરનાકયુલર ગરલસ સ્કુલ-(પાછલથી મોટલાબાઇ વાડયા યંગ લેડીઝ ઇંગલીશ સ્કુલ—૧૯૧૨.)

,, રૂસ્તમજી સોરાબજી દલાલ હાઈ સ્કુલ—૧૮૮૬.

ભીમડી-નશરવાનજી માણેકજી પીટીટનું ભીમડી સ્કુલનું મકાન.

ભીવંડી-બેરામજી જીજીભાઇ ભીવંડી સ્કુલ—૧૮૯૦.

મઉ-જરથોસ્તી છોકરીઓનું સ્કુલનું મકાન-ભીખાઇજી નવરોજી માણેકજી ખોરીના પુણ માટે.

,, એદલજી પેસતનજી ઝોરાસ્ત્રીયન હાઇ સ્કુલ—૧૮૬૩.

,, એદલજી પેસતનજી એંગલો વરનાકયુલર સ્કુલ.

માથેરાન-જાલભાઈ અરદેશર શેઠ માથેરાન પારસી જીમખાના—૧૯૧૨.

રૂસતમપુરા-પંચમહાલ જીલ્લા-બ્રાઉન વરનેકયુલર સ્કુલ—સરદાર બમનજી અરદેશર દલાલે પોતાના માતાજી ગુલબાઇના પુણ માટે—૧૯૦૭.

વટારગામ-(ઉડવાડા પાસે)-શાવકશાહ સોરાબજી ઉમરીગર સ્કુલનું મકાન—ઉકરજી કાવશજી ઉમરીગરે બંધાવેલું—૧૯૧૪.

વડોદરા-સોરાબજી જમશેદજી જીજીભાઇ વરનેકયુલર સ્કુલ.

વેસુ-જીલ્લા સુરત-પેસતનજી ડોસાભાઇ મારકરવાલું સરકારી શાળાનું મકાન—૧૯૧૦.

વલસાડ-મ્યુનીસીપાલીટી હસ્તકની સ્કુલનું કાવશજી ધનભુરા કન્યાશાળાનું મકાન—૧૯૧૦.

સીકંદરાબાદ-મીઠીબાઈ શાપુરજી એદલજી ચીનાઈ સ્કુલ—૧૮૯૫.

સુરત-રૂસતમજી મનચેરજી કુકાવાળી સુરત પારસી ઓરફનેજ—૧૯૧૨.

,, એજ ઠેકાણે-સોરાબજી જમશેદજી જીજીભાઇ હાઇ સ્કુલ—૧૮૯૫.

,, પીરોજબાઇ માણેકજી પટેલવાલી છોકરીઓની અંગ્રેજી સ્કુલ—૧૯૧૨.

,, એનું મકાન-સીગનપોરવાલા એદલજી કુવરજી પટેલે ભેટ આપેલું—૧૯૧૨.

,, રૂસ્તમજી સોરાબજી પારખ ટેકનીકલ ઇનસ્ટીટયુટ.

,, એજ ઠેકાણે-નવરોજી માણેકજી વહાડયા સી. આઇ. ઇ. નું મોટલાબાઇ વરક-શોપનું મકાન—૧૯૦૧.

હાંગકાંગ-યુનીવરસીટીનું મકાન-સર હોરમજી નવરોજી મોદી—૧૯૧૨.

,, સી મેનસ ઇનસટીટયુટ-સર હોરમજી નવરોજી મોદીએ સેલરો માટે બંધાવી આપેલું રહેવાનું મકાન—૧૯૧૦.

હેદરાબાદ-દખણ-થીઓસોફીક સોસાઇટીનું મકાન—૧૯૦૬.

જરથોસ્તીઓએ સ્થાપેલાં ધરમનાં ફંડો.

રાનના ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારનારૂં ફંડ.

ેતવાડીના જરથોસ્તીઓનું ફંડ.

રથોસતી ધરમ અને ક્રીઆ ઉપર એતેકાદ વધરાવનારી મંડળિનું ફંડ.

ોનબાઇ નસરવાનજી માણેકજી પીટીટે પોતાના મરહુમ બેટા જમશેદજીના પુણને માટે સ્થાપેલું ધંબારનું ફંડ.

ાહારકોટ દરેમેહેરનું બાજ જશનનું ફંડ.

ાહારેકોટનું બચાવ ફંડ.

રબાઇ તે ફ. મા. કોહલાની વીધવાનું ધરમનું ખાતું

ખરશેદજી નશરવાનજી કામાજીની યાદગારીનું જરથોસ્તી વીદ્યારથીઓને ઉતેજન આપવાનું ફંડ.

જીજીભાઇ દાદાભાઇનું ધરમ ખાતું.

મુંબઇમાં નાવારેસ ઇરાની જરથોસ્તીઓનું ફંડ.

મુંબઇનાં કદમી જરથોસ્તીઓનું ધંબારનું ફંડ.

રાહાનુમાએ માજદીઅસનાન સભાની મારફતે ઉભું થયલું જ૦ ધરમનો ફેલાવો કરવાનું ફંડ.

રાહાનુમાએ માજદીઅશનાન સભાનું ફંડ.

શ્રી મુંબઇના જ૦ રૂવાનોના મુકતાદનું ફંડ.

ખરશેદજી અને મ૦ બ૦ પંથકીએ પોતાના બાવા બ૦ મા૦ પંથકીના પુણને સારૂ ગરીબ જરથોસ્તીઓને આશરો આપવા ઉભું કીધેલું ફંડ.

જેહાંગીર બ૦ પીટીટ હસતકનું "બમનજી દીનશાહ પારસી જનરલ હાસપીટલ" ફંડ.

નશરવાનજી મ૦ કામાજીનું ધરમખાતું.

નશરવાનજી માણેકજી પીટીટ ચેરીતી ફંડ—જેમા "નશરવાનજી માણેકજી પીટીટ ગરીબ દીવાના જરથોસ્તીઓને મદદ આપવાનું ફંડ," "જ. ન. પીટીટ આરફનેજનું ફંડ" વગેરે છે.

પારસીઓનું સંકટ નીવારણ ફંડ.

પેશતનજી બમનજી વાડીઆજીનું ધરમખાતું.

બેરામજી હોરમજી કામાનું ધરમખાતું.

મેરવાનજી ફ૦ પાંડેનું નબલી હાલતમાં આવેલાં પારસી કુટંબને આશરો આપવાનું ફંડ.

રૂસતમજી ધનજીશાહ કપટાનનું ધરમખાતું.

બેરામજી જીજીભાઇએ સ્થાપેલું "ત્રસ્ત"

નવરોજી માણેકજી વાહાડયા સી. આઇ. ઇ. એ સ્થાપેલું "ત્રસ્ત"

ગરીબ જરથોસ્તીઓનાં રહેઠાણોનું ફંડ.

પારસીપસતાગીઆ અંજુમન સંકટ નીવારણ ફંડ.

નવસારીના મોબેદોનું ગહંબારનું ફંડ.

નવસારીની અનજુમનનું જનરલ ફંડ.

નવસારીની ભગર સાથની અંજુમનનું મુકતાદ બાજ તથા જશનનું ફંડ.

નવસારીના મલેસર ફલીઆનાં બેહદીનોએ સવાબના કામો સારૂં ઉભું કીધેલું ફંડ.

નવસારીના જરથોસ્તીઓને મદદ કરવાનું નોશેરવાન અદલ ફંડ.

સર જ૦ જી૦નું સુરત તથા નવસારીનું ધરમનું ફંડ.

સુરતનું ફરદુનજી સોરાબજી પારખ ટેકનીકલ ઇનસ્ટીટયુટ ફંડ.

પુણાની જરથોસ્તી અંજુમનને જ૦ રૂવાંનોને અવલમંજલ પોહચાડવા માટે સ્થાપેલું ફંડ.

લંડનમાં ધી પારસી એસોસીએશન ઓફ યુરોપ.

"સર નાઇટ, બારોનેટનો" માનવંત ખેતાબ મલેલા જરથોસ્તીઓ.

શેઠ જમશેદજી જીજીભાઇને તેમની મોટી સખાવતને માટે પેહેલ વેહેલાં ઇસ્વી સને ૧૮૪૨ ની તા૦ ૨ જી મારચે એટલે પારસીઓનો રોજ ૫ મો માહ ૬ ઠો સને ૧૨૧૧ યઝદેજરદીને વાર બુધને દીને "સર નાઇટ" નો નામીચો ખેતાબ મલ્યો હતો. એ ખેતાબની પાદશાહી મોહોર સાથની શનદ ઇંગલંડથી તે વેળાના મુંબઇના ગવરનર ઓનરેબલ જોરજ વીલઅમ એનડરશન ઉપર આવી હતી. તે સર જમશેદજીને આપવા માટે રોજ ૨૯ મો માહ ૮ મો સને ૧૨૧૧ યઝદેજરદી, તા૦ ૨૫ મી મે ૧૮૪૨ ને દીને મુંબઇના પરેલના સરકારી મેહેલમાં રાતે એક મેલાવડો કરવામાં આવ્યો હતો. નામદાર અંગ્રેજ સરકારથી જેવોને "સર નાઇટ" નો ખેતાબ બક્ષવામાં આવે છે, તે ગૃહસ્થની હઇ-આતી સુધીજ હોયછે; પણ તે પછી જનાબેઆલી માહારાણી વીકટોરીઆએ સર જમશેદજીનાં મોટી લખો રૂપયાની સખાવત વીગેરેની બીજી માહાભારત ખુબીની યાદગારી વંશપરંપરા ચાલુ રાખવાના શુભ હેતુથી તેમને રોજ ૨ જો માહા ૯ મો સને ૧૨૨૬ યઝદેજરદી, તા૦ ૨૪ મી મે ૧૮૫૭ ની નામદાર માહારાણી વીકટોરીઆની શાલગરેહને દીને "બારોનેટ" નો માનવંત ખેતાબ બખ્શયો હતો, તેની શનદ એજ વરસના રોજ ૧૬ મો માહ ૧૧ મો સને ૧૨૨૬ યઝદેજરદી, તા૦ ૬ ઠી આગસ્ટ સને ૧૮૫૭ ને વાર ગરેઉને દીને વેલાતની વેસત મીનીસટરમાંથી બાહાર પડી હતી–તેમાં જણાવ્યું હતું કે એ ખેતાબ વંશપરંપરા ચાલુ રેહશે; એટલે કે દરેક બારોનેટના વડા બેટાને "સર જમશેદજી જીજીભાઇ બારોનેટ" ના નામથી એ ખેતાબ વાપરવામાં આવશે. એ મુબારક ખેતાબના મોભાની જાળવણી કીજે મરહુમ સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટે રૂ ૨૨૫૪૪૦૦ ની હીંદી સરકારની પ્રોમીસરી નોટો સરકારમાં અનામત મુકી હતી કે જેનું દર સાલનું વ્યાજ સદરહુ ખેતાબ ધરાવનારને મલે છે. એવો સાહેબને "ફ્રીડમ ઓફ ધી સીટી ઓફ લંડનનું" માન રોજ ૨૧ મો માહ ૭ મો સને ૧૨૨૪ યઝદેજરદી, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૫૫ ઇસ્વીને દીને મલ્યું હતું. સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ જેમનો જન્મ નવસારીમાં રોજ ૬ ઠો માહ ૧૦ મો સને ૧૧૫૨ યઝદેજરદી, તા૦ ૧૫ મી જુલાઇ સને ૧૭૮૩ ઇસ્વીને વાર મંગલને દીને થયો હતો તેઓ સાહેબ ૭૬ વરસની ઉમરે, રોજ ૨૨ મો માહ ૭ મો સને ૧૨૨૮ યઝદેજરદી, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૫૯ ઇસ્વીને વાર ગુરૂને દીને હક થવાથી, એ ખેતાબ તેઓના પેહેલા પુત્ર શેઠ ખરશેદજી જમશેદજીને મલ્યો હતો. જેઓ સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ તરીકે ઓલખાતા હતા. વળી એવો સાહેબને ઇસવી સને ૧૮૭૧ માં યાને ૧૨૪૦ યઝદેજરદીના સાલમાં "કમ્પેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઇંડીયા" નો ખેતાબ નામદાર માહારાણીએ આપ્યો હતો. સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ સી. એસ. આઇ. નો જન્મ રોજ ૩ જો માહ ૧ લો સને ૧૧૮૧ યઝદેજરદી, તા૦ ૯ મી અકટોબર ૧૮૧૧ ઇસવીને દીને થયો હતો. તેઓ ૬૬ વરસની ઉમરે રોજ ૨૫ મો માહ ૧૦ મો સને ૧૨૪૬ યઝદેજરદી, તા૦ ૧૧ મી જુલાઇ સને ૧૮૭૭ ને દીને પુણા ખાતે ગુજરયાથી તેઓના વડા પુત્ર શેઠ માણેકજી ખરશેદજી, "સર જમશેદજી જીજીભાઈ ત્રીજા બારોનેટ" તરીકે ગણાયા હતા. વળી એવણને નામદાર માહારાણીની સાલગરેહની ખુશાલીમાં, સી. એસ. આઇ. યાને "કમ્પેનીઅન ઓફ ધી સ્ટાર ઓફ ઇંડીઆ" નો ખેતાબ રોજ ૧૯ મો માહ ૮ મો સને ૧૨૫૩ યઝદેજરદી, તા૦ ૪ થી મે સને ૧૮૮૪ ને દીને મલ્યો હતો. એવણનો જન્મ રોજ ૮ મો માહ ૬ ઠો સને ૧૨૨૦ યઝદેજરદી, તા૦ ૩ જી મારચ સને ૧૮૫૧ ઇસ્વીને દીને થયો હતો, તેઓ ૪૭ા વરષની ઉમરે રોજ ૬ ઠો માહ ૧૧ મો શેહેનશાહી સને ૧૨૬૭ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુલાઇ સને ૧૮૯૮ ને દીને ગુજરવાથી અને તેવણના એક પુરા બેટા શેઠ ખરશેદજી ૧૫ વરસની ભર જવાન

વયે સને ૧૮૯૩ ના જુલાઇ માસની ૨૮ મી તારીખે ગુજરી ગયલા હોવાથી, અને ત્રીજા બારોનેટ સર જમશેદજીને પેટે બીજો કોઇ હઇઆત વારસ ન હોવાથી તેવણુના ભાઇ શેઠ કાવસજી ખરશેદજી જમશેદજી, જેઓનો જનમ રોજ ૫ મો માહ ૩ જો શેહેનશાહી સને ૧૨૨૨ યઝદેજરદી, તા૦ ૨૫ મી નવેમબર ૧૮૫૨ ઇસવીને વાર સોમને દીને થયો હતો, તેવણુ "સર જમશેદજી જીજીભાઇ ચોથા બારોનેટ" તરીકે ગણાયા હતા. એવણુને નામદાર સરકાર તરફથી સને ૧૯૦૦ ના સાલમાં મુંબઇના શેરીફ નેમવામાં આવ્યા હતા, અને એવણુ ૧૦ વરસ સુધી બારોનેટશીપ ભોગવી ૫૫ાા વરસની વયે મુંબઇમાં રોજ ૮ મો માહ ૧૦ મો શેહેનશાહી સને ૧૨૭૭ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુન સને ૧૯૦૮ ઇસવીને વાર બુધને દીને બેહેસતનશીન થવાથી એવણુના એક પુરા વડા બેટા શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈ જેવણુનો જનમ રોજ ૧૮ મો માહા ૬ ઠો શેહેનશાહી સને ૧૨૪૭ યઝદેજરદી, તા૦ ૬ ઠી મારચ સને ૧૮૭૮ ઇસવીને વાર બુધને દીને થયો હતો, તેવણુ પોતાની ત્રીસ વરસની ઉમરે "સર જમશેદજી જીજીભાઇ પાંચમાં બેરોનેટ" તરીકે હમણા ગણાય છે. એવણુને નામદાર સરકાર તરફથી ઈસ્વી સને ૧૯૧૫ના સાલમાં મુંબઇના શેરીફ નેમવામાં આવ્યા હતા.

શેઠ દીનશાહજી માણેકજી પીટીટને તેમની મોટી લખો રૂપીઆની સખાવત તથા બીજાં ખુબીવંતા કામોને લીધે રોજ ૨ જો માહા ૬ ઠો સને ૧૨૫૬ યઝદેજરદી, તા૦ ૧૬ મી ફેબરવારી સને ૧૮૮૭ ને દીને "સર નાઇટ" નો નામાચો ખેતાબ આપણી અંગ્રેજ સરકાર તરફથી મલ્યો હતો. નામદાર શેહેનશાહબાનુ વીકટોરીઆએ પોતાના તખતપર બીરાજવાને પચાસ વરસ પુરાં કીધાં તેની ખુશાલીમાં "જુબીલી" ને નામનો એક તેહેવાર આખાં હીંદુસ્થાનમાં ઉપલી તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૮૭ ને દીને મોટી ધામધુમથી પાલવામાં આવ્યો હતો. તે દીને નામદાર શેહેનશાહબાનુંએ આપેલા ખેતાબોનું લીસ્ટ જે કલકતાની વડી સરકારના સરકારી ગેઝેટમાં છાપી પ્રગટ કરવામાં આવ્યું હતું, તેમાં શેઠ દીનશાહજી માણેકજી પીટીટને આ સર નાઈટનો નામીચો ખેતાબ બક્ષવાનું જાહેરનામું પ્રગટ થયું હતું. આ બનાવથી આખી પારસી કોમમાં અને મુંબઇની તમામ વસ્તીમાં મોટી ખુશાલી પંથરાઇ હતી, અને ચોમેરથી સર દીનશાજીને માન-પાન ખાનાં-પીના અને એદરેસો આપવામાં આવ્યાં હતાં. એ પછી સને ૧૮૯૦ ના સાલમાં નામદાર કયસરે હીંદની તરફથી એવણુ સાહેબને "બારોનેટ" નો માનવંત ખેતાબ બક્ષવામાં આવ્યો હતો, જેની પેહેલવેહેલી ખબર મુંબઇના નામદાર ગવરનર લારડ રેએ-શાકરબાઇવાલી જનાવરોની હાસપીટલમાં જાનવરોનાં વઇદાંને લગતી શોધખોલ કરવાને માટેની "લેબોરેટરી," ખુલ્લી મેલતી વેલાએ તા૦ ૧૮ મી મારચ સને ૧૮૯૦ ને દીને પોતાનાં ભાષાંણમાં જાહેર કરી હતી. તે પછી ઇંગ્લંડથી આવેલા આ ખેતાબનાં "લેટરસ પેટંટ" મુંબઇ સરકારના જુડીશીયલ તથા ધારાખાતાના માજી મદદનીશ સેક્રેટરી મરહુમ શેઠ મેહેરવાનજી નસરવાનજી વાહાડયા રોજ ૨૮ મો માહા ૨ જો સને ૧૨૬૦ યઝદેજરદી, તા૦ ૧૩ મી નવેમ્બર સને ૧૮૯૦ ઇસ્વીને દીને સર દીનશાહજીના વાલકેશ્વર ખાતેના પીટીટ હાલમાં જઇને એવો સાહેબને પોહોચાડી આવ્યા હતા. એ ખેતાબની જાલવણીને માટે એવો સાહેબે બી રૂપયા પચીસ લાખની મોટી રકમના પાંચ ટકાનાં મ્યુનીસીપલ બોન્ડો સરકારમાં અનામત મેલ્યા છે કે જેનું વ્યાજ.દર "બારોનેટ" વારસને મલ્યું જશે. નામદાર સર દીનશાહજી જેમનો જનમ રોજ ૩૦ મો માહા ૯ મો સને ૧૧૯૨ યઝદેજરદી, તા૦ ૩૦ મી જુન સને ૧૮૨૩ ઇસ્વી ને દીને થયો હતો, એવો સાહેબ ૭૭ વરસ ને ૧૧ માસની ઉમર ભોગવીને રોજ ૨૩ મો દેપદીન માહ ૮ મો આવાં સને ૧૨૭૦ યઝદેજરદી, તા૦ ૫ મી મે ૧૯૦૧ ને રવીવારે બેહશતનશીન થયા હતા. એવણુની જગોપર એવણુની પાછલ બારોનેટશીટપર આવવાનું એવોનાં માંગવાથી નામદાર સરકારે (એમના પેહેલા વડા બેટા શેઠ કાવસજી આગલથી

ગુજરી ગયલા હોવાથી) એમના બીજા બેટા શેઠ ફરામજી દીનશાજી પીટીટને અને તેમના મરદ વારેશોને માટે કાયદામાં નકી કરી આપયું હતું, પણ શેઠ ફરામજી નામદાર સર દીનશાહજીની હઇયાતીમાંજ ગુજરી જવાથી તેમના એક પુરા બેટા શેઠ જીજીભાઈ ફરામજી પીટીટ જેમનો જનમ રોજ ૨૦ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૪૨ યઝદેજરદી, તા૦ ૭ મી જુન સને ૧૮૭૩ ઇસ્વી ને દીને થયો હતો તેવો હાલમાં "સર દીનશાજી માણેકજી પીટીટ બીજા બૅરોનેટ" તરીકે ગાદીએ આવ્યા છે.

શેઠ જાહાંગીર કાવસજી જાહાંગીર રેડીમની તે આપણી ટાપુના એક મોટા મરહુમ સખી શેઠયા સર કાવસજી જાહાંગીરનાં દત પુતરે લંડન ખાતે ઇંગલંડના ઇમપીરીયલ ઇનસ્ટીટયુટમાં 'ઈંડયન કોનફરંસ હૉલ' બંધાવી આપ્યો તે માટે બે લાખ રૂપીઆની મોટી મદદ કરી હતી તથા બીજી કેટલીક સખાવતો કરી હતી. એવો સાહેબને સને ૧૮૯૫ ની તા૦ ૩૦ મી જુને યાને રોજ ૧૮ મો માહા ૧૦ મો સને ૧૨૬૪ યઝદેજરદી ને વાર રવીને દીને વેલાતની નામદાર સેરકાર તરફથી "સર નાઇટ"ના નામીચા ખેતાબની એનાયત થઇ હતી. એ ખેતાબ ઇંગલાંડમાં ખુદ મરહુમ માહારાણી વિકટોરીયાના બખતાવર હાથેજ એવો સાહેબને અરપન કરવામાં આવ્યો હતો. એ પછી એવો શેઠની ચાલુ રહેલી મોટી ઓહોલી સખાવતો માટે નામદાર બખતાવર શેહેનશાહ એડવર્ડ સાતમાની ૬૮ માં વરસની સાલગ્રેહના શુભ દીને યાને તા૦ ૨૬ મી જુન સને ૧૯૦૮ ઇસ્વી, રોજ ૧૭ મો માહા ૧૦ મો સને ૧૨૭૭ યઝદેજરદી ને વાર શુકરને દીને સાલગ્રહની ખુશાલીમાં વેલાત ખાતે ઉમરાવો અને બીજાઓના ખેતાબોનું લીસ્ટ જે વેલાતના ગવરમેન્ટ ગેઝેટમાં છાપી પ્રગટ કરવામાં આવે છે (જેનો ટેલીગ્રામ અતરે તેજ દીવસે આવ્યો હતો) તેમાં સર જાહાંગીર કાવશજીને બારોનેટનો માનવંત ખેતાબ એનાયત કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું. એની સનદ મુંબઇના નામદાર ગવરનર સર જયોરજ સીડનહેમ કલારકે મુંબઇના સેકરેટરીયટના કાઉનસીલ હાલમાં રોજ ૩૦ મો માહા ૫ મો સને ૧૨૭૮, તા૦ ૯ મી ફેબરવારી સને ૧૯૦૯ ને દીને ભરેલી લેવીમાં સર કાવસજી જાહાંગીરને એનાયત કીધી હતી. આ બારોનેટના બખતાવર ખેતાબની જાલવની સારૂ એવો શેઠે બી રૂપીયા ૨૫,૦૦,૦૦૦ ની નાદર રકમ સરકારમા અનામત મેલી છે કે જેનું બ્યાજ દર બારોનેટ વારસને હમેશા મલ્યું જશે. તે એવી રીતે કે રૂપીઆ પંદર લાખની મીલકતો જે નામદાર સરકારને આપેલી છે કે જેની ઉપજ રૂપીયા ૫૦,૦૦૦ થશે, તે રકમ નામદાર હીન્દી વજીર તરફથી કાયમને માટે સાલયાણા દાખલ દર વરસે મલતી રહે, એવી ગોઠવણ કરવામાં આવી છે. આ ઉપરાંત રૂપ્યા દશ લાખના હીન્દી સરકારની પ્રોમીશરી લોનો, મુંબઇની મ્યુનીસીપાલ કોરપોરેશનના તથા મુંબઇ પોરટ ત્રસ્ટના અને મુંબઇના સીટી ત્રસ્ટનાં બાંનડો આપવામાં આવ્યા છે, જેની રૂ. ૪૦,૦૦૦ ની વધુ વારસીક ઉપજ થશે. વલી મુંબઇમાં આવેલાં રેડીમની હાઉસના બે બંગલા ૨૦,૦૦૦ વાર જગા સાથે આપ્યા છે જેમાનું ફોરટ મેનસન હાઉસ જે ચર્ચગેટ સ્ત્રીટમાં આવેલું છે. જે આજે એક સદી ઉપર પેહેલવેહેલું ચર્ચગેટ સ્ત્રીટમાં બંધાયું હતું અને તેનું ભાડું ઉપજે છે અને તે રેડીમણી ખાનદાનમાં આજે આઠ નવ પેહડીથી ઉતરી આવેલું છે. એનું બધું મલીને રૂપીયા એક લાખની આવકનું જાડુકનું ત્રસ્ટ છે. હવે પછી જે સર કાવશજી જાહાંગીરનું નામ ધારણ કરે તેનેજ આ આવક મલી શકે એવો બંદોબસ્ત કીધો છે. હાલ તરત રૂપીયા પચીસ લાખ ત્રસ્ટમાં મુકીઆ છે. પણ કોઇબી વારસ હવે પછી રૂપીયા પચાસ લાખ વેરનો ત્રસ્ટમાં વધારો કરી શકશે. સર જાહાંગીર કાવશજી જાહાંગીરે પોતાને બારોનેટનો ખેતાબ મલ્યા પછી પોતાનું નામ ફેરવી "કાવશજી જાહાંગીર" રાખ્યું છે. એવો સાહેબનો જનમ રોજ ૧૬ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૨૨૨ યઝદેજરદી, તા૦ ૮ મી જુન સને ૧૮૫૩ ઇસ્વી ને વાર બુધને દીને થયો હતો.

"સર નાઇટનો" નામીચો ખેતાબ મલેલા જરથોસ્તીઓ.

મુંબઇના સખાવતી શેઠ કાવસજી જાહાંગીરજી રેડીમની, જેવોનો જનમ રોજ ૨૧ મો માહા ૮ મો સને ૧૧૮૧ યઝદેજરદી, તા૦ ૨૪ મી મે સને ૧૮૧૨ ઇસ્વીને દીને થયો હતો, તેઓ સાહેબ ૬૬ વરસની ઉમરે રોજ ૩ જો માહા ૧૧ મો શેહેનશાહી સને ૧૨૪૭ યઝદેજરદી, તા૦ ૧૯ મી જુલાઈ સને ૧૮૭૮ ઇસ્વીને દીને હક થયા હતા, તેવોએ પોતાનો ધરમી દશત ચોમેર લંબાવી સઘલી કોમમાં વીખીઆતી મેલવી હતી, તેવણને ઇસ્વી સને ૧૮૬૯ નાં જુન માસમાં સી. એસ. આઇ. યાને "કમ્પેનીઅન ઓફ ધી સ્ટાર ઓફ ઇનડીઆ"નો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો. એ પછી એ શેઠની એવી કોશેશો વધારે જારી રેહવાથી શેઠ કાવસજીને "સર નાઇટ" નો નામીચો ખેતાબ સને ૧૮૭૨ ના સાલમાં નામદાર સરકાર તરફથી આપવામાં આવ્યો હતો.

શેઠ મનચેરજી મેરવાનજી ભાવનગરી સી. આઇ. ઈ. ને નામદાર શેહેનશાહ બાનુંની ડાયમંદ જુબીલીને ટાંકણે યાને તા૦ ૨૨ મી જુન ૧૮૯૭ ને દીને "નાઇટ કમાંડર ઓફ ધી ઈંડીયન એમ્પાયર" નો નામીચો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો.

ઓનરેબલ શેઠ પીરોજશાહ મેરવાનજી મેહેતા બારીસ્ટર સી. આઈ. ઇ.—જેવો મુંબઇમાં પ્રજાનાં એક અચ્છા આગેવાનનો હરહમેશ ભાગ બજાવતા હતા—તેઓને નામદાર બ્રીટીશ સરકારે તા૦ ૨૪ મી જુન ૧૯૦૪ ને દીને નામવર શેહેનશાહ એડવરડ સાતમાંની શાલગરેહને દીને અપાયલા ખેતાબોમાં "કે. સી. આઇ. ઇ." યાને "નાઇટ કમાંડર ઓફ ધી ઈંડીયન એમ્પાયર" નો નામીચો ખેતાબ બખશયો હતો.

મુંબઇના જાણીતા શેહેરી અને સખાવતે મહશુર નામીચા શેઠયા શેઠ દોરાબજી જમશેદજી તાતાને તા૦ ૧ લી જાનેવારી સને ૧૯૧૦ ઈસ્વી યાને આપણી રાજ કરતી કોમના નવા વરસની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો હતો.

હોંગકોંગના જાણીતા શેહેરી અને વેપારી શેઠ હોરમસજી નવરોજી મોદીને આપણી ઈંગલંડની બ્રીટીશ સરકાર તરફથી સર નાઇટનો ખેતાબ તા૦ ૧૬ મી મારચ સને ૧૯૧૦ ને દીને યાને રોજ ૫ મો માહા ૭ મો શેહેનશાહી સન ૧૨૭૯ યઝદેજરદી ને વાર બુધને દીવસે એનાયત કરવામાં આવ્યો હતો. શેઠ હોરમસજીએ નામદાર પ્રીનસેસ ઓફ વેલ્સનું બાવલું હોંગકોંગમાં ૧૯૦૯ ના નવેમબર માસમાં ભેટ કીતું હતું. તેમજ એવો સાહેબે ચીનમાં નાતજાતની તફાવત વગર લખો રૂપ્યાની સખાવત કીધી છે, જેમાં હોંગકોંગમાં એવણની સઉથી મોટી સખાવતોમાં હોંગકોંગ યુનીવરસીટી અને સેલરસ હોમ છે. એ યુનીવરસીટી બાંધવા માટે લગભગ ૩ લાખ ડાલર સર હોરમજીએ આપ્યા હતા. આ યુનીવરસીટીની બીલડીંગનો પાયો નાખવાની ક્રીયા તા૦ ૧૬ મી મારચ ૧૯૧૦ ને દીને હોંગકોંગના નામદાર ગવરનર સર ફ્રેડરીક લુગાડે કીધી હતી. એ વખતે નામદાર ગવરનરે જાહેર કીધું હતું કે નામદાર શેહેનશાહ સાતમાં એડવરડે યુનીવરસીટી તરફ પોતાની પસંદગી દેખાડી એ નામદારે એજ દીને તારનો સંદેશો મોકલીને શેઠ મોદીને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કીધો છે. સર હોરમજી મોદી જેવોનો જનમ રોજ ૧૩ મો માહા ૧ લો શેહેનશાહી સને ૧૨૦૮ યઝદેજરદી, તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૩૮ ઇસ્વીને વાર સુકરને દીને થયો હતો, એવો સાહેબ ૭૨ વરસની ઉમરે રોજ ૭ મો માહ ૧૦ મો સને ૧૨૮૦ યઝદેજરદી, તા૦ ૧૬ મી જુન ૧૯૧૧ ને શુકરવારે બેહસ્તનશીન થયા હતા.

મુંબઇના જાણીતા શેહેરી તથા મોટા શેર દલાલ શેઠ શાપુરજી બરજોરજી ભરૂચાની બોહલી સખાવતો અને ગરીબોના એક ખેરખા તરીકે એવો શેઠે આપેલી કીમતી મદદ તેમજ સરકારના આબરૂ ઇઝત પામેલા સાચ્ચા સલાહકાર અને પ્રજામાં તથા વેપારી વર્ગોમાં પ્રખ્યાત નાણાશાસ્ત્રી તરીકે એવણે સારી કીરતી મેલવી હતી. શેઠ શાપુરજીને સને ૧૯૧૧ ના સાલના મુંબઇના માનવંત શેરીફ઼ંબી નેમ્યા પછી એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાની તા૦ ૧૨ મી ડીસેમ્બર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહા ૪ થો સને ૧૨૮૧ યઝદેજરદી ને દીને દીલ્હી ખાતે થયલી યાદગાર રાજ્યભીષેક યાને કોરોનેશનની કીયા વખતે ભરાયલી દરબારમાં નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાં તરફથી બક્ષવામાં આવ્યો હતો.

મુંબઇની હાઇ કોરટના માનવંત જડજ ઓનરેબલ શેઠ દીનશાહ ધનજીભાઇ દાવરની કાબેલ્યત, તથા એક ફતેહમંદ જડજ તરીકેની તેમની ઝળકતી કારકીરદી, જાણીતી છે. એવો સાહેબે પારસી કોમને લગતા અગત્યના સવાલોમાં ભાગ લઇ કીમતી સહલા આપવા ઉપરાંત પોતાના ઓધ્ધાની ફરજ નામદાર સરકાર અને પ્રજાના સંતોષ વચ્ચે બજાવી હતી. એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાની તા૦ ૧૨ મી દીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહા ૪ થો સને ૧૨૮૧ યઝદેજરદી ને દીને દીલ્લી ખાતે થયલી યાદગાર રાજયભીષેક યાને કોરોનેશનની કીયા વખતે ભરાયલી દરબારમાં નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાં તરફથી બક્ષવામાં આવ્યો હતો.

નાગપુરવાલા ખા૦ બા૦ બેજનજી દાદાભાઇ મેહેતાએ નાગપોર, બીરાર અને મધ્ય પ્રાંતોમાં મીલ ઉધ્યોગ તથા હુનરની ખીળવણીના જાહેર કામોમાં આગેવાન ભાગ ભજવી તેમજ દુકાળ તથા મરકીના વખતમાં સરકારની તથા જાહેર પ્રજાની સેવા બજાવી હતી. એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાંની તા૦ ૧૨ મી દીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહા ૪ થો સને ૧૨૮૧ યઝદેજરદી ને દીને દીલ્લી ખાતે થયલી યાદગાર રાજ્યભીષેક યાને કોરોનેશનની કીયા વખતે ભરાયલી દરબારમાં નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાં તરફથી બક્ષવામાં આવ્યો હતો.

મુંબઇના જાણીતા શેહેરી અને કોટના પારસી સુવાવડખાનાના વડા તબીબ ડા૦ ટેમુલજી ભીખાજી નરીમાનને નામદાર સરકારની તેમજ જાહેર પ્રજાની બજાવેલી કીમતી સેવાની પીછાનમાં તા૦ ૧ લી જાનેવારી ૧૯૧૪ ઇસ્વી ને દીને યાને આપણી રાજ કરતી કોમના નવા વરસની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો હતો. તા૦ ૨૦ મી જુન ૧૯૧૪ ને દીને પુણા ખાતે ભરાયલી લેવીના મેલાવડામાં નામદાર ગવરનર લોરડ વીલીંગડને ડા૦ ટેમુલજીને સર નાઇટના ખેતાબની સનદ એનાયત કીધી હતી.

દખણ હેદરાબાદના જાણીતા શેહેરી શેઠ ફરદુનજી જમશેદજી વાચ્છા સી. એસ. આઈ., સી. આઈ. ઈ. જેવણને નામદાર નીઝામ સરકાર તરફથી નવાબનો ખેતાબ મલવાથી "નવાબ ફરેદુન જંગ બાહાદુર" ને નામે ઓલખાય છે અને એવણ નામદાર નીજામ સરકારના પોલીટીકલ સેક્રેટરી અને હેદરાબાદના વડા વઝીરના ખાનગી સેકરેટરીનો મોટો માનવંત ઓધ્ધો ભોગવે છે, એવણને નામદાર બ્રીટીશ સરકાર તરફથી નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાની તા૦ ૩ જી જુન ૧૯૧૫ ને દીને પડેલી ૫૦ માં વરસની સાલગ્રેહની ખુશાલીમાં કે. સી. આઈ. ઈ. યાને "નાઇટ કમાંડર ઓફ ધી ઈંડીયન એમપાયરનો" નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

સી. એસ. આઈ. યાને કમ્પેનીઅન ઑફ ધી સ્ટાર ઑફ ઈંડીઆ.

સર કાવસજી જહાંગીર રેડીમની—(મરહુમ) ૧૮૬૯.
સર જમશેદજી જીજીભાઈ બીજા બારોનેટ—(મરહુમ) ૧૮૭૧.
બેરામજી જીજીભાઈ—(મરહુમ) ૧૮૭૬.
ડોશાભાઇ ફરામજી કામા—(મરહુમ) ૧૮૭૭.
સર જમશેદજી જીજીભાઇ ત્રીજા બારોનેટ—(મરહુમ) ૧૮૮૪.
નવાબ સર ફરેદુન જંગ બાહાદુર—૧૯૧૧.

સી. આઇ. ઇ. યાને કમ્પેનીઅન ઑફ ધી ઈંડીયન એમપાયર.

દસ્તુર બમનજી જામાસ્પજી પુણેવાલા—ખીરારના માજી આ૦ કમીશનર—(મરહુમ) ૧૮૭૫
સોરાબજી શાપુરજી બંગાલી—(મરહુમ) ૧૮૮૧.
પેશતનજી જાહંગીર તાલીયારખાન—(મરહુમ) ૧૮૮૩.
નવરોજી ફરદુનજી—(મરહુમ) ૧૮૮૪.
સર મનચેરજી મેરવાનજી ભાવનગરી—૧૮૮૬.
પેશતનજી હોરમજી કામાજી—(મરહુમ) ૧૮૮૭.
મેહેરજી કુંવરજી તારાપોરવાલા—કોલાપોરના માજી દીવાન—(મરહુમ) ૧૮૮૮.
નવરોજી નશરવાનજી વાહડીઆ—(મરહુમ) ૧૮૮૯.
મનચેરજી કાવશજી મરઝબાન—૧૮૯૧.
નવરોજી માણેકજી વાહડીયા—(મરહુમ) ૧૮૯૩.
ઓનરેબલ સર પીરોજશાહ મેરવાનજી મેહેતા—૧૮૯૪.
કાવસજી દીનશાહ એડનવાલા—(મરહુમ) ૧૮૯૪.
નવરોજી પેશતનજી વકીલ—અમદાવાદવાલા—૧૮૯૭.
રૂસતમજી ધનજીભાઇ મેહેતા—કલકતાવાલા—૧૮૯૭.
મનચેરજી રૂસતમજી ધોલુ—એડનના માજી રેજીસ્ત્રાર—(મરહુમ) ૧૮૯૭.
ખરશેદજી રૂસતમજી થાણેવાલા—રતલામના દીવાન—(મરહુમ) ૧૮૯૯.
નવાબ ધનજીભાઈ ફકીરજી કામાદોર—રાવલપીંડીવાલા—(મરહુમ) ૧૮૯૯.
એદલજી દીનશાહ—કરાચીવાલા—(મરહુમ) ૧૮૯૯.
ફરદુનજી કુવરજી તારાપોરવાલા—અમદાવાદના માજી સરકારી એકજીકયુટીવ એનજીનીયર—[૧૯૦૧.
હીરજીભાઇ માણેકજી રૂસતમજી બનાજી—કલકતાના માજી શેરીફ—(મરહુમ) ૧૯૦૩.
નવાબ સર ફરેદુન જંગ બાહાદુર—નામદાર નીઝામ સરકારના પોલીટીકલ સેકરેટરી અને હેદરાબાદના વડા પ્રધાનના ખાનગી સેકરેટરી—૧૯૦૩.
બરજોરજી દોરાબજી પટેલ—કવેતાવાલા—૧૯૦૪
સરદાર શમશુલ-ઓલમા દસ્તુર હોશંગજી જા. જામાસ્પઆશાના—પુણાવાલા-(મરહુમ)૧૯૦૬
માણેકશાહ બેરામજી દાદાભાઇ રેજીસ્ત્રાર—નાગપુરવાલા—૧૯૧૧.
લેફ્ટનંટ કરનલ એદલજી પાલનજી ફ્રેંચમેન—(મરહુમ) ૧૯૧૧.
સરદાર નવરોજી પદમજી—પુણાવાળા—૧૯૧૧.

નામદાર બ્રીટીશ સરકાર તરફથી જરથોસ્તીઓને મલેલા ખેતાબો.

એમ. વી. ઓ. યાને મેમબર ઓફ ધી રોયલ વીકટોરીઅન ઓરડર.

હોરમજી કાવશજી દીનશાહ એડનવાળા—૧૯૧૧.

આઈ. એસ. ઓ. યાને ઇમપીરીયલ સરવીસ ઓરડર.

જેહાંગીર ડોશાભાઇ ફરામજી કરાકા.—૧૯૧૧.

મનચેરશા ફરામજી ઉનવાળા, બંગાળાની સરકારના નાણાખાતાંના રેજીસ્ત્રાર–(મરહુમ) ૧૯૧૩

બમનજી નવરોજી ખંબાતા, પુણા ડીવીઝનના સપલાઇ એંડ ટ્રાન્સપોરટના એસીસટંટ ડાયરેકટરની ઓફીસના હેડ કલારક–૧૯૧૫.

ઇમપીરીયલ સરવીસ ઓરડર–બી.

ગોદરેજ દોરાબજી પદમજી—૧૯૧૨.

રોયલ વીકટોરીયન ઓરડર.

કાવશજી જમશેદજી પેટીગરા—૧૯૧૧.

નામદાર બ્રીટીશ સરકાર તરફથી મલેલો "નવાબ"નો ખેતાબ.

ધનજીભાઇ ફકીરજી કામાડોર, સી. આઈ. ઇ. રાવલપીંડીવાલા—(મરહુમ) ૧૯૧૦.

આરડર ઓફ સેંટ જોનનો ખેતાબ.

ધનજીભાઇ એફ. મુલ્લાંફીરોઝ—૧૯૧૪.

સમશુલ ઓલમાઓ.

દસ્તુર પેશોતનજી બેહેરામજી સંજાણા—(મરહુમ) ૧૮૮૯.

દસ્તુર હોશંગજી જામાસપજી જામાસપઆશાના—(મરહુમ) ૧૮૯૦

એરવદ ડા૦ જીવણજી જમશેદજી મોદી—૧૮૯૩.

દસ્તુર દારાબ પેશોતનજી સંજાણા—૧૮૯૯.

સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ નોશેરવાન—પુણાવાલા,૧૯૧૧.

કયસરે હિંદનાં ચાંદ.

નામદાર માહારાણી વીકટોરીયાની સને ૧૯૦૦ ના વરસની શાલગરેહના દીવસથી એટલે તા૦ ૨૪ મી મે થી "કયસરે હિંદ" નામના નવા ખેતાબનાં સોના–રૂપાના ચાંદો આપતા કીધા છે—તે નીચલા જરથોસ્તીઓને મલ્યા છેઃ—

સોનાનો ચાંદ મેલવનારાઓ.

બેરામજી મેરવાનજી મલબારી—(મરહુમ) ૧૯૦૦.

૧ ધનજીભાઇ ફકીરજી કામાદોર, સી. આઈ. ઇ. રાવલપીંડીવાલા—(મરહુમ) ૧૯૦૧.

મેરવાનજી કાવશજી કેપટન—રંગુનવાલા—૧૯૦૩.

એદલજી દોરાબજી તલાતી—૧૯૦૪.

ડા૦ સર ટેમુલજી ભીખાજી નરીમાન—૧૯૦૯.

અરદેશર દીનશાજી ચીનાઇ—મધ્ય પ્રાંતવાલા—૧૯૧૧.

જાહાંગીર હોરમજી કોઠારી—કરાંચીવાળા—૧૯૧૧.

રૂપાંનો ચાંદ મેલવનારાઓ.

લેફટનંટ કરનલ કેખશરૂ સોરાબજી નરીમાન—સુરતના માજી સીવીલ સરજન—(મ) ૧૯૦૦
ડોરાબાઇ અરદેશર ચોકશી—બેંગલોરના મરકી ખાતાંના માજી વડા તબીબી અમલદાર—(મરહુમ) ૧૯૦૦.
ફરદુનજી કુવરજી તારાપોરવાલા, સી. આઇ. ઇ.—અમદાવાદના માજી સરકારી [એકઝીકયુતીવ એનજીનીઅર—૧૯૦૦.
બહમનજી મનચેરજી—બીલાસપોરના દુકાલ નીવારણ અમલદાર—૧૯૦૦.
બરજોરજી દોરાબજી પટેલ, સી. આઇ. ઈ.—કવેતાવાલા—૧૯૦૧.
રૂસતમજી ફરદુનજી-આંકોલાના ડેપ્યુટી કમીશનર—૧૯૦૧.
માણેકજી ખરશેદજી નરીમાન—મુંબઇની સેક્રેટરીયટના મદદનીસ સેક્રેટરી—૧૯૦૨.
નાદીરશાહ નવરોજી ખજુરી—પંજાબની કાંગ્રાવેલીવાલા—૧૯૦૬.
ડા૦ મોટીબાઈ રૂસતમજી કાપડયા—અમદાવાદવાળા—૧૯૧૧.
આર. એન. માદન-મુંબઇનાં જંગલખાતાંના અમલદાર—૧૯૧૩.
એમ. સી. તાલીઆરખાન—મુંબઇની મ્યુનીસીપાલીટીના ડેપ્યુટી એકાઉન્ટંટ—૧૯૧૩.
જાઇજી જાહાંગીરજી બમનજી પીટીટ—૧૯૧૫.

કીંગસ પોલીસ મેડલ મેલવનારાઓ.

રતનજી રૂશતમજી મીરઝા—૧૯૧૪.
હોકટર રતનજી કોઠાવાળા—૧૯૧૫.

જુદા જુદા રાજ્યો તરફથી જરથોસ્તીઓને મલેલા ખેતાબો.

નાઈટ ઓફ ધી ઓરડર ઓફ ટોરીશ એન્ડ એશપાડા.

(પોરચુગલ સરકાર તરફથી.)

રૂસતમજી જમશેદજી જીજીભાઈ—(મરહુમ) ૧૮૬૪.

ધી કમાનડર ઓફ ધી રોયલ મીલીટરી ઓરડર ઓફ આવર લેડી ઓફ કનસેપશન ઓફ વીલા વીકોઝા.

(પોરચુગલ સરકાર તરફથી)

દોરાબજી દીનશાહ એડનવાળા—(મરહુમ) ૧૮૯૨.
હોરમજી કાવસજી એડનવાળા—૧૮૯૨.

ધી નાઇટ ઓફ ધી મીલીટરી ઓરડર ઓફ આવર લેડી ઓફ કનશેપશન ઓફ વીલા વીકોઝા.

(પોરચુગલ સરકાર તરફથી.)

સોરાબજી માણેકજી દમણવાલા—(મરહુમ) ૧૮૯૮.

શીવેલીઅર ડી આનામ નામનો ફરેંચ "નાઇટ"નો ખેતાબ.

(ફરેંચ સરકાર તરફથી.)

સર હોરમજી નવરોજી મોદી—ચીનના વેપારી—(મરહુમ) ૧૮૯૨.

સવાલીએંડ લોરડ રવાયાલ ડ કામેબાજ નામનો ફરેંચ "નાઇટ" નો ખેતાબ.

(ફરેંચ સરકાર તરફથી.)

જમશેદજી સોરાબજી શેઠના—૧૮૯૮.

ઓફીસર ડી એકેડમીનો ફ્રેંચ સરકારનો ખેતાબ (ડીપલોમાં)

સમસુલ ઓલમાં ડા૦ જીવણજી જમશેદજી મોદી.
મરજબાન મનચેરજી કાવસજી મરજબાન.
જમશેદજી સોરાબજી શેઠના.
જાહાંગીર નવરોજી શોપકીપર.
ખરશેદજી માણેકજી સરાફ.
એરચજી રૂસતમજી શંહીયાર.
મેરવાનજી રતનશાહ પારખ.

ઓરડર ઓફ ધી બ્રીલયંટ સ્ટાર ઓફ જંઝીબાર અથવા હામોડીઆનો ખેતાબ.

(જંગબારના નામદાર સુલતાન તરફથી)

બમનજી માણેકજી દારૂખાનાવાળા—જંગબારના જાહેર બાંધકામખાતાના માજી ડીરેકટર—૧૮૮૧

ખરશેદજી કાવસજી રેજીસ્ત્રાર—૧૮૯૧.

પેસતનજી ભીખાજી નરીમાન—જંગબારના માજી સરકારી તબીબ—૧૮૯૨.

શોરાબજી માણેકજી દારૂખાનાવાળા—શેનીટરી ખાતાના માજી ઉપરી તથા સુપરીનટેનડીંગ એનજીની-

સઈયદીયાનો ખેતાબ

(અર—૧૮૯૨.

(જંગબારના નામદાર સુલતાન તરફથી.)

પેસતનજી ભીખાજી નરીમાન—૧૯૦૫.

સેક્રેટ ટ્રેજર તથા કીનકેસોનો ખેતાબ

(જેપાનની સરકાર તરફથી)

જમશેદજી નશરવાનજી તાતા—(મરહુમ)

રતનજી દાદાભાઈ તાતા.

કેવેલીયર ઓફ ધી ઓરડર ઓફ ધી ક્રાઉન ઓફ ઇટાલી

(ઇટાલીની સરકાર તરફથી)

નશરવાનજી હોરમસજી ચોકસી—૧૮૯૯.

"શીરો-ખુરશેદ" યાને સીંહ અને ખોરસેદ નામનો ફારસી ખેતાબ.

(ઇરાનના નામદાર શાહ તરફથી)

સર દીનશાહજી માણેકજી પીટીટ, બારોનેટ—(મરહુમ)

સર મનચેરજી મેરવાનજી ભાવનગરી—(લંડન) ૧૯૦૦.

નવાબ બાહાદુરનો ખેતાબ

(નામદાર નીઝામ સરકાર તરફથી)

ફરામજી જમશેદજી મુનસીને નવાબ ફરામરઝ જંગ બાહાદુર.

વડા વજીરના ખાનગી સેકરેટરી તેમજ પોલીટીકલ સેકરેટરી ફરદુનજી જમશેદજી વાછા સી. આઇ. ઇ. ને નવાબ ફરેદુન જંગ બાહાદુર—૧૯૦૬.

ઇનદુર ડીસટ્રીકટના અવલ તાલુકદાર બરજોરજી જમશેદજી વાછાને નવાબ બરજોર જંગ બાહાદુર—૧૯૦૬.

મેદક ડીસટ્રીકટના અવલ તાલુકદાર સોરાબજી જમશેદજી ચીનાઇને નવાબ સોરાબ જંગ બાહાદુર—૧૯૦૬.

તાઝીમી સરદારનો ખેતાબ

(બીકાનેરના માહારાજા તરફથી)

આર. ડી. કુપર-માહારાજાના પ્રાઇવેટ સેકરેટરી—૧૯૦૬.

ફરસ્ટ કલાસ ઓરડર ઓફ મેરીટનો ખેતાબ

(જામનગરના માહારાજા તરફથી)

મેરવાનજી પેસતનજી—જામનગરના દીવાન—૧૯૧૨.

“ખાન બહાદુર” નો એતાબ મલેલા જરથોસ્તીઓ.

અરદેશર ડોશાભાઇ મારકર-(કવેતા.)
અરદેશર દીનશાહ ચીનાઇ.
અરદેશર દોરાબજી, રજપુતાનાની સુપરીનટેનડીંગ એનજીનીઅરીંગ હાઈીસવાલા.
અરદેસર દોરાબજી દવીયરવાલા-(દિહનુ ઉમરગામ.)
આદરજી મનચેરજી દલાલ-(ભરૂચ.)
એરચજી શેહરીયારજી ભરૂચા-(પુણા)
એદલજી ભીખાજી કુમાના.
કાવશજી જમશેદજી લાલકાકા.
ખરશેદજી નશરવાનજી કંત્રાકટર.
ગુસતાદજી ધનજીશાહ કાપડયા.
જમશેદજી અરદેશર દલાલ.
જમશેદજી રૂસતમજી દેશાઇ-(પુણા)
જાહાંગીર એદલજી મોદી-(સુરત)
ટેમુલજી કાવસજી બજા-(મારવાડ)
ડોશાભાઇ પેસતનજી-(સુરત.)
દાદાભાઈ દીનશાહ-(ખેડા.)
દાદાભાઇ નશરવાનજી નાણાવટી.
દારાશાહ નવરોજી મોદી-(રજપુતાના)
દીનશાહ ડોશાભાઈ ખંભાતા.
દોરાબજી સેરાબજી કેપટન.
નવરોજી કાવશજી કલીયાણીવાલા.
નવરોજી પેસતનજી વકીલ-(અમદાવાદ.)
નશરવાનજી જાહાંગીર બોગા-(રાવલપીંડી)
નશરવાનજી રૂસતમજી મહેતા-(કરાંચી)
નશરવાનજી શેહેરીઆરજી જીનવાલા-(ભરૂચ.)
નશરવાનજી હોરમસજી ચોકશી.
નાનાભાઇ કુવરજી મોદી.
નાનાભાઇ ચાનજીભાઈ પલીડર-(કરાંચી)
પાલનજી હોરમસજી દાદાચાનજી.
પાલનજી આદરજી મીસતરી-(કરાંચી.)
પેસતનજી રૂસતમજી મહેતા.
ફરદુનજી મનચેરજી દસ્તુર.
ફરામજી અરદેશર અહમદનગરવાલા.

ફરામજી કાવશજી-આબકારી ઇનશપેકટર.
ફરામજી દીનશા કામદીન.
ફરામરોજ અરદેશર ફરામજી મુસ.
ફરામજી નશરવાનજી સંતોક-(માઉન્ટ આબુ.)
બરજોરજી નશરવાનજી વકીલ-(સુરત.)
બરજોરજી દોરાબજી પટેલ, સી.આઇ.ઇ.-(કવેતા)
બમનજી દોરાબજી પટેલ.
સર બેજનજી દાદાભાઇ-(નાગપોર.)
બેજનજી મેરવાનજી-(રાજકોટ)
બેરામજી દાદાભાઇ-રીટાયરડ રેજીસ્ત્રાર.
બેરામજી પેસતનજી (નાગપોર.)
બેરામજી હોરમજી નાણાવટી.
બી. કે. અંકલેસરીયા.
મનચેરજી કાવસજી મરઝબાન, સી. આઇ. ઇ.
માણેકજી ખરશેદજી નરીમાન.
માણેકજી નાનાભાઈ-(ડીસા)
માણેકજી પાલનજી પોહ-(સુરત)
માણેકજી મેરવાનજી મુલાં-(બાલાઘાટ)
માણેકશાહ રતનજી દસ્તુર-(ભંડારા)
મેરવાનજી પેસતનજી-જામનગરના દીવાન
મેહેર હોસંગ દસ્તુર-(પુણા.)
રતનજી બેજનજી કેમીશરીએટવાલા.
રતનજી રૂસ્તમજી દાદીના.
રૂસતમજી જમશેદજી કાપડયા.
રૂશતમજી જાહાંગીરજી વકીલ-(અમદાવાદ)
રૂશતમજી બમનશાહ વકીલ.
શાપુરજી માણેકજી મેહતા (દખન હેદરાબાદ)
શાપુરજી એદલજી ચીનાઇ.
શાવકશાહ કાવશજી દાવર-(પુણા.)
સોરાબજી શાપુરજી-(આકોલા)
સોરાબશાહ હોરમજી-(ભરૂચ)
હોરમસજી આદરજી પટેલ.
હોરમસજી માણેકજી બીમરડીવાલા.

જરથોસ્તી "જસતીસ ઓફ ધી પીસ" યાને સુલેહના અમલદારો.

*અરદેશર કાવશજી ટરનર
અરદેશર જમશેદજી બીલીમોરીયા
અરદેશર દાદાભાઇ મોદી
અરદેશર પેશતનજી કામા
અરદેશર ફરામજી વકીલ
ઉકરજી કાવસજી ઉમરીગર
એદલજી માણેકજી મોદી
કાવશજી એદલજી દાદાચાનજી
કાવશજી જાલભાઇ શેઠ
સર કાવસજી જાહાંગીર રેડીમની બારોનેટ
કાવશજી જાહાંગીર રેડીમની
કાવશજી દાદાભાઈ દુબાસ
કાવશજી પેસતનજી ડાકટર
કાવશજી એજનજી શેઠના
કાવશજી હોરમજજી ડાકટર
દસ્તુર કેખશરૂ જામાસપજી મીનોચેરજી જામાસ્પ આશાના
કેખશરૂ ડોશાભાઈ કુપર
કેખશરૂ માણેકજી બરજોરજી મીનોચેર હોમજી
કેરસાસપજી રૂસતમજી દાદાચાનજી
લેફટેનંટ કરનલ કે. એ. દલાલ
લેફટેનંટ કરનલ કે. એચ. મીસતરી
ખરશેદજી નવરોજી વાહડયા
ખરશેદજી મનચેરજી બનાજી
ખરશેદજી માણેકજી ખરશેદજી
*ગુસતાદજી ધનજીશાહ કાપડયા
જમશેદજી અરદેસર હો. વાહડયા
જમશેદજી ખરશેદજી જમશેદજી જીજીભાઈ
સર જમશેદજી જીજીભાઇ પાંચમાં બારોનેટ
જમશેદજી જીવણજી ગજદર
જમશેદજી નશરવાનજી બહાદુરજી
જમશેદજી માણેકજી ફરામજી પટેલ
જમશેદજી મેરવાનજી આંટીઆ
જમશેદજી રૂસતમજી દેશાઇ
જાહાંગીર એદલજી દાવર
જાહાંગીર ડોસાભાઇ ફરામજી
જાહાંગીર બમનજી પીટીટ
જાહાંગીર બેરામજી મરઝબાન
જાહાંગીર રતનજી દુબાશ
જાહાંગીર રૂસતમજી પટેલ
શમસુલ ઓલમાં ડા૦ જીવણજી જમશેદજી મોદી
જીજીભાઇ પેસતનજી નીકલસન
સર ટેમુલજી ભીખાજી નરીમાન
ડોસાભાઇ કે. પટેલ
ડોસાભાઇ નશરવાનજી વાહડયા
દાદી નશરવાનજી દાદી
દાદીબા મેરવાનજી દલાલ
શમસુલ ઓલમાં દસ્તુર દારાબ પેશુતનજી સંજાણા
દીનશાહ એદલજી વાછા
દીનશાહ દોરાબજી મીસ્ત્રી
સર દીનશાહ ધનજીભાઇ દાવર
દીનશાહ બમનજી માસતર
સર દીનશાહ મા. પીટીટ બીજા બારોનેટ
સર દોરાબ જમશેદજી તાતા
ધનજીભાઇ બમનજી પીટીટ
નવરોજી જાહાંગીર ગામડયા
નવરોજી પેશતનજી હોરમજી કામા
નવરોજી માણેકજી ડુમસીઆ
નવરોજી સોરાબજી બંગાલી
નશરવાનજી નવરોજી વાહડયા
*નશરવાનજી પફીરજી સરવેયર
નશરવાનજી મેરવાનજી પટેલ
નશરવાનજી સોરાબજી જમશેદજી જીજીભાઇ
નશરવાનજી હોરમજી ચોકસી
નાદીરશાહ હોરમજી એ. સુખીયા
નાનાભાઇ અરદેશર ફરામજી મુસ
નાનાભાઇ નવરોજી કાતરક
નાનાભાઇ હોરમજી મુસ
*પાલનજી નવરોજી દાવર
સર પીરોજશાહ મેરવાનજી મેહતા, સી. આઇ. ઇ.
પેશતનજી નશરવાનજી વાડીયા
ફરદુનજી એ. ખરશેદજી ફરદુનજી
ફરદુનજી જમશેદજી પારખ
ફરદુનજી નશરવાનજી બીસની

ફરદુનજી મનચેરજી દસ્તુર
ફરદુનજી મેરવાનજી બનાજી
ફરદુનજી સોરાબજી તાલીયારખાન
ફરામજી એદલજી દાવર
ફરામજી દોરાબજી ફરામજી પાંડે
ફરામરોજ રૂસતમજી જોશી
ફીરોઝ ખરશેદજી શેઠના
ફીરોઝ બમનજી પીટીટ
ફીરોઝ બેરામજી મલબારી
ફીરોઝશાહ બી. આર. મોદી
બમનજી દીનશાહ પીટીટ
બરજોરજી સોરાબજી શરાફ
બેરામજી દાદાભાઇ રેજીસટરાર
બેરામજી દોરાબજી બનાજી
બેરામજી નવરોજી ગામડીયા
બેરામજી રૂસતમજી બેરામજી જીજીભાઇ
ભીખાજી એદલજી ધાસવાલા
મનચેરજી કાવશજી મરઝબાન, સી. આઈ. ઈ.
મનચેરજી બેહરામજી કોલાહ
માણેકજી ખરસેદજી નરીમાન
મેરવાનજી પેશતનજી ખરેગાત
મેરવાનજી મનચેરજી કામા
રતનશાહ એરચશાહ કોહીઆર
રતનશાહ ટેમુલજી નરીમાન
રતનજી જમશેદજી તાતા
રતનજી રૂસતમજી દાદીના
રૂસતમજી અરદેશર સ્પેનસર
રૂસતમ ડી. એન. વાડીયા
રૂસતમજી ધનજીભાઇ શેઠના
રૂસતમજી નાનાભાઈ રાણીના
રૂસતમજી બેરામજી જીજીભાઇ
રૂસતમ પેસતનજી મસાની
રૂસતમ બમનશાહ વકીલ
રૂસતમ મનચેરજી ચીચગર
રૂસતમ સોરાબજી પાઉવાળા
લીમજી નવરોજી બનાજી
*શાપુરજી બમનજી બીલીમોરયા
સર શાપુરજી બરજોરજી ભરૂચા
શાવકશાહ રતનજી બમનજી દુબાસ
શાવકશાહ સોરાબજી બાતલીવાલા
સોરાબજી એદલજી વારડન
સોરાબજી કાવશજી હોરમજી ડાકટર
સોરાબ ખરસેદજી નરીમાન
સોરાબજી દાદાભાઈ દુબાશ
સોરાબજી ફરામજી બીલીમોરીઆ
સોરાબજી ફરામજી બેંકર
સોરાબજી બમનજી માસ્તર
સોરાબજી માણેકશાહ ભરૂચા
સોરાબજી એમ. રતનાગર
સોરાબજી લીમજી પાંડે
હોરમસજી અરદેશર વાહાડીયા
હોરમસજી એદલજી આલબલેસ
હોરમસજી દાદાભાઈ વકીલ
હોરમસજી દોરાબજી પદમજી
હોરમસજી બમનજી જીજીભાઇ
હોરમસજી મનચેરજી કામા
હોરમસજી માણેકજી ભીમરડીવાલા
હોરમસજી માણેકજી માસીના
હોરમસજી લીમજીભાઇ બાટલીવાલા
હોરમસજી સોરાબજી (કમુના)

* આવી નીશાનીવાલા ગયે વરસે નવા સુલેહના અમલદાર ઠરેલા સમજવા.

જરથોસ્તી શેરીફો.

ઓનરેબલ સર જમશેદજી જીજીભાઈ પાંચમા બારોનેટ, ૧૯૧૫

કાવશજી હોરમજી ડાકટર, ૧૮૯૪.
ખરશેદજી ફરદુનજી પારખ, ૧૮૭૭ (મ.)
સર જમશેદજી જીજી. ચોઠા બારોનેટ ૧૯૦૦(મ.)
ડોશાભાઈ ફરામજી કરાકા, ૧૮૭૨ (મ.)
સર દીનશાહ માણેકજી પીટીટ, ૧૮૮૭ (મ.)
બમનજી હોરમજી વાડીઆ, ૧૮૫૯ (મ.)
મનચેરજી કાવશજી મરઝબાન, ૧૯૦૬
માણેકજી ખરશેદજી, ૧૮૫૬ તથા ૧૮૬૩ (મ)
શેરાબજી શાપુરજી બંગાલી, ૧૮૮૧ (મ.)
સર શાપુરજી બરજોરજી ભરૂચા, ૧૯૧૧.

માણેકજી રૂસતમજી બનાજી—કલકતાના શેરીફ—૧૮૭૩ (મ.)
રૂસતમજી ધનજીભાઇ મેહેતા—કલકતાના શેરીફ—૧૮૯૩.
હીરજીભાઇ માણેકજી રૂસતમજી બનાજી—કલકતાના શેરીફ—૧૯૦૨. (મ.)
કાવશજી એદલજી પાંડે—મધરાસના શેરીફ—૧૮૯૪.

મુંબઇની યુનીવરસીટીના જરથોસ્તી "ફેલો"

નામદાર સરકારે સને ૧૯૦૪ ના વરસથી નવા યુનીવરસીટી એકટ મુજબ બધી ગ્નાતનાં ૮૦) ફેલો પોતાની તરફથી નેમેલા તેમાંનાં પારસી ફેલોના નામઃ—

આદરજી મેરવાનજી મસાની
એદલજી દોરાબજી તલાતી
ખરશેદજી નશરવાનજી કંટરાકટર
*જાલભાઇ દોરાબજી બરડા
સમસુલ ઓલમાં ડાo જીવણજી જમશેદજી મોદી
સર ટેમુલજી ભીખાજી નરીમાન
દીનશાહ ફરદુનજી મુલ્લાં
નશરવાનજી ફકીરજી સરવેયર
નાનાભાઇ અરદેશર મુસ
ઓ૦ સર પીરોજશાહ મેરવાનજી મેહેતા
ફરદુનજી મનચેરજી દસ્તુર
રૂસતમજી ધનજીભાઇ શેઠના
સોરાબ ખરશેદજી નરીમાન
સોરાબ માણેકશાહ ભરૂચા
હોરમજી જાહાંગીર ભાભા

ગ્રેજુએટો તથા ફેકલતીઓએ મલીને ચુંટી કાઢેલા બીજા ૨૦) ફેલોમાંનાં પારસી ફેલોઃ—

કાવશજી એદલજી દાદાચાનજી
*કે. એસ. ફરામજી
ભીખાજી એદલજી ઘાસવાલા
પરોફેશર મનચેરજી કાવશજી કાંગા
* માણેકજી શેરીઆરજી ભરૂચા
રૂસતમજી ના. રૂ. રાનીના

* આવી નીશાનીવાલા ગયે વરશે નવા ઠડેલા સમજવા.

જરથોસ્તી કાઉનસીલરો.

ઇસ્વી સને ૧૯૧૦ ના સાલથી આપણી નામદાર અંગ્રેજ સરકારે પોતાની પ્રજાના લોકોને નવા વધુ હકો બક્ષી કાઉનસીલના મેમબરોની સંખયાબી વધારી છે, તેની રૂએ મુંબઇની નવી ધારાસભામાં યાને નામદાર ગવરનરની મુંબઇની લેજીસલેટીવ કાઉનસીલના જરથોસ્તી કાઉનસીલરો નેમવામાં આવ્યા હતા—તેઓમાં:—

નાગપોર તથા કામટી ખાતે જરથોસ્તી અનજુમનનાં ફંડના મેમબરો—સર બેજનજી દાદાભાઇ મેહેતા, નાઇટ-(પ્રેસીડંટ), ઑ૦ શેઠ માણેકજી એરામજી દાદાભાઈ સી. આઇ. ઇ.-(વાઇસ પ્રેસીડંટ), શેઠ એરામજી પેસતનજી કંટરાકટર-(ઓ. સેક્રેટરી), શેઠ દારાબજી કાવસજી કામદીન-(ખજાનચી), શેઠ પેશોતન સોરાબજી કોટવાલ, શેઠ પેસતનજી દીનશાજી પંથકી, ડા૦ નવરોજી મનચેરજી લાકડાંવાલા, શેઠ નવરોજી કાવશજી પાવરી. શેઠ નવરોજી પાલનજી તલાટી, શેઠ એદલજી જમશેદજી ગીમી, શેઠ એહરામજી ધનજીભાઇ ડુંગાજી (કામટી તરફથી), શેઠ સોરાબજી બેજનજી મેહતા (શેઠ નશરવાનજી મા. મુલ્લાંનાં પ્રતીનીધી) અને શેઠ ડોશાભાઈ હોરમસજી વાડીયા-(ઓ. ઓડીટર).

નવસારીની વડી દરેમેહેરને તાબેની શ્રી સુરતની ભગર સાથ અનજુમનના કારોબારીઓ—શેઠ બરજોરજી દોરાબજી દસતુર, શેઠ હોરમજશાહ કાવસજી ધાલા, શેઠ દીનશાહ બરજોરજી વાણીયા, શેઠ એહેરામજી રૂસતમજી સંજાણા, શેઠ હોરમજજી દાદાભાઇ માડન, શેઠ જમશેદજી માણેકજી આંટીઆ (વકીલ) અને શેઠ માણેકજી ટેમુલજી વઇદ.

પુના ખાતે ખા૦ બા૦ પેસતનજી સોરાબજીએ કરેલા ધરમખાતાંના મેમબરો—સરદાર નવરોજી પદમજી સી. આઈ. ઇ., અને શેઠ બેરામજી પદમજી.

પુનાની પારસી અનજુમનનાં ધરમનાં ફંડના મેમબરો—સરદાર નવરોજજી પદમજી સી. આઇ. ઇ., શેઠ બેરામજી પદમજી અને શેઠ અરદેશર બમનજી શેઠના.

પારડી ખાતેના ધરમનાં ફંડના કારોબારીઓ—શેઠ હોરમજજી ગાંડાભાઇ પારડીવાલા, શેઠ જમશેદજી હોરમસજી ગાંડાભાઇ બી. એ., એલ. એલ. બી., શેઠ ખરશેદજી એદલજી અને શેઠ દોરાબજી સોરાબજી.

પંચગણી ખાતેની જરથોસ્તી અનજુમનના ફંડના મેમબરો—શેઠ હોરમસજી લીમજીભાઇ બાટલીવાલા, શેઠ જાંગીરશા મોટાભાઇ વકીલ, શેઠ કાવસજી પેસતનજી દલાલ, શેઠ નશરવાનજી ડોશાભાઈભરૂચા, શેઠ હોરમસજી દાદાભાઇ સતારાવાલા અને શેઠ રૂસતમજી ડોશાભાઇ દુબાશ.

બીલીમોરા ખાતે ધરમનાં ફંડના મેનેજરો—શેઠ મનચેરજી શાપુરજી તાતા, શેઠ બરજોરજી નશરવાનજી, શેઠ દાદાભાઇ નશરવાનજી વઈયાં અને શેઠ ડોશાભાઇ લીમજીભાઇ મેંગુસી.

બારડોલી ખાતે ધરમનાં ફંડનાં મેનેજરો—શેઠ ભીખાજી કુંવરજી મોતા અને શેઠ પેસતનજી ફકીરજી મોતા.

બેલગામ ખાતેની કમીટીના મેમબરો—શેઠ રૂસતમજી નાનાભાઈ બોઇસ-(પ્રેસીડંટ), શેઠ પાલણજી બરજોરજી મેલ કંટરાકટર, શેઠ ટેમુરસ્પ એદલજી દેશાઇ, શેઠ માણેકજી પેસતનજી ડોટીવાલા-(ઓ. ખજાનચી) અને શેઠ જાંગીર નવરોજજી આંટીઆ-(ઓ. સેકરેટરી).

બદનેરા તથા ઉમરાવતી ખાતેની અંજુમનની કમીટીના મેમબરો—સમ્સઉલ-ઉલમાં સરદાર દસ્તુર કેકોબાદ **આદરબાદ** નોશરવાન-(પ્રેસીડંટ), શેઠ દીનશાજી ધનજીભાઇ સરાફ-(વાઇસ પ્રેસીડંટ), શેઠ કુંવરજી નશરવાનજી ભરૂચા-(ઓ. સેકરેટરી), શેઠ ખરશેદજી નશરવાનજી ભરૂચા, શેઠ કેખશરૂ ધનજીભાઇ ગીરતા, શેઠ નવરોજી નશરવાનજી સુરતી, શેઠ અરદેશર દોરાબજી કાપડીયા અને શેઠ દીનશાજી એદલજી દોટીવાલા.

ભરૂચ ખાતે ધરમનાં ફંડનાં મેમબરો—શેઠ દીનશાજી ફરામજી, ખા૦ બા૦ આદરજી મનચેરજી દલાલ, શેઠ રતનજી જીવણજી, શેઠ મંચેરશા સોરાબજી વખારીયા અને શેઠ રતનજી મનચેરજી દલાલ.

ભાઠા ખાતે ધરમનાં ફંડનાં મેમબરો—શેઠ ખરશેદજી જમશેદજી જીવાનાનાભાઇના, શેઠ કોહેયાજી લીમજીભાઇ અને શેઠ હીરજીભાઇ કાવસજી પટેલ.

ભગવા ખાતે ધરમનાં ફંડના કારોબારીઓ—શેઠ ફકીરજી પાલનજી પટેલ, શેઠ અરદેશર મંચેરજી, શેઠ રતનજી જીવણજી અને શેઠ બેરામજી મનચેરજી ભગવાગર.

મહુવા ખાતે ધરમનાં ફંડનાં કામ ચલાવનારા મેમબરો—શેઠ ધનજીભાઈ બેહેરામજી એસણીયા, અને શેઠ હોરમજજી માણેકજી કોદીયા.

મહુવાની જરથોસ્તી અનજુમનનાં ફંડની કમીટીના મેમબરો—શેઠ ધનજીભાઈ બેહેરામજી એસણીયા, શેઠ હોરમજજી માણેકજી કોદીયા, અને શેઠ અરદેશર ભીખાજી પટેલ.

મઊ ખાતે જરથોસ્તી અનજુમનનાં ધરમનાં ફંડના મેમબરો—શેઠ જમશેદજી હોરમજી-(સરનશીન), ખા૦ બા૦ રતનજી બેજનજી પારખ, શેઠ દાદાભાઇ પેસતનજી બોટ, શેઠ રૂસતમજી જમશેદજી અપુ અને શેઠ સોરાબજી દીનશાજી મસાલાવાલા.

મદરાસ ખાતેની અનજુમનની કમીટીના મેમબરો—શેઠ હોરમસજી નવરોજજી એનજીનીયર-સરનશીન, શેઠ દીનશાજી ડોસાભાઇ કાંગા, શેઠ મેરવાનજી બેરામજી ભાઠેના, શેઠ રૂસ-

તમજી એદલજી બાવાઆદમ, શેઠ ફરામરોજ બેરામજી તારાપોરવાલા અને શેઠ અરદેસર ફરામજી ભમગરા—ઓ. સેક્રેટરી.

મદ્રાસ જાલ ફીરોઝ કલબવાલા દરેમેહેરના કારોબારીઓ—શેઠ ફીરોજ મનચેરજી કલબવાલા અને શેઠ હોરમસજી નવરોજજી.

માંડવીની જરથોસ્તી અનજુમનનાં ફંડના કારોબારીઓ—શેઠ ફકીરજી નવરોજજી ઇલાવના—ઓ. સેક્રેટરી, શેઠ દીનશાજી જીવણજી ઝાબવાલા, શેઠ હોરમજજી જમશેદજી અમરસાડીવાલા અને શેઠ ફરામજી ઉકડજી અમલસાડીવાલા.

કસબે રાંદેલને મલતા સાત ગામના ગોદાવરાના જરથોસ્તી રવાનોને અવલ-મંજલ પોહોંચાડવાનાં ફંડના મેનેજરો—શેઠ માણેકજી નશરવાનજી રાંદેલીયા, એરવદ બમનજી શાપુરજી ઇચ્છાપોરીયા, શેઠ મનચેરશાહ હોરમજજી પટેલ અને ડા૦ ફરામજી જીવનજી પટેલ.

રાજકોટ ખાતે—શેઠ બેજનજી મેરવાનજી દમરી—અનજુમનના આનરરી સેક્રેટરી.

લખનોર ખાતેની જરથોસ્તી અંનજુમનની કમીટીના મેમબરો—શેઠ હોરમજશાહ એદલજી પારખ, શેઠ શાપુરજી જમશેદજી બીલીમોરીયા અને શેઠ માણેકજી હીરજીબાઇ નવરોજી દામકેવાલા.

વલસાડ ખાતે ધરમનાં ફંડના કામ ચલાવનારા મેમબરો—શેઠ મોટાભાઇ શાપુરજી દાદાભાઇ, શેઠ બેજનજી નશરવાનજી, શેઠ અરદેશર પેસતનજી ધનભુરા અને શેઠ ધનજીભાઈ બમનજી કુંવરજી.

વલસાડની જરથોસ્તી અનજુમનનાં ફંડના કામ ચલાવનારા મેમબરો—શેઠ કાવશજી ધનજીભાઇ ભુરા, શેઠ ધનજીભાઇ બમનજી, દસતુર ખુરશેદજી ફીરોજજી, શેઠ પેસતનજી બમનજી મુનશી, શેઠ જમશેદજી હોરમસજી શાપુરજી ચોથીઆ, શેઠ બેજનજી નશરવાનજી શરાફ અને શેઠ અરદેશર કોલાહભાઈ.

વડોદરા શેહેર ખાતેની કમીટીના મેમબરો—શેઠ રૂસતમજી હોરમજજી વાડીયા અને શેઠ ફરદુનજી ફરામજી દલાલ.

વડોદરા કાંપ ખાતેની કમીટીના મેમબરો—શેઠ દાદાભાઇ શાપુરજી મરચંટ અને શેઠ ખરશેદજી સોરાબજી મેહેતા.

વયારા ખાતે ધરમનાં ફંડના કામ ચલાવનારા સાહેબો—શેઠ દારાબજી બીખાજી જોખી, શેઠ પેસ્તનજી એદલજી જોખી અને શેઠ બરજોરજી રૂસ્તમજી જોખી.

સુરત ખાતેની કમીટીના મેમબરો—ખા૦ બા૦ બરજોરજી નશરવાનજી વકીલ, ડાક્ટર નશરવાનજી નવરોજજી ખંબાતા, શેઠ રૂસતમજી પુંજીયાજી દલાલ, શેઠ બેજનજી માણેકજી વકીલ, ડા૦ દીનશાહ જીવાજી એદલબેહેરામ, શેઠ નવરોજજી બમનજી વકીલ અને શેઠ દોરાબજી બીખાજી રબાડીના.

સરોડા ખાતે ધરમનાં ફંડના કામ ચલાવનારા મેમબરો—શેઠ સોરાબજી બરજોરજી પટેલ, શેઠ નવરોજજી નશરવાનજી પંથકી, શેઠ હોરમસજી ભીમજીભાઇ પરસ્તાકીઆ અને શેઠ રામજીભાઇ રતનજી પટેલ.

સરોડાની જરથોસ્તી અનજુમનનાં ધરમનાં ફંડના કામ ચલાવનારા મેમબરો—શેઠ સોરાબજી બરજોરજી પટેલ, શેઠ હોરમજજી ભીમજીભાઇ પરતાકીઆ અને શેઠ શાપુરજી સોરાબજી.

શોલાપુર જરથોસ્તી અનજુમનનાં ધરમનાં ફંડના કામ ચલાવનારા મેમબરો—ડા૦ એરચશાહ ફરામજી શેઠના, શેઠ ડોસાભાઇ રૂસતમજી ઉમરીગર, શેઠ પેસતનજી એદલજી ખરીખાઉ, શેઠ આદરજી કાવસજી નગરવાલા, શેઠ બમનજી રૂસતમજી ઇરાની, શેઠ પીરોજશા આદરજી નગરવાલા-સેક્રેટરી, શેઠ જાલ સોરાબજી જસાવાલા અને શેઠ દોરાબજી મનચેરજી લાલકાકા.

સુમાલીના દવાખાનાના ફંડનાં મેમબરો—શેઠ જીવણજી જામાસંપજી મીસતરી, શેઠ હીરાજી બરજોરજી, શેઠ માણેકજી બરજોરજી અને શેઠ બેરામજી જમશેદજી પટેલ.

સતારા જરથોસ્તી અનજુમનનાં ધરમનાં ફંડના કામ ચલાવનારા સાહેબો—સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદ નોશેરવાન, શેઠ બેરામશા માણેકજી સતારેવાલા, શેઠ નાદીરશાહ ખરશેદજી સતારેવાલા, શેઠ જાંગીરજી કુંવરજી, શેઠ પીરોશા મનચેરજી સતારેવાલા-ઓ. સેક્રેટરી, અને શેઠ તેહેમુરસપ પીરોજશા-ઓ. સેક્રેટરી.

હાંસોટની જરથોસ્તી અનજુમનનાં ફંડના મેનેજરો—શેઠ ફકીરજી નવરોજજી ઈલાવના-ઓ. સેક્રેટરી, શેઠ ધનજીશાહ બેહરામજી અને શેઠ ધનજીશાહ દાદાભાઇ ડાક્ટર.

હુબલીની જરથોસ્તી અનજુમનનાં ધરમનાં ફંડના કારોબારી સાહેબો-શેઠ બરજોરજી માણેકજી પટેલ, શેઠ નાદરશાહ હોરમસજી બેલગામવાલા, શેઠ મેરવાનજી બમનજી ઈરાની અને શેઠ ભીખાજી બરજોરજી બારીયા.

અમરોલીની જરથોસ્તી અનજુમનનાં ધરમનાં ફંડના કારોબારી સાહેબો-શેઠ મેહેરવાનજી રતનજી અમરોલીવાલા, શેઠ ફરદુનજી કાનજીભાઈ દોરાબજી, શેઠ સોરાબજી નવરોજજી અમરોલીવાલા અને શેઠ કાવસજી કુંવરજી અમરોલીવાલા.

અહમદનગરની જરથોસ્તી અનજુમનનાં ધરમનાં ફંડના કારોબારી સાહેબો-શેઠ બેજનજી નશરવાનજી નગરવાલા-પ્રેસીડન્ટ, શેઠ બહમનશા ધનજીશા નગરવાલા-ઓ. સેક્રેટરી, ડા૦ સોરાબજી ખરશેદજી મેહેતા, શેઠ પેસતનજી કુંવરજી મીસ્તરી, શેઠ કેખશરૂ સરોસ ઈરાની, શેઠ દારબશા એદલજી નગરવાલા, શેઠ નવરોજજી ફરામજી, શેઠ સોરાબજી નવરોજી નગરવાલા અને શેઠ બેજનજી એરચશાહ શેઠના.

અજમેરની જરથોસ્તી અનજુમનનાં ફંડના મેનેજરો—શેઠ કુંવરજી નવરોજજી કલયાણીવાલા, શેઠ ભીખાજી દોરાબજી તારાપોરવાલા અને શેઠ પેસતનજી ફરદુનજી દેવાન-ઓ. સેક્રેટરી.

આગરાની જરથોસ્તી અનજુમનનાં ફંડના મેનેજરો—શેઠ રૂસતમજી નશરવાનજી રૂસતમફરામના, શેઠ ધનજીશાહ સોરાબજી શેઠના, શેઠ કેખશરૂ કાવશજી રૂવાલા, શેઠ બેજનજી રતનજી કોઠાવાલા-ઓ. સેક્રેટરી અને શેઠ પેસતનજી જીજીભાઈ બાટલીવાલા.

ઓરપાડની જરથોસ્તી અનજુમનનાં ફંડના મેનેજરો—શેઠ હીરજીભાઇ એદલજી ઓરપાડવાલા અને શેઠ બમનજી રતનજી પટેલ.

ઇંદોર જરથોસ્તી અનજુમનનાં ફંડના મેનેજરો—શેઠ રૂસતમજી ખરશેદજી કામદીન દસ્તુર-સરનશીન, શેઠ મેરવાનજી હોરમજજી ભમગરા, શેઠ પીરોજશાહ ડોસાભાઇ રાંદેરીઆ, શેઠ કાવસજી જામાસ્પજી ગોકલ અને શેઠ હોરમજશા પેશતનજી પટેલ-ઓ. સેક્રેટરી.

ઇગતપુર જરથોસ્તી અનજુમનનાં ફંડના મેનેજરો —શેઠ મનચેરજી દાદાભાઈ ભાવનગરી, શેઠ કાવસજી નાનાભાઈ મેસમેન, શેઠ દોરાબશાહ શાપુરજી ઇચ્છાપોરીયા, શેઠ બરજોરજી ધનજીભાઇ ઇચ્છાપોરીયા, શેઠ માણેકજી ધનજીભાઇ પીથાંવાલા, શેઠ આદરજી ફકીરજી પટેલ-ઓ. સેક્રેટરી અને શેઠ હોરમસજી ધનજીભાઈ પટેલ-નાયબ સેક્રેટરી.

ઉતાકામંદની જરથોસ્તી અંનજુમનના ઓ. સેક્રેટરીઓ—શેઠ કામાજી રૂસ્તમજી ફીયાજી-ઓ. સેક્રેટરી અને શેઠ જમશેદજી અરદેશર ઉમરીગર-જોડીયા ઓ. સેક્રેટરી.

ચીનના જરથોસ્તી અનજુમનનાં ધરમનાં ફંડોની વીગત.

ટરસ્ટીઓ-શેઠ હોરમઝ કેખશરૂ ઇરાની, શેઠ મેરવાનજી પાલનજી તલાટી, શેઠ દીનશાહ કાવશજી શેઠના તથા શેઠ અ. બે. અવાસીયા.

હાંગકાંગનાં જરથોસ્તી જસટીસ ઓફ ધી પીસ-શેઠ ફરામજી હોરમશજી અરજાની.

ઉપલા ત્રસટી સાહેબો હસતક સને ૧૯૧૪ ના શાલની ચીનની જરથોસતી અનજુમનનાં નીચલાં જુદાં જુદાં ધરમખાતાંનાં ફંડોની કુલે પુંજી ડા. ૧૧૫૯૯૫) ૬૪ ની છે, તેમાંથી હાંગકાંગ, કનટાન અને વાંમપુની રવાનની જગાનો તેમજ અનજુમનનાં મકાનોનો સરવે ચાલુ ખરચ કરવામાં આવે છે. કોઇ ગરીબ જરથોસતી નાચારી હાલતમાં આવ્યો હોએ તો તેને આશરો આપવામાં આવે છે. તેમજ કોઈ લાચાર જરથોસ્તીનું મરણ નીપજ્યું હોય તો તેનો સરવે ધટનો ખરચ કરવામાં આવે છે. લાચાર ચીનાઓને આશરો આપવા માટે ઉભાં કીધેલાં ફંડમાંથી દર સાલ તેવા લાચાર ચીનાઓને મદદ આપવામાં આવે છે, અને ધહમબાર ફંડમાંથી દર સાલ ધહમબારનું જશન તથા ખાનું કરવામાં આવે છે.

૨૪૦૬૮)૦૪	હાંગકાંગ, કનટાન અને મકાઉનાં જરથોસ્તીઓનાં ધરમનાં ફંડ ખાતે.
૧૪૯૭૧)૭૨	લાચાર આંધલાં પાંગલા ચીનાઓને આસરો આપવાનાં ફંડ ખાતે.
૧૧૯૯૭)૧૮	વીકટોરીયા જુબીલી પારસી ચેરીટી ફંડ ખાતે.
૪૦૯૦)૭૫	હાંગકાંગની જરથોસ્તી અનજુમનનાં ધહમબારનાં ફંડ ખાતે.
૧૬૩૫૪)૦૨	શેંગાહીની રૂવાનની જગા બદલ મલેલી રકમ ખાતે.
૫૦૦)	બેહેસતનશીન શેઠ રતનજી બેહેરામજી બીસનીનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.
૫૦૦)	બેહેસતનશીન શેઠ નશરવાનજી નાનાભાઇ પટેલનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.
૫૦૦)	બેહેસતનશીન શેઠ એદલજી ફરામજી કરાંણીના પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.
૫૦૦)	બેહેસતનશીન શેઠ નશરવાનજી બમનજી મોદીનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.
૫૦૦)	બેહેસતનશીન શેઠ દાદાભાઇ કાવસજી તાતાનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.
૧૦૦૦)	બેહેસતનશીન શેઠ ધનજીભાઇ રતનજી બીસનીની યાદગારી કાયમ રાખવા સારૂ. હાંગકાંગ, કનટાનનાં જરથોસ્તીઓએ કીધેલાં ધરમ ખાતે.
૫૦૦)	બેહેસતનશીન શેઠ ખરશેદજી બમનજી શેઠનાનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.
૫૦૦)	બેહેસતનશીન શેઠ એદલજી નવરોજી મેહેતાનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.
૨૨૭૨)૭૩	મરહુમ સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના ધણીયાણી લેડી શાકરબાઈ તે મરહુમ શેઠ ફરામજી ભીખાજી પાંડેનાં બેટીનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.
૬૦૯)૦૫	બેહેસતનશીન શેઠ ફરામજી દીનશાજી પીટીટ, શેહેનશાહબાનું વીકટોરીયાની જુબીલીનાં ટાંકણાંસર યુરોપ, અમેરીકા તથા જાપાનની મુસાફરી કરી હાંગકાંગ સને ૧૮૮૭ નાં સાલમાં આવ્યા હતા તેની યાદગારી રાખવા સારૂં આપેલી નોટને ખાતે.
૧૯૧૨)૨૮	કનટાનના જરથોસ્તીઓના ધહમબારનાં ફંડ ખાતે.
૫૦૦)	શેઠ અરદેશર હોરમસજી ચીનાઇએ પોતાના બાવાજી, માતાજી તથા ભાઇ કાવશજીનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.
૯૦૯)૦૯	મરહુમ શેઠ નશરવાનજી માણેકજી પીટીટનાં પુણને સારૂં તેવણની પુંજીમાંથી એવણના વીધવા બાઇ દીનબાઈ તે મરહુમ શેઠ મેરવાંનજી જીજીભાઇ મુંઆના બેટીએ આપેલા રૂ. ૨૦૦૦ નાં બોમબે પોરટ ટરસટ બાંડને ખાતે.
૨૬૭૨)૭૩	મરહુમ સર દીનશાજી મા. પીટીટ બારોનેટે પોતાની યાદગારી સારૂં કીધેલાં ધરમખાતે.
૫૦૦)	બેહેસતનશીન શેઠ નશરવાનજી દાદાભાઇ ઓલીયાએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ મેહેરવાનજી બેહેરામજી પાલીસવાલાએ પોતાના બાવાજી શેઠ બેરામજી તથા માતાજી બાઇ કુંવરબાઇનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ એદલજી માણેકજી કાપડયાએ પોતાના બેહેસતનશીન દીકરા શેઠ અરદેશરજીનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.

૧૦૦૦) શેઠ બમનજી પાલનજી કરંજીયા ૧૮૯૮ ની તા૦ ૩ જી ડીસેમબરે મુંબઇમાં હક થયા તેવણના પુણ માટે તેવણની પુંજીમાંથી તથા તેવણનાં ખેશીઓએ ભરેલી રકમને ખાતે.

૫૦૦) મરહુમ શેઠ જમશેદજી જામાસપજી ઉનવાલા તે હાંગકાંગના રૂ તથા સુતરના દલાલે પોતાના બાવાજી આ૦ જામાસપજીનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ જમશેદજી જામાસપજી ઉનવાલાએ પોતાના માતાજી માણેકબાઇ તે આ૦ એદલજી દોરાબજી કોટવાલના બેટીનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.

૩૩૩૮)૦૧ બેહેસતનશીન શેઠ દોરાબજી નવરોજીએ પોતાની યાદગારી સારૂં કીધેલાં ધરમ ખાતે.

૧૦૦૦) શેઠ માણેકજી પેસતનજી તલાટીએ પોતાનાં મરહુમ માતાજી બાઇ મોતીબાઇ તથા મરહુમ પીતાજી પેસતનજી મેરવાનજી તલાટી તથા કાકાના દીકરા મરહુમ શેઠ સોરાબજી નશરવાનજી તલાટીનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ બમનજી બેરામજી ધણાપટેલે પોતાની દીકરી બેહેસતનશીન બાઇ બાઇમાએ તે શેઠ અરદેશર કાવશજી કામાનાં ધણીઆણીનાં પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.

૨૫૦૦) મરહુમ શેઠ દોરાબજી નવરોજીએ પોતાના ધણીઆણી બાઈ મોતીબાઇની યાદગારી સારૂં કીધેલાં ધરમ ખાતે.

૭૦૦) બેહેસતનશીન શેઠ બમનજી બેહરામજી ધણાપટેલનાં પુણને સારૂં તેવણના વીધવા બાઇ દીનબાઇએ કીધેલાં ધરમ ખાતે.

૧૦૦૦) શેઠ પેસતનજી ફ્રામજી તલાટીએ પોતાના મરહુમ બાવાજી શેઠ ફ્રામજી મેરવાનજી તલાટી અને ભાઇઓ બેજનજી તથા પાલનજીના પુણને સારૂં કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ જમશેદજી જામાસજી ઉનવાલા તે હાંગકાંગના રૂ તથા સુતરના દલાલનાં પુણને સારૂં તેવણનાં ભાણેજ મરહુમ ભાઇ જાહાંગીર નવરોજી કાતરકે કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ એદલજી શાપુરજી લાહેરના પુણને સારૂં તેવણના વીધવા બાઇ શીરીનબાઇએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ જાહાંગીરજી પેસતનજી ખરાસનાં પુણને સારૂં તેવણની પુંજીમાંથી કીધેલાં ધરમ ખાતે.

૨૫૦૦) મરહુમ શેઠ બેહરાંમ આદર ઇરાની કંડારીએ પોતાનાં તા૦ ૧લી જુલાઇ ૧૯૦૧ ની તેરીખના વીલમાં ફરમાવ્યા મુજબ તેવણનાં અને તેવણનાં ખેશીઓનાં પુણને સારૂં તેવણનાં એકઝીકયુટર શેઠ ફ્રામજી હોરમજજી અરજાંનીએ ઉઘાડેલાં ધરમ ખાતે.

૫૦૦) શેઠ ધનજીભાઇ દોરાબજીએ પોતાના મરહુમ બાવાજી શેઠ દોરાબજી નવરોજીની યાદગારી કાયમ રાખવા સારૂ કીધેલાં ધરમ ખાતે.

૧૦૦૦) મરહુમ શેઠ દોરાબજી નવરોજીના પુણને સારૂ તેવણનાં ખેશીઓએ કીધેલાં ધરમખાતે.

૧૫૦૦) બેહેસતનશીન શેઠ દોરાબજી નવરોજીની યાદગારી કાયમ રાખવા સારૂં હાંગકાંગ, કંટાનનાં જરથોસ્તીઓએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ હોરમજજી નવરોજી કરંજીઆના પુણને સારૂ તેવણની પુંજીમાંથી તથા તેવણનાં ખેશીઓએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ હોરમજી મેરવાનજી મેહેતાના પુણને સારૂં તેવણના વીધવા બાઇ કુંવરબાઇએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ દોરાબજી નવરોજીની યાદમાં એવણના દીકરા શેઠ ધનજીભાઇએ પોતાની અને પોતાના માતાજી અને ખેશીઓ તરફથી કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) એહેસતનશીન શેઠ નવરોજી પાલનજી કાતરકના પુનને સારૂ તેવણુના દીકરા મરહુમ ભાઈ જાહાંગીર નવરોજી કાતરકે કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) એહેસતનશીન શેઠ જાંગીરજી નવરોજી કાતરકના પુણ સારૂ એવણુની પુંજીમાંથી એવણુના માતાજી બાઇ પીરોજબાઇ નવરોજી કાતરકે કીધેલાં ધરમ ખાતે.

૩૦૦૦) શેઠ ધનજીભાઇ દોરાબજીએ પોતાનાં ધણીઆણી બાઇ ગુલબાઇની યાદગારી સારૂં કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) એહેસતનશીન શેઠ અરદેશર નશરવાનજી મોદીના પુણ સારૂં કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ બમનજી ભીમજીભાઈ બાટલીવાળાના પુણ સારૂં તેવણુના દીકરાઓ રૂશતમજી, કેખશરૂ, શીયાવક્ષ તથા દીકરી બાઇ ખરશેદબાઇએ કીધેલાં ધરમ ખાતે.

૭૦૦) મરહુમ શેઠ સોરાબજી એરામજી ભાભાએ પોતાના મરહુમ બપાવા કુંવરજી હોરમજી ભાભાના પુણ સારૂં કીધેલાં ધરમ ખાતે.

૭૦૦) મરહુમ શેઠ અરદેશર હોરમજી ચીનાઈનાં પુણ સારૂં તેવણુની પુંજીમાંથી કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ હોરમજી નશરવાનજી કુપરના પુણ સારૂં તેવણુની પુંજીમાંથી કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ પેસતનજી એદલજી ખંબાતાનાં પુણ સારૂં તેવણુની પુંજીમાંથી કીધેલાં ધરમ ખાતે.

૭૦૦) મરહુમ શેઠ કેખશરૂ અરદેશર ચીનાઈના પુણ સારૂં તેવણુની પુંજીમાંથી કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ ધનજીભાઈ દોરાબજીના પુણ સારૂં તેવણુના ધણીયાણી બાઇ ગુલબાઇએ કીધેલાં ધરમ ખાતે.

૭૦૦) મરહુમ શેઠ ભીમજીભાઇ ફરામજી કાવારાના તથા બાઇ જીવનબાઇ ભીમજીભાઇ કાવારાનાનાં પુણ સારૂં તેવણુના દીકરાઓ ધનજીભાઇ તથા ફરામજી ભીમજીભાઇ કાવારાનાએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ બાઇ દીનબાઇ વીકાજી રૂશતમજી સોલીનાનાં પુણ સારૂં દીકરાઓ ફરામજી, રૂશતમજી અને રતનશાહે કીધેલાં ધરમ ખાતે.

૧૧૫૯૯૫)૬૪

ધરમના મકાનો.

હાંગકાંગ મધે જરથોસ્તી અનજુમનના ખરચે એક જાહેર મકાન બાંધવામાં આવેલું છે જેમાં સર અવસરે બેઠકો તથા ધરમને લગતી કીરીઆ કામો વીગેરે કરવામાં આવે છે; તેમજ એ મકાનમાં એક લાયબ્રેરી જરથોસ્તીઓનાં વપરાસ સારૂં છે.

મરહુમ શેઠ દોરાબજી નશરવાનજી કામાજીએ પોતાના ખરચે વામપુ મધેની જરથોસ્તી અંજુમન હસતકની રવાંનની જગો ઉપર એક બંગલો બંધાવી અંજુમનના વપરાસ સારૂં બક્ષેશ કીધો છે.

એહેસતનશીન શેઠ ખરશેદજી શાપુરજી બનાજીના પુણને સારૂં તેવણુના કેટલાક દોસતોએ કીધેલાં ફંડ મધેથી એ મરનારની યાદગારી કાયમ રાખવા સારૂં વાડી ૧) શ્રી મકાઉ મધે જરથોસ્તી અનજુમનને એનાયત કીધેલી તે કામમાં નહી આવયાથી તે વેચી તેને બદલે શ્રી મકાઉ મધે વેચાતું લીધેલું પરાઆ ગરાનડી ઉપરનું ઘેર ૧) છે. જેમાં જરથોસ્તીઓને પોતાની તબીયતના સુધારા અરથે ઉતારો આપવામાં આવે છે.

બાઇ માણેકબાઇ તે સર. હોરમસજી નવરોજજી મોદીનાં ધણીયાણી હાંગકાંગ મધે લાંબો વખત રહી સને ૧૮૮૬ માં મુંબઇ સીધારયાં તે સુભ ટાંકણુાંની યાદગારી હાંગકાંગમાં જાલવી રાખવાના હેતુથી હાંગકાંગની અશો રવાનની જગા ઉપર ખુશનુમાં દેખાવનો સફેદ મારબલનો ફુવારો ૧ તથા તેને લગતું પાણીનું બાંધકામ, શોભતી લોઢાંની બેઠકો તથા પથરની પાકી બાંધણીનો ગંજાવર મેહેરાબ સાથનો લોખંડનો દરવાજો ૧ મલી સરવે પોતાને ખરચે બાંધી અંજુમનને ભેટ આપયું છે.

ઉપર જણાવેલાં સરવે મકાનોની મેનેજ અનજુમનનાં એક ટ્રસ્ટી તથા આનરરી સેકરેટરી હસ્તકથી થાય છે.

કલકતાની જરથોસ્તી અનજુમનનાં ધરમના ફંડોની વીગત.

ટરસટીઓ—શેઠ નવરોજી જામાસ્પજી અરજાંની, શેઠ ખરશેદજી હી. મા. રૂશતમજી અને શેઠ એદલજી પેસતનજી ગજદર–એવોને હસ્તક નીચલાં ફંડો ચાલે છે અને તેની બાકી રકમ સને ૧૯૧૪ ના શાલની નીચે મુજબની છે:—

૨૧૧૪૦)	૧)	૦	કલકતાની જરથોસતી અનજુમનના ધરમતું ફંડ.
૧૪૩૬૭)	૧૦)	૪	કલકતાના દોખમાની આસપાસની તથા તેની બહારના બગીચાવાલી અંજુમનની આખી જગાપર પુરણી કરવા તથા દોખમાં તથા દીવાલ વગેરેની મરામત કરવાતું ફંડ.
૧૯૩૧૫)	૩)	૫	મરહુમ શેઠ રૂશતમજી કાવસજી બનાજીના ગહમબારનું ફંડ.
૧૫૦૭૩)	૫)	૮	બેરામજી જીજીભાઈ શ્રી કલકતાના જરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવાનું ફંડ.
૮૫૦૦)	૦)	૦	સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટના ધરમ ખાતે.
૧૦૦૦)	૦)	૦	બેહેસતનશીન શેઠ કાવસજી દીનશાજી પીટીટના પુણને સારૂ તેવણના છોકરાઓ શેઠો હોરમસજી, ખરશેદજી, અરદેશર તથા શોરાબજીને નામે તેઓના બપાવા સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે આપેલી નોટ.
૫૦૦)	૦)	૦	બેહેસતનસીન શેઠ મેરવાનજી કાવશજી દીનશાહજી પીટીટના પુનને સારૂ તેવણના બપાવા સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે આપેલી નોટ.
૧૦૦૦)	૦)	૦	શેઠ બેરામજી જીજીભાઈ સી. એસ. આઇ. ના ધરમખાતે.
૧૦૦૦)	૦)	૦	શેઠ ફરામજી મનચેરજી બુમલાએ પોતાની દીકરી બેહેશતનશીન બાઈ ગુલબાનુના પુનને સારૂ આપેલી નોટ.
૧૦૦૦)	૦)	૦	મુંબઇવાલા શેઠ કાવશજી બેજનજી કરાણીએ મરહુમ દીકરી બાઇ જીવનાઇજી તથા તેણીના દીકરા મરહુમ શેઠ બમનજી અરદેશર મોદીના પુણ સારૂ આપેલી નોટ.
૧૦૦૦)	૦)	૦	મરહુમ શેઠ કાવશજી ધનજીભાઇ પાંઉવાલાના પુણ સારૂ દીકરા શેઠ શોરાબજીએ આપેલી નોટ.
૧૯૪૬૬)	૧૦)	૦	શેઠ બેરામજી જીજીભાઇ સી. એસ. આઈ. એ આપેલી નોટ.
૧૦૦૦)	૦)	૦	શેઠો અરદેશરજી તથા જાહાંગીરજી નશરવાનજી મોદીએ પોતાના બેહેસતનસીન મુરંબીજી નશરવાનજી બમનજી મોદીના પુનને સારૂ આપેલી નોટ.
૧૦૦૦)	૦)	૦	શેઠ કાવસજી બેજનજી દસ્તુરે આપેલી નોટ.
૧૦૦૦)	૦)	૦	સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના નબીરા બેહેસતનશીન શેઠ અરદેશર કાવસજી પીટીટના પુનને સારૂ કીધેલા ધરમ ખાતે.
૨૫૦૦)	૦)	૦	હાંગકાંગ, કનતાંન તથા મકાઉનાં જરથોસતી અનજુમનનાં ધરમ ખાતે.
૧૦૦૦)	૦)	૦	સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના ધણીઆણી લેડી સાકરબાઈ તે મરહુમ શેઠ ફરામજી ભીખાજી પાંડેનાં બેટીના પુનને સારૂ કીધેલાં ધરમ ખાતે.
૧૫૦૦)	૦)	૦	શેઠ ફરામજી મનચેરજી બુમલાએ માતાજી બાઇ રતનબાઈ તે મરહુમ શેઠ મનચેરજી બુમલાખાઉના વીધવાની યાદગારી કાયમ રાખવા કીધેલા ધરમ ખાતે.
૧૮૨૦)	૫)	૦	ધી ઓનરેબલ સર દીનશાજી માણે૦ પીટીટ બારોનેટ ઝોરાસ્ટ્રીયન લાઇબ્રેરીનું ફંડ
૧૧૬૫૮)	૮)	૪	સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે લાઇબ્રેરીના આશ્રા માટે આપેલી નોટ.
૩૫૦૦)	૦)	૦	મરહુમ લેડી સાકરબાઇ દીનશાજી પીટીટ તે શેઠ ફરામજી ભીખાજી પાંડેનાં બેટીના પુણ સારૂ ધણી સર દી.મા. પીટીટ બારોનેટે તથા છોકરાઓએ કીધેલાં ધરમખાતે.
૧૦૦૦)	૦)	૦	કલકતાની જરથોસ્તી અનજુમન તરફથી લાઇબ્રેરીના ફંડમાં ભરાએલા નાણા મધેથી લીધેલી નોટ.

૫૦૦)	૦) ૦	મરહુમ શેઠ નશરવાનજી માણેકજી પીટીટના પુણ સાર તેવણુની પુંજીમાથી એવણુના વીધવા બાઇ દીનબાઈ તે મરહુમ શેઠ મેરવાનજી જીજીભાઇ મુગાનાં બેટીએ આપેલી નોટ.
૧૦૨૯)	૦) ૦	બેહેસતનશીન બાઇ નવાજબાઈ તે શેઠ રતનજી પાલનજી મીસતરીનાં બેતીના પુનને સાર કીધેલાં ધરમ ખાતે.
૧૧૭૫૩)	૧) ૪	કલકતાના જરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવા વધુ માણસો બોલાવી રાખવાના અતરેની અનજુમને ઉભું કીધેલું ફંડ.
૧૦૦૦)	૦) ૦	સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે કલકતાના જરથોશતી રવાનોને અવલમંજલ પહોંચાડવા વધુ માણસો રાખવાના અનજુમને ઉભા કીધેલાં ફંડમાં આપેલી નોટ.
૫૦૯)	૦) ૦	બાઈ પીરોજબાઇ જમશેદજી માદને પોતાના મરહુમ માતાજી બાઈ દીનબાઇ તે ગુ૦ શેઠ નવરોજી કાવશજી મીનવાલાના ધણીઆણીના પુનને સાર આપેલી નોટ,
૧૦૦૦)	૦) ૦	શેઠ મેરવાનજી નાનાભાઇ મેહેતાએ પોતાના બેહેસતનશીન ધણીઆણી બાઈ નાલીબાઇના પુણને સાર આપેલી નોટ.
૫૦૦)	૦) ૦	મરહુમ શેઠ રતનજી પાલનજી મીસતરીના પુણ સાર તેવણુની પુંજીમાંથી તેવણુના વીધવા બાઇ ગુલબાઈ તે મરહુમ શેઠ જીવનજી ઉકરજી દારૂવાલાના બેટીએ આપેલી નોટ.
૫૦૦)	૦) ૦	મરહુમ શેઠ રૂસતમજી નવરોજી પટેલની યાદગારી કાયમ રાખવા સાર એવનના વીધવા બાઇ ડોશીબાઇએ આપેલી નોટ.
૫૦૯)	૦) ૦	શેઠ જમશેદજી ફરામજી માદને પોતાના મીત્ર મરહુમ શેઠ કુંવરજી બમનજી ગજદરના પુનને માટે આપેલી નોટ.
૨૩૭)	૧) ૯	કલકતાના જરથોસતી રવાનોને અવલમંજલ પહોંચાડવા સાર ગાડી મંગાવી તેનું ફંડ.
૨૦૦૦)	૦) ૦	બેહેશતનશીન બાઈ શીરીનબાઇ તે શેઠ રૂસતમજી ધનજીભાઇ મહેતા સી. આઇ. ઇ. ના ધણીઆણીના પુનને સાર આપેલી નોટ.
૫૦૦)	૦) ૦	શેઠો ફરામજી મનચેરજી તથા હીરજીભાઈ મનચેરજીએ મરહુમ માતાજી બાઇ રતનબાઇ તે ગુ૦ શેઠ મનચેરજી બુમલાખાઉના ધણીયાણીના પુણ સાર આપેલી નોટ.
૭૦૦)	૦) ૦	મરહુમ શેઠ માણેકજી રૂસતમજી તથા તેવણુના ધણીઆણી બાઇ સાકરબાઇ માણેકજી રૂસતમજીનાં પુનને સાર કીધેલાં ધરમ ખાતે.
૮૧૫)	૦) ૦	મરહુમ શેઠ કેખશરૂ દાદાભાઈ રૂ. બનાજીના પુણ માટે તેવણુની પુંજીમાંથી બાઇ શેઠ ફરામજી દાદાભાઇ બનાજી તથા બેહનો બાઇ શીરીનબાઈ સોરાબજી શાતીન તથા બાઇ જરબાઇ કાવસજી માણેકજી રૂસતમજીએ આપેલી નોટ.
૫૦૦)	૦) ૦	શેઠ ફરામજી મનચેરજી બુમલાખાઉએ પોતાના વહુ મરહુમ બાઈ શીરીનબાઇ તે શેઠ રૂસતમજી ફરામજી બુમલાખાઉનાં ધણીયાણીનાં પુન સાર કીધેલાં ધરમખાતે.
૫૧૭૦૨)	૧૧) ૯	મરહુમ શેઠ માણેકજી રૂસતમજી બનાજીની યાદગારી કાયમ રાખવા કલકતાની ધરમશાળાનું ખાતું.
૨૬૧૫)	૦) ૦	શેઠ જમશેદજી ફરામજી માદને, ખેશીઓએ તથા દોસતોએ પોતાના સગા તથા મીત્ર મરહુમ શેઠ રતનજી નવરોજી મીનવાલાના પુનને માટે આપેલી નોટ.
૫૦૦)	૦) ૦	શેઠ અરદેશરજી નશરવાનજી મોદીના પુનને સાર કીધેલાં ધરમ ખાતે.
૫૦૦)	૦) ૦	મરહુમ શેઠ અરદેશરજી નશરવાનજી મોદીના પુનને સાર ધરમશાળાને માટે કીધેલા ધરમ ખાતે.

૬૦૪) ૦) ૦	બાઇ પીરોજબાઇ જમશેદજી માદને પોતાનાં મરહુમ બાઇ રતનજી નવરોજી મીનવાલાની યાદમાં આપેલી નોટ.
૧૦૦૦) ૦) ૦	મરહુમ શેઠ દીનશાહ ભીખાજી બામજીના પુનને માટે આપેલી નોટ.
૫૭૮૭) ૪) ૬	શેઠ ફરામજી મનચેરજી બુમલાખાઉ અસલ નવસારી મલેસરવાડી મોહલ્લાના વતની તે હાલ કલકતાના રહીશે મરહુમ સખીવજીક પરદુખભંજન મુરબીજી રુસતમજી જમશેદજી જીજીભાઈની યાદગારી કાયમ રાખવા કીધેલાં ધરમખાતે.
૩૬૦૦) ૦) ૦	શેઠ જમશેદજી ફરામજી માદને દારજીલીંગની આરામગાહની જગાના ખરચ યાને નીભાવ ફંડ માટે આપેલા રૂ. ૩૦૦૦ ના ધરમ ખાતે.
૧૦૧૫) ૦) ૦	શેઠ કાવશજી માણેકજી રૂસતમજી તથા એવણનાં દીકરીઓ બાઇ ભીખાઈજી, ખરશેદબાઈ તથા મેહેરબાઇએ મરહુમ બાઇ જરબાઇ તે શેઠ કાવશજી માણેકજી રૂશતમજીનાં ધણીઆણીનાં પુણ સાર આપેલી નોટ.
૫૦૦) ૦) ૦	મરહુમ શેઠ હોરમશજી નશરવાનજી કુપરનાં પુણ સાર આપેલા રૂ૫૦૦નું ખાતું.
૨૯૨૮) ૬) ૩	બાલીઆગતાની આરામગાહની જગા ઉપરઅશો ફરોહરની આરાધના કરવાનું ફંડ.
૨૦૦૦) ૦) ૦	મરહુમ શેઠ કાવસજી ધનજીભાઈ ગજદરનાં પુણ સાર આપેલા રૂ. ૨૦૦૦ ના ખાતે.
૩૦૦૦) ૦) ૦	મરહુમ શેઠ પેશતનજી એદલજી ગજદરનાં પુણ સાર આપેલી રૂ ૩૦૦૦ની નોટ.
૨૦૦૦) ૦) ૦	મરહુમ શેઠ પેશતનજી એદલજી ગજદરનાં પુણ સાર આપેલી રૂ ૨૦૦૦ની નોટ.
૧૮૩૧૪૩) ૫) ૪	

મુંબઇ શેહેરમાં દર વરશ પારસીઓમાં કેટલા જનમ થાયછે તેનો કોઠો

(મયુનીશીપલ ખાતામાં રખાતી નોંધ ઉપરથી)

વરશ.	છોકરા.	છોકરી	કુલે જનમ.	વરશ.	છોકરા	છોકરી	કુલે જનમ	વરશ.	છોકરા	છોકરી.	કુલે. જનમ
૧૮૬૫	૩૪૫	૨૫૨	૫૯૭*	૧૮૮૨	૭૪૫	૭૨૦	૧૪૬૫	૧૮૯૯	૫૦૮	૪૭૦	૯૭૮
૧૮૬૬	૨૭૫	૨૩૧	૫૦૬	૧૮૮૩	૭૦૧	૬૭૨	૧૩૭૩	૧૯૦૦	૫૦૯	૫૧૭	૧૦૨૬
૧૮૬૭	૪૩૫	૪૧૪	૮૪૯	૧૮૮૪	૬૪૭	૬૫૦	૧૨૯૭	૧૯૦૧	૫૯૨	૫૪૮	૧૧૪૦
૧૮૬૮	૨૭૧	૨૦૪	૪૭૫	૧૮૮૫	૬૯૯	૬૮૩	૧૩૮૨	૧૯૦૨	૫૫૬	૫૭૯	૧૧૩૫
૧૮૬૯	૧૮૭	૧૬૯	૩૫૬	૧૮૮૬	૭૦૬	૬૧૭	૧૩૨૩	૧૯૦૩	૫૬૬	૬૦૨	૧૧૬૮
૧૮૭૦	૨૦૭	૧૪૭	૩૫૪	૧૮૮૭	૬૭૦	૬૪૫	૧૩૧૫	૧૯૦૪	૬૭૪	૬૧૭	૧૨૯૧
૧૮૭૧	૨૬૨	૨૬૩	૫૨૫	૧૮૮૮	૭૩૩	૭૬૮	૧૫૦૧	૧૯૦૫	૭૦૫	૬૨૮	૧૩૩૩
૧૮૭૨	૬૫૯	૫૭૫	૧૨૩૪	૧૮૮૯	૬૭૫	૬૦૪	૧૨૭૯	૧૯૦૬	૬૧૮	૬૮૦	૧૨૯૮
૧૮૭૩	૬૪૦	૫૫૩	૧૧૯૩	૧૮૯૦	૭૨૯	૬૭૯	૧૪૦૮	૧૯૦૭	૬૯૮	૬૩૫	૧૩૩૩
૧૮૭૪	૫૬૮	૫૪૯	૧૧૧૭	૧૮૯૧	૬૬૭	૬૭૭	૧૩૪૪	૧૯૦૮	૬૨૦	૬૨૦	૧૨૪૦
૧૮૭૫	૫૯૯	૫૩૩	૧૧૩૨	૧૮૯૨	૬૬૨	૬૧૮	૧૨૮૦	૧૯૦૯	૬૨૫	૬૪૭	૧૨૭૨
૧૮૭૬	૬૧૮	૫૮૦	૧૧૯૮	૧૮૯૩	૭૨૦	૬૪૯	૧૩૬૯	૧૯૧૦	૭૧૩	૬૭૬	૧૩૮૯
૧૮૭૭	૬૩૦	૬૩૫	૧૨૬૫	૧૮૯૪	૬૮૯	૬૩૭	૧૩૨૬	૧૯૧૧	૭૯૭	૬૯૦	૧૪૮૭
૧૮૭૮	૬૦૧	૫૨૮	૧૧૨૯	૧૮૯૫	૭૦૪	૬૬૯	૧૩૭૩	૧૯૧૨	૭૭૫	૬૫૮	૧૪૩૩
૧૮૭૯	૬૩૬	૫૪૦	૧૧૭૬	૧૮૯૬	૬૩૭	૬૧૯	૧૨૫૬	૧૯૧૩	૭૩૫	૬૫૬	૧૩૯૧
૧૮૮૦	૭૬૮	૬૪૩	૧૪૧૧	૧૮૯૭	૫૧૫	૪૮૭	૧૦૦૨	૧૯૧૪	૭૧૧	૭૪૩	૧૪૫૪
૧૮૮૧	૬૫૪	૬૭૧	૧૩૨૫	૧૮૯૮	૫૪૭	૫૩૯	૧૦૮૬				

* સને ૧૮૬૫ થી તે ૧૮૭૧ શુધીના જનમોની સંખીઆ ઘણી ઓછી છે, તેનું કારણ કે ત વરશોમાં જનમોની નોંધ બરાબર ચોકસ રીતે નોંધાયલી લાગતી નથી..

સંવત ૧૯૨૭ થી યાને તા૦ ૧ લી નવેમ્બર ૧૮૭૦ થી તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૧૩ સુધી વરશ ૪૩) માં મુંબઈ મધે જરથોશતી કોમમાં રવાંનો થયાં તેની તારીજઃ—

(મુંબઈની પારસી પંચાયતના દફતરોમાં રખાતી નોંધ મુજબ.)

સંવત.	રવાંન મોહોટાં.			રવાંન હાંનડાનાં.			રવાંન નાયલાં.			જુમલે રવાંન.		
	મરદ.	ઓરત.	જુમલે.	છોકરા.	છોકરી.	જુમલે.	છોકરા.	છોકરી.	જુમલે.	પુરૂષ.	સ્રી.	જુમલે.
૧૯૨૭	૨૩૦	૧૮૮	૪૧૮	૨૨	૧૬	૩૮	૨૭૬	૨૨૭	૫૦૩	૫૨૮	૪૩૧	૯૫૯
૧૯૨૮	૨૭૭	૨૫૨	૫૨૯	૩૬	૨૪	૬૦	૩૫૧	૩૫૯	૭૧૦	૬૬૪	૬૩૫	૧૨૯૯
૧૯૨૯	૨૧૫	૨૨૨	૪૩૭	૧૨	૧૧	૨૩	૨૮૦	૨૧૩	૪૯૩	૫૦૭	૪૪૬	૯૫૩
૧૯૩૦	૨૨૬	૨૦૨	૪૨૮	૨૦	૧૭	૩૭	૨૭૧	૨૩૩	૫૦૪	૫૧૭	૪૫૨	૯૬૯
૧૯૩૧	૨૬૧	૨૨૫	૪૮૬	૨૦	૩૦	૫૦	૩૪૧	૨૮૮	૬૨૯	૬૨૨	૫૪૩	૧૧૬૫
૧૯૩૨	૨૨૯	૨૪૮	૪૭૭	૨૩	૨૪	૪૭	૩૩૧	૨૯૦	૬૨૧	૫૮૩	૫૬૨	૧૧૪૫
૧૯૩૩	૨૯૨	૨૫૮	૫૫૦	૧૬	૩૦	૪૬	૨૭૮	૨૩૩	૫૧૧	૫૮૬	૫૨૧	૧૧૦૭
૧૯૩૪	૨૬૬	૨૭૧	૫૩૭	૧૭	૨૪	૪૧	૩૧૫	૨૭૧	૫૮૬	૫૯૮	૫૬૬	૧૧૬૪
૧૯૩૫	૨૩૨	૨૧૬	૪૪૮	૧૬	૫	૨૧	૨૬૬	૨૧૫	૪૮૧	૫૧૪	૪૩૬	૯૫૦
૧૯૩૬	૨૦૪	૨૪૨	૪૪૬	૧૪	૯	૨૩	૨૯૯	૨૬૪	૫૬૩	૫૧૭	૫૧૫	૧૦૩૨
૧૯૩૭	૨૪૩	૨૮૪	૫૨૭	૧૧	૧૦	૨૧	૨૫૭	૨૪૦	૪૯૭	૫૧૧	૫૩૪	૧૦૪૫
૧૯૩૮	૨૨૯	૨૩૧	૪૬૦	૧૪	૧૮	૩૨	૨૪૨	૨૫૯	૫૦૧	૪૮૫	૫૦૮	૯૯૩
૧૯૩૯	૨૮૬	૨૭૪	૫૬૦	૧૮	૨૬	૪૪	૩૨૧	૨૮૯	૬૧૦	૬૨૫	૫૮૯	૧૨૧૪
૧૯૪૦	૨૭૩	૨૯૦	૫૬૩	૧૬	૬	૨૨	૩૦૧	૩૧૦	૬૧૧	૫૯૦	૬૦૬	૧૧૯૬
૧૯૪૧	૨૬૩	૨૬૧	૫૨૪	૧૦	૯	૧૯	૨૯૩	૨૬૫	૫૫૮	૫૬૬	૫૩૫	૧૧૦૧
૧૯૪૨	૨૯૫	૨૫૫	૫૫૦	૧૦	૧૪	૨૪	૨૯૫	૨૯૬	૫૯૧	૬૦૦	૫૬૫	૧૧૬૫
૧૯૪૩	૨૭૬	૨૬૦	૫૩૬	૫	૧૧	૧૬	૨૭૭	૨૬૧	૫૩૮	૫૫૮	૫૩૨	૧૦૯૦
૧૯૪૪	૨૯૫	૨૮૦	૫૭૫	૧૨	૧૭	૨૯	૩૧૫	૨૬૨	૫૭૭	૬૨૨	૫૫૯	૧૧૮૧
૧૯૪૫	૨૮૨	૨૯૬	૫૭૮	૧૩	૧૧	૨૪	૩૨૦	૩૨૧	૬૪૧	૬૧૫	૬૨૮	૧૨૪૩
૧૯૪૬	૨૭૯	૨૬૨	૫૪૧	૧૫	૯	૨૪	૨૯૦	૨૬૦	૫૫૦	૫૮૪	૫૩૧	૧૧૧૫
૧૯૪૭	૨૫૬	૨૯૪	૫૫૦	૧૩	૧૬	૨૯	૩૨૭	૨૮૭	૬૧૪	૫૯૬	૫૯૭	૧૧૯૩
૧૯૪૮	૨૮૨	૩૫૦	૬૩૨	૧૦	૧૪	૨૪	૩૦૨	૨૮૭	૫૮૯	૫૯૪	૬૫૧	૧૨૪૫
૧૯૪૯	૩૧૧	૩૦૦	૬૧૧	૮	૧૩	૨૧	૨૯૩	૨૩૩	૫૨૬	૬૧૨	૫૪૬	૧૧૫૮
૧૯૫૦	૨૯૩	૨૬૫	૫૫૮	૪	૧૨	૧૬	૩૨૨	૨૪૩	૫૬૫	૬૧૯	૫૨૦	૧૧૩૯
૧૯૫૧	૨૮૨	૩૩૭	૬૧૯	૧૩	૭	૨૦	૨૭૪	૨૭૬	૫૫૦	૫૬૯	૬૨૦	૧૧૮૯
૧૯૫૨	૩૬૩	૩૩૪	૬૯૭	૧૪	૧૫	૨૯	૩૧૦	૨૯૦	૬૦૦	૬૮૭	૬૩૯	૧૩૨૬
૧૯૫૩	૬૦૪	૫૯૭	૧૨૦૧	૩૭	૩૫	૭૨	૨૫૦	૨૫૨	૫૦૨	૮૯૧	૮૮૪	૧૭૭૫
૧૯૫૪	૬૨૭	૬૩૦	૧૨૫૭	૩૬	૪૮	૮૪	૨૮૨	૨૫૮	૫૪૦	૯૪૫	૯૩૬	૧૮૮૧
૧૯૫૫	૫૫૯	૫૬૬	૧૧૨૫	૨૨	૩૧	૫૩	૩૦૭	૨૫૪	૫૬૧	૮૮૮	૮૫૧	૧૭૩૯
૧૯૫૬	૫૬૮	૬૪૭	૧૨૧૫	૨૮	૩૨	૬૦	૩૪૦	૩૩૬	૬૭૬	૯૩૬	૧૦૧૫	૧૯૫૧
૧૯૫૭	૪૯૫	૪૬૬	૯૬૧	૨૮	૨૪	૫૨	૨૭૩	૨૨૮	૫૦૧	૭૯૬	૭૧૮	૧૫૧૪
૧૯૫૮	૪૫૮	૪૮૦	૯૩૮	૧૮	૩૨	૫૦	૨૮૪	૨૬૫	૫૪૯	૭૬૦	૭૭૭	૧૫૩૭
૧૯૫૯	૪૮૬	૪૪૬	૯૩૨	૨૫	૨૫	૫૦	૨૫૩	૨૬૦	૫૧૩	૭૬૪	૭૩૧	૧૪૯૫
૧૯૬૦	૪૩૪	૪૩૬	૮૭૦	૨૭	૧૮	૪૫	૨૩૬	૨૪૨	*૪૭૭	૬૯૭	૬૯૬	*૧૩૯૪
૧૯૬૧	૪૪૪	૪૧૭	૮૬૧	૩૦	૨૧	૫૧	૨૬૩	૨૫૨	*૫૧૬	૭૩૭	૬૯૦	*૧૪૨૮
+૧૯૬૨-૬૩	૫૧૭	૫૪૯	૧૦૬૬	૧૬	૨૪	૪૦	૩૭૦	૩૨૦	૬૯૦	૯૦૩	૮૯૩	૧૭૯૬
ઈસ્વી સને												
૧૯૦૭	૪૨૪	૪૨૬	૮૫૦	૧૨	૧૬	૨૮	૨૮૨	૨૭૮	૫૬૦	૭૧૮	૭૨૦	૧૪૩૮
૧૯૦૮	૪૫૧	૪૨૦	૮૭૧	૧૯	૧૬	૩૫	૨૮૯	૨૩૪	૫૨૩	૭૫૯	૬૭૦	૧૪૨૯
૧૯૦૯	૪૨૩	૪૨૩	૮૪૬	૧૫	૧૨	૨૭	૨૩૪	૨૩૬	૪૭૦	૬૭૨	૬૭૧	૧૩૪૩
૧૯૧૦	૪૪૪	૪૧૭	૮૬૧	૧૬	૧૩	૨૯	૨૯૮	૨૪૯	૫૪૭	૭૫૮	૬૭૯	૧૪૩૭
૧૯૧૧	૩૯૬	૪૧૫	૮૧૧	૨૩	૨૩	૪૬	૨૭૨	૨૩૩	૫૦૫	૬૯૧	૬૭૧	૧૩૬૨
૧૯૧૨	૪૬૫	૪૩૬	૯૦૧	૧૩	૨૦	૩૩	૨૭૭	૨૨૦	૪૯૭	૭૫૫	૬૭૬	૧૪૩૧
૧૯૧૩	૩૮૩	૩૯૮	૭૮૧	૧૪	૧૫	૨૯	૨૩૬	૨૦૬	૪૪૨	૬૩૩	૬૧૯	૧૨૫૨
૧૯૧૪	૪૦૦	૩૬૦	૭૬૦	૨૧	૨૩	૪૪	૨૨૮	૨૧૦	૪૩૮	૬૪૯	૫૯૩	૧૨૪૨
	૧૫૫૧૮	૧૫૪૨૬	૩૦૯૪૪	૭૮૨	૮૨૬	૧૬૦૮	૧૨૭૨૧	૧૧૫૦૫	*૨૪૨૨૮	૨૯૦૨૧	૨૭૭૫૭	*૫૬૭૮૦

* આવી નીશાનીવાલાં નાયલાં રવાન ૨) જેની જાતી મુકરર થઈ નથી તે રવાન ૨) વધુ ગણવાં.

+ મુંબઈની પારસી પંચાયતનો હીસાબ અગાઉ હીંદુ સવંત પ્રમાણે રખાતો હતો, પણ સવંત ૧૯૬૨ પછી અંગરેજી વરસની ગણત્રી પરમાણે પારસી પંચાયતનો હીસાબ રખાતો કીધાથી આ સવંત ૧૯૬૨-૬૩ નાં સાલની ગણત્રી તા૦ ૧ લી નવેમબર ૧૯૦૫ થી તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૦૬ સુધી ચઉદ માસની જાણવી.

યુરોપમાં ચાલતી લડાઇના સંબંધમાં પારસીઓએ આપેલી મદદને લગતી કેટલીક વીગતો.

યુરોપ ખાતે શને ૧૯૧૪ ના આગસ્ટ માસથી લડાઇ શરૂ થઇ હતી અને આપણી બ્રીટીશ સરકારે જોડયા મીત્ર રાજ્યો સાથે ઇનસાફને ખાતર તા૦ ૪ થી આગસ્ટ ૧૯૧૪ ને દીવશે લડાઈ જાહેર કરી હતી, જે હજી સુધી ચાલુ રહી છે. લડાઈ દરમ્યાન જરથોસ્તીઓએ નામદાર બ્રીટીશ સરકારને ઘણી રીતે મદદ કરી પોતાની વફાદારી દેખાડી આપી હતી. વળી પારસી ફીલ્ડ હાસ્પીટલ મોકલાવા માટે તથા મોટોરકારો અને દરેક પ્રકારની સામગ્રીઓ પુરી પાડવાને નાણાની ઉદારતાથી મદદ કરી જુદાં જુદાં ફંડોમાં લખો રૂપ્યા ભરી આપવા ઉપરાંત ઘણીક જાતની ચીજો, સોલજરો વગેરેના ઉપયોગ સારૂ ભેટ આપી છે. ઘણા જરથોસ્તીઓ તબીબી અમલદારો, પોસ્ટ માસ્તરો, વોલનતીયરો તરીકે તેમજ બીજી રીતે નામદાર સરકારની નોકરીમાં જોડાયા છે અને તેઓ સેંકડો માઇલ દુર લડાઇવાળા મથકો ઉપર પોતાના ઓઢાઓની રૂએ ગયા છે. મુંબઇમાં પારસી એમબ્યુલંસના સભાસદોએબી સારી મદદ આપી હતી તેમજ પુરૂષો જોડે બાનુઓએ પણ આ કામમાં પોતાનો ફાળો ઉદારતાથી આપવા બહાર પડયા હતા અને વોર ફંડમાં સારી મદદ કીધી હતી.

પારસી કોમે કરેલી બંદગી.

યુરોપમાં ચાલેલી મોટી લડાઈમાં નામદાર બ્રીટીશ સરકારને તથા મીત્રો રાજ્યોને ફતેહ થઈ સુલેહ સાંતી ફેલાય તે માટે જાહેર બંદગી કરવાની ઇચ્છા નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાંએ જણાવી હતી, તે મુજબ તા૦ ૩ જી જાનેવારી ૧૯૧૫ ને દીવસે આખા હીંદુસ્તાનમાં સઘળી કોમ તરફથી પોતપોતાના ધરમના મકાનોમાં જાહેર બંદગીઓ કરવામાં આવી હતી. મુંબઈમાં સઘળી કોમોએ પોતપોતાના ધરમના મકાનોમાં દુવા ગુજારવાને બંદગીઓ કીધી હતી. નામદાર સર જમશેદજી જીજીભાઇની આગેવાની હેઠલ પારસીઓ તરફથી વહાડયાજીના આતશબેહરામમાં જાહેર બંદગી કરવામાં આવી હતી. એવીજ રીતે અંજુમનનાં તથા દાદીશેઠ અને બનાજીના આતશબેહરામોમાં તથા જુદા જુદા લતાઓ પરની દરેહમેહરમાંબી જરથોસ્તીઓએ હાજર થઈ બંદગી કીધી હતી. એ વખતે સઘળે ઠેકાણે પ્રસંગને અનુસરતાં વીવેચનો કરવામાં આવ્યાં હતાં. સુરત, અમદાવાદ, પુણા, ઉડવાડા, ભરૂચ તેમજ હીંદુસ્તાનના ઘણા દેશાવરો ખાતેબી જરથોસ્તીઓએ ભેગા મલી બંદગી કીધી હતી.

યુરોપ ખાતે હાલમાં ચાલતી લડાઇમાં નામદાર બ્રીટીશ સરકારે જોડીયા મીત્ર રાજયો સાથે ઈનિસાફને ખાતર જાહેર કરેલી લડાઇને રોજ ૨૭ મો, માહ ૧૧ મો, સને ૧૨૮૪ યઝદેજરદી ને તા૦ ૪ થી આગસ્ટ ૧૯૧૫ ને વાર બુધને દીને બરાબર એક વરષ પુરૂ થયું હતું. તે દીવસે આપણી નામદાર બળવાન બ્રીટીશ સરકારને અને જોડયા મીત્ર રાજયોને તે પાક દાદાર અહુરમઝદ ફતેહ બક્ષે અને આખી શહેનશાહતમાં સુલેહ અને શાંતી પથરાય તે કાજે આખાં બ્રીટીશ શહેનશાહતમાં જુદી જુદી કોમો અને પ્રજાઓ તરફથી મુંબઇ તેમજ હીંદુસ્તાનમાં દેશાવરો ખાતે બંદગી કરી દુંઆ ગુજારવામાં આવી હતી. એ દીવસે મુંબઇમાં જરથોસતી કોમ તરફથી જાહેર બંદગી કરી દુઆ ગુજારવા કાજે મરહુમ શેઠ હોરમસજી બમનજી વાડયાનાં ધોબીતળાવ ખાતેના આતશ બેહેરામમાં સાંજે ૫–૪૫ (સ્ટેનડરડ ટાઈમ) ને અમલે નામદાર સર જમશેદજી જીજીભાઇ બારોનેટની આગેવાની હેઠળ એ દુઆ ગુજારવામાં સામેલ થવા જરથોસતી બાનુઓ અને ગૃહસથો એક મોટી સંખ્યામા હાજર થયા હતા. શરૂઆતમાં બધા હાજર રહેલાઓએ બંદગી કરવા પછી સમસુલ ઓલમાં દસ્તુરજી દારાબજી પેસોતનજી સંજાનાએ લંબાનથી પ્રસંગને અનુસરતી વાયઝ કરવા બાદ મેળાવડો વીસરજન થયો હતો. વળી મુંબઈ ઉપરાંત હીંદુસ્તાનમાં જુદે જુદે ઠેકાણે

કલકતા, સુરત, ઉડવાડા, પુણા, અમદાવાદ, દેવલાલી વગેરે ઘણાક દેશાવરો ખાતે જરથોસતીઓએ ભેગા મલી બંદગી કીધી હતી. એ મુજબ મુંબઈ તેમજ દેશાવરો ખાતેની સઘલી કોમો તરફથીબી પોતપોતાના મંદીર, મસજીદ તથા દેવલોમાં બંદગીઓ કરવામાં આવી હતી.

જરથોસ્તીઓને મલેલા ઓધાઓ.

યુરોપમાં હાલમાં ચાલતી લડાઈ દરમ્યાન બ્રીટીશ રાજ્યની સેવામાં ઘણાક જરથોસ્તીઓએ પોતાની નોકરી અરપણ કરી છે તેઓ પોતાની બાહોશીથી તથા ચાલાકીથી પોતાના ઉપરીઓનો સારો ચાહ જીતી લેય છે.

ડા૦ રૂશતમજી મેરવાનજી ખરેઘાટને જખમી બ્રીટીશ સીપાહોને ફ્રાનસથી ઈંગલંડ ચાલુ આવજાવ કરતી હાસપીટલશીપ તરીકે સટીમર કેરીસબરૂક કાસલને રોકી છે તેમાં તબીબી અમલદાર તરીકે રાખ્યા છે.

ડા૦ શાપુરજી હોરમજી મોદીને મેજરની પદવી આપીને ઈજીપટ ખાતેની એલેકઝાંડરીઆ હાસપીટલમાં તબીબી અમલદાર તરીકે અને ડા૦ ફ્રામરોજ માસતરની તથા ડા૦ જાહાંગીર ઈ. સપેનસરની નેમણુંક ઈજીપટ ખાતેની હીંદી સીપાહોને લગતી હાસપીટલમાં થઈ છે.

ઈંગલંડની નેટલી ખાતેની લશકરી હાસપીટલ જે રોયલ વીકટોરીયા હાસપીટલને નામે ઓલખાય છે તેમાં ઘાયલ થયલા અંગ્રેજ તથા હીંદી સીપાઓને રાખેલા છે ત્યાં ડા૦ જાહાંગીર હોરમજી ઉનવાળા, ડા૦ શયાવક્ષ અરદેશર પેમાસતર અને ડા૦ રૂશતમ મનચેરજી પોસ્ટવાળાની નેમણુક થઇ છે. (આ ત્રણ તબીબો લંડનની હાસપીટલોમાં ચઢતો અભયાસ કરતા હતા). વળી ન્યુ મીલટન ખાતેની હીંદી લશકરી હાસપીટલમાં ડા૦ લવજી શા. મોદી, ડા૦ સોરાબ બી. વોરડન અને ડા૦ જાહાંગીર પેસતનજી કેનતીનવાળાની નેમણુક થઇ છે. ઈંડીયન મેડીકલ સરવીસવાલા કેપટન રૂશતમ હોરમજી ભરૂચા અને કેપટન શયાવક્ષ બેરામજી મહેતાને લડાઇના મેદાનમાં મોકલવામાં આવ્યા છે. ડા૦ ફીરોઝ જમશેદજી કોલાપુરવાળા, ડા૦ બેરામ પેસતનજી સબાવાળા, પુણાના હેલથ હાફીશર ડા૦ એમ. બી. પેસતનજી, ડા૦ બેરામ બ. ભરૂચા અને બીજા ઘણા જરથોસ્તી તબીબોને જુદે જુદે ઠેકાણે નોકરીએ રાખવામાં આવ્યા છે.

નીચલા પારસી તબીબોને ઇન્ડીયન મેડીકલ સરવીસમાં કામચલાઉ લફ્ટનંટો તરીકે દાખલ કરી જુદે જુદે ઠેકાણે મોકલાવ્યા છેઃ—શાપુરજી હોરમસજી મોદી, જહાંગીર એદલજી સપેનસર, કેખશરૂ કેરસાસપ દાદાચાનજી, ફ્રામરોજ સોરાબજી માસતર, સોરાબ દીનશાહ બીલીમોરીયા, કાવશાહ ખરશેદજી મેહેતા, જે. નશરવાનજી હોરમસજી ચોકસી, હોમી શ્યાવક્ષ દશતુર, ફ્રાંમરોજ માણેકજી વજીફદાર, પીરોજશા મેરવાંનજી આંટીઆ, માણેકજી મેરવાંનજી કાવશજી, શીઆવક્ષ સોરાબજી ફ્રામજી બેંકર, સોરાબ નશરવાનજી ફોરબસ, સોરાબજી ખરશેદજી કંત્રાકટર, જાહાંગીર કે. નરીમાન, માણેક બરજોરજી પટેલ, નરીમાન બેરામજી મેહતા, જેહાંગીર હોરમસજી ઉનવાલા, રૂસતમ મંચેરજી પોસટવાલા, શીઆવક્ષ અરદેશર પેમાસતર, સોરાબજી બહેરામજી વોરડન, લવજી શાપુરજી મોદી, કેખશરૂ બેહેરામજી ભરૂચા, એરચ રતનજી દાબુ, નોશરવાનજી હોરમસજી બામબોટ, આર. જે. પેતીગરા, બેરામ બી. ભરૂચા, નરીમાન જોશી, રૂશતમ એદલજી દાદાચાનજી, રૂશતમ કેરસાસ્પ દાદાચાનજી, હોરમજી જ. વાણુયા અને જાહાંગીર પેસતનજી કેનતીનવાળા.

શેઠ મનચેરશાહ રતનજી લાલકાકા અને શેઠ પાલનજી રતનજી લાલકાકાને પોસ્ટ માસતર તરીકે, શેઠ અરદેશર શાપુરજી નાગલા ફ્રાનસમાં મોટર ડરાઇવર તરીકે તેમજ બીજા ઘણાંક જરથોસ્તીઓને જુદા જુદા ઓધાઓ આપી લડાઇવાળા મથકો ઉપર નોકરીએ મોકલવામાં આવ્યા છે.

પારસી વાલનતીયરો લડાઇના મેડાનમાં.

પુના વોલનટીયર રાઇફ્લ કોરના નીચલા ૨૦ પારસી વોલનટીયરો જંગલુમીપર "એકટીવ સરવીસે" ગયા છે, આ સઘળા વોલનટીયરો બે ટુકડીમાં વહેંચાઇને ગયા હતા. પેહેલી ટુકડીમાં મુંબઇનિા નીચલા આઠ વોલનટીયરો હતા જેઓ નવેમબર અને ડીસેમબરમાં મુંબઇથી રવાના થયા હતા:–કેપટન એફ. ડી. દાજી, વોલનટીયર પી. એચ. મુસ, વોલનટીયર એન. એસ. ઇરાની, વોલનટીયર કે. એસ. કોયાજી, વોલનટીયર એફ. જે. દાવર, વોલનટીયર એલ. બી. બીલીમોરીઆ, વોલનટીયર એમ. એચ. કાવારાણા અને વોલનટીયર બી. બી. રાઇટર.

બીજી ટુકડીમાં ૧૨ વોલનટીયરો હતા, તેઓ તા૦ ૫ મી જાનેવારીએ મુંબઇનો કીનારો છોડી ગયા હતા. તેઓમાં બે સારજંટો અને ૩ વોલનટીયરો પુનાના હતા, જયારે બાકીના મુંબઇના હતા:–કલર સારજંટ બી. બી. ઉનવાળા, સારજંટ ઈ. જે. સોપારીવાળા પુના, સારજંટ એમ. એમ. કાત્રક પુના, વોલનટીયર જે. સી. ઉનવાળા, વોલનટીયર બી. એન. કામા, વોલનટીયર જે. એફ. દલાલ, વોલનટીયર જે. જે. દુબાશ, વોલનટીયર આર. ડી. કેરાંવાળા, વોલનટીયર ડી. એચ. કરંજીઆ, વોલનટીયર એમ. એમ. મસાની પુના, વોલનટીયર જે. આર. એનજીનીયર પુના અને વોલનટીયર એન. રાઇટર પુના.

પુણા વોલંટીયરવાળા કલર સારજંટ આર. એ. નીમચવાળા આગસ્ટ ૧૯૧૫માં લડાઇમાં જોડાવા યુરોપ ખાતે ગયા હતા.

સારજંટ અરદેશર એમ. જાલ, વોલંટીયર અરદેશર દી. ગીયારા, વોલંટીયર દાદી એમ. લાકડાંવાળા અને વોલંટીયર બમનજી પી. ગીયારા–આ સઘળા વોલંટીયરો યુરોપ ખાતે હોરસ હેડ ક્વારટરસમાં મથક કરી પડયા છે અને તેઓ પારસી વોલંટીયર રાઇફ્લ કોરના સી. કંપનીના સભાસદો છે. એ ઉપરાંત બીજા જરથોસ્તીઓ વોલંટીયર તરીકે લડાઇના મેડાનમાં ગયલા છે.

લડાઇના મેડાનમાં મરણ પામેલા જરથોસ્તીઓ.

લડાઈ જેવા ભયનકર હીંગામમાં પણ નામદાર અંગ્રેજ સરકારની વફાદારી ભરેલી નોકરી બજાવવા ઘણા જરથોસ્તીઓ પોતાના વતનથી સેંકડો માઇલ દુર દેશાવરો ખાતે નામદાર સરકારને પોતાની સેવા અરપણ કરવા ગયા છે. જેઓમાના કેટલાક નીચે જણાવેલા જરથોસ્તીઓ પોતાની નોકરી બજાવતાં ત્યાં મરણ પામ્યા હતા.

શેઠ કાવશાહ મેરવાનજી સોપારીવાળા સરકારના પોસ્ટલ ખાતામાં થોડાજ વરસ થયા જોડાયા હતા. એ ાણ ગયા જાનેવારીની તા૦ ૫ મી એ પોસ્ટ ખાતા તરફથી યુરોપની લડાઇમાં ફ્રાનસ ખાતે નોકરીએ ગયા હતા. ત્યાં અઢી માસ સુધી નોકરી બજાવ્યા પછી તેવણ ત્યાં સરદીથી પટકાઇ પડી તા૦ ૧૭ મી મારચે લગભગ ૨૧ વરસની જવાન વયે ફ્રાનસનાં બુલો શહેરમાં મરણ પામયા હતા. તેવણનાં મરણ માટે દલગીરી બતાવનારો તથા મરહુમના માતાજી તરફ દીલસોજી બતાવનારો નીચલો શહેનશાહી સંદેશો, હીંદના નામદાર વાઇસરાયે, બાઈ આંવાબાઈ મહેરવાનજી નાનાભાઇ સોપારીવાળા ઉપર મોકલાવ્યો હતો.—"વાઇસરીગલ લોજ, દીલ્લી, તા૦ ૨૩મી મારચ ૧૯૧૫. નામદાર શહેનશાહ તમોને જણાવવાને મને ફરમાન આપે છે કે તમારા ગમમાં નામદાર શહેનશાહની અને નામદાર શહેનશાહબાનુની ખરી દીલસોજી છે. હારડીંગ ઓફ પેનશરસટ, હીંદુસતાનના વાઇસરાય."

શેઠ મનચેરશાહ નવરોજી હોરમસજી નાનયા, હાસપીટલશીપ "લીટીશીયા" માં નોકરી કરતા હતા, તેવણ સાઉથેમપટનથી આવતાં ઇનિડીયન જેનરલ હાસપીટલમાં તા૦ ૨૦મી મેને દીને મરણ પામ્યા હતા. મરહુમ એ હાસપીટલશીપમાં સાઉથેમપટન ખાતે ગયા હતા, અને તા૦ ૧૭મી એપ્રીલને દીને એનટેરીક તાવથી પટકાઇ પડયા હતા જે આખરે જીવલેણ નીવડી હતી.

શેઠ ફરામરોજ મેરવાનજી છાપાખાનાવાળા બ્રીટીશ સ્ટીમર હારપેલીસના ચોથા ઇજીનેર તરીકે તા૦ ૯ મી એપ્રીલે નોકરીએ રહયા હતા. એવણુ ઘણી સરસ સરતીફીકેટો ધરાવતા હતા અને ભવીશ્યમાં સારી આશા આપનારા જવાન હતા. બીજે દીને યાને તા૦ ૧૦મી એપ્રીલે નોરથ સીમાં જરમનોએ ટોરપીડો લગાડી એ સ્ટીમરને દુબાડી દેવાથી શેઠ ફરામરોજ દરીયામાં દુબી જઈ મરણુ પામ્યા હતા. આ સ્ટીમર બેલજીયમના સંકટ નીવારણુ માટે અમેરીકાથી અનાજ લાવી હતી તે ખાલી કરી એ સ્ટીમર ન્યુ કાસલ જવા રોટરડેમથી ઉપડયા પછી સાત કલાકે ટોરપીડોથી દુબાડવામાં આવી હતી.

નામદાર વાઈસરોય લોરડ હારડીંગના બેટાનાં લડાઈના મેડાનમાં નીપજેલાં અકાળ મરણ માટે પારસી કોમ તરફથી સર જમશેદજી જીજીભાઈ બેરોનેટે નામદાર વાઇસરોયના ખાનગી સેક્રેટરી પર નીચલો તારનો સંદેશો મોકલયો હતોઃ—"પારસી કોમ, નામદાર વાઇસરાયના બાહાદુર પુત્રનાં દીલગીરી ભરેલાં અને કવખતનાં મરણથી તે નામદારપર આવી પડેલી આફતમાં તે નામદાર તરફ માનપુરવક અને ખરા દીલથી દીલસોજી ધરાવે છે અને આ આફત ખમવાને તે નામદારને ઇશ્વર ધીરજ અને બળ આપો એવી પ્રાર્થના કરે છે." નામદાર સર જમશેદજીએ મોકલેલા ઉપલા દીલસોજીના તારના સંદેશાનો નીચલો જવાબ લોરડ હારડીંગના ખાનગી સેક્રેટરી તરફથી સર જમશેદજીને મળ્યો છેઃ—"વાઇસરોયની દલગીરી માટે બતાવેલી માળાંકુળ દીલસોજી માટે તે નામદાર તમારો અને પારસી કોમનો આભાર માને છે."

નવાબ સર ફરેદુન જંગ બહાદુર,

કે. સી. આઈ. ઈ, સી. એસ. આઈ.

નામદાર નીઝામ સરકારના પોલીટીકલ મીનીસ્ટર.



જનમ—ગાંથા ત્રીજો શેહેનશાહી સને ૧૨૧૮ યઝદેજરદી,
તારીખ ૨૪ મી સપટેમબર સને ૧૮૪૯ ઇસ્વી,
સંવત ૧૯૦૫ ના આશો શુદ ૮ ને વાર સોમ.

સર થયા—રોજ ૨૫ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૮૪ યઝદેજરદી,
તારીખ ૩ જી જુન સને ૧૯૧૫ ઇસ્વી,
સંવત ૧૯૭૧ ના બીજા વૈશાખ વદ ૬ ને વાર ગુરૂ.

નવાબ સર ફરેદુન જંગ બહાદુર,

કે. સી. આઇ. ઇ., સી. એસ. આઇ.

તેમનું બોધદાયક જન્મ ચરિત્ર અને ઝલકતી કારકીરદી.

આ "ઝોરાસ્ત્રીયન કેલેન્ડર" મધે અત્યાર અગાઉ પ્રગટ થઇ ચુકેલાં સંખ્યાબંદ નામીચા પારસી જરથોસ્તીઓનાં યાદગાર જન્મચરિત્રો તેઓને મલેલા મોટા ખેતાબ વખતે હંમેશા પ્રગટ કરવામાં આવ્યાં છે તેજ મુજબ આ જન્મ ચરિત્ર દખણ હેદરાબાદના અથવા નામદાર નીઝામ સરકારના હાલના સુવિખ્યાત પોલીટીકલ મીનીસ્ટર નવાબ સર ફરેદુન જંગ બહાદુર કે. સી. આઇ. ઇ., સી. એસ. આઇ. નું છે, કે જે નરરત્ને પોતાના ઉમદા સદગુણો તથા અનુપમ લાયકીથી લોકોનાં માન મોહબત જીતવા ઉપરાંત હિંદનાં એ સર્વોપરી દેશી રાજના રાજકર્તા નામદાર નીઝામનો, તેમજ હિંદ તથા ઈગ્લંડના વડા બ્રીટીશ રાજકર્તાઓનો અખંડ વિશ્વાસ એટલી હદ સુધી જીત્યો છે, કે જેટલી બહોલી હદ સુધી તે જીતવાને અત્યાર અગાઉ બીજા થોડાજ દેશી રાજદ્વારી કે રાજ્યાધિકારી ભાયગશાલી થયા હોય. એ બંને નામદાર સરકારોના તેઓ પ્રત્યેના મોટા વિશ્વાસ, માન તથા ચાહની સરસ સાબેતી એજ છે કે, નામદાર નીઝામ તરફથી તેમને નવાબ જંગ બહાદુર જેવા આલી દરજ્જાના એલકાબ તથા નામદાર બ્રીટીશ સરકાર તરફથી સી. આઈ. ઈ. તથા સી. એસ. આઇ. ના નામીચા ખેતાબો મલ્યા હતા, અને તે ઉપરાંત હમણા આપણા માનવંત સરતાજ નામદાર શેહનશાહ જ્યોર્જ પાંચમા તરફથી તેઓની છેલ્લી સાલગરેહની ખુશાલીમાં વેલાતની વડી શેહેનશાહી દરબારમાંથી તેમને વળી કે. સી.આઈ. ઇ. નો ચઢતા મરતબાનો ખેતાબ મલ્યો છે, કે જે ખેતાબના પ્રતાપે હવે તેઓ "સર"ની બુલંદ સંગનાતાથી ઓળખાશે. નવાબ ફરેદુન જંગને મલેલા આ સર નાઇટના ખેતાબથી પારસી કોમમાં આજ દીન સુધીમાં ૧૧ સર નાઇટ તથા ૩ સર નાઈટ બેરોનેટનો માનવંત ખેતાબ મેળવવાને ભાગ્યશાળી થયા છે, એ પારસી જેવી નાની કોમ માટે માન ભરેલું છે.

નવાબ સર ફરેદુનને મલેલા આ માનવંત ખેતાબથી પારસી કોમમાં અનુપમ ખુશાલી પ્રગટી નીકળી હતી અને મુખ્ય કરી નીઝામ રાજ્યમાં વસ્તા જરથોસ્તીઓ અને કુટુંબોનો આનંદ અને હરખ તો માયો સમાયો ગયો હતો નહી. વળી એવણના મીત્ર મંડળો તરફથી મોટા પાયા ઉપર સર ફરીદુનને માનપત્ર તથા ગારડન પારટીઓની મેજબાની આપવાની ગોઠવણો કરવામાં આવે છે. એ ઉપરાંત હેદરાબાદ તેમજ બાહેરના જુદા જુદા દેશાવરો ખાતેથી દોસ્ત આશનાઓ તથા મીત્ર મંડળો તરફથી સંખ્યાબંધ મુબારકબાદી આપનારા કાગલો, તારો વગેરેના ઢગો આવી પડયા હતા.

નવાબ સર ફરેદુન જંગ બહાદુરને નામદાર બ્રીટીશ સરકારે ઉંચા મોટા ખેતાબો આપીને તેમજ નામદાર નીઝામે "નવાબ" જેવા મોટા દરજ્જાનો એલકાબ આપી એવણને નવાજ્યા છે એટલુંજ નહી, પણ હાલના નામદાર નીઝામે એવણની વરસોની સેવાઓની કદર બુજી આ વરસે પોવાના રાજ્યમા પોલીટીકલ મીનીસટર યાને સદર–ઉલ–મહામનો મોટો માનવંત અને જોખમભરીયો ઓહ્‌ધો આપી સર ફરેદુનને બહુ મોટું માન આપ્યું છે. એવણે નામદાર નીઝામ સરકારમાં ૪૫ વરસો જેટલી લાંબી મુદત સુધી, એક પછી એક ઉંચા ઓહ્‌દાઓ ભોગવી પોતાની બાહોશીથી તથા વફાદારી-ભરેલા કામોથી સરવેનો ચાહ જીતી લીધો છે.

નવાબ સર ફરેદુન જંગ બહાદુરની રાજભકતી, દેશ પ્રેમ તથા પ્રજા સેવા એટલાં તો અખુટ છે, અને તેમાં હજુ વધારો થવાના એટલા બધા સંભવો છે કે, ભવિષ્યમાં તેમની પિછાન જો

"બેરોનેટ"ના ખેતાબથી પણ કરવામાં આવે, તો અમે તાજુબી પામીશું નહીં. આ નવાબ સાહેબ નીઝામની બહોલી સલતનતમાં અને તે કારણે બ્રીટીશ રાજ્યાધીકારી મંડલોમાં રોશન આફતાબ પેરે ઝલકતા તથા જાણીતા થયલા છે, તેમજ આપણી તરફ તથા સામાન્ય લોક જથામાંબી એટલા બધા જાણીતા થયલા છે. વળી તેઓ જેટલા પોતાની રાજકય સેવા તથા જાહેર કારકીરદીથી જાણીતા છે તેટલા પોતાના ખાનગી સદગુણો, ધર્મીપણું, દયાદાન, લાયકી, નમ્રતા, વિવેક વિનય, તાઝીમ તવાઝો, બહાદુરી વગેરે બહોલા પ્રમાણમાં ધરાવે છે, જે હેઠળ આપેલાં તેમનાં જન્મ ચરિત્રમાં તેમની એ તમામ લાયકી તથા લાયકાત જોવા જાણવામાં આવશે. અકસર કરી અમારા પારસી હમદીન હમજાતીઓતો તેમના તરફ જાન ફેશાનજ થશે; કાંકે રાજ્યાધિકારી કુષળતા સાથે રાજદ્વારી કુનેહ, મરદાનગી, શીકારબાજી, ઉદાર મનોવૃતિ, કયાની ખમીર, વિદ્વતા, કલમબાજી વગેરેની સામટી લાયકાતોનો જે અજબ જેવો જમાવ યા ગંજ તેઓ ધરાવે છે, તેવો સામટો જમાવ યા ગંજ ધરાવનાર વિર્લો બચો કદાચજ જોવામાં આવ્યો હશે. એવા અને એટલા બધા ઉમદા ગુણો તેઓ ધરાવતા હોવાથી લોકોમાં બહુ અછી વિખ્યાતી પામ્યા છે. તેઓની આ કારકીર્દી નીઝામના જેવાં એક મોટા દેશી રાજ્યમાં જણાયલી છે, અને તે રાજ્યના આગલા બીજા નામીચા રાજ્યાધીકારીઓ જેઓ બાહેરનાં વાતાવરણમાં ઘણા જાણમાં આવ્યા હતા તેમ એવણ પણ સારી રીતે જણાયલા છે.

નવાબ સર ફરેદુન જંગ બહાદુર જો ખુદ બ્રીટીશ રાજ્યના એવા કોઇ મહાન અધિકાર ઉપર હોત, અથવા મુંબઇ જેવાં શેહરમાં હોત, તો તેમનાં નામ કામનો ઘણો મોટો ડંકો અત્યાર અગાઉનો વાજીવાજી રહેત. તેઓ પોતે એટલી બધી લાયકાત ધરાવા છતાં એટલા બધા એકમાર્ગી, નમ્રતાઇ-વાલા તથા શરમાલ મનોવૃતિના છે કે, તેથી પોતે જે બજાવે છે તે માત્ર પોતાની ફરજ છે એમ માની બનતાં સુધી જાહેર કરવાથી દુર રહેવાને તેઓ વધુ ચાહે છે. એ વળી તેમની વિશેષ લાયકાત છે, કે જે લાયકાત નકલ કરવા તથા ધડો લેવા જોગ છે.

નવાબ સર ફરેદુન જંગ બહાદુર પોતે, તેમનું ચરિત્ર, તથા તેમને હાલ મલેલો મોટો માન-વંત પોલીટીકલ મીનીસટરનો ઓધો તથા કે. સી. આઇ. ઇ. નો ખેતાબ, એ સર્વે પારસી જરથો-સ્તીઓ માટે એકથી વધુ રીતે, કિંવા અનેક કારણે, મગરૂરી તથા ખુશાલી લેવા જોગ છે. નવાબ એ એલકાબ એક ખેતાબના કરતાં એક રાજવંશી, ખુદ રાજકર્તા જેવી સંગ્રા ધરાવે છે; અને બાર સદીઓથી દુન્યામાં રાજતાજ વગરના થઇ પડેલા પારસીઓમાંના કોઇ એક કે અનેક નર "નવાબ" બને, એ તેમને માટે મુબારકબાદી આપવા લેવા જોગ છે. અલબતે, નીઝામ રાજમાં અનેક પારસી નરરત્નો નવાબનો એલકાબ પામવાને ભાયગશાલી બનેલા છે, પણ નવાબ સર ફરેદુન જંગ બહા-દુર, ઉપર જણાવેલા પોતાના વધુ ખેતાબો તથા લાયકાતો સાથે મોખરે બીરાજવાને લાયક ઠરે છે. વળી જે નીઝામ રાજમાં તેઓ આ માન મરતબા ધરાવે છે તે રાજ, હિંદ સરજમીનનાં સેંકડો દેશી રાજ્યોમાં મોટું, વિશાલ તથા સર્વોપરી છે, કે જેની તરફથી મલતાં માન મરતબા બીજાં દેશી રાજ્યોના માન મરતબા કરતાં ચઢતે દરજ્જેના ગણાવા જોઇએ. નીઝામ રાજની આ કરતાં વિશેષતા એ છે કે, બ્રીટીશ રાજ કિંવા હિંદી સરકારમાં તેનાં માન, મરતબા, મિત્રતા તથા વિશ્વાસ બીજાં દેશી રાજનાં કરતાં ચઢતાં, અચુક, અજીત તથા ઇર્ષા કરવા જોગ છે; અને એ બંને રાજો વચે વહેવાર ચલાવવામાં નવાબ સર ફરેદુન જંગે આપેલો ફાલો, શ્રેષ્ટ અને બંને રાજો વચેની મિત્રાચારીને વધુ ને વધુ ધાડી બનાવનારો નિવડયો છે; અને એ પ્રમાણે તેઓ સીધી રીતે નીઝા-મના તેમ આડકતરી રીતે નામદાર બ્રીટીશ સરકારના એક મોટા મદદગાર તથા સાચા સલાહકાર થઇ પડયા છે. પારસીઓ લાંબા વખતથી જુદાં જુદાં દેશી રાજોમાં દીવાન વગેરેના મોટા અધીકારો ધરાવતા આવ્યા છે. આજે પણ અનેક પારસીઓ તેવા અધીકારો ધરાવે છે પણ બ્રીટીશ સરકારના સંબંધમાં લેતાં, નવાબ સર ફરેદુન જંગ બહાદુરના જેવી આ પ્રકારની "પોઝીશન" એવણ ધરા-વવાને વધુ લાયક થયા તે માન ભરેલું છે.

નવાબ બહાદુર જાતે બહાદુર તથા નામીચા શીકારી છે અને વાઘ રીંછ જેવાં અનેક વેહસીઓને મારી તેઓએ વલી પોતાનું કયાની ખમીર વધુ પ્રમાણમાં દેખાડી આપ્યું છે. જેમ એક "પોલીટીકલ" તરીકે તેમ સાહીત્યના એક વિદ્વાન શોકીન દાખલ, તથા એક સરસ કલમબાજ તરીકે પણ, તેઓ દીપી નિકલેલા છે, કે જે સઘળું સાથે મલી તેમને એક ખરેખરા "એકોમ્પલીશડ" મહાપુરૂષ તરીકે આપણી નજર સનમુખ રજુ કરે છે. ટુંકમાં, નવાબ સર ફરેદુન જંગ બહાદુર એક નમુનેદાર મહાપુરૂષ છે, અને પારસી કોમની તેઓ મગરૂરી છે. તેમનું જન્મ ચરિત્ર નકલ કરવા તથા ધડો લેવા જોગ છે; અને હાલ જે માનવંતો ખેતાબ તેમને મલ્યો છે તેને; બલકે તે કરતાં ચઢતા ખેતાબને, તેઓ યોગ્ય છે. તે માટે તેમને જીગરથી મુબારકબાદી આપતાં, અમે તે કરીમે કારસાજની જનાબમાં દોવા ગુજારીએ છીએ કે, તેઓ બહુ સુખવાશી કીર્તીવંત લાંબી જીંદગી ભોગવવા સાથે પોતાનાં માન મરતબા, ઓધ્ધા અધિકાર તથા જાહોજલાલીમાં હજુ પણ વધતા, તથા પોતાની કોમને જેબ આપતા રહો—આમીન !

નામદાર નીઝામ સરકારના પોલીટીકલ મીનીસતર નવાબ સર ફરેદુન જંગ બહાદુર કે. સી. આઇ. ઇ., સી. એસ. આઇ. નું જીવન ચરિત્ર અને એઓ સાહેબની જાહેર કારકીરદીનો જાણવાજોગ હેવાલ.

નવાબ સર ફરેદુનનું ખાનદાન.

નવાબ સર ફરેદુન જંગ બહાદુરનો જનમ નીઝામ રાજ્યમાં આવેલા ઔરંગાબાદ શેહેરમાં પારસીઓના શહેનશાહી ગાથા ૩ જે યઝદેજરદી સને ૧૨૧૮ યાને તા૦ ૨૪ મી સપટેમબર ૧૮૪૯ ઇસ્વીને દીને થયો હતો. એવણનું અસલ નામ ફરીદુનજી જમશેદજી છે એવણ જાલનાના જાણીતાં પારસી કુટુંબમાંથી ઉતરી આવેલા છે અને આ જાલના શેહર નીઝામ સ્ટેટમાં આવેલું છે. આ શેહરમાં નવાબ સર ફરેદુનનાં વડીલો આવી વસ્યા હતા અને પૈસે ટકે સુખી થઇ ઘણા જાણીતા થયા હતા.

નવાબ સર ફરેદુન જંગ બહાદુરના માનવંત પીતા ડાકટર જમશેદજી કરીને હતા, જેવણના વડા દીકરા નવાબ સર ફરેદુન છે. ડા૦ જમશેદજીએ પણ નીઝામ સ્ટેટમાં ઘણી બાહોશીથી અને વફાદારીભરી નોકરી લાંબી મુદત સુધી બજાવી સરવેનો ચાહ તથા શાબાસી મેલવી હતી.

નવાબ સર ફરેદુનને એક બેટો રૂશતમજી નામે છે અને શેઠ રૂશતમજી નામદાર અંગ્રેજ સરકારની નોકરીમાં સેનત્રલ પ્રોવીનસના ડેપ્યુતી કમીશનરનો મોટો ઓધો હાલમાં ભોગવે છે અને એવણે પોતાની બાહોશીથી તથા ચાલાકીથી પોતાના ઉપરી અમલદારોનો સારો ચાહ જીતી લીધો છે. ઇસ્વી સને ૧૯૦૧ ના સાલમાં નામદાર બ્રીટીશ સરકાર તરફથી કયસરે હીન્દના રૂપાના ચાંદની નવાજેશ એવણ ઉપર થઇ હતી, તે વખતે જો કે એવણની વય ઘણી નાઘલી હતી.

નવાબ સર ફરેદુનના બે ભાઇઓ નવાબ બરઝોર જંગ બાહાદુર અને શેઠ સોરાબજી છે. એ બેઉ ગ્રુહસ્થો નામદાર નીઝામના રાજ્યમાં રેવેન્યુ કમીશનરનાં ઉચા ઓધ્ધા ઉપર નેમાયલા છે અને પોતાની વફાદારીથી તથા બાહોશીથી નામદાર નીઝામનો સારો ચાહ જીતી લીધો છે.

નવાબ સર ફરેદુનના બહાદુરીભરયાં કામો.

નવાબ સર ફરેદુને ઘણી સરસ અંગ્રેજી કેલવણી લીધી છે. એવણ શાહીત્યના ઘણાજ સોખીન છે અને વારનવાર જાણીતાં અંગ્રેજી ન્યુસપેપરોમાં લખાન કરતા રહયા છે. વળી એવણ શેઠ નાનપણથીજ અગ્રેજી ઢબ પ્રમાણે ઉછરેલા હોવાથી અને અંગ્રેજોની વચેના રહેવાસથી સર ફરેદુનને અંગ્રેજી ભાષા ઉપર ઘણો સરસ કાબુ છે. સર ફરેદુને ઘણા જાણીતા અંગ્રેજી ગ્રંથો વાંચયા છે, અને અતયારેબી તેઓ ઘણી સરસ કવીતાઓ મોંઢેથી બોલી શકે છે.

નવાબ સાહેબને સભયતા, સાદાઇ અને વીનયમાં એક નમુનેદાર ગ્રહસ્થ તરીકે ગણી શકાય અને જે સભયતા એવણ રોજેઅવલથી બતાવતા આવ્યા છે તેજ રીતભાત હમણા સુધી કાયમ છે. વળી એઓ શેઠ જાતે દાનાવ, દયાળું અને રાજ પ્રકરણમાં અતી કુશળ ને દાનેશમંદ છે. એવણના આવા ઉમદા ગુણોને લીધે કોઇબી મુશાફર દખણ હેદરાબાદમાં ફરવા ગયો હશે તો નવાબ સર ફરેદુનની માઆકુલ પરોણાગત ચાખ્યા વગર પાછો હજી સુધી ફરયો નથી.

સર ફરેદુન એક અથંગ સ્પોરટસમેન છે અને જો કે એવણની વય ૬૫ વરસની છે તોબી ઘોડેસવારી ઘણીજ સરસ રીતે કરે છે. વળી એવણ સાહેબ એક અચ્છા સીકારી પણ છે, અને વાઘ રીંછ જેવા જંગલી જનાવરોનો સીકાર કરવાનો ઘણોજ શોખ ધરાવે છે. એઓ નામદાર ઘણાજ હીમતવાન અને બહાદુર પુરૂષ તરીકે લેખી શકાય. ચાલુ સાલના મારચ મહીનામાં થોડાંજ અઠવાડીયાંની ફુરસદમાં વીકારાબાદ ને તાંદુરનાં ગીચ જંગલોમાં એ નામદારે ઘણાંક જંગલી જાનવરોનો શીકાર કરવા સાથ તથાંના જંગલમાં એક મસતાન વાઘ જે બચારાં ગરીબ ખેડુતોનાં ઢોર ઢાંક ઘસડી જવા ઉપરાંત માણસોમાં ભારે ત્રાસ વરતાવી રહયો હતો તેની ખબર પડતાંજ સર ફરેદુને બોલ બોલતાંજ તે જીઆંગાર શેરનો બાહદુરીથી શીકાર કરી તે ગરીબ ગામડીઆઓ તથા ખેડુતોની ગોયા સદાની દેહસત અને દુખ ટાલ્યાં હતાં. વળી જયારેબી એઓ સાહેબ દર સાલ શીકારઘાહે જાય છે ત્યારે રીછ, તરસ, તથા સાથે બે ચાર શેરોનો બહાદુરીથી શીકાર કરતાજ આવે છે.

સર ફરીદુને કરેલા ઘણાજ શેકારોના ચામડાં, સીંગડાં વગેરેનો અજાએબ જેવી નવાઈઓનો સંગ્રહ આ નવાબ સાહેબના મકાન, સાઈફાબાદમાં જોવામાં આવે છે.

નવાબ સર ફરેદુને ભોગવેલા જુદા જુદા માનવંત ઓધાઓ.

ઈસ્વી સને ૧૮૭૦ નાં સાલમાં જ્યારે શેઠ બેરામજી દસ્તુર અઉરંગાબાદના સુબા હતા ત્યારે સર ફરેદુન નીઝામ સ્ટેટની નોકરીમાં દાખલ થયા હતા અને એવણની ઝલકતી કારકીરદીની શરૂઆત સને ૧૮૭૬–૭૭ ના સાલમાં થઇ હતી, જે વખતે અઉરંગાબાદમાં ભારે દુકાળ પડયો હતો. આ દુકાળ દરમ્યાન એક બાહોશ મહેસુલી ખાતાના અમલદાર તરીકે તેઓએ સારી નામના કાઢી હતી. અઉરંગાબાદમાં સર ફરેદુન પોતાના ઓધાની ફરજો ઉપરાંત "ટાઇમ્સ ઓફ ઈંડયા" ના ખબરપત્રી તરીકે પણ કામ કરતા હતા. સર ફરેદુનના આ કાગળો ઘણી સુંદર અને છટાદાર ભાષા માટે જાણીતા થયા હતા અને તે સઘળા કાગજો એક ચોપડીના આકારમાં પ્રગટ કરવામાં આવ્યા છે. એક પછી એક ઉંચા ઓધાઓ તેવણને મળતાજ ગયા અને દરેક ઓધામાં તેઓએ ઘણી નામના મેળવી. સેવટે સર ફરેદુને સર્વેથી ઉંચો ઓધો મેળવયો તયાં સુધી તેઓને કોઇબી જાતની મુશકેલી નડી નથી.

નવાબ સર ફરીદુને નીઝામ સ્ટેટમાંના સાત ખાતાઓમાં ૪૫ વરસો સુધી માનભરી રીતે જુદા જુદા ઓધાઓ ભોગવયા છે. એઓ શેઠે નીઝામ રાજ્યના કોઇબી અમલદારો કરતાં વધારે લાંબી મુદત સુધી નોકરી બજાવી છે. ઉપર જણાવવા મુજબ શરૂઆતમાં ઔરંગાબાદ ડીસ્ટ્રીકટમાં

કેટલાંક વરસો સુધી રેવેન્યુ ડીપારટમેન્ટમાં ઓધો ભોગવ્યા પછી એ ડીસ્ત્રીકટના સરવે અને સેટલમેન્ટના ખાતાંઓ એવણ હસ્તક પેહલવેહલા સોંપવામાં આવ્યાં હતાં. એ પછી નામદાર નીઝામના રાજ્યમાં ઓમબે સરવે સીસટમ દાખલ કરવામાં આવી, તે વખતે સર ફરેદુને ઔરંગાબાદ, બીર અને પરભનીના ડીસ્ત્રીકટો જેનો ૧૫૦૦૦ માઇલ જેટલો વીસતાર છે તેમાં સરવે અને સેતલમેંટ આફીસર તરીકે ઘણી ચાલાકીથી પોતાની ફરજ બજાવી સરવેનો ચાહ જીતી લીધો હતો. એવણની આવી કીમતી સેવાઓ માટે તે વખતના વડા પ્રધાન સર સાલારજંગ પેહેલા એવણપર એટલા બધા ખુશ થઇ ગયા હતા કે, એવણના આવા બાહોશીભરીયાં કામની પીછાન કરી સર સાલાર જંગે એક કીંમતી સોનાનું ઘડીયાળ તથા છેડો નવાબ સર ફરેદુનને એનાયત કીધાં હતાં.

સર ફરેદુનની એ પછી સને ૧૮૮૩ ના સાલમાં ઔરંગાબાદના પેહેલા તાલુકદાર તરીકે નેમણુંક કરવામાં આવી હતી અને ત્યાર બાદ બીજેજ વરસે જનરલ ગલાસફરડના રીટાયરડ થવાથી સરવે સેતલમેંટ કમીશનરના ઓધા ઉપર એવણની નેમણુક થઇ હતી.

સર સાલાર જંગ બીજા, જેવણ નામદાર નીઝામના રાજ્યમાં વડા પ્રધાનનો માનવંત ઓધો સને ૧૮૮૪ના સાલમાં ભોગવતા હતા, તે વખતે એ સર સાલાર જંગે પોતાના ખાનગી સેકરેટરી તરીકે સર ફરેદુનને પસંદ કીધા હતા. એ પછી વરસો સુધી સર આશમાન જાહ બાહાદુર, કે. સી. આઇ. ઇ., સર વીકાર-ઉલ-ઉમરા બાહાદુર, કે. સી. આઇ. ઈ., માહારાજા સર કીશનપરસાદ બાહાદુર, જી. સી. આઇ. ઇ., અને ત્રીજા નવાબ સાલાર જંગ બહાદુર જેવા નામાકીત વડા પ્રધાનોના અમલ દરમ્યાન સર ફરેદુને પોતાને સોંપવામાં આવેલું કામ ઘણીજ બાહોશીથી તથા ચંચલાઇથી બજાવી સરવે પ્રધાનોનો ચાહ તેમજ વીસવાસ જીતી લીધા હતા, જે એવણની હોશીઆરી તથા ચાલાકીની સાબેતી પુરી પાડે છે. વળી નવાબ સાહેબનો ઉમદા ગુણ એ છે જે એવણ પાસે એવણના ઓધાની રૂએ જેબી કામો આવે છે, તે એવણ ઘણીજ મનમાનતી રીતે પોતાના વડાઓના સંતોષ વચે બજાવતા આવેલા હોવાથી જાહેરમાંબી એવણ સરવે કામમાં ઘણાજ માનીતા થઇ પડયા છે.

નવાબ સર ફરેદુનને આ વરસે નામદાર નીઝામે પોતાના રાજદવારી ખાતાના પ્રધાન (પોલીટીકલ મીનીસટર) યાને સદર-ઉલ-મહામનો ઘણો માનવંત અને જોખમભરયો ઓધો એનાયત કરીને મોટું માન આપ્યું છે, જે નવાબ સાહેબે નામદાર નીઝામની વરસો સુધી વફાદારીથી બજાવેલી સેવાઓની પીછાન થયલી કહેવાશે.

સર આશમાન જાહ બહાદુર જેવણ નીઝામ રાજ્યના વડા પ્રધાન હતા, તેમના વખતમાં દખણ માઇનીંગ સ્કેનડલ સંબંધી લંડન ખાતે પારલામેન્ટમાં જે તપાસ ચાલતી હતી, ત્યાં ભાગ લેવાને નામદાર નીઝામના પ્રતીનીધી તરીકે સર ફરેદુનને નવાબ મોહસીન-ઉલ-મુલકની સાથે યુરોપ ખાતે મોકલવામાં આવ્યા હતા. વળી બીજી ઘણી વખતોએ નામદાર નીઝામ સરકાર તરફથી એવણને હીંદી સરકાર તેમજ હીંદી પ્રધાનોની મોલાકાતે મોકલવામાં આવ્યા હતા, અને દરેક વખતે એવણ પોતાને સોંપેલા કામમાં ફતેહજ મેળવી નામદાર નીઝામની સાબાસી મેળવતા હતા.

નામદાર નીઝામના સ્ટેટમાં "એલોરાના ગુફાઓ" ઘણા જાણીતા છે. લોરડ નોર્થબરૂકે હીંદના વાઇસરોય તરીકે સને ૧૮૭૪ માં આ ગુફાઓની જ્યારે પહેલવહેલી મોલાકાત લીધી ત્યારે તેવણ નામદારને ગુફા બતાવવા માટે નામદાર નીઝામે સર ફરેદુનને કંપેનીઅન તરીકે નેમયા હતા. લોરડ નોર્થબરૂક પછી હીંદના દરેક વાઇસરોય આ જાણીતા ગુફાની મોલાકાત લે છે અને દરેક વાઇસરોયના કંપેનીઅન તરીકે સર ફરેદુનનીજ નામદાર નીઝામ નેમણુક કરતા રહયા છે.

નામદાર નીઝામના આ વફાદાર મદદગાર તથા સાચા સલાહકારે પોતાના માનવંતા રાજકરતાઓની કીમતી સેવા ઉપર જણાવવા મુજબ બજાવી છે. વળી એ સેવા તેવણે એવી બાહોશીથી,

કુનેહ કારસ્સાજીથી તથા દુરઅંદેશીથી બજાવી છે કે જેના પરીણામમાં તેવણે હેદરાબાદ સ્ટેટના માજી નામદાર નીઝામ તથા હાલના રાજકર્તાનો સંપુરણ વીશ્વાસ મેળવ્યો છે તથા રઈયતનો અખંડ ચાહ જીતી લીધો છે. હેદરાબાદને સુધારાવધારામાં આગળ પાડવા, તથા કોમ કોમ વચ્ચે હક ઇન્સાફનું ત્રાજવું સમતોલ રાખવાની એ રાજ્યના લોકરક્ષી તાજપતીઓની ફતેહમંદ રાજ્યનીતી ઘડવા તથા અમલમાં મેલવામાં તેઓના આ વીશ્વાસુ પારસી આફીસરનો પણ મોટો હાથ માલમ પડશે. હેદરાબાદના રાજકર્તાઓએ નવાબ ફરીદુન જંગની સેવાઓની કદર બુજી એવણને મોટા ઓધાઓ તથા નવાબનો એલકાબ આપ્યો છે, અને નામદાર બ્રીટીશ સરકારે તેવણને ઉંચા ખેતાબો બક્ષીને તેમની કીંમતી સેવાઓનો બદલો વાળ્યો છે.

નવાબ સર ફરેદુનને મલેલા મોટા ખેતાબો તથા એલકાબો.

નવાબ સર ફરેદુનને નીઝામ સ્ટેટની વરસો સુધી બજાવેલી આવી કીંમતી સેવાઓની પીછાનમાં નામદાર હીંદી સરકાર તરફથી એવણને સી. આઈ. ઈ. નો ખેતાબ આપવામાં આવ્યો હતો, જે ૧૯૦૩ માં દીહલી ખાતે ભરાયલી યાદગાર કોરોનેશનની દરબારમાં એનાયત કરવામાં આવ્યો હતો.

નવાબ સર ફરેદુનને ૧૯૧૧ ના સાલમાં દીહલી ખાતે મલેલી યાદગાર ઇમ્પીરીયલ કોરોનેશન દરબાર વખતે સી. એસ. આઇ. નો ઉંચો ખેતાબ નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાએ બક્ષીયો હતો. આ ખેતાબ દીહલીની દરબારમાંજ નામદાર શહેનશાહ જ્યોરજ તરફથી એવણને એનાયત કરવામાં આવ્યો હતો.

નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાની સાલગ્રેહની ખુશાલીમાં જુન ૧૯૧૫ માં નવાબ ફરેદુન જંગને કે. સી. આઈ. ઇ. નો માનવંત ખેતાબ બક્ષી એવણને "સર" બનાવ્યા છે.

નામદાર નીઝામે સને ૧૯૦૬ ના સાલમાં હેદરાબાદના બીજા પારસીઓ જોડે સર ફરેદુનને "નવાબ બહાદુરનો" ઉંચો એલકાબ બક્ષીયો હતો, તેથી એવણ "નવાબ ફરેદુન જંગ બહાદુર" તરીકે ઓલખાય છે.

નવાબ સર ફરેદુનના માનમાં માનપાનના તથા ખાણીપીણીના થયલા જાહેર મેલાવડાનો હેવાલ.

નવાબ ફરેદુન જંગ બાહાદુરને નામદાર નીઝામે સદર-ઉલ-મહામનો અતી માનવંતો મોટો ઓધો બક્ષી પોતાની પાદશાહી દરબારના એક પ્રધાન-પોલીટીકલ મીનીસટર-બનાવ્યા તેની ખુશાલીમાં એવણના માનમાં તા૦ ૪થી એપ્રીલ ૧૯૧૫ ને વાર રવીને દીવસે સાંજે હેદરાબાદ અને સીકંદરાબાદની જરથોસ્તી અંજુમન તરફથી ત્યાંની શાપુરવાડીમાં ગારડન પારટીના દમામદાર એક મોટા મેલાવડા સનમુખ નવાબ સર ફરેદુન જંગ બહાદુરને એક કીમતી ચાંદીના કાસકેટમાં માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાન ત્યાંની શેઠો વીકાજી અને પેસતનજી મેહેરજીની અગીઆરીના દસતુરજી સાહેબ ખુરશેદજીએ લીધું હતું. એડરેસ કમીટી તરફથી એવણને નામે એટહોમના ઇજનના કારડો છપાયા હતા.

નવાબ ફરેદુન જંગ બહાદુરની પધરામણી થતાં દસતુરજી ખુરશેદજી અને આ મેલાવડા માટે નેમાયલી કમીટીના મેમબરો એસતેકબાલ ગયા હતા. મેળાવડાએ ઉભા રહી બેંડના સરોદ સાથ નવાબ બહાદુરને ચાલુ તાલીઓના નાદ સાથ આવકાર દીધો હતો.

દસતુરજી ખુરશેદજીએ આ મેળાવડાની મકસદનું લંબાણથી ઘટીત વીવેચન કરી નવાબ સાહેબને એનાયત કરવાનું એડરેસ નીચે મુજબ વાંચી સંભળાવયું હતું:—

આલી જનાબ નવાબ ફરીદુન જંગ બાહદુર, સી. એસ. આઇ., સી. આઈ. ઇ., સદર—ઉલ-મહામ પોલીટીકલ ડીપારટમેન્ટ સરકારે આલી જોગ.

માનવંત સાહેબ,

નામદાર આલા હઝરત, બંદગાને આલી, મદ ઝીલ્લ હુલ આલીએ, અઇન મેહરબાની અને કદરદાનીથી આપને પોલીટીકલ ખાતાંના સદર—ઉલ—મહામનો જે ઉંચો અને ઇજતભરયો ઓધ્ધો બક્ષયો છે તે વીશે હમો હેદરાબાદની રીઆસતના પારસી જરથોસ્તી રહેવાસીઓ આપને ખરાં અંતકરણથી મુબારકબાદી આપવાની રજા લઇએ છીએ. આ રાજ્ય સાથ જરથોસ્તીઓનો સંબંધ લાંબા જમાનાથી રહયો છે જે દરમ્યાન આપણી નાની કોમના ઘણાક લાયક ગૃહસથો સરકારની ઇનસાફી અને વગર તાસુબીની રાજનીતીને પ્રતાપે મોટી પદવી ભોગવી ગયા છે. પણ પેહલીજવાર છે કે એક પારસી જરથોસતીને સદર—ઉલ—મહામનો દરજ્જો મલ્યો છે જે મેળવવાને આપ ભાગયશાળી થયા છો. તે બાબે જેટલા હમો મગરૂર છીએ, તેટલાજ હમો નામદાર આલા હઝરત નીઝામની એ ઉદાર બક્ષેશ માટે તેમની શુકરગુજારી કરીએ છીએ.

આપે આ રીઆસતમાં જે જે કીમતી સેવાઓ ચાલીસ વરસની નોકરીમાં બજાવી છે, તેનું વરણન અત્રેની તવારીખમાં જાવેદાન સુધી જળવાઈ રહેશે. તે એક ટુંક માનપત્રમાં દરશાવવું મહાલ છે. આપ એક નાના ઓધ્ધાપરથી, પોતાના જાતી બળે વધી, સઉથી આલા ખીદમતપર પહોંચયા છો, જે આપના મન અને દીલના ઉમદા સદગુણો સાબેત કરે છે. આપે અત્રેના બે રાજ્યકરતાઓ તરફથી માન અને ખુશનુદી હાંસલ કીધી છે. જગમસીધ પહેલા સર સાલારજંગના જમાનાથી, આજ સુધીના દરેક દીવાનથી તારીફ મેળવી છે કોઈબી રેસીડેંટ અથવા વાઇસરાએ, અથવા બીજો પ્રખ્યાત ઇંગ્રેજી ઓધેદાર, હેદરાબાદની સર જમીનપર પગ નહી મુકી ગયો હશે, જેણે આપને માટે ઉંચું મત જાહેર કીધું ન હોય. ખુદ નામદાર શેહેનશાહે અને હીંદે પણ આપને "કમપેનીયન ઓફ ધી ઓરડર ઓફ ધી સટાર ઓફ ઇંડીયા" જેવા માનભરયા ખેતાબથી નવાજ્યા છે, એ આપની સરકારી કારકીરદીનો મુખતેસર ખુલાસો છે. આપની ખાનગી જીંદગીમાં આપ એક સભય અને મળતાવડા ગ્રહસથ તરીકે દરેક શખસને જાણીતા છો. એહલે ઇસલામ, હીંદુ, ઈસાઇ, પારસી હર કોમમાં આપનું નામ એક ઘેરગતુ શબદ થઇ ગયો છે. આપના કામકાજ અને રવઇયાથી આપે પારસી કોમને જે જેબ આપી છે તે ખરેખર અમોને મગન થવાનું કારણ છે, અને અમારી તે ખુશાલી જાહેર કરવા માટે, અને આપ તરફના અમારા માનની એક નીશાની તરીકે અમો જે અદના ભેટ આ સાથે પેશ કરીએ છીએ, તે મેહેરબાનીની રાહે કબુલ કરશો એવી અમને ઉમેદ છે.

આખેરમાં અમો ઇચ્છીએ છીએ કે જે ઉમંગ અને જફાકશીથી આજ સુધી આપ આ રીઆસતની ખીદમત બજાવતા આવયા છો તેવીજ રીતે આયંદે આપના મોટા ઓધાની જોખમદારીઓને અદા કરવા માટે, ખોદા આપને પુરતી તનદરોસતી અને લાંબી જીંદગી બક્ષે, અને સરકારના તેમજ રઇયતના હમેશા નેકખાહ અને હરદીલ અજીજ રાખી આપના માન મરતબા અને જાહો હશમતમાં રોજ તરક્કી કરે. આમીન ! . . . . . .

હેદરાબાદ દખ્ખણ, રોજ ૧૧ મો ખોરશેદ યઝદ, માહા ૭ મો મેહેર યઝદ, શેહેનશાહી સને ૧૨૮૪ યઝદેજરદી, તા૦ ૨૧મી મારચ સને ૧૯૧૫.

ઉપલું માનપત્ર વંચાઈ રહયા પછી નવાબ ફરેદુન બાહાદુરને સુંદર નકસીના રૂપાના કાસકેટમાં મુકી તે એનાયત કરવામાં આવ્યું હતું.

નવાબ ફરેદુન જંગ બહાદુરે માનપત્ર સ્વીકારી પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માની નીચે મુજબ જવાબ વાળયો હતોઃ—

દસતુરજી સાહેબ, બાનુઓ અને ગ્રહસ્થો, નામદાર નીઝામે મારી ઉપર સદર-ઉલ-મહામ, પોલીટીકલ ડીપારટમેંટના ખેતાબની જે નવાજેસ કરી છે તે માટે મને મુબારકબાદી આપનારૂં આ માનપત્ર એનાયત કરવાની તમારી મોટી માયાથી મારી ઉપર ઉંડી અસર થઇ છે, પણ આ મોટા માનને માટે, તેમજ રાજ્ય માટેની મારી નાચીઝ સેવાઓ માટે તમે જે ઘણા વખાણના શબ્દો કહયા છે તે માટે હું મને પોતાને લાયક ગણતો નથી. જ્યારે આ માનપત્રની બીનાની વાત મારા કેટલાક મીત્રોએ મારી આગળ પહેલવહેલી કહાડી ત્યારે એ બીનાને લીધે મેં આનાકાની કીધી હતી; પણ જયારે એ માનપત્ર સવીકારવાનું તેઓએ મારી ઉપર દબાણ કરયું તયારે હું કબુલ થયો તે કાંઈ મારા પોતાને માટેજ નહી; પણ વધુ એટલા માટે કે મેં ધારયું હતું કે નામદાર નીઝામના કુટુંબની અસલી ત્રેડીશનસ, જે સઘળા ધારમીક અને કોમી અભાવોથી અસાધારણ રીતે હંમેશાં મોકળી છે, તે મુજબ અમલ કરવા માટે નામદાર નીઝામ તરફ પારસી કોમને પોતાના આભારની લાગણી જાહેર રીતે જણાવવાની તેથી તક મળશે. નામદાર નીઝામો પોતાની સઘળી રઇયત અને નોકરો, પછી તેઓનો ધરમ, કોમ જાત અથવા જમાત જે ગમે તેવી હોય, તે સઘળાઓ સાથે એકસરખી રીતે વરતવા માટે જાણીતા છે. ખચીતજ નામદાર સર મીર ઉસમાન અલીખાને (તેવણ ઘણું જીવો !) મસનદ ઉપર આવ્યા પછીથી પોતાના વડવાઓની બહોલાં મનની, લીબરલ અને ઉદાર રાજયનીતી મુજબ સઘળી બાબદોમાં કામ લીધું છે. દાખલા તરીકે નામદાર નીઝામના એક વેળાના ઈંગ્રેજ શીક્ષક સર બ્રાયન ઈગરટનને, નામદાર નીઝામના સરફે-એ-ખાસમાં નોકરી બજાવતા રાય મુરલીધર સાહેબને અને મને પોતાને એકી વેળાએ સદર-ઉલ-મહામના ખેતાબથી નવાજવામાં આવયા છે.

સાધારણ રીતે બોલતાં નામદાર નીઝામના કામકાજ વીશે બોલવું, એ મારી તરફના એક ગુસતાખી કામ જેવું રહેશે. પણ તેવણના હાથ હેઠળ લગભગ ત્રણ વરસ સુધી નોકરી બજાવવાનું મને માન મળેલું હોવાથી મને લાગે છે કે તેવણ નામદાર પોતાના રાજયના બંને દીવાની અને સરફે-એ-ખાસના રાજય વહીવટમાં જે આગેવાન ભાગ લે છે તે બાબે ટુંકમાં વીવેચન કરવાની હું હીમત કરીશ. નામદાર નીઝામ મોટી બાહોશી, સુંદર યાદદાસત અને પોતાની આગળ રજુ થતા ખુદ મુશકેલ સવાલો પણ ઝડપથી સમજી જવાની શકતી ધરાવે છે. તેવણ એક ઈનસાફી મન અને કામકાજ માટે એક હદ વગરની શકતી ધરાવે છે હું વગર આનાકાનીએ જાહેર કરીશ કે કામકાજ તાકીદે અને નીયમીત રીતે બજાવવાની બાબતમાં તેવણ નામદાર અમારી સઘળાઓની વચે સઉથી આગેવાન જગયા ધરાવે છે. રાજયના વહીવટ ઉપર તેવણ એક ઘણુંજ બહોલું મન રોકે છે, અને તેવણની મુખય નેમ પોતાની રઇયતના સંતોશ, સુખ અને આબાદીની છે. તેવણ નામદાર પોતાની જીંદગીના દરેક દીવસે વધુ અને વધુ અનુભવ એકઠો કરયા જાય છે અને એ સઘળા સંજોગે સાથે મળીને રાજય માટે એક ઘણાજ સુખી ભવીશયના સગન આપે છે.

પારસી કોમ તરફ નીઝામની સરકાર તરફથી હમેશાં ઘણાજ ઉદાર અને લીબરલ પ્રકારની વરતણૂક ચલાવવામાં આવી છે એમ કહેવામાં તમો તદન ખરા છો, અને તેથી

જે પારસીઓ એ નામદારની નોકરીમાં હોય તેઓની ફરજ છે કે પોતાના રાજ્યકરતા તરફ ઉંડી વફાદારી અને આભાર દરેક રીતે જણાવવો, અને પોત પોતાની ફરજો ખંત ઉલટ અને પ્રમાણીકપણા સાથે અંતકરણપુરવક રીતે બજાવવી. જયાં સુધી હું જાણું છું તયાં સુધી હીંદુસતાનમાં બીજું એકબી એવું દેશી રાજ્ય નથી કે જે પોતાના નોકરો જયારે પેનશનની ઉપર રીટાયર થાય તયારે તેઓ તરફ આટલી બધી ઉદારતાથી વરતતું હોય. આથી રાજયની સેવા બજાવવા માટે આપણને પોતાને જાણે અરપણ કરવાની આપણુ સઘળાઓની ફરજ છે. મારી ખાતરી છે કે જે દરેક પારસી નામદાર નીઝામની નોકરીમાં હોવાનું સારૂં નસીબ ધરાવતો હશે, તેનામાં ફરજની, વફાદારીની અને રાજ્ય તરફની ફીદાગીરીની લાગણી છે.

સેવટે મને ઉમેરવા દેવો કે મેં લાગત ૪૫ વરસ સુધી નામદાર નીઝામ સરકારની સેવા બજાવી છે અને મને મગરૂરી લાગે છે કે હાલની ઘડીએ હું રાજયની નોકરીમાં સઉથી જુનો નોકર છું. મને જે જે જુદા જુદા પ્રધાનોના હાથ હેઠળ સેવા બજાવવાનું માન મળયું હતું તેઓની તરફથીજ માત્ર નહી પણ વળી મરહુમ નીઝામ તરફથી તેમજ તેવણની પછી આપણા હાલના રાજ્ય કરતા તરફથી મારી તરફ હંમેશાં મોટી કાળજી, ઉદારતા અને માયાથી વરતવામાં આવ્યું છે. મારી તરફ દેખાડવામાં આવેલી સઘળી માયા માટે હું પુરતો આભારી થઇ શકતો નથી, ખાસ કરીને જ્યારે હુ જાણું છું કે મને મારી લાયકાતો ઉપરાંત વધુ નવાજવામાં આવ્યો છે.

હવે તમારા માનપત્રમાં જે માયાળુ લાગણીઓ જાહેર કરવામાં આવી છે, તે માટે તથા જે ઘણાં સુંદર કાસકેટમાં તમોએ મને તે એનાયત કરયું છે તે માટે મારો અંતકરણપુરવકનો ઉપકાર સ્વીકારવાને તમોને અરજ કરવાનું મારે માટે બાકી રહયું છે. માનપત્ર અને કાસકેટ એ બંને મારી કીમતી ચીજો વચે હમેશાં રહેશે, અને તે વારસા તરીકે મારા કુટુંબમાં ઓધે ઉતરશે. મેં મારી કોમની ભલી લાગણી અને માન મેળવયું છે તે જોઇને મને મોટી મગરૂરી અને ખુશાલી ઉપજે છે, અને હું આ દીવસને મારી જીંદગીના એક સઉથી સુખી દીવસ તરીકે હંમેશાં યાદ કરતો રહેશ.

નવાબ સાહેબ ફરેદુને જવાબ આપ્યા પછી હેદરાબાદના એડવોકેટ જનરલ મી૦ કીશનામાચારીએ નવાબ બહાદુરનાં વખાણ કરનારા શબ્દો કહી આ મુલકનાં હાલના જમાનાના ઇતીહાસ સંબંધી બોલતાં તાલીઓ વચે તેવણે કહયું કે "Latter days' history of Hydrabad is the History of your life" યાને "હેદરાબાદની હાલના જમાનાની તવારીખ તે તમારી જીંદગીની તવારીખ છે."

એ બાદ મીસીસ દસતુર ખુરશેદજીએ ઘણાજ ઘટીત શબ્દોમાં હાજર થયલાં આપણી કોમના સઘળાં બાનુઓની તરફથી નવાબ બહાદુરને અનેક આશીરવાદો દીધા હતા.

એ પછી "એટ-હોમ" પ્રસંગે થતા મામુલી મીશટાનોનો લહાવો લેવાયા બાદ નવાબ બહાદુરને મીસીસ દસતુર ખુરશેદજીએ ફુલનો હાર તોરો અરપણ કરયો હતો. તે પછી મેળાવડો સાત વાગે વીસરજન થયો હતો.

ઉપલાજ મેળાવડા વખતે નામદાર નીઝામે પ્રધાનનો નામચીન ઓધો પહેલવહેલો એક જરથોસ્તીને બક્ષયો તેના શોકરાના અદા કરી આલા હઝરત નામદાર નીઝામની ખીદમતમાં એક સુંદર ચાંદીનાં કાસકેટમાં કીમતી ચરમપત્ર ઉપર દરબારી ભાશામાં વીદવતાથી લખેલું સીપાસનામું જરથોસતી અનજુમન તરફથી એ નામદાર ઉપર મોકલી આપવામાં આવયું હતું, જેનો માઆકુળ જવાબ નામદાર નીઝામ સરકાર તરફથી મલ્યો હતો.


નવાબ સર ફરેદુનજંગ બહાદુરના માનમાં જાલના ખાતે થયલો મેલાવડો.

નવાબ સર ફરેદુન જંગ બહાદુર સીમલા ખાતે એવણને મલેલા ખેતાબના લેતર પેટંટ લેવા ગયા હતા, ત્યાંથી પાછા ફરતી વખતે એવણ પોતીકા જુના મીત્રોને મળવાને ઇંતેજાર હોવાથી, અઉરંગાબાદ તથા જાલનામાં દરએક ઠેકાણે બે દીવસ મુકામ કરી હઇદરાબાદ ખાતે ગયા સપ-ટેમબર માસમાં પાછા રવાના થયા હતા. તેવણના જાલના ખાતેના મુકામ દરમીયાન ત્યાંના સરવે જરથોસતીઓ તરફથી એક દબદબાભરયો "એટ હોમ"નો મેળાવડો ગઇ તા૦ ૨ જી સપટેમબરને દીને કરવામાં આવ્યો હતો. મંડપને મેસરસ ફરેદુનજી તથા પદમજી સનસે ઘણીજ આરટીસટીક રીતે શોભાયમાન બનાવ્યો હતો. પરોણાઓને રીજવવા માટે ત્યાંની "રીઝરવડ પોલીસ"નું ફુલ બેંડ પણ હાજર હતું. મેળાવડામાં ઘણાક પરોણાઓ સામેલ થયા હતા. નેમેલે વખતે નવાબ સર ફરેદુન જંગ બહાદુર, પોતીકા ભાઇ નવાબ બરજોર જંગ બહાદુર તથા ઓરંગાબાદ મીલના મેનેજર શેઠ એદલજી ફરામજી દાવર સાથે મોટરમાં આવી પુગ્યા હતા. તેઓને સરવે જરથોસ્તીઓ તરફથી શેઠ પદમજી પેસતનજી જાલનાવાળાએ રીસીવ કીધા હતા. એ પછી હાજર રહેલા સરવે જરથોસતી બાનુઓ તથા ગ્રહસ્થો સાથે શેઠ પદમજી પેસતનજીએ પારસી કોમ તરફથી વખતને અનુસરતું એક એડરેસ વાંચી સંભળાવ્યું હતું. જેનો જવાબ નવાબ સર ફરેદુનજંગ બહાદુરે માયાકુલ શબદોમાં આપયો હતો. હાજર રહેલાઓએ રીફરેશમેંટને પુરતો ઇનસાફ આપીયા પછી રાતના કલાક ૮ ના અમલે મેળાવડો વીસરજન થયો હતો.

નવાબ ફરીદુનજંગ બહાદુરને નાઇટ હુડના લેતર પેટંટ બખશવાની થયલી ક્રીયા.

નામદાર વાઇસરોય લોરડ હારડીંગે તા૦ ૨૪ મી આગસ્ટને દીવસે સીમલા ખાતે નવાબ ફરેદુન જંગ બહાદુરને મલેલા ખેતાબ "નાઇટ કમાનડર ઓફ ધી ઇંડીયન એમપાયરનાં" નાઇટ હુડને લગતાં લેતરસ પેટંટ બખશવાની ક્રીયા કરી હતી.

મહારાજા ગાયકવાડના ખાસ આશરા હેઠળ.



ફીરોઝ એમ. દસતુરની કું૦

આંખના ડાકટરો અને ચશમા બનાવનારા.

ગવરનમેંટ ટેલીગ્રાફ ઓફીસ સામે.

નંબર ૭, હોનરબી રોડ, કોટ—**મુંબઈ.**

અમારા **મી૦ ફીરોઝ** "રેટીનોસકોપી"ની રીતથી અને "ઓફથેલમોસ કોપથી" **આંખની** બારીક તપાસ કરી **૨૬ વરસ** થયાં બંધબેસતા ચશમા સંપુરણ ફતેહમંદી **સાથ** પુરા પાડવાનો ચાલુ અનુભવ ધરાવે છે.

તેમજ **હમારે** ત્યાં **વીજળીક યંત્રોથી** બનતા દરેક જાતના ઉત્તમ કવૉલીટીના **ક્રાઉન ગ્લાસ** સફેદ યા રંગીન તથા પેબલના ઓરડીનરી યા **ટારીક સીલીન્ડ્રીકલ પ્રીઝમેટીક કમ્પાઉન્ડ સીલીન્ડ્રીકલ,** તેમજ વગર સાંધાના દુર નજીક જોવાના પેટન્ટેટ **"Kryptok"** લેન્સીસ વીગેરે ટુંક વખતમાં બનાવી આપીએ છીએ જેથી વેલાતથી મંગાવવાનો લાંબો વખત બચી જાય છે.

મી૦ **ફીરોઝને** ગવાલીયરના મહારાજા સાંધીયા, ઓનરેબલ સર **લોરેનસ જેન-કીનસ,** ઓનરેબલ મી૦ **જસટીસ બેતી, મીસીસ બેતી,** ઓનરેબલ સર **એન. ચંદાવરકર,** ઓનરેબલ મી૦ **જસટીસ બીમન,** ઓનરેબલ સર **સ્ટાઈલીંગ બેચેલર,** કરનલ **ફ્રેરમેન** P. M. O. R. A. M. C., કરનલ **બુલ** M. D., I. M. S., કરનલ **પીટરસ** M. B., I. M. S., મુંબઇના માજી પોલીસ કમીશનર **મી૦ જેલ** M. V. O. અને બીજા કેટલાએક નામાંકીત ડાકટરો અને ગ્રહસથો તરફથી એમની કાબેલીઆતપણાંની ઉમદા સરટીફીકેટો મળી છે.

વળી અમારે તયાં વીલાયતની તથા વીએનાની આંખની હોસપીટલમાં કામ કરી આવેલા **૨૬ વરસના** અનુભવી ડાકટરની **મુફ્ત મદદ** અને **સલાહનો ખાસ** લાભ મલે છે.

ઉત્તમ કવૉલીટીના માલ સાથે ભાવ ઘણાજ કીફાયત.

આંખનાં ટીપાં — **"વી વી"** — આંખનાં ટીપાં

આંખ દુખવા આવવી, પાણી જવું, ખીલ વગેરે દરદો
માટે ઠંડો ખાતરીપુરવક ઇલાજ. કીંમત આના ૧૨.

આંખની સંભાળને લગતી કીંમતી નુસખાઓ સાથની ચોપડી મુફ્ત મળશે

ડા. રૂ. એ. હકીમના અકસીર ઇલાજો.

શીરપ ઉશબા.

સુધ દેશી વનસપતીમાંથી બનાવેલો જેને માટે સરકારી વડા રસાયણ શાસ્ત્રીએ સરટીફીકેટ આપી છે.

લોહી સુધારનાર, પેટની કબજીઆત દુર કરનાર, ભુખ વધારનાર, ધાતુપુષ્ટ અને ખોરાક હજમ કરનારી દવા છે. લાંબી માંદગીથી ગયલી શકતી પાછી લાવે છે. લોહીના બીગાડથી અનેક દરદો લાગુ પડે છે, જેવાં કે ફુલ્લા, કદરૂપી ચાથાં શરીર ઉપર ફુટી નીકળે છે તે, કંઠમાલા, નાશુર, ગાંઠ ખુજલી તથા સરવે પ્રકારના ગરમીનાં જખમ તથા એને લગતાં દરદો, સાંધાનું રહી જવું, કલ્લેર, લીવરને લગતાં દરદો, ચાલુ બદહજમી, ઓરતોનાં દરદો, મગજની થાકથી થતી નબળાઈ, એ સરવે બીમારી માટે **શીરપ ઉશબા** રામબાણ ઇલાજ છે. વાપરવાની રીત શીશી સાથે છે. **બાટલીની કીંમત રૂ. ૧.**

જ વા રી શે રૂ શ ત મી.

વીરય વરધક તથા શકતીને માટે અકસીર ઇલાજ.

કોઈ પણ રીતની નબળાઇથી ધાતનું જવું, કમતાકાતી, ગુરડા તથા છાતીના દરદો, કલજાનું દરદ, માથાનો ચાલુ દુખાવો, ચકરી, અભ્યાસ કરવાથી આંખની નબળાઇ, પીશાબનું વારંવાર થવું, પાચન શકતીમાં થતો બીગાડો, ગરમીનાં દરદથી થતો લોહીનો બીગાડો, સાંધાનો દુખાવો, કળતર, નજળો સંધીવા, કંમરનો દુખાવો વગેરે મરદ તથા ઓરતને એક સરખો ફાયદો કરે છે. એ પાખ, નબળા માણસોને માટે એક ઉત્તમ ચીજ છે. દરેક પ્રકારની નબળાઇ માટે રામબાણ ઇલાજ છે, સેંકડો બીમારોને ફાયદો થયો છે. ખાવાની રીત પાખની ડબી સાથે છે. **કીંમત રૂ. ૧ તથા ૨.**

હકીમની ગરમીના રોગની દવા.

પીશાબના કોઇ પણ જાતનાં દરદ તેમજ ગરમીના રોગથી અથવા તો ખરાબ સંગતથી થતાં વેહેતાં દરદને તથા તેમાં થતી અનેક વેદનાઓ ફકટ સેહેજ વખતમાં નાબુદ કરે છે અને એ દવા મરદ તથા ઓરતને બંનેને એકસરખો ફાયદો કરે છે. કીંમત શીશી ૧ નો **રૂ. ૧.**

હરસ તથા મસાને માટે ખાસ થંડો મલમ.

આએ મલમથી હરસ તથા મસામાંથી પડતુ લોહી બંધ કરી, સફરામાં પડેલા ચીરાને રૂઝવી અકરસાત તથા સોજો નરમ પાડી હરસ તથા મસાને જડથી નાબુદ કરે છે. કીંમત શીશી **૧ ના રૂ. ૩.**

ડા૦ આર. ઇ. હકીમસ નરવાઇન ટોનીક પીલ્સ, ધાતુ પુષ્ટની ગોળીઓ.

આ પ્રખ્યાત બીન હરીફાઇથી વખણાતી ટોનીક પીલ્સ જલદી વીજળીની માફક તન તથા મનને શકતી આપે છે. એના ગુણો અદભુત છે. નબળી થયલી પાચનશકિતને તેજસ્વી કરે છે; સારી ભુખ લગાડે છે લોહી સુધારે છે. હરકોઇ ફીશમની નબળાઇને દુર કરે છે. કુટેવથી કે બુરા રોગથી થયલી નાકઉતીને હાંકી કહાડે છે ધાતુને પુસ્ટ બનાવી શુધારે છે અને ગયલી શકતી પાછી આપીને દરદીને નિરોગી અને શકિતવાલો ટુંક રામયમાં બનાવે છે. વાપરવાની રીત ડબી સાથે આપેલી છે. ૪૦ ગોળીની ડબીની કીંમત રૂ. ૧.

દરાજ તથા ઢીડને માટે અકસીર મલમ.

દરાજ, ઢીડ, ખરપસુ તથા એવાંજ ચાંમડીનાં દરદોને જડમુલથી નાબુદ કરે છે.

કીંમત શીશી એકના આના ૪.

હકીમ "ડેનટીફ્રીસ," સુગંધી દાંતનું મંજન.

દાંતને મોતી જેવા સાફ કરી, થતો દુખાવો નરમ પાડી મજબુતી આપે છે જે વાપરવાથી ખાત્રી થશે. **કીંમત ૪ તથા ૮ આના.**

હરસ, મસા, નાસુર, ભગંદર, પાથા, કઠમાલા તથા શરીર ઉપરના બીકટ દરદો ફકત ગુનાની ઇલાજોથી સારા કરવામાં આવે છે.

ડા૦ રૂસ. વેજીટેબલ હેર ઓઇલ.

આ તેલ ખુશબોદાર, માથાને થંડક આપનાર હોવાથી યાદદાસ્ત તેજસ્વી કરી માથાંના દુખારાને ફાયદો કરેછે. બાલમાં થતા ખોડા તથા બીજા રોગને અટકાવી ખરતા બાલોની જડને પુષ્ટી આપી

મુંબઇ તેમજ દેશાવરોના, શોખીન તથા તંનદરોસ્તી સુધારવા ઇચ્છનારા જરથોસ્તીઓ માટે ખુશ ખબર.

પુનાના સ્ટેશનની નજીક સીવીલ લેનમાં મરહુમ શેઠ હો. સો. તાડીવાલાની ધરમશાળા જે થોડો વખત રીપેર કામના સબબે બંધ હતી તે પાછી નવેસરથી સર્વ જરથોસ્તીઓ માટે ખુલ્લી મુકવામાં આવી છે.

એ ઠેકાણે ઉતારૂઓને નજીવી ફીમાં ઘરગતુ સોજજું, સ્વાદીસ્ટ, ઉત્તમ ખાંનું હરવખત પુરૂ પાડવામાં તથા પુરતું સુખ સગવડ સાચવવામાં અને ઉત્તમ મેનીજ કરવામાં આવેછે. પુનાંનું હવા પાણી બારે માસ એકસરખું તંન-દરોસ્તીને ઘણું ગુણકારૂ છે જે કોઇને અજાણું નથી અને એવા ગુણકારા હવા પાણીને લીધે તેમજ આ મકાનનો લત્તો વસ્તીથી નીરાળો હોવાથી તંદરોસ્ત તેમજ નબળાં અને નાંકઉવતવાલાં માણસોને ૮ થી ૧૫ દીવસમાં ઘણો ફાયદો કરી રાતા-માતા કરે છે. ઉપલા કારણોથી એ ધરમશાળા, ઉત્તમમાં ઉત્તમ સેનેટરીની સસતામાં ગરજ પુરી પાડે છે. માત્ર થોડા દીવસ આ ધરમશાળામાં આવી ગયેલા ગૃહસ્થોએ બુકમાં નોંધેલી સરટીફીકેટોમાંની માત્ર ૬ નીચે આપવામાં આવી છે.

---

૧ આ ધરંમશાળામાં હું ત્રણ દીવશ રહયો હતો એના મેનેજરે ઘણીજ સભ્યતા અને કાળજી બતાવી ઘણું સરસ ખાનું આપયું હતું જેથી હું પુર સંતોષ પામ્યો છું. ૧૨-૭-૧૫. જે. ડી. કાલાપેશી.

૨ હમો ૪ જણાએ ૪ દીવસ આ ધરમશાળામાં ઉતારો લીધો હતો. હમને લખવાને ઘણી ખુસી ઉપજે છે કે અઇનાં મેનેજરે હમોને દરેક રીતે સારી મદદ કરી હતી અને રહેવા માટે તુરત અને જોઇતો બંદોબસ્ત કરી આપયો હતો. એવણનાં મેનેજમેનટ અને ખાંનાંથી હમો ઘણાજ ખુસી થયા છે. ખશુશ કરી હમો ઘણા ગામે ફરેઆ છે પણ એવન જેવા લાયકીવાલા ગૃહસ્થ હમને હોટલો યા ધરમશાલામાં મલ્યા

નથી. ગઈ કાલે એમણે બનાવેલી એક "ડીસ" થી હમો ઘણાજ ખુશ થયા છે. ડીસ ઘણીજ ઉમદા અને સ્વાદીસ્ટ હતી. તા૦ ૨૦-૭-૧૫. પાવરી, કેકી. એન. ખોરી, રતન ભુરેખાં, દાદી બી. મોદી.

૩ હમો નીચે સહી કરનારા, હમારા ફેમીલીઓ સાથે બધા મલી સાત જણાં અત્રે ૪ દીવશ રહેઆ હતા તે દરમ્યાન હમોને ખાવા-પીવા તથા રહે-વાની દરેક રીતની સગવડ આ ધરમશાળાનાં મેનેજરે આપી છે અને સઘલી સગવડ મનમાંનતી હતી. ૨૦-૭-૧૫. એચ. કે. ચોકશી, ડી. એ. કેમેસરીવાલા.

૪ આ ધરમશાળામાં મેં મારાં ફેમીલી સાથે ચાર દીવસ ઉતારો લીધો હતો તે દરમયાંન અતરેના મેનેજરે હમારી દરેક રીતે સારી સગવડ કરી આપી હતી અને આશા છે કે એવન મેનેજર તરીકે આ મકાનમાં રેહેશે તો જરૂર એ પડતા મકાનની ચડતી થશે. એવણ આ મકાન સારા પાયાપર લાવવા માટે પોતાનો જાતી ખરચ અને મેહેનત ઘણી કરે છે, એ હમે નજરે જોયું છે. મારા પછી આવનારા પેશીનજરોને હું ભલામણ કરૂંછું કે તમારા ખાંણાંમાં સઉથી પેહલી ડીશ "ફરેંકો જરમન બુમલા" નો માંગજો એ ડીશનુ બ્યાંન કરવું મુશકેલ છે. તેમ બીજી એક ડીશ "કેપ-તન કરી" છે. જે માટે એવણ સ્પેશીઆલીસ્ટ છે. ખરેખર આ મકાનનાં ત્રસ્ટી સાહેબોએ પોતાને ઘણાં ભાયગશાલી સમજવા કે તેઓને આવા એક લાયકીવાલા મેનેજર મલેઆ છે. તા૦ ૨૭-૮-૧૫. માહીયાર ટી. દસ્તુર.

૫ મારા ત્રણ દીવસનાં રેહેવાસ દરમયાન અહીના મેનેજરથી તથા રેહવાની દરેક ગોઠવંનથી હું સંતોસ પામયો છું. તા૦ ૧-૮-૧૫. એ. જે. બજાં.

૬ Excellent management. હમો ફેમીલી સાથે ૩ જણાં ચાર દીવસ રહેઆ હતા. તે દરમ્યાન હમોને દરેક રીતની મનમાંનતી સગવડ મેનેજરે કરી આપી હતી અને ખાંનાંથી પણ હમોને પુરતો સંતોશ મલ્યો હતો. તા૦ ૩-૮-૧૫. બી. એસ. માંડન.

મેનેજર, બી. કયકોબાદ,

તાડીવાળા ધરમશાળા, પૂના.

યઝદેજરદી સને ૧૨૮૪ નાં ઝોરાસ્ત્રીયન કેલેનડર ઉપર અપાયલાં વરતમાન પતરોનાં મત.

THE ZOROASTRIAN CALENDAR-The Bombay Vartman Press have brought out their usual calendar for the Parsi year 1284. It is full of valuable information regarding the doings of this enterprising community. Though the publication is named a calendar, it is a detailed and faithful record of Parsi history. The Parsis gave away during the year about nineteen lakhs in sectarian and general charities. A chapter has been devoted to the record of the bestowal by the Government of high honours and appointments on various members of the community. The most interesting chapter is that dealing with the census figures of the Parsi. It is notable that while the Mahomedan community has doubled its population since 1864, the Parsis have not increased even to the extent of a thousand in about fifty years.

The Bombay Chronicle,-29th September 1914.

THE ZOROASTRIAN CALENDAR—We have the pleasure to acknowledge with thanks the receipt of a copy of this Calendar from the proprietors Messrs. Sorabji and Hormasji Muncherji Jagosh. We do not see there is any necessity for commending every year a well established and reputed annual publication as this. Its compilers the proprietors of the Bombay "Vartman" Press have been sparing no pains to make it more and more useful every year. They have been adding to it annually so many useful items of information relating to their own community that it leaves hardly anything for us to say by way of suggestion or comment. No Parsi or in fact no Indian will deny the usefulness of this publication. In an account of donations made towards charities by the Parsis we see that Rs. 18,75,000 were generously given away—a fact which shows that this community has upheld its prestige as usual in this direction. This Calendar contains besides other useful informations the detailed lives of Dr. Sir Temulji B. Nariman, Kt. as well as Shet Beramji Nusserwanji Seervai and Shet Nanabhoy Byramji Jijibhoy with their portraits. In short the usefulness of this Calendar has been so widely recognised by this time that it is no exaggeration to say that no Parsi family should remain without it.

The Daily Telegraph & Deccan Herald-20th October 1914.

WE have to acknowledge receipt of a copy of the Zoroastrian Calendar for the new Parsi year 1284 which commenced on 12th September. This annual started and published in Bombay for over forty years by the late Mr. Muncherji Jagosh continues its useful career under the editorship of his sons, Messrs. Sorabji and Hormasji Jagosh. Besides a succinct account of all that is worth chronicling regarding the Parsi community--its charities, public benefactions, educational, religious and charitable institutions, general advancement, &c.,—the book contains short biographical sketches with well executed portraits of the Hon. Dr. Sir Temulji B. Nariman and the late Mr. Behramji Jijibhoy and Mr. Behramji N. Seervai.

The Indian Textile Journal-September 1914.

ઝોરાસ્ત્રીયન કેલેંડર—મરહુમ મી૦ જાગોશવાલું ઉપયોગી પારસી પંચાંગ દર વરસે બહાર પડે છે તે આ વરસે પણ યજદેઝરદી ૧૨૮૪ ના વરસનું બહાર પડયું છે અને રાબેતા મુજબ જાણવાજોગ પારસી બાબદોથી ભરપુર છે અને દરેક પારસી ઘરમાં એક ઉપયોગી પુસતક છે. મરહુમ મી૦ મનચેરજી જાગોશના બેટાઓ મી૦ સોરાબજી અને મી૦ હોરમસજીએ પોતાના પીતાને પગલે ચાલી આ પંચાંગ ચાલુ રાખયા છે તે ખુશી થવા જોગ છે.

અખબારે સોદાગર—તા૦ ૨૫ મી સપટેમબર ૧૯૧૪.

ઝોરાસ્ત્રીઅન કેલેંડર યાને પારસી પંચાંગ, યઝદેજરદી ૧૨૮૪ નાં વરસનું તા૦ ૧૨ મી સપટેમબર ૧૯૧૪ થી તા૦ ૧૧ મી સપટેમબર ૧૯૧૫ સુધીનું. પ્રગટકરતા મેસરસ સોરાબજી અને હોરમસજી મંચેરજી જાગોશ. કીમત રૂ ૧–૮–૦ આ પંચાંગમાં પારસી ભાઇઓનાં ગયાં સાલમાં થયલી સખાવતો, જાણવાજોગ બનાવો વગેરેના ઇંતખાબનો ઉપયોગી સંગ્રહ સમાવવામા આવયો છે, જે તેની આગમચની સાલોની આવરતીઓ માફક ભવીષયના પારસી તવારીખનવીસને બરને ઉપયોગી ખબરો પુરી પાડવાનો સંભવ છે. ગયા સાલની જાણવાજોગ વીગતો ઉપરાંત ચાલુ યઝદેઝરદી સને ૧૨૮૪ નાં સાલના રોજ, માહ અને પારસી બનાવોનું પંચાંગ આપવામાં આવયું છે. વળી ગયાં સાલમાં ગુજર પામેલા મરહુમ મી૦ નાનાભાઈ બેરામજી જીજીભાઇ અને મી૦ બેરામજી નશરવાનજી સીરવાઇ તેમજ નામદાર શાહેનશાહ તરફથી નાઈટહુડના ખેતાબની નવાઝેસ પામેલા ડૉ૦ સર ટેહમુલજી ભીખાજી નરીમાનની ઉપયોગી કારકીરદીનો એહવાલ તેમજ આરટ પેપર ઉપર તેમની સુંદર તસ્વીરો આપવામાં આવયા છે. ગુઝસ્તે સાલમાં બનેલા પારસી બનાવો ઉપરાંત ઘણા વેહેવારોપયોગી બાબતોનો સમાવેશથી એ પુસ્તક જયારે પણ જોઈએ ત્યારે ઉપયોગી થઈ શકે એવું બનાવવાની સંભાળ લેવામાં આવી છે.

મુંબઈ સમાચાર–તા૦ ૨૮ મી સપતેમ્બર ૧૯૧૪.

ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને પારસી પંચાગ–યઝદેજરદી ૧૨૮૪ ના સાલના ઝોરાસ્ત્રીયન કેલેંડરની એક નકલ તેના કરતા મેસરસ સોરાબજી મંચેરજી અને હોરમસજી મંચેરજી જાગોસ તરફથી અમને મલી છે જેની પહોંચ ઉપકાર સાથે સવીકારીયે છાંયે. મરહુમ મી૦ મંચેરજી જાગોસનું આ એક ઉપયોગી કામ ચાલુ રાખવાનો મરહુમના બેટાઓનો પ્રયાસ વખાણને પાત્ર છે. એવું એક પારસી પંચાંગ પારસી ઘરોમા ઘણું ઉપયોગી થઈ પડવું જોઇયે. ખતમ થયલા ૧૨૮૩ ના સાલમાં પારસી સખાવતનો જુમલે આંકડો રૂ ૧૮॥। લાખનો નોંધાયો છે જેમાંથી કેટલીક રકમો આગલાં વરસની સખાવતમાં જણાયલી બાદ કરતાં કુલે રૂ ૧૩। લાખ જેટલી રકમ ૧૨૮૩ ના વરસની સખાવત થવા જાય છે. જયારે ૧૨૮૨ ના વરસની પારસી સખાવત રૂ ૧૩ લાખ જેટલી નોંધાયલી છે, જે ઉપરથી પુરવાર થાય છે કે પારસી સખાવતી દીલગુરદો જેવોને તેવો જળવાઈ રહયો છે. કેલેંડર લગભગ ૨૦૦ ઉપર પાનાનું બનેલું છે જેમાં ૧૨૮૩ ના સાલમા બનેલા નાના મોટા પારસી બનાવોની તવારીખ, હીંદમા અને દેશાવરોમાં થયલી પારસી સખાવતો, જનમ મરણની નોંધો, પારસી વસતીનો ઇનતેખાબ, ધરમ, કેળવણી અને બીજા પારસી ખાનાઓ અને ઇનસટીટયુશનોની સંપુરણ ટીપ, આખાં વરસનું પંચાગ, જરથોસતીઓને મલેલા ખેતાબો અને ઓધાઓ, પારસી જવાનોએ પસાર કરેલી પરીક્ષાઓ, પોસટ અને ટેલીગ્રાફ ખાતાંઓની જાણવાજોગ વીગતો, વીગેરેનો સંપુરણ હેવાલ કેલેંડરમાં આપવામાં આવયો છે. પારસી કોમને લગતી દરેક ઉપયોગી બાબદો તેમાં સમાવવામાં આવેલી છે તે જોતા દરેક પારસી ઘરોની લાયબરેરીમાં આ પુશતક અવશ્ય હોવું જોઇએ.

જામે જમશેદ–તા૦ ૩ જી અકટોબર ૧૯૧૪.

ઝોરાસ્ત્રીયન કેલેનડર યાને પારસી પંચાગ–યઝદેઝરદી સને ૧૨૮૪ ના સાલનું પારસી પંચાગ બહાર પડી ચુકયું છે કે જે તેના રાબેતાના અંકો મુજબ ઉપયોગી વીગતોથી ભરપુર જોવામા આવે છે. શરૂઆતના ભાગમાં ગુજસ્તેહ સાલનો પારસી ઇંતખાબ લંબાણથી રજુ કરવામાં આવયો છે કે જે ઉપરથી પારસી સખાવતો તથા પારસી બનાવોની જાણવાજોગ વીગતો મળી આવે છે. ગુજસ્તેહ સાલમાં મરણ પામેલા જાણીતા પારસી શેઠીયાઓ મરહુમ મી૦ નાનાભાઈ બેહેરામજી જીજીભાઈ તથા મરહુમ મી૦ બેહેરામજી નશરવાનજી સીરવાઈનાં જીવનચરીતરો તેઓનાં ચીતરો સાથે આપવામાં આવયાં છે. એ ઉપરાત આ સાલના પંચાગમાં જે ખાસ વીગતો જોવામાં આવે છે તે જરથોસ્તીઓએ બંધાવેલા દોખમાઓ, ધરમશાળાઓ, જાહેર વપરાસનાં મકાનો, લાયબરેરીઓ, ધરમના દવાખાનાઓ, કેળવણીખાતાંઓ તથા ધરમના ફંડોની આપેલી સતાવાર અગત્યની ટીપો છે કે જે ઉપરથી પારસી સખાવત અને પારસી કીરતીને મશહુર કરનાર સખાવતનાં કીરતીવંત સ્થંભોનો આપણને ઘણો સરસ ખયાલ મળી શકે છે. તે પછી એ પંચાગના બીજા જે સફાઓ આપણું ધ્યાન ખેંચે છે તે બેરોનેટસી, નાઇટહુડ અને તેવા માનવંત ઉંચા ખેતાબો પામેલા માનવંત જરથોશતી તુરરાઓને લગતી આપેલી રસીલી વીગતો છે. એ ઉપરાત પારસી સુલેહના અમલદારો, શેરીફો, યુનીવરસીટીના ફેલોઝ, કાઉનસીલરો, ચીફ મેત્રીમોનયલ કોરટના મેમબરો, કોરપોરેશન, સ્ટેનડીગ કમીટી, ઇમપરૂવમેંટ ત્રસ્ટ તથા પોરટ ત્રસ્તના પારસી મેમબરો તેમજ પારસી બેરીસ્ટરો, સોલીસીટરો વીગેરેની સતાવાર ટીપો પણ ઉપયોગી થઈ પડે તેવી છે અને તે પારસી કેળવણી અને કીરતીનો કોટ બાંધનારા કામના વીરલાઓ માટે મગરૂરી લેવા લાયકની રોશની પુરી પાડે છે. એ પછી ટપાલ ખાતાં વીગેરેની સામાનય વીગતો રજુ કરી હીંદુસ્તાનના પારસીઓની વસ્તીની ગણત્રીનો ઉપયોગી કોઠો આ કેલેનડરમાં રજુ કરવામાં આવયોછે અને છેવટે ગુજસ્તેહ સાલમાં નાઇટહુડનું ઉંચું અનુપમ માન મેળવનાર આપણા જાણીતા પારસી તબીબ ડાકટર સર તેહમુલજી ભીખાજી નરીમાનનું જાણવાજોગ જનમવરતાંત તેવણના સુંદર ફોટોગ્રાફ સાથે નજરે પડે છે. એ રીતે આ સાલનું પારસી પંચાગ તેના આગલા અંકોની માફક રસીલી અને ઉપયોગી વીગતોથી ભરપુર જોવામાં આવે છે. તેવું એક પંચાગ અને કેલેંડર દરેક ઘેરમાં જરૂર સંઘરી રાખવું ઘટે છે કે જેનાં ઉપયોગીપણાં તરફ જોતાં તે કોઇપણ ઘરની લાયબરેરીનાં સણગાર સમાનનું થઈ પડે તેમાં કશો શક નથી.

પારસી–તા૦ ૧૧ મી અકટોબર ૧૯૧૪.

ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને પારસી પંચાંગ—ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને પારસી પંચાંગ યઝદેજરદી સને ૧૨૮૪ના વરષનું મેસરસ શેરાબજી અને હોરમસજી મંચેરજી જાગોસ ભાઈઓ તરફથી બહાર પડયું છે જેની એક નકલ અમારેના મીઠ એમઠ જેઠ પોસ્ટવાળા મારફતે મળી છે. પારસી પંચાંગ ૪૩ વરસથી મરહુમ મીઠ મંચેરજી હોસંગજી જાગોશ તરફથી બહાર પડતુ રહયું હતું અને મીઠ મંચેરજી જાગોશના મરણ પછી પણ તેમના બેટાઓએ એ પંચાંગ બહાર પાડવાનું ચાલુ રાખી પારસી કોમને આભારી કરી છે. કેમકે પંચાગમાં દર વરસે વરસ દરમ્યાન બનેલા બનાવો તથા પારસી કોમને ઉપયોગી બીજી ઘણી બાબતોનો સમાવેશ કરવામાં આવતો હોવાથી તે એક ભવિષ્યના માટે ઘણી ઉપયોગી નોંધ તરીકે કામ લાગી શકે. આ વરસના પંચાગમાં ગુજસ્તે વરસનો ઇતેખાબ, પારસીઓએ કરેલી સખાવત, ધરમખાતા, નવા ધરમના મકાનો, જરથોસ્તીઓને મળેલા નવા ખેતાબો, ઓધ્ધા, એ કોમની કેળવણી, પરીક્ષા, તથા મેળવેલા ઇનામ અને પરચુરણ બનાવોની વિગત સાથ આપવા પછી જાણીતા જરથોસ્તીઓના મરણોની નોંધ આપી છે. તે ઉપરાંત જરથોસ્તીઓના ધરમના મકાનો, દોખમાઓ, ધરમશાળા, જાહેર વપરાશના મકાનો, ધરમના દવાખાના, કેળવણીખાતા અને ધરમના ફંડો વીગેરેની વીગત ઉપરાંત જરથોસ્તી શેરીફો, જરથોસ્તી ફેલો, કાઉન્સીલરો, સોલીસીટરો, બેરીસ્ટરો, વગેરેની ટીપ આપી, ટપાલ ખાતાને લગતી, હીદુસ્તાનના પારસીઓની ગણત્રીની તથા બીજી કેટલીક જાણવાજોગ વિગતો, મુંબઇ શહેરમા ૪૩ વરસ દરમ્યાન થયેલા મરણોની તારીજ, ડાકટર સર ટેમુલજી ભીખાજી નરીમાનની છબી સાથની કારકીરદીનો સમાશ કરયો છે, તેમજ કેલેન્ડરમાં દરેક પારસી મહીનાના પારસી રોજના નામ સાથનો કોઠો, વાર, અંગરેજી તારીખ, હીદુ તીથી તથા જાણવાજોગ બનાવોની નોંધ આપી છે. એ વગેરે બાબતનો સમાશ કરી કેલેન્ડરને ઉપયોગી બનાવવાને કોઇપણ તરેહના ખામી રાખી નથી. તેથી દરેક પારસી કુંટુંબમાં કેલેન્ડરની અકેક નકલ અવસ્ય રાખી કેલેન્ડર પ્રવરતાવનારાઓને ઉતેજન આપવાની જરૂર છે.

ગુજરાત મિત્ર તથા ગુજરાત દરપણ—તાઠ ૧૧ મી અકટોબર ૧૯૧૪.

ઝોરાસ્ત્રીઅન કેલેંડર—યજદેજરદી ૧૨૮૪ નાં વરસનું—પ્રગટ કરનાર ભાઈઓ સોરાબજી અને હોરમજી મનચેરજી જાગોશ—મરહુમ મીઠ મનચેરજી જાગોશના બેટાઓએ પારસી કોમને ઉપયોગી ઝોરાસ્ત્રીઅન કેલેંડરને ચાલુ રાખવાનો વિચાર રાખેલો જોઇ આપણને ખુશી ઉપજે છે. આ કેલેંડર પારસીઓ માટે તો ખાસ પોતાના ઘરમાં રાખવા જોગ છે. તેમાં સમાયલી વિગતો પારસી કોમે ગયા શાલમા શું કરયું છે તેનો અચુક ખ્યાલ આપે છે. આ વરસની સામાન્ય સખાવતનો આકડો લગભગ તેર લાખનો છે. ઉઠમણાની છપાયલી રકમ બે લાખ ૭૦ હજારની, ધરમનાં મકાનોની કીમત આશરે ગણતા લગભગ સાડા ત્રણ લાખ મળી કુલ્લે સખાવત પોણીઓગણીશ લાખના જબરદસ્ત આકડાપર જાય છે. આવી બાદશાહી સખાવત માટે પારસી કોમ ખરેજ મગરૂરી લઈ શકે. મરહુમ શેઠો નાનાભાઇ બેરામજી જીજીભાઇ અને બેહરામજી નસરવાનજી સીરવાઇના તથા સર ટેમુલજી નરીમાનના જન્મ વૃતાંતો વાંચવાજોગ છે. આ ઉપરાંત પારસીઓ માટેની જાણવાજોગ વિગતો ઘણી છે. આ અંકમાં હિંદુસ્તાનની પારસી વસ્તીનો કોઠો આપવામાં આવ્યો છે તે પસંદ કરવા જોગ છે, જાગોસ ભાઈઓના નામો પ્રગટ કરવાની તકલીફ ન લે? અલબત તેમા જબરો જેહમત છે પણ દરવરષે થોડી થોડી સંખ્યા લેવામાં આવે તો ટુંક વખતમા એક સંપુરણ યાદી થવા વિના રહેશે નહી. તેમ થતાં આ કેલેંડરની લોકપ્રિયતા કેટલી અચુક થઈ જશે તે જણાવવાની હમો જરૂર જોતા નથી. આ પુસ્તક પાછળની મેહનત જોતાં કિંમત રૂપીઆં દોઢ નીરજીવ છે. હમો જાગોશ ભાઇઓને દરેક ફતેહ ઇચ્છીએ છીએ.

સ્વતંત્ર—તાઠ ૨૫ મી અકટોબર ૧૯૧૪.

ચાલુ સાલના પારસી પંચાગની એક નકલ તેના કરતા મીઠ જાગોશ તરફથી મળી છે, તેમાં પારસી બરની બધી ખબરો મલે છે. પણ જે સઉથી અગતની લગનની ટીપ, તે આ વરશે જોવામા આવતી નથી. લગનજ આબાદી તથા વૃદ્ધી કરનાર છે. એ પંચાગ એક કીમતી પુસ્તક છે.

સુરત અખબાર—તાઠ ૨ જી નવેમ્બર ૧૯૧૪.

ઝોરાસ્ત્રીયન કેલેન્ડર યાને પારસી પંચાગ—યઝદેજરદી ૧૨૮૪ના નવીન વરષનું પારસી પંચાગ તેના પ્રવરતાવનારાઓ તરફથી મોકલવામાં આવેલું અમોને તેના અમારેના એજન્ટ મીઠ એમ. જે. પોસ્ટવાળા મારફત મળ્યું છે. તેની પોહોચ અમે માન–ઉપકાર સહીત સ્વીકારીએ છીએ. આ કેલેન્ડર બુક આશરે ૨૫૦ જેટલા પાનાની છે અને તેમાં પારસી ફીરકાને લગતી તમામ જાણવાજોગ બાબતોનું સંગરહસ્થાન કાળજીએ ગોઠવવામાં આવ્યું છે. આ જોતા આ કેલેન્ડર બુક જરથોસ્તી ફીરકામાં ખાસ ઉપયોગી થઈ પડે તેવી જણાય છે, પારસી ભાઇઓની હિંદના જુદા જુદા મથકોમાં કેટલી વસ્તી છે, તે માહેલા કેટલા સાહસીકો છે, કેટલા સરકારી નાના મોટા અમલદાર છે. કેટલા ચાંદ–ખેતાબ લટકાવનારા છે એ વીગેરે બીજી ઘણી ઉપયોગી બાબતોની બની શકતી એક ફુલ ટીપ દાખલ કરવામાં આવી છે. આ કેલેન્ડરમાં સર નાઈટ તેમુલજી ભીખાજી નરીમાન, મરહુમ શેઠ બેરામજી એનઠ સીરવાઈ અને શેઠ નાનાભાઈ બેરામજીના સુંદર ફોટા આરટ પેપરપર છાપી તે ભેગા તેમની જાણવાજોગી કારકીરદીના એહવાલો આપવામા આવ્યા છે. ટુંકમા આ પંચાગ પારસીઓના દરેક ઘરે સંગરહ કરી તેના પ્રવરતાવનારાઓને ઘટતું ઉતેજન આપવાની જોસ્સાભરી ઉલટ બાહાર પાડવી જોઇએ.

સુરય પ્રકાશ—તાઠ ૧૪ મી નવેમ્બર ૧૯૧૪.

"ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને પારસી પંચાંગ."—મહુરમ મીઠ મંચેરજી હોશંગજી જાગોસ પોતાનું નામ આ "પંચાંગ" પરગટ કરીને કાયમ રાખી ગયા છે. પારસીઓને એક સારાં કેલેંડરની ઘણી જરૂર હતી, અને જયારે મીઠ બનશાનું ઈંગરેજી કેલેંડર જોઇતી મદદની કોતાહીને લીધે થોડાં વરસમાં બંધ પડી ગયુ, ત્યારે ૧૨૪૦ યજદે

જરદીથી ચાલુ થયલું મી૦ જાગોસનું ગુજરાતી કેલેંડર આજ ૪૪ વરસ થયાં ચાલુ રહેવા પામ્યું છે. ચાલુ ૧૨૮૪ યજદેજરદીરનું આ "પારસી પંચાંગ" સવેળા બાહેર પડયું છે, અને આખું વરસ તે પારસીઓને બરની અગત્યની ખબરો માટેની એક "રેફરન્સ બુક" ની ગરજ કેટલેક દરજ્જે પુરી પાડશે. આમાં સઉથી કીમતી હિસ્સો "ગુજસ્તે સાલનો ઇંતેખાબ" પુરો પાડેછે, જેમાં ગયાં આખાં વરસમાં પારસી કોમે સખાવત, કેળવણી, અને બીજા અગત્યના સવાલોના સંબંધમાં શું કીધું અને એ સવાલોના સંબંધમાં તે કેવું પસાર થયું તેનું આપણને જ્ઞાન કરાવેછે. બાકીના બીજા વિષયો શરેસ્તા મુજબની જુની પરગટ થતી રહેલી બિનાઓને લગતી છે. આ વેળા શેઠ બેહરામજી નોશરવાનજી સીરવઈ અને શેઠ બેહરામજી જીજીભાઈ બીજા (શેઠ નાનાભાઈ બે. જીજીભાઈ) ની તસ્વીરો સહિત તેમનાં ચરિતરો પ્રગટ કીધાં છે. આગળાં વરષોની અમને યાદ છે કે જ્યારે મરહુમ મી૦ જાગોશ પારસી ધરમ કે તવારીખ વગેરેના ખાસ વિષયો આખાં વરસ દરમિયાન અપાયલાં કોઈ કીમતી ભાષણને આધારે પરગટ કરતા હતા તે દાખલાની તેમના બેટાઓ તરફથી નકલ થાય તો વધારે સારૂં. રાસ્ત ગોફતાર—તા૦ ૨૯ મી નવેમ્બર ૧૯૧૪.

ઝોરાસ્ત્રીયન કેલેન્ડર—સને ૧૮૧૪ થી ઝોરાસ્ત્રીયન કેલેન્ડર મરહુમ મી૦ મનચેરજી હોસંગજી જાગોસે દરસાલ સુધારા વધારા સાથે પ્રગટ કરવું ચાલુ રાખ્યું હતું. પણ એમના સને ૧૯૧૩ના જુન માસમાં થયલાં દીલગીરીભરયા મરણથી એ પંચાગ ચાલુ રહેશે કે કેમ તે વીશે ઘણાકોને અંદેશો થયો હતો. પણ તે વીશે હવે ચીંતા કરવાનું કારણ રહયું નથી. એમના પુતરોએ એ કામ ઉપાડી લઈને આપણને ધીરજ આપી છે. હમેશાની માફક સને ૧૨૮૪ ના કેલેન્ડરની શરૂઆત પણ પારસી સખાવતના ઝરાથી શરૂ થઈને પારસી ધરમના મકાનો, ખેતાબો, ઓદ્ધા, નેમણુંક, કેળવણી, પરીક્ષા, સ્કોલરશીપ, પરચુટણ બાબતો, પુસ્તકોની પહોંચ, મરણો, પારસી કેલેન્ડર, આતસબેરામો, દરેમેહરો, આદરાનો, દુખમાં, ધરમશાળા, જાહેર વપરાશના મકાનો, પુસ્તકખાના, દવાખાના, કેળવણીખાતાં; ખેતાબો, ધરમ ફંડો, વગેરે વગેરે બાબતોના જાણવાજોગ વિષયો આપ્યા છે. મેસરસ જાગોસ બેરાદરોએ એ કારય પાછળ જે શ્રમ ઉઠાવયો છે, તે વીશે દરસાલ નવું બોલવાનું કાંઈ રહેતુંજ નથી. જેઓએ એ પુસ્તક એકાદ વખત પણ જોયું હશે તેઓ કબુલશે કે એ કામ એકલે હાથે કરવાની કેટલી બધી જેહમત છે. ગઇ સાલના બધા બનાવોને ક્રમવાર ગોઠવવા અને વગર ભુલ ચુકે પ્રગટ કરવા, એ મહાભારત કામ મરહુમ મનચેરજીએ પોતાની હયાતી દરમ્યાન ચાલુ રાખ્યું હતું અને તેજ ધોરણને બહાલ રાખી તેમના દીકરાઓએ પણ તેજ માફક ચાલુ રાખ્યું છે. પારસી દયાનો ઝરો ફકત પોતાની કોમ તરફજ વહેતો નથી, પણ પારસી સખીઓએ દરેક પરમારથી હીલચાલ અને જરૂરી ફંડોમાં પોતાનો ફાલો ઉદારતાથી કાઢી આપ્યો છે. ગુજસ્તે સાલની પારસીઓની કુલ સખાવત લગભગ રૂપીઆ પોણીઓગણીસ લાખની થવા જાય છે, જે પારસી કોમને ખચીત મગરૂર કરનારૂં છે. એ કેલેન્ડરના ઉદયોગી કરતાઓને તેમના આ મહેનતું કામ માટે ધન્યવાદ દઈયે છીએ. રૂા. ૧ા જેટલી નાનકડી કીમતમાં આવું એક દલદાર તેટલુંજ ઉપયોગી પુસ્તક કોમ માટે પરગટ કરવાનું કામ કંઈ સહેલ નથી. હાલના છેલ્લાં કેલેંડરમાં ડા. સર તેમુલજી નરીમાન તથા મરહુમ શેઠ બેરામજી સીરવાઈ અને મરહુમ શેઠ નાનાભાઈ બેરામજી જીજીભાઇના જન્મવૃતાંતો, તેમની સુંદર છબીઓ સાથ આપ્યાં છે, જે તેનું ખાસ ખેંચાણ છે. અમે એ કેલેંડરની ફતેહ ઈચ્છીએ છીએ. નવસારી પત્રિકા—તા૦ ૬ ઠી ડીસેમબર ૧૯૧૪.

ઝોરાસ્ત્રીયન કેલેન્ડર—યઝદેજરદી સને ૧૨૮૪ ના વરસનું આ કેલેન્ડર યાને પારસી પંચાગ વરતમાન પરેસના મરહુમ માલિક મી૦ મંચેરજી હોશંગજી જાગોશના પુતરો તરફથી તઇયાર કરી બાહાર પાડવામાં આવ્યું છે તેની એક નકલ અમોને પોહોંચાડવામા આવી છે. તેની પોહોંચ સ્વીકારતાં અમને આનંદ થાય છે. આ આવરૂતિ કહી આપે છે કે જે નામના એ કેલેન્ડરે અત્યાર સુધીમાં જમાવી રાખી છે તે નવાં વહીવટ હેઠળ પણ સારી રીતે કાયમ રાખવામાં આવી છે. પારસી કોમને લગતી દરેકે દરેક વિગત આ પુસ્તકમાં સમાવ્યામાં આવી છે, અને તે જોતાં વગર આંચકે ભલામણ કરી શકાશે કે એકેએક પારસીના ઘરમાં આ કેલેન્ડરની એક પણ નકલ હંમેશાં રહેવી જોઇએ છે.

ગુજરાતી—તા૦ ૧૮ મો એપરીલ ૧૯૧૫.

ઝોરાસ્ત્રીયન કેલેન્ડર યાને પારસી પંચાગ—યજદેઝરદી ૧૨૮૪ નાં સાલનું—મરહુમ મી૦ મનચેરજી હોશંગજી જાગોશના બેટાઓ તરફથી પ્રગટ થયલું ઉપલું પંચાંગ અમને ભેટ મળ્યું છે જે માટે અમે તેઓનો ઉપકાર માન્યે છીએ. હાલની પારસી તવારીખ—ખાસ કરીને તેઓનો વેહેવારૂ જીંદગીના કારયોની નોંધ—ની આશરે સવાબસો પાનાની આ સુંદર કેતાબ આ વરષે પણ આપણું દીલ ખેંચી રહી છે. ગુજસ્તે યજદેઝરદી સાલના ઇંતેખાબ ઉપરાંત દરેકેદરેક ઉપયોગી બાબદોને લગતા અનેક કોઠાઓ અને ટીપોથી સફાઓ રોકાયા છે. જો કોઇને હીદુસ્થાનના આતશ બેહેરાંમો, દરેમેહેરો યા આદરાનોની ટીપ તુરત જોઈતી હોય, જો કોઈને જરથોશતીઓએ સ્થાપેલાં બીજાં ધરમના મકાનો, પુસ્તકખાનાં, દવાખાનાં, કેળવણીખાતાં, ધરમશાળા, ધરમ ફન્ડો, જયાં જયાંબી પારસી વસ્તી હોય ત્યાં ત્યાંની અગત્યની વિગતો જો કોઇને એકદમ જાણવી હોય, તો આ "જાગોશ—કેલેન્ડર" દરેકેદરેક તુલોતવીલ ખબર પુરી પાડશે. આ સાલનાં જન્મ—ચરીતરોમાં મરહુમ શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઈ, તથા મરહુમ શેઠ બેરામજી નશરવાનજી શીરવઈનાં જન્મવૃતાંતો જોવામાં આવે છે; ઉપરાંત ડાકટર સર તેમુલજી ભીખાજી નરીમાનની કારકીરદી પણ સમાવવામાં આવી છે. વળી હીદુસ્તાનની ૧૯૧૧ માં લેવાયલી પારસી વસ્તી (Census) ને લગતા ઘણાક ઉપયોગી આંકડાઓથી આ પુસ્તક સમાપ્ત થાય છે. અમો ઈચ્છીએ છીએ કે જેટલી ઉલટથી આપણાં જરથોશ્તી માબાપો પોતાના બાળકોને પારકા દેશોની તવારીખ ફરજયાત શીખવવા બહાર પડે છે, તેટલીજ ઉલટથી આ કેલેન્ડર સરખી કોમોપયોગી તવારીખી કેતાબો પોતાનાં જવાન ઉધરતાં બચ્ચાંઓનાં હાથમાં ખુશીથી મેલતાં થાય, અને પારસી ચીજોથી બચ્ચાંઓને માહીતગાર થતાં શીખવે,

જેથી બચ્ચાંઓ કોમાભીમાન ખીલવતાં થાય, અને તે પાછળ વરસ દહાડે ફકત રૂ. ૧॥) નો નજીવો ખરચ કરતાં અચકાવું જોઈતું નથી.

ફરશો–ગરદ–અકટોબર–નવેમ્બર–ડીસેમ્બર ૧૯૧૪.

ઝોરાસ્ત્રીયન કેલેંડર–૧૨૮૪–દર સાલના નિયમ મુજબ પારસી કોમની એક સાલની તવારીખ રજુ કરતું આ ઉપયોગી પુસ્તક તેના પ્રગટ કરનારાઓ મેસરસ જાગોસ બ્રધરસ તરફથી વખતસર અમારી ટેબલપર આવી પડયું છે. ૨૦૦ ઉપર પાનાંના આ પુસ્તકના પહેલાં ૭૮ પાનાં ગુજસ્તે સાલનો ઇન્તેખાબ આપે છે, જે ઇન્તેખાબનો મોટો ભાગ એ સાલમાં પારસીઓએ કીધેલી તરેહવાર નાની મોટી સખાવતોની વીગતવાર ટીપ રજુ કરવામાં રોકાયલી છે. ત્યાર પછી મરહુમ શેઠો નાનાભાઇ બેરામજી જીજીભાઇ અને બેરામજી નશરવાનજી શીરવઈનાં જન્મ ચરિત્ર તેમની સુંદર સબીઓ સાથે આપેલાં છે; તેમજ મુંબઇના પારસી સુવાવડખાનાંના વડા તબીબ સર તેમુલજી ભીખાજી નરીમાનની ઝલકતી કારકીરદીનો હેવાલ પણ આપવામાં આવ્યો છે. એ ઉપરાંત હિંદુસ્તાનના પારસીઓની વસ્તીની ગણત્રીની જે જાણવાજોગ વીગતો આપી છે તે ખચીતજ ઘણી ઉપયોગી ને નોંધી રાખવા લાયક છે. એ કેલેનડરના કરતાઓને તેમણે માથે ઉઠાવેલાં મહેનતનાં કામને માટે અમે ધન્યવાદ આપીએ છીએ, ને તેમને જાહેર પ્રજા તરફથી પુરતો આસરો મળતો રહે એવું ઇચ્છીએ છીએ.

ફિરદોસ–અકટોબર ૧૯૧૪.

"ઝોરાસ્ત્રીયન કેલેંડર અને પારસી પંચાંગ," ય. જ. ૧૨૮૪ ના વરસનું–મોમબે વરતમાન પરેસ, ૧૯૧૪.–મરહુમ મી૦ મનચેરજી હોશંગજી જાગોશે ૪૪ વરષ ઉપર સ્થાપેલા આ વારશીક પંચાગે હજી પોતાનો દરજ્જો એક પારસી ઉપયોગી ભોમિયા તરીકે જાળવી રાખ્યો છે એ ખુસી થવા જોગ બીના છે. મેશરસ સોરાબજી અને હોરમસજી જાગોશે આ વારશીક પંચાંગને એવી રીતે પ્રગટ કીધું છે કે ગોયા મરહુમ મનચેરજીનો હાથ હજી તેમાં ચાલુ હોય ! ગુજશ્તે સાલનો ઇન્તેખાબ, જેમાં પારસીઓની સખાવત, મોટાઈ, કેળવણી વગેરે દીપી નીકળે છે, તે ઉપરાત રાબેતા મુજબની સંખ્યાબંધ ટીપો અને વીગતોથી પંચાંગ ભરપુર થયું છે, જેમા પારસી વસ્તીની ગણત્રીના આંકડાઓ બહુ અગત્યના થઈ પડશે. પારસી સખાવતનો આંકડો ૧૩ લાખ ઉપર ટકી રહયો છે–લગભગ ગયા વરષ જેટલી. વળી આ અંકમાં મરહુમ શેઠ નાનાભાઇ બેહરામજી જીજીભાઈ તેમજ મરહુમ શેઠ બેરામજી નશરવાનજી સીરવઈના જન્મ વૃત્તાંતો સુંદર તસ્વીર સાથ આપવામાં આવ્યા છે, જે આ પંચાગમાં વધારે બેહેતર રીતે જળવાઇ રહેશે. તેમજ પારસી સુવાવડખાના માટે પ્રખ્યાત થયલા ડા૦ સર ટેમુલજી ભીખાજી નરીમાનનો જન્મ વૃત્તાંત અને સબી પંચાંગની રચનામાં સારો વધારો કરે છે. એક ફેરફાર આપણા જાગોશ ભાઇઓને સુચવવાનું મન થાય છે, તે એ કે, વખતના વહેવા સાથ તેને પરવરતાવાના કામમાં સુધારો થવો જોઇયે. દાખલા તરીકે, ગુજશ્તે સાલના ઇન્તેખાબમાથી થોડીક ઓછી અગત્યની બાબતો દુર કરવાથી જેમ ખરચમાં ઉગાળો થશે તેમજ ઇન્તેખાબ વધારે મોભાદાર બનશે. મેશર્સ સોરાબજીને તથા હોરમસજીને આવી ઉપયોગી નોંધ પ્રગટ કરીને પોતાના નેક પીતાશ્રીની અસલ કારકીરદી જાળવી રાખવા માટે આપણ ખચિત મુબારકબાદી આપીશું.

ચેરાગ–અકટોબર ૧૯૧૪.

પારસી પંચાગ–યઝદેજરદી સને ૧૨૮૪ ના સાલનું ઝોરાસ્ત્રીયન કેલેનડર યાને પારસી પંચાગ, શરેસ્તા મુજબ, તેના ઉપયોગીપણા સાથ બાહેર પડયું છે. એમાં ઘણી અગત્યની બાબદોનો સમાવેશ ઘણી સંભાળથી કરવામા આવ્યો છે. પારસી વસ્તીની ગણત્રીના કોઠા ઘણા ઉપયોગી થઈ પડવા જોઇયે. મરહુમ શેઠો નાનાભાઈ બેરામજી જીજીભાઈ અને બેહરામજી નશરવાનજી સોરવાઈના જન્મચરિત્ર તેમની સબીઓ સાથ આપવામાં આવ્યા છે. સાધારણ પાટલાં પુથામાં પ્રગટ થતી આ પારસી રેફરન્સ બુક દર સાલ નિયમીત પ્રગટ થતી રહેછે એ કોમ માટે બહુ ખુશીની વાત છે.

જ્ઞાનવરધક–નવેમબર ૧૯૧૪.

ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને પારસી પંચાંગ–યઝદેઝરદી સને ૧૨૮૪ નું કેલેંડર તેમના પ્રગટ કરનારાઓ મેસર્સ જાગોશ બેરાદરો તરફથી અમને મલ્યું છે જેની પોંહોચ અમો માન અને ઉપકાર સહીત સ્વીકારીએ છીએ. આ કેલેંડર એટલું તો ઉપયોગી છે કે તેની અમો જેટલી તારીફ કરીએ તેટલી થોડી છે. ગુજસતે સાલમા બનેલા સઘળા બનાવોનું આ કેલેંડરમાં સામટું વરણન આપેલું છે દરેકે દરેક કોમી બનાવોની બારીકે બારીક સંપુરણ વીગત તેમાં દરસાવેલી જણાય છે. શરૂઆતમાં ગયા સાલમાં કયા કયા પારસીઓને માંન ચાંદ મલ્યા, તથા કયા કયા નવા અમલદારોને મલ્યા, નવાં ધરમનાં મકાનો કેવા અને કયે ઠેકાણે બંધાયાં તથા જરથોસ્તીઓએ ચઢતી કેળવણીનો કેટલો લાભ લીધો, તે સઘળું એકી વેળાએ જાણવાનું મલે છે. ત્યાર પછી યઝદેઝરદી ૧૦૩૯ થી ૧૨૮૩ લગભગ અઢીસો વરસોમાં પારસીઓએ બંધાવેલાં ધરમના મકાનો જેવાં કે આતસબેહેરાંમો, આદરાંનો, દોખમાંઓ, ધરમશાળાઓ, હોસપીતાલો મુંબઈ તેમજ દેશાવરમાં કયારે અને કયે ઠેકાણે કોણ ધણીએ બંધાવ્યાં તે પારસી રોજ તથા સને સાથે જણાવેલું છે તે એટલું તો ઉત્તમ તેમજ ઊપયોગી છે, કે તેનું વરણન કરવું તે ગોયા સોના ઉપર ઢોલ ચડાવ્યા જેવું છે. દાખલા તરીકે, એક જરથોસ્તી જો પોતે મુસાફરીએ નીકળે અને કોઇ અણજાણયાં ગામ અથવા શેહેરમાં જઈ પુગે તો કોઈબી ભોમીયાની મદદ વગર ફકત જો આ કેલેંડર પાસે હોય તો ધરમશાળા અથવા અગીયારી કયાં છે અથવા તો તે શાહેરમાં વસતા જાણીતા જરથોસ્તી કોણ છે અને કયા રહે છે તેઓની કારકીરદી કેવી છે, તે જાણી શકે. વળી લાયકાત વિગેરે જાણીને જો પેલો મુસાફર તેઓની મુલાકાતે જાએ તે વખતે તેમના દરજજા પ્રમાણે તેઓ સાથે વાત કરવાને બને અને ત્યારે પેલો મુસાફર પોતા માટે તે ગ્રહસ્થનાં મનમાં ઉંચો દરજ્જો પામે. એવા આ કાલેંડરના લાભ છે માટે દરેકે દરેક જરથોસ્તી કુટુંબે પોતાને ત્યાં જરૂર રાખવું જોઇયે. કારણ પોતાની કોમમાં જાણીતા ગ્રહસ્થો કોણ છે અને કયાં વસે છે તે જાણી શકાય. દાખલા તરીકે, બાહાર ગામમાં વસતા કોઈ જરથોસ્તીનું સગપણ પોતાનાં કુટુંબ

સાથે કરવાનું હોય છે ત્યારે તે ગામમાં તેને માટે ખબર કાઢવાનું કાંઈ સાધણ હોતું નથી તેવી વેળાએ આ કેલેંડર સુનાંને ઝુલતું થઈ પડે, અને તે ગામમાં વસતા જાણીતા ગ્રહસ્થનું નામ આ કેલેંડરમાંથી જાણી લઇ તેઓ મારફતે તપાસ ચલાવવાની ઉત્તમ સવલતા થઈ પડે. વળી દેશાવરમાં વસતા દરેક જરથોશ્તીએ પોતાના ઘરમાં આ કેલેંડર અવશ્ય રાખવું એવી અમારી તેઓને મજબુત ભલામન છે. કારણ જ્યારેબી તેઓને અગત્યનાં કામસર મુંબઈ આવવું પડે છે અથવા કોઇ પોતાનાં સગાં અથવા મરહુમનાં સબંધમાં સરકારી કામકાજ માટે "જસ્ટીસ ઓફ ધી પીસ" ની જરૂર પડે છે ત્યારે ગોયા તેવો મુઝાઈ જાય છે. તેવી વેળાએ પણ તેઓને એ કેલેંડર એવી બાબદોમાં તથા બીજી અનેક બાબદોમાં એ કેલેંડર અતી ઉપયોગી થઈ પડશે. આ કેલેંડરનું ઉપ્યોગીપણું એટલાં ઉપરથીજ સાબેત થાય છે કે તે આજે પીસતાલીસ વરસો થયાં પ્રગટ થાય છે એજ એનું ઉપ્યોગીપણું સાબેત કરી આપે છે. અસલ જરથોસ્તીઓમાં પીતાનો ધંધો પુત્ર લેતા હતા પણ તેઓને બાપીકા ધંધાની એબ લાગવા માંડી......અને નફટ નોકરીમાં માન માનવા લાગ્યા. આ સબબને લીધેજ પારસીઓના હાથમાંથી વેપાર ગયો. પણ હવે હળવે હળવે પારસીઓએ જાણ્યું કે વેપારજ ઉત્તમ છે અને ગમે તેવોબી બાપીકો ધંધો હાથમાં રાખવાથી ફાયદોજ હાંસલ થાય છે તે પ્રમાણે જોઇને ખુશાહાલી ઉપજે છે કે મરહુમ મી. મનચેરજી હો. જાગોશના મરણ પછી તેમનાં સપુતોએ પોતાના પીતાનો ધંધો ચાલુ રાખ્યો છે, અમો એ ભાઇઓને તેઓનાં આ ભલાં કામમાં સરવે ફતેહ ઇચ્છીએ છીએ.

દિલે આરામ—નવેમ્બર ૧૯૧૪.

ઝોરાસ્ત્રીયન કેલેન્ડર યાને પારસી પંચાંગ—યઝદેઝરદી ૧૨૮૪ ના વરસનું—આ જાણીતું કેલેન્ડર આગળ માફક પારસીઓને લગતી ઉપયોગી બાબતોથી ભરપુર છે, પણ ખેતાબો, ઓધેદારો વિગેરે કેટલીક જુની વિગતો ફરીફરીથી છાપવાને બદલે જો મુંબઈમાં તથા બાહારગામોમાં વસતા પારસીઓની ડાયરેકટરી દર વરસે સુધારી દાખલ કરવામાં આવે તોજ આ પુસ્તક દર સાલ નવુંને નવું રહી શકે, એવી પ્રગટકરતાને અમારી નમ્ર સુચના છે.

સ્ત્રીબોધ—નવેમ્બર ૧૯૧૪.

